આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

૧૫ જુલાઈ, ૨૦૧૬ ❧ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૭-૨૦૧૬ ❧ કિંમત : રૂા. ૧૮/-






મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब'मस्त है!
MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦
- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૬૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી

SILICON®
ZERO MAINTENANCE LAMINATE
RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Sanjay Thakker (M) 9879109726
Bharat Thakker (M) 98252 31572
Shree Hari Carriers
Lignite Clearing Agent Other Concerns
Shree Narayan Enterprise
Lignite Clearing Agent
Shree Ghanshyam Fuels
Fleet Owner, Transport Contractor, Lignite Clearing Agent, Coal, Coke and Fire Wood Supplier
301, Saswat App., HDFC House, B/h. Landmark Complex, Nr. Mithakhali Six Road, Ahmedabad-6.
Ph. : 91-79-3007 3355, 2644 0734 • Fax : +91-79-3007 3366
Email : sanjaythakker@yamail.com

Aashish Dinesh Mehta
Vikas Infrastructure
Land Developers & Investors
804, Aakridi Heights, Opp. Aangan Party Plot, Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.
(M) : 93741 31715, 94288 26997
Email : vikas_infra@rediffmail.com

Bra | Panty
Nighty & Nightsuit for
LADIES, GENTS & KIDS
In Vogue
**C G ROAD :** Chandan Complex, Nr. Mirch Masala. Ph : 26431209
**MANINAGAR :** 2, Sumati Avenue, Jawahar Chowk. Ph : 25460943
**SATELLITE :** 8, Aarsh Complex, Prernathirth Derasar Road. Ph : 26927754

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...
મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર
આપકા સ્વાદ... હર પલ યાદ...
Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower, Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City, B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૦ ● અંક - ૧
૧૫ જુલાઈ, ૨૦૧૬

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**
●
**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી.
- મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભાનો પરિપત્ર ................. ૦૫
- ★ મીં અને ★ સેવક જી! ........................ **તેજપાલ ધારશી શાહ 'તેજ'**...૦૬
- અજ આવઈ અદકેરી અષાઢી બીજ .............................. **વિનોદ સી. દવે**...૦૬
- કચ્છડો બારેમાસ ................................................ **અશ્વિનભાઈ ઓઝા**...૦૭
- પરિવાર સમાચાર ................................................................ ૦૮
- સમાજ સમાચાર ................................................................ ૦૯
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ................................ ૩૦

## વિભાગ-૨ :-

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી – (૪)... ૩૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ................................................ ૩૯
- વતનના વાવડ ........................................ **સંકલન : ભરત ઓઝા**...૪૧
- પ્રતિભાવ ................................................................ ૪૩

## વિભાગ-૩ :-

### તંત્રી લેખ

- અમદાવાદ સ્થિત કચ્છીઓની સમાજ રચના........................ **અશોક મહેતા**...૫૧
- અષાઢી બીજ – કચ્છીઓનું નવું વર્ષ ................................ **વી.જે. ઠાકર**...૫૩
  નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક
- અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ ............................. **દિનેશ આર. મહેતા**...૫૪
- કચ્છ અને કચ્છી નવું વર્ષ – અષાઢી બીજ ...................... **વિનોદ સી. દવે**...૫૫

### લેખ

### કચ્છ

- ધોળાવીરા ગામ પાસે પ્રાક-હડપ્પીય યુગનું સરોવર... **ડૉ. મિહિર એમ. વોરા**...૫૬
- કચ્છમાં પાણીની સમસ્યા હલ કરવા
  સરકારના સ્તુત્ય પ્રયાસો ........................................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**...૫૭
- એશિયાનું સૌથી ધનિક કચ્છનું માધાપર ગામ –
  ગામ જાણે કુબેરનો ખજાનો .................................. **નરેશ પી. અંતાણી**...૫૯
- કચ્છ અને તેની અર્થવ્યવસ્થા ................................................ ...૬૨
- ઑલ્ફ્રેડ હાઈસ્કૂલની ઐતિહાસિક ઘટનાઓ ..... **પ્રા. જિતેન્દ્ર નાનાલાલ અંતાણી**...૬૪

### વિશેષ

- ગાંધી હત્યા : લેખાંક-૬
  હત્યાના એક શકદાર સાવરકરનો ઓછો જાણીતો પરિચય...... **પ્રવીણચંદ્ર શાહ**...૬૭

## વિચાર વિમર્શ


- આપણને જરૂર છે નવા માનવધર્મની ..... ડૉ. યાસીન દલાલ... . ૭૨
- અખિયાં હરિ દરસનકી પ્યાસી ..... ડૉ. ગીરીશ વીછીવોરા... . ૭૪
- શ્રધ્ધાને અબૌધ્ધિકતાનો આથો ચઢે એટલે અંધશ્રધ્ધા બને...! ..... દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ... . ૭૬
- વિચારધારાની સફળતા - નિષ્ફળતા ..... મુરજી ગડા... . ૭૮


## સમાજની ક્ષિતિજો


- માનવતાની મહેક ..... ડૉ. ઊર્મિલાબેન શાહ ..... ૮૧
- વેવિશાળની સમસ્યા અને ઉકેલ! ..... ભીમજી નાકરાણી ..... ૮૫


## સ્વાસ્થ્ય


- ડર (Phobia) – ૩ ..... ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક..... ૮૭
  ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળમનોચિકિત્સક
- કાર્બોહાઈડ્રેટ્સ ..... દિલીપ મ. વૈશ્નવ... .. ૮૯
- બાળકના શારીરિક વિકાસમાં વજનના વધારાની આંકડાકીય આંટીઘૂંટી ..... ડૉ. આશિષ ચોક્સી... .. ૯૧


## પ્રજાતંત્ર


- લોકશાહી પ્રજાતંત્રની દશા અને દિશા ..... શશીકાંત ઠક્કર, એડવોકેટ ..... ૯૪


## વાર્તા


- ગોઠિયા ..... બલવીરસિંહ જાડેજા ..... ૯૫


## સાંપ્રત મંચ (જાહેર આહ્વાન)


- વેકેશનનો સદુપયોગ કેવી રીતે કરી શકાય? ..... ડૉ. મિહિર એમ. વોરા ..... ૯૮
  (સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક)


## લઘુ કથા


- "મિસ-કોલ" ..... વિનોદ સી. દવે... ૧૦૦


## બાલ જગત


- કલરવ ..... દિનેશ માંકડ ... ૧૦૧


## મેઘધનુષ


- અષાઢી બીજ - ઉત્સવ ગીત ..... લોકગાયક વાલજી ભટ્ટી ... ૧૦૩
- ગોટાળો ..... પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ' ... ૧૦૩


## માહિતી


- વાસ્કો-દ-ગામાને જળમાર્ગ કચ્છના વાલજી માલમએ બતાવ્યો હતો ..... ... ૧૦૪
- ગરવી ગુજરાત અને ગુજરાતીઓનો દબદબો આખા ભારત પર ..... દિલીપ વૈષ્ણવ ... ૧૦૫
- કચ્છમાં ભુજ અને ગાંધીધામથી ઉપડતી અને ત્યાં પહોંચતી ટ્રેનોની યાદી ..... ... ૧૦૬


## વિવિધા


- શબ્દ શોધ - ક્રમાંક : ૫૧ ..... પ્રદીપ જોશી... ૧૦૭

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## વાર્ષિક સામાન્ય સભાનો પરિપત્ર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા **રવિવાર, તા. ૧૪-૮-૨૦૧૬ના સવારમાં ૧૦.૦૦ વાગે** શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ – ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર ખાતે નીચેના એજન્ડા અનુસાર મળવાની છે. આ સભામાં ઉપસ્થિત રહેવાનું શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નોંધાયેલ દરેક સભ્યને નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### એજન્ડા

૧. રવિવાર, તા. ૨૮-૬-૨૦૧૫ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની મીટિંગની મિનિટ્સનું વાંચન અને તેની બહાલી.
૨. વર્ષભરની કાર્યવાહી વિશે મંત્રીશ્રીના અહેવાલની રજૂઆત અને તેના પર ચર્ચા વિચારણા.
૩. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના ઑડિટેડ હિસાબોની રજૂઆત અને તેની બહાલી.
૪. વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે ઑડિટરશ્રીની નિમણૂક.
૫. બંધારણની કલમ-૫(ખ-૪) અનુસાર આજીવન કેટેગરીના સભ્યમાંથી ૨ ટ્રસ્ટી તથા માનદ્ સભ્યની કેટેગરીમાંથી ૨ ટ્રસ્ટીની ચૂંટણી / વરણી કરવા બાબત.
૬. બંધારણની કલમ-૫(ખ-૧) અનુસાર દાતા સભ્યમાંથી ૩ ટ્રસ્ટી તથા પેટ્રન સભ્યમાંથી ૩ ટ્રસ્ટીની ચૂંટણી / વરણી કરવા બાબત.
૭. બંધારણની કલમ-૫(ગ-૩) અનુસાર કાર્યવાહક સમિતિના ૫ સભ્યોની ચૂંટણી / વરણી કરવા બાબત.
૮. પ્રમુખશ્રીની અનુમતિથી રજૂ થતી બાબતો પર ચર્ચા વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત જગ્યા પર જેઓ ઉમેદવારી નોંધાવવા ઇચ્છતા હોય તેઓએ એક સાદા કાગળ પર ઉમેદવારીની અરજી કરી સમાજની ઓફિસે તા. ૧૦-૮-૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

- **નોંધ :**

૧. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે ત્યારે તેને કોરમનો બાધ રહેશે નહીં.
૨. નિવૃત્ત થતા ટ્રસ્ટી તથા કારોબારી સભ્ય ફરી પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.
૩. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના હિસાબો જે કોઈ સભ્યને જોવા હોય તેઓ તા. ૧૦-૮-૨૦૧૬ સુધી ઓફિસ સમય દરમિયાન (રવિવાર તથા જાહેર રજા સિવાય) પાલડી ઑફિસ કાર્યાલયમાં બપોરના ૩.૦૦ વાગ્યાથી સાંજના ૭.૦૦ વાગ્યા દરમિયાન આવીને જોઈ શકશે.
૪. નોંધાયેલ સભ્યો જ ઉમેદવારી કે મતદાન કરી શકશે.
૫. આજીવન કેટેગરીના સભ્યના ગ્રુપમાંથી શ્રી હિમાંશુભાઈ ભાઈલાલભાઈ ઠક્કર તથા શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા નિવૃત્ત થાય છે.
૬. માનદ્ કેટેગરીના સભ્યના ગ્રુપમાંથી શ્રી હરીશભાઈ રણજીતભાઈ રંગવાલા તથા શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર નિવૃત્ત થાય છે.
૭. કાર્યવાહક સમિતિમાંથી (૧) શ્રી જયેશ શંકરલાલ ઠક્કર, (૨) શ્રી અશોક રઘુરામ ઠક્કર, (૩) શ્રી આશિષ ધીરુભાઈ શાહ, (૪) શ્રી અરુણભાઈ કરશનદાસ પટેલ તથા (૫) શ્રી મહેન્દ્રભાઈ મેઘજીભાઈ ભાનુશાળી નિવૃત્ત થાય છે.

## મીં

મીંયડા વઠા ને ધરતી ધ્રાણી,
ઘા ઉગા પટ નીલો જી;

સીમ સીમાડે લંભ લેરાણા,
ડીસાજે ન કિત ચીલો જી...

ખેડુ ખિલીને ડે વધાઈયું,
રાજી થીએ વસીલો જી...

સિતરું ન્યારે સજ થિઈયું,
વતર મેં ખુતો ખિલો જી...

હારી ડોરા હથેં બધાણા,
જુત હલેઓ જોસીલો જી...

હરખેં હરખેં પોખુ થિઈયું,
જગ જો તાત હરખીલો જી...

## સેવક જી!

સેવક જી જડેં સેવા કેઓં તડે,
ખેંતા મિઠડો ખાવો;
ખેંતા મિઠડો ખાવો મથાનું
પીએંતા હુક-હુક કાવો... સેવક જી...

ઉભા ઉભા ચુટાજી આયા,
જાણે મડી મિંડા નિકરેઓ બાવો
કરમ એડા ક્યાં હુનાં તડેં
ફડ્યો ચુંટણી જો ચકરાવો.. સેવક જી...

પોય તાં લાલા લેટણ લગેં,
જાણે જાગીર જા મહારાવો;
સરકારી ખરચેં વિડેસ ફિરેંતા,
કિતે દેસ જો ક્યા ન દાવો... સેવક જી...

પિંઢજે હકતેં કો છણે તાં
તિત તેરંઈ કરીંતા જાવો;
હવર મેં ઈ એડા હલેંતા,
રાતજો ડીએંતા સાઓ... સેવક જી...

દેસજો નાય વેસ ઈનીમેં,
પ્રેમજો વજાઈ ન પાવો;
વફાદાર જો નાય અંસ ઈનીમેં,
છાલ સદબુદ્ધી ડે માવો... સેવક જી...

*તેજપાલ ધારશી શાહ 'તેજ' - નલિયા*

## અજ આવઈ અદકેરી અષાઢી બીજ...!

વગડામાં મોરલો ટહુકે છે,
મૈં આવ... મૈં આવ...

છુપાઈને વાદળોમાં સંતાકૂકડી રમતો...
જગતના 'તાત'ને રાત ને દિ' લલચાવતો - પેલો,
સુસવાટા મારીને ઉડાડી - દૂર લઈ જતો વાદળો ને વાયરો
વગડામાં મોરલો ટહુકે છે
મૈં આવ... મૈં આવ...

ખાલી નદી - તળાવ અને ઝરણા
ખાલી કૂવા - ખેતર ને ગામ,
ચાતક નજરે રાહ જુએ છે તારી
મૈં આવ... મૈં આવ...

ખબર છે? તને, આજે
અસાંજો વડો દિન 'અષાઢી બીજ'
નાના-ભૂલકાં રાહ જુએ છે તારી
મીં આયો, મોરલો આયો,
ધરતી તોજો લાડો આયો,

વસ વસ મીં ડો ડો ડીં
ડુકાર કે પાણું હણો સુગારીઓ વસે
મીં વડો ને ગારો થ્યો
ડુકાર જો મોં કારો થ્યો.

આવરે વરસાદ, ગેબરિયો વરસાદ
ઉની ઉની રોટલી ને કારેલાનું શાક
રમતાં રમતાં ગીતો ગાય છે તારા...

સવાયો દિન છે આજ જગતનો
નાથ 'જય જગન્નાથ' શહેરમાં ફરવા નીકળ્યા છે
તેને ભીંજવવા તું આવી જાય...
મૈં આવ... મૈં આવ...

અજ આવઈ 'અષાઢી બીજ'
કચ્છમેં અચીંજા - રાણી અચીજા...!
નયે વરેંજી જજી જજી વધાઈયું...
મૈં આવ... મૈં આવ...

મુંગા પશુઓ પંખીઓ અને તારા બાળકો,
ઝાડ ને જંગલ ને જમીન કરશે સ્વાગત અદકેરું તારું
ભુજના 'હમીરસર'ને તું છલકાવી જા.

*વિનોદ સી. દવે - આદિપુર, કચ્છ*
*મો. ૯૯૨૪૭ ૭૨૩૪૮*

## કચ્છડો બારેમાસ

### કચ્છડાની "કચ્છશ્રુતિ"

સુંદર સુંદર અમારો કચ્છડો દેશ રે રે રે રે
સુંદર સુંદર રેતાળ અમારો કચ્છડો રે રે રે રે
જનની જનો વસે તે સુંદર રેતાળ કચ્છ રે રે
રેતાળમાં ન પાકે અન્નો જન વસ્યા પરદેશ રે રે
કચ્છજનોની હૃદયની વાતો કોણ સાંભળે રે રે
આવ્યો રે આવ્યો રે અશોક રે લાવ્યો કચ્છશ્રુતિ રે
કચ્છડો ગામે ગામ પરદેશના સમાચાર રે રે
અશોકના હૃદયે બેઠી ભાવના મનોકામના રે રે
વતન વાવડ પીરસવા આવ્યો રે ભરત રે રે
'કચ્છશ્રુતિ'એ લેખ લખે રે મનુ કોટડિયા રે રે
કચ્છડાની ભાતીગળ મહિલાની સંભાળ કરે રેખા રે રે
કચ્છડા ઈતિહાસની સ્મૃતિમાં વસ્યો દિનેશ પ્રદીપ રે
દિનેશ પ્રદીપ જોડે એ સ્મૃતિઓ લખી 'કચ્છશ્રુતિ'માં રે
અશોક મનુ ભરત પ્રદીપ દિનેશ રેખા વસ્યા કચ્છશ્રુતિમાં રે
કચ્છડાની જનજાતિ વાણિયા પટેલ બ્રાહ્મણ રે
સુથાર લુહાર કડિયા રે મુસ્લિમ આહીર ભાતે એક જ
જનજાતિ ભેદ નહીં રે હૃદયમાં 'કચ્છશ્રુતિ' રે
'કચ્છશ્રુતિ' એ ઓળખ આપે રે વ્યાપારી ઉદ્યોગપતિની રે
કચ્છશ્રુતિ એ લેખ લખે કચ્છના કવિઓ રે રે
કચ્છશ્રુતિ એ ઈતિહાસની ઓળખ આપે લેખકો રે રે
કચ્છશ્રુતિ એ ભાળ કરે ભૌગોલિક નદી નાળા પર્વત રે
કચ્છશ્રુતિનો ગુંજે ગુંજા નાદ કચ્છના પરગણામાં રે રે
કચ્છશ્રુતિ વાંચે વંચાય રે જન સમુદાયમાં રે રે
કચ્છશ્રુતિ અમારી હાક સાંભળો સાંભળો રે રે
કચ્છશ્રુતિ વસી કચ્છડાની જન જનનીમાં રે રે
કચ્છશ્રુતિ ઉજવે વર્ષાભિનંદન કચ્છી અષાઢી બીજ વર્ષ રે
કચ્છશ્રુતિ ઉજવે વર્ષાભિનંદન કચ્છી અષાઢ માસે રે રે

***અશ્વિનભાઈ ઓઝા - અમદાવાદ***
***મો. ૯૪૨૭૯૭૨૩૮૯***

## બૌદ્ધિકતાની કટોકટી

કોઈપણ લોકશાહીને ધબકતી રાખવા માટે બૌધ્ધિકોનો વર્ગ હોય અને એ વર્ગ બોલતો હોય એ જરૂરી છે. અત્યારે દેશમાં આ વર્ગને કચડી નાખવાના પ્રયત્નો થાય છે. પહેલા પૂનાની ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટને દબાવી દેવામાં આવી. હવે સેન્સર બોર્ડના અધ્યક્ષને હાંકી કાઢીને એની જગ્યાએ 'પહેલાજ નિહલાની'ને મૂકવામાં આવ્યા છે. આ સાહેબ સરકાર તરફી હોવાથી એમને નિમણૂક મળી છે. એમણે એક ફિલ્મ 'ઉડતા પંજાબ' ઉપર સેન્સરશિપની કાતર ચલાવી છે. નિહલાની સાહેબે ફિલ્મમાંથી ૯૪ જેટલા દશ્યો અને શબ્દો કાપવાની સૂચના આપી છે. જો કે નિર્દેશક અનુરાગ કશ્યપે આની સામે ઝુકવાને બદલે કોર્ટમાં ગયા છે. 'ઉડતા પંજાબ'માં હાલના પંજાબની નશીલા પદાર્થો લેવાના વ્યસન સામે અવાજ ઉઠાવાયો છે. આ ડ્રગ્સનો વિશાળ કારોબાર ચાલે છે. પંજાબ સરકાર પણ એમાં સંકળાયેલી છે. પંજાબ હવે તો ડ્રગ્સનું કેન્દ્ર બની ગયું છે. એની સામે અવાજ ઉઠાવવો એ યોગ્ય જ છે પણ એને આવકારવાને બદલે એને અટકાવી દેવાનું કાવતરું ઘડાયું છે. મહેશ ભટ્ટ અને રઝા મુરાદ જેવાએ આની સામે વિરોધ ઉઠાવ્યો છે અને પૂછ્યું છે કે આ ભારત છે કે કોરિયા? સેન્સર બોર્ડનું કહેવું છે કે ફિલ્મના નામમાંથી 'પંજાબ' શબ્દ કાઢી નાખવામાં આવે પણ અનુરાગ કશ્યપનું કહેવું છે કે અનેક ફિલ્મોમાં મુંબઈ શબ્દ આવ્યો છે અને દિલ્હી પણ આવ્યું છે તો પછી પંજાબમાં શું વાંધો? નિહલાનીજીનું કહેવું છે કે ફિલ્મમાં આમ આદમી પાર્ટીના પૈસા છે. કરણ જોહર, રામગોપાલ વર્મા, મુકેશ ભટ્ટ અને આમીરખાન સહિતના લોકો આમાં બોર્ડની વિરુદ્ધમાં છે. ફિલ્મમાં સાંસદો અને વિધાનસભ્યોના નામો પણ આવે છે. આમ, દેશમાં અત્યારે બૌધ્ધિકતાની કટોકટી ચાલે છે. એમાં પ્રો-ગવર્નમેન્ટ અને એન્ટી-ગવર્નમેન્ટ એમ બે ભાગ પડી ગયા છે.

## નરકમાં રિઝર્વેશન

ફ્રાંસના મશહુર કવિ દાંતેએ એમના પ્રસિદ્ધ પુસ્તક 'ડીવાઈન કોમેડી'માં એવું લખ્યું છે કે જે લોકો નૈતિક કટોકટીમાં પણ પોતે તટસ્થ રહેવાનો દાવો કરીને ચૂપ રહે છે અને જુઠ્ઠા લોકો વિરુદ્ધ બોલતા નથી, તેમના માટે નરકમાં સૌથી ગંદી જગ્યા રિઝર્વ રાખવામાં આવી છે. દુનિયામાં ઘણું ખોટું થઈ રહ્યું હોય અને નીતિમત્તાના ધોરણો ખાડે ગયા હોય ત્યારે પણ આ લોકો કંઈ બોલતા નથી એ દેશની હાલત કેવી થઈ શકે?

***– યાસીન દલાલ***

# પરિવાર સમાચાર

## અવસાન નોંધ

- **ગુરુવાર, તા. ૩૦-૦૬-૨૦૧૬**
  ડૉ. ઈંદુભાઈ પ્રીતમલાલ શાહ (ઉં.વ.૭૮)
  (મુંદ્રા - અમદાવાદ)
  (ડૉ. ઈંદુભાઈ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના પૂર્વ કાઉન્સિલર હતા.)
- **ગુરુવાર, તા. ૩૦-૦૬-૨૦૧૬**
  અમિતા અતુલભાઈ કોટડિયા (ઉં.વ. ૪૫)
  (ઉગેડી - અમદાવાદ)

## શુભ લગ્ન

- **રવિવાર, તા. ૧૦-૭-૨૦૧૬**
  ચિ. બિંદી ભાઈલાલભાઈ ગંગારામ ઠક્કર
  (કિડિયાનગર/હારીજ - અમદાવાદ)
  ચિ. વિવેક શશીકાંતભાઈ પાબારી (વેરાવળ - મુંબઈ)

  શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરની બહેન ચિ. બિંદીના લગ્ન રવિવાર, તા. ૧૦-૭-૨૦૧૬ના રોજ સાજન-માજનની હાજરીમાં અમદાવાદ ખાતે ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવાયેલ હતા.

  ***નવપરીણિત દંપતિને શુભેચ્છા.***

## શ્રી પ્રભાકરભાઈ ધોળકિયાની ગુજરાત રાજ્ય સેવા આયોગ બોર્ડમાં સભ્ય તરીકે નિમણૂક

અમદાવાદ સ્થિત નિવૃત્ત કાયદા સચિવ તથા નિવૃત્ત મુખ્ય ચૂંટણી કમિશનર, શ્રી પ્રભાકરભાઈ ધોળકિયાની ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગમાં રાજ્યપત્રિત અધિકારી વર્ગ ૧-૨ની જગ્યાના મૌખિક ઈન્ટરવ્યુ માટે બોર્ડના સભ્ય તરીકે નિમણૂક થઈ છે.

તાજેતરમાં તેમણે બોર્ડ સભ્ય તરીકે ૬૪ દિવસ સુધી મૌખિક ઈન્ટરવ્યુ અંગેની સતત કામગીરી બજાવી હતી.

સરદાર સરોવર નર્મદા નિગમના નર્મદા યોજના હેઠળ કેનાલ (નહેર) માટે જમીન સંપાદન યોજના હેઠળ ખેડૂતોને અપાતાં વળતર માટે રાજ્યની કોર્ટોમાં રેફરન્સ થયેલાં છેતેનો સુખદ નિવેડો લાવવા રાજ્ય સરકારે ૪ સભ્યોની તજજ્ઞ સમિતિ નીમેલ છે. સને ૨૦૦૮થી આ સમિતિ કામ કરે છે. જેમાં શ્રી પ્રભાકરભાઇ ધોળકિયા સભ્ય છે. સમિતિએ આજ સુધી ૨૬,૦૦૦ જમીન સંપાદન કેસોમાં સમાધાન કરી ખેડૂતોને વળતર અપાવેલ છે.

આ સમિતિમાં શ્રી પ્રભાકરભાઈ તા. ૧-૭-૨૦૦૮થી તા. ૩૦-૬-૨૦૧૯ સુધી સભ્ય તરીકે નિમાયેલ છે.

***શ્રી પ્રભાકરભાઈ ધોળકિયાને ખૂબ ખૂબ અભિનંદન.***

## નિષ્ક્રિય નિવૃત્ત એ દેશનો દ્રોહી છે

સરકારી કર્મચારી અથવા સરકારી કોર્પોરેટ કક્ષાના અનેક કર્મચારીઓ આ દેશમાં પોતાનું જીવન વ્યતીત કરી રહેલ છે. ૫૮ વર્ષની ઉંમરે, નિયમ મુજબ તેઓ જ્યારે પોતાની નોકરીમાંથી નિવૃત્ત થાય ત્યારે, તેઓના મોટાભાગના કર્મચારીઓ શારીરિક કે બૌધ્ધિક રીતે સક્ષમ હોવા છતાં કંઈ પણ કર્યા વગરનું નિવૃત્ત જીવન ગાળે છે. બાકીની જિંદગી કોઈ પણ જાતની પ્રવૃત્તિ કર્યા વગર વ્યતીત કરી દે છે. હા, તેઓ દરરોજ મંદિરે દર્શન કરવા જાય છે, વર્ષમાં બે-ત્રણ વખત યાત્રાધામે કે પ્રવાસે જાય છે, કુટુંબમાં સારા - માઠા પ્રસંગોએ ઉપસ્થિત રહે છે. પરંતુ એ બધી અનપ્રોડક્ટીવ પ્રતિક્રિયા છે, ઠોસ પ્રવૃત્તિ નથી. આથી બૌધ્ધિક અને શારીરિક રીતે સક્ષમ વ્યક્તિ જ્યારે નિષ્ક્રિય બને છે ત્યારે તે સમાજનો દ્રોહી બને છે. એ ભૂલી જાય છે કે એની નિષ્ક્રિયતા સમાજને કેટલી બધી મોંઘી પડી રહી છે. તે દેશની બધી સગવડો વાપરે છે પરંતુ તેની સામે કંઈ પ્રદાન આપતો નથી. દેશનો તે દ્રોહી તરીકે જ ગણાવો જોઈએ. ■

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છી નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારંભ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો

**સંગીત - સરસ્વતી સન્માન અને સામાજિક કાર્યકરોના સન્માનનો ત્રિવેણી સંગમ**

**સ્થાનિકના વિવિધ કચ્છી ઘટક સમાજોના સથવારે સેવા - સુશ્રુષાની અનુમોદના : અદ્‌ભુત કાર્યક્રમ સંપન્ન**

**સ્થાનિક ૩૧ કચ્છી ઘટક સમાજોના ૬૨ ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોના સન્માન થકી દરેક સમાજો અને તેના પરિવારજનોને એક તાંતણે બાંધીને અમદાવાદના શ્રી કચ્છી સમાજે નવો ઇતિહાસ રચ્યો....**

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત ૩૧ કચ્છી ઘટક સમાજોના વિવિધ પદાધિકારી, પ્રતિનિધિ અને સામાજિક કાર્યકર્તાનાં રૂપમાં ઘણી સેવાભાવી વ્યક્તિઓ સમાજમાં સક્રિયતા દાખવે છે તેમજ પોતાની સામાજિક સેવાઓ થકી પોતાના સમાજ અથવા અન્ય સંસ્થાઓને ઉપયોગી થતા હોય છે. તે પૈકી અનેક વ્યક્તિઓ એવી છે જેમનામાં સમાજ ભાવના અખૂટ રૂપે સમાહિત છે. તેઓ વિવિધ ક્ષેત્રોમાં આગળ આવીને પોતાની સંસ્થા માટે ઘણું વિચારે છે અને તેને કાર્યનું રૂપ પણ આપતા હોય છે. ઘણી સામાજિક વ્યક્તિઓ આ રીતે ૪૦-૫૦ વર્ષોથી સેવાના ક્ષેત્રમાં કાર્યરત છે. તે પૈકી કેટલાકે સમાજ પરિવારજનોને એકત્રિત કરીને સંગઠન સ્થાપવામાં અથવા તો સમાજનું ભવન અને તેના માટે જરૂરી ફંડ ઊભું કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવેલ છે. આવી વ્યક્તિઓનો યોગ્ય રીતે પરિચય કરાવવામાં આવે અને તેમની ઉત્કૃષ્ટ સામાજિક સેવાઓના પ્રતીકરૂપે તેમનું ઉચિત સન્માન કરવામાં આવે તો ઘટક સમાજો એક તાંતણે બંધાય અને સમાજની અન્ય વ્યક્તિઓને પ્રેરણારૂપ પણ થાય. તે સાથે તેમનો સેવાકીય લાભ સર્વે સમાજોને મળે. પરસ્પર મળીને અતૂટ એકતા સ્થપાય અને તેના પરિણામે દરેકના વિવિધ પ્રકારના કામોનો ઉકેલ આસાન બને.

આવો ઉમદા વિચાર શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાં છેલ્લા એકાદ વર્ષથી ગૂંજતો હતો. તે માટે જુદા-જુદા સ્તરે બેઠકો થઈ, સર્વેને વિશ્વાસમાં લેવામાં આવ્યા. કેટલાક પદાધિકારીઓ અને ઘટક સમાજોએ જણાવ્યું.... "અમારો સહયોગ મળશે." વિકટ કાર્ય સફળ થશે તેવી

## શ્રી હિમાંશુભાઈ ઠક્કરની લગની

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ શનિવાર, તા. ૯-૭-૨૦૧૬ના રોજ ટાગોર હોલ ખાતે ઉજવાઈ ગયો.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માનદ્ મંત્રી શ્રી હિમાંશુ ઠક્કરની એક માત્ર બહેનના લગ્ન રવિવાર, તા. ૧૦-૭-૨૦૧૬ના રોજ નક્કી થયેલ હતા. વરરાજા સહિતની જાન શનિવાર, તા. ૯-૭-૨૦૧૬ના રોજ બપોરે ૧.૩૦ વાગે શતાબ્દી એક્સપ્રેસ દ્વારા મુંબઈથી આવી પહોંચી. શ્રી હિમાંશુભાઈ રેલવે સ્ટેશનેથી જાનને હોટેલના ઉતારે લઈ ગયા. લગભગ ૩.૩૦ વાગ્યા. ત્યાંથી તેઓ સીધા ટાગોર હોલ ખાતેના શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યક્રમમાં તેમને સુપ્રત કરવામાં આવેલ જવાબદારી નિભાવવા બરાબર ૪.૩૦ વાગે આવી ગયા. લાઈબ્રેરી, સોશિયલ વેલફેર ફંડ તથા કો.ઓ. ક્રેડિટ સોસાયટી વિશે તેમણે એક મનનીય પ્રવચન આપવાનું હતું.

આટલી જવાબદારી વચ્ચે જરા પણ વિચલિત થયા વગર એક મનનીય પ્રવચન આપી, સમાજના પ્રમુખશ્રીની રજા લઈ, વેવાઈની સરભરા કરવા ઉપડી ગયા.

આ હતી એક અદના કાર્યકરની શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પ્રત્યેની લગની.

ઉમ્મીદ જાગી... ઉત્સાહ વધ્યો... કંઈક નક્કર કાર્ય કરવાની ધૂન સવાર થઈ... સમાજપ્રેમી સમાજ બંધુઓની સુષુપ્ત સંવેદનાઓ સક્રિય થઈ...

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદ - ગાંધીનગર સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોનો પત્ર દ્વારા સંપર્ક કરવામાં આવ્યો. દરેક સમાજોને જણાવવામાં આવ્યું કે તમારી સંસ્થાના બે ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકર્તાઓના નામ અને તેમની વિગત મોકલાવશો. તેનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં... શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા જણાવવામાં આવ્યું કે યોગ્ય સમયે અમે આ બધા શ્રેષ્ઠ સામાજિક કાર્યકરોનું ઉચિત રીતે સન્માન કરીશું અને તેમના માધ્યમ દ્વારા સંબંધિત દરેક સમાજોને સેલ્યુટ કરવા ઇચ્છીએ છીએ. કામગીરી વિકટ અને કઠિન હોવા છતાં પોતાના પ્રયત્નો જારી રાખીને બધી વિગતો એકત્રિત કરવામાં આવી. સાથે સાથે તે વિગત ‘કચ્છીયતની પ્રતિભા’ પુસ્તકમાં કંડારવા વગેરે તૈયારી કરવામાં આવી.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની એક પરંપરા રહી છે કે કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજની ધમાકેદાર ઉજવણી પ્રતિવર્ષ કરવી અને શક્ય હોય તો સરસ્વતી સન્માનના કાર્યક્રમનું તે અવસરે આયોજન કરવું. અષાઢી બીજના દિવસે સ્થાનિકે બધા કચ્છી સમાજો કચ્છીયતને ઉજાગર કરતા કાર્યક્રમનું આયોજન કરતા નથી એટલે અમદાવાદ ખાતેના શ્રી કચ્છી સમાજે નક્કી કર્યું કે સંગીત - સરસ્વતી સન્માન અને ૩૧ સમાજોના શ્રેષ્ઠ સામાજિક કાર્યકરોનું સન્માન — જેવા ત્રિવેણી સંગમ સમા કાર્યક્રમનું ભવ્ય રીતે આયોજન કરવું.

એ રીતે કાર્યક્રમને આખરી ઓપ આપીને શનિવાર, તા. ૯-૭-૨૦૧૬ના રોજ બપોરે ૨.૦૦ વાગે અમદાવાદ ખાતેના ટાગોર હોલમાં નવનીત પરિવારના શ્રી શાંતિલાલભાઈ ગાલાના પ્રમુખપદ હેઠળ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભનું આયોજન થયું હતું.

આરંભમાં કુંતલ મહેતાના વાદ્યવૃંદ સાથે સમાજના જ યુવા ગાયકો દ્વારા કચ્છી અને ગુજરાતી ગીતોની શૃંખલા શરૂ થતાં સમગ્ર વાતાવરણ સંગીતમય - આહ્લાદક બની ગયું. ગોકુલ રે આવો ગીરધારી (અષાઢ ઉછારમ), અસીં રે માડુ કચ્છડે વતનજા, હલ રે વણઝારા તોકે કચ્છડો વતાઈયાં, હાં હાં પાંજો કચ્છ લગે પ્યારો, ગજીયો મુંજો જોર જલાણું, અમે અમદાવાદી, તને જાતા જાતા જોઈ પનઘટની વાટે, તારી આંખનો અફિણી, નયનને બંધ રાખીને, જનનીના હૈયામાં પોઢંતો પોઢંતા, રાજ મને લાગ્યો કસુંબીનો રંગ, મુંજી માતૃભૂમિ કે નમન... જેવી રચનાઓ સૂર અને તાલબધ્ધ રીતે રજૂ થઈ હતી. પ્રેક્ષકો આનંદમય થઈ ગયા હતા.

ત્યારબાદ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતા, મુખ્ય અતિથિ વિશેષ શ્રી શાંતિલાલભાઈ ગાલા, અન્ય અતિથિ વિશેષશ્રીઓ — જેમાં પૂર્વ ધારાસભ્ય શ્રી છબીલદાસભાઈ પટેલ, કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણી, કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના પ્રમુખ શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલ, સમાજના હોદ્દેદારો શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી મનુભાઈ શાહ, શ્રી મેઘજીભાઈ ખેતાણી મંચ પર પોતાના સ્થાન પર બિરાજમાન થયા હતા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતાએ કચ્છી બોલીમાં કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજ

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીએ સંભાળી લીધી નાજુક પરિસ્થિતિ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અષાઢી બીજ સ્નેહમિલન સમારંભમાં અતિથિ વિશેષ શ્રી જેન્તીભાઈ ભાનુશાળી અનિવાર્ય સંજોગોના કારણે ઉપસ્થિત રહી શકેલ નહીં.

મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ અગાઉથી ઘડાઈ ગયેલ હતો અને સમારંભ શરૂ થવાના સમયે જ સમાચાર મળ્યા કે શ્રી જેન્તીભાઈ આ સમારંભમાં ઉપસ્થિત રહી શકશે નહીં.

કોઈ બીજા કાર્યકર સાથે ચર્ચા - વિમર્શ કરવાનો સમય જ ન હતો.

જ્યારે કાર્યક્રમના એ ભાગનો સમય આવ્યો ત્યારે એન્કરે પૂછાવ્યું કે જેન્તીભાઈ ભાનુશાલીની જગ્યાએ કોને મૂકવા? તરત વિચારીને કૈલાસદાન ગઢવીનું નામ સૂચવ્યું.

માઈક પર એનાઉન્સ થયું કે શ્રી ગઢવી મંચ પર ઉપસ્થિત થાય. કોઈ કારણસર તેઓ સભાગૃહની બહાર ગયા હતા. ત્યાં તેમને સમાચાર મળ્યા. હાંફળા ફાંફળા હોલમાં આવી સીધા મંચ પર આવ્યા. તેમને સુપ્રત કરવામાં આવેલ જવાબદારી હસતા હસતા પૂરી કરી અને જ્યારે તેમને પ્રવચન આપવાનો સમય આવ્યો ત્યારે કોઈ પણ જાતની તૈયારી વગર પ્રસંગને અનુરૂપ એક ઉત્તમ કક્ષાનું પ્રવચન પણ આપ્યું. તેમણે તેમની કાબેલિયતના દર્શન કરાવ્યા.

શ્રી કચ્છી સમાજ તેના આ અદના કાર્યકર થકી ગૌરવ અનુભવે છે.

નિમિત્તે આવકાર આપી, શબ્દપુષ્પથી મંચ પરના મહાનુભાવો તેમજ ઉપસ્થિત સર્વે પરિવારજનોનું સ્વાગત કર્યું હતું. તેમણે પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે....

★ સમાજની પરંપરા મુજબ આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

★ વર્ષ ૧૯૮૦થી સમાજના બધા પદાધિકારીઓએ 'કચ્છીયત'ની ધૂરા બરાબર સંભાળી હતી.

★ છેલ્લા ૩૬ વર્ષની પ્રગતિ અને વિકાસગાથાને આપણે આગળ લઈ જવાની છે. તે માટે દરેકે પ્રયત્નો કરવા પડશે.

★ સમાજના સભ્યપદ અને મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના સભ્ય બનવા માટે તેમણે ભારપૂર્વક અપીલ કરી હતી.

★ નવરાત્રિ ઉત્સવ અને નોટબુક વિતરણ યોજનાનું ઉદાહરણ ટાંકીને તેમણે કહ્યું કે આપણે સૌ સાથે મળીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદને મજબૂત કરીએ અને એક થઈને આપણે આપણાં પ્રશ્નોના ઉકેલ માટે જાતે તૈયાર થઈએ.

★ તેમણે સમાજની લાઈબ્રેરી, કો.ઓપ. ક્રેડિટ સોસાયટી, વેલફેર ફંડ જેવી યોજનાઓની વિગતો ટૂંકમાં રજૂ કરી હતી.

તેવી રીતે સંસ્થાના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પોતાના પ્રવચનમાં વિદ્યાર્થી છાત્રોને અભિનંદન સાથે ઉચ્ચ અભ્યાસ માટે શુભકામના પાઠવી હતી. તેમણે કહ્યું, વિશ્વમાં કચ્છનું નામ રોશન કરવા કચ્છીયતની ખુમારીને જાળવી રાખીએ. શ્રી કચ્છી સમાજ - અમદાવાદને મજબૂત કરવા આપણે સૌ સંયુક્ત રીતે પ્રયાસ કરીએ. સમાજના હાથ મજબૂત કરવા તરફ તેમણે ખાસ ભાર મૂક્યો હતો. આજના કાર્યક્રમે સમાજના ઈતિહાસમાં એક સોનેરી પ્રકરણ ઉમેરેલ છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

પ્રવચન બાદ મંચસ્થ મહાનુભાવોનું શાલ અને પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તેવી રીતે સરસ્વતી સન્માન યોજના હેઠળ વિવિધ વિભાગના પ્રણેતા - દાતાશ્રીઓ... મંજુલાબેન હરખચંદ સાવલા વતી શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ તથા માતુશ્રી ઝવેરબેન રંગવાલા વતી શ્રીમતી ચારુબેન રંગવાલાનું બહુમાન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષશ્રીઓ પૈકી રાજ્યકક્ષાના મંત્રી શ્રી તારાચંદભાઈ છેડા તેમજ પૂર્વ ધારાસભ્ય શ્રી જેન્તીભાઈ ભાનુશાલી અનિવાર્ય સંજોગોના કારણે ઉપસ્થિત રહી શક્યા ન હતા.

***સરસ્વતી સન્માન - વિવિધ યોજનાઓ અંતર્ગત નીચે મુજબ છાત્રોને પારિતોષિક - પુરસ્કાર આપવામાં આવ્યા હતા.***

**ધોરણ-૧૦**
**મંજુલાબેન હરખચંદ સાવલા શ્રેષ્ઠતા પારિતોષિક**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | શાસ્ત્રી પ્રિયલ પીયૂષ | ૯૨.૩૩% |
| દ્વિતીય | : | પટેલ મૈત્રી નવીનભાઈ | ૯૧.૫૦% |
| તૃતીય | : | ઠક્કર શ્રેય સમીર | ૯૦.૬૦% |

**ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)**
**નરેન્દ્ર છગનલાલ શાહ શ્રેષ્ઠતા પારિતોષિક**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | શાહ પરીન નીતિનકુમાર | ૮૨.૦૦% |
| દ્વિતીય | : | ચૌહાણ હીના દીપકભાઈ | ૭૫.૨૦% |

**ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)**
**નરેન્દ્ર છગનલાલ શાહ શ્રેષ્ઠતા પારિતોષિક**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | : | પટેલ કૌશિક દિનેશભાઈ | ૮૮.૦૦% |
| દ્વિતીય | : | ટાંક યેશા કેતન | ૮૬.૨૦% |
| તૃતીય | : | પટેલ વિધિ નવીનભાઈ | ૮૨.૦૦% |

**કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક**
**માતુશ્રી ઝવેરબેન રંગવાલા કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક**

ધોરણ-૧૦માં પ્રથમ : શાસ્ત્રી પ્રિયલ પીયૂષ ૯૨.૩૩%

ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)માં
પ્રથમ : ચૌહાણ હીના દીપકભાઈ ૭૫.૨૦%

ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં
પ્રથમ : ટાંક યેશા કેતન ૮૧.૨૦%

ઉચ્ચ શિક્ષણની વિવિધ ફેકલ્ટીઓમાંથી અનેક ફેકલ્ટીના પરિણામો હજુ સુધી આવેલ ન હોવાથી **શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ઉચ્ચ શિક્ષણ શ્રેષ્ઠતા પારિતોષિક** તથા **શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક** આવતા દિવસોમાં કોઈ યોગ્ય સમયે એનાયત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

સમારંભમાં શ્રી તુલસીદાસભાઈ કંસારાએ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક વિશે માહિતી આપતાં, તેના વિશિષ્ટ પાસાઓ તરફ સૌનું ધ્યાનાકર્ષણ કર્યું હતું. તેમણે કહ્યું, જે માહિતી

પ્રાપ્ત થઈ હતી તેને આ પુસ્તકમાં સમાવવા પૂરતી કોશિશ કરવામાં આવી છે. આમ છતાં, ક્ષતિઓ બદલ ક્ષમા પ્રાર્થીને જણાવ્યું કે, આ પુસ્તક બહાર પાડીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદે એક અનેરો ઈતિહાસ રચ્યો છે.

મુખ્ય અતિથિ વિશેષશ્રી શાંતિલાલભાઈ ગાલાએ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકનું વિમોચન કર્યું હતું. મંચસ્થ અન્ય સર્વે મહાનુભાવો આ વિધિમાં તેમની સાથે જોડાયા હતા.

માદરે વતનની જ્યોત પ્રજ્વલિત રાખવા એક સુંદર 'ઍવોર્ડ' અને 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક સાથે વિવિધ મહાનુભાવોના હસ્તે ૩૧ કચ્છી ઘટક સમાજોના બબ્બે ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઍવોર્ડ અને પુસ્તક કાર્યક્રમ દરમિયાન સૌનું ધ્યાનાકર્ષણનું મુખ્ય અંગ બની ગયું હતું. અનિવાર્ય સંજોગોના કારણે ઉપરોક્ત પૈકી ૬ સામાજિક કાર્યકરો પોતાનો ઍવોર્ડ લેવા ઉપસ્થિત રહી શક્યા ન હતા.

## માજી પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલની દિલેરી

નૂતન વર્ષ મિલન સમારંભની તૈયારી ચકાસવા અગાઉના દિવસે શ્રી મનસુખભાઈ પટેલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ પર પધાર્યા હતા.

તેઓએ સમાજની ઑફિસ પર ચાલતી ધમધોકાર તૈયારી જોઈ. ૬૨ કાર્યકરોને આપવાના શિલ્ડ જોયા. તેઓ ખૂબ જ પ્રભાવિત થયા. ઑફિસ પર કામ કરતા કાર્યકરોનો ઉત્સાહ ટકાવી રાખવા અને કાર્યક્રમને હજુ પણ વધુ ઊંચાઈએ પહોંચાડવા તેમણે ત્યાં જ જાહેર કર્યું કે આ શિલ્ડ એનાયતના પ્રસંગે લખો મારા રૂા. ૧,૫૧,૦૦૦/-. ઉપસ્થિત સહુ કાર્યકરો તો ખુશ ખુશ થઈ ગયા અને બેવડા ઉત્સાહથી કામે લાગી ગયા!

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સદ્‌નસીબ છે કે તેને હંમેશાં ઉમદા અને ઝીંદાદિલ સુકાનીઓ મળતા રહ્યા છે.

## સન્માનપાત્ર કાર્યકરોની નામાવલિ

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : (૧) શ્રી મનસુખભાઈ વી. પટેલ (૨) શ્રી ભરતભાઈ ઓઝા
- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોન : (૧) શ્રી બાબુભાઈ એસ. માકાણી (૨) શ્રી મણિલાલભાઈ વી. પટેલ
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : (૧) શ્રી હીરજીભાઈ પી. શાહ (૨) ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા
- શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદ : (૧) શ્રી શીવજીભાઈ એમ. શિયાણી (૨) શ્રી મેઘજીભાઈ કે. ખેતાણી
- શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ : (૧) શ્રી ઘનશ્યામભાઈ પી. ઠક્કર (૨) શ્રી સુનિલભાઈ એચ. દાવડા
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદ : (૧) શ્રી રઘુરામભાઈ વી. રાચ્છ (૨) શ્રી હિમાંશુભાઈ બી. ઠક્કર
- શ્રી કચ્છી ભાનુશાળી સેવા સમાજ (ગુજરાત) અમદાવાદ : (૧) શ્રી રવજીભાઈ એમ. ભાનુશાળી (૨) શ્રી મહેશભાઈ વી. કટારિયા
- શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ : (૧) શ્રી હંસરાજભાઈ ટી. કંસારા (૨) જ્યોતિકા એચ. સોની
- શ્રી કચ્છી વડનગરા નાગર સમાજ - અમદાવાદ : (૧) શ્રી ભવ્યેશભાઈ વાય. માંકડ (૨) શ્રી અશોકભાઈ એ. ધોળકિયા
- શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદ : (૧) શ્રી ભૂપેન્દ્રભાઈ કે. ચૌહાણ (૨) શ્રી પ્રફુલ્લભાઈ કે. ટાંક
- શ્રી અમદાવાદ કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ : (૧) શ્રી વાડીલાલભાઈ આર. પંચાલ (૨) શ્રી અશ્વિન આર. મિસ્ત્રી
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતામંદિર : (૧) શ્રી જેન્તીભાઈ પી. પટેલ (૨) શ્રી દેવજીભાઈ એલ. સાંખલા
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ઓઢવ : (૧) શ્રી ગોપાલભાઈ એન. પટેલ (૨) શ્રી મગનભાઈ વી. પટેલ
- શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - નરોડા : (૧) શ્રી દેવજીભાઈ રામજીભાઈ લીંબાણી(૨) શ્રી હરિભાઈ ડી. પોકાર
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સીંગરવા : (૧) શ્રી મગનભાઈ એમ. પટેલ (૨) શ્રી ડાહ્યાભાઈ વી. પટેલ
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - કુંજાડ : (૧) શ્રી રતનશીભાઈ કે. પટેલ (૨) શ્રી કાંતિભાઈ કે. સાંખલા
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સી.ટી.એમ. (અમદાવાદ પૂર્વ) : (૧) શ્રી શંભુભાઈ પી. પટેલ (૨) શ્રી મોહનભાઈ જે. પટેલ
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - જશોદાનગર : (૧) શ્રી મગનભાઈ આર. પટેલ (૨) શ્રી કિરીટભાઈ આર. નાકરાણી
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ વિભાગ : (૧) શ્રી નરસિંહભાઈ એન. પટેલ (૨) શ્રીમતી રેખાબેન વી. રૂડાણી

| | | |
|---|---|---|
| • શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગોતા | : (૧) શ્રી જયંતિભાઈ પી. પટેલ | (૨) શ્રી તુલસીભાઈ જી. પટેલ |
| • શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સોલા રોડ | : (૧) શ્રી ડાહ્યાભાઈ કે. પોકાર | (૨) શ્રી વેલજીભાઈ એન. ચૌહાણ |
| • શ્રી કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર | : (૧) શ્રી નીલેન્દુ એમ. વોરા | (૨) શ્રીમતી વર્ષાબેન જે. મહેતા |
| • શ્રી કચ્છ કડવા પાટીદાર શહેરી સમાજ - ગાંધીનગર | : (૧) શ્રી દિલીપભાઈ વી. સેંઘાણી | (૨) શ્રી દિક્ષીતભાઈ બી. રામજીયાણી |
| • શ્રી ગાંધીનગર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - જી.આઈ.ડી.સી., ગાંધીનગર | : (૧) શ્રી શીવજીભાઈ એમ. પટેલ | (૨) શ્રી ચંદુભાઈ આર. ગોગારી |
| • શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - પેથાપુર | : (૧) શ્રી વાલજીભાઈ પી. ભાવાણી | (૨) શ્રી મોહનભાઈ વી. રામજીયાણી |
| • શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સાણંદ | : (૧) શ્રી તુલસીભાઈ કે. પટેલ | (૨) શ્રી વિમલભાઈ એસ. પટેલ |
| • શ્રી ધોળકા કચ્છ કડવા પાટીદાર સમાજ - ધોળકા | : (૧) શ્રી નટવરભાઈ ડી. પટેલ | (૨) શ્રી સવજીભાઈ ડી. પટેલ |
| • શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - બારેજડી | : (૧) શ્રી મગનભાઈ જે. છાભૈયા | (૨) શ્રી જગદીશભાઈ ડી. છાભૈયા |
| • શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - દહેગામ | : (૧) શ્રી ઈશ્વરભાઈ એસ. પટેલ | (૨) શ્રી સોમાભાઈ ડી. પટેલ |
| • શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - સૉ મિલ વિભાગ, દહેગામ | : (૧) શ્રી હરિભાઈ એલ. ભાવાણી | (૨) શ્રી જેઠાભાઈ એસ. રંગાણી |
| • શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - દહેગામ | : (૧) શ્રી અંબાલાલભાઈ આર. પટેલ | (૨) શ્રી વસંતભાઈ એસ. રુડાણી |

★ પ્રેક્ષકોએ સામાજિક કાર્યકરોના સન્માનના દરેક તબક્કે સ્ટેન્ડિંગ ઑવેશન આપીને સૌ સન્માનિત મહાનુભાવોનું અભિવાદન કર્યું હતું.

★ દરેક તબક્કામાં સન્માનિત મહાનુભાવોની 'ઍવોર્ડ' અને 'પુસ્તક' સાથે સમૂહ તસવીરો ખેંચવામાં આવી હતી.

★ સન્માનિત મહાનુભાવો પૈકી કેટલાક ખૂબ જ ભાવુક બનીને ગદ્‌ગદિત થઈ ગયા હતા. સન્માનિત મહાનુભાવોએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

★ *પ્રત્યેક ઍવોર્ડ પર લખાયેલ વિગત આ પ્રમાણે છે...*

> **શ્રી ______________________**
>
> **સમાજને સુસંસ્કૃત અને સમૃધ્ધ બનાવવા માટે આપશ્રીની ઉત્કૃષ્ટ સામાજિક સેવાની નોંધ લઈને આ સમાજ આપનું વિશિષ્ટ સન્માન કરે છે.**
>
> **દીર્ઘાયુ જીવન અને તંદુરસ્તીની કામના.**
>
> **માનદ્ મંત્રી** **મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

## ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહની દિલેરી

સ્નેહમિલન સમારંભના સ્ટેજ ફંકશનનો કાર્યક્રમ ચાલી રહેલ હતો. એન્કરશ્રી વ્યવસ્થિત રીતે દરેક કાર્યક્રમની ઘોષણા કરતા હતા. લાઈબ્રેરીના ઉદ્‌ઘાટનનો સમય આવ્યો. કાર્યક્રમ તેની રીતે આગળ વધી રહેલ હતો. શક્ય હોય તો ઉપસ્થિત મહાનુભાવો પોતાના તરફથી નવી ૧૦૦-૧૦૦ બુકોનું ડોનેશન આ લાઈબ્રેરીને આપે તેવી ઘોષણા થઈ રહેલ હતી. એ સમયે સમાજના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહે એક ચબરખીમાં પોતાના તરફથી ૧૦૦ બુકો લખી. અન્ય ૧૦૦ બુકો પટેલ ટ્રાવેલ્સવાળા શ્રી મેઘજીભાઈ પાસેથી લખાવડાવી. ત્યારબાદ એ કાપલી સ્ટેજ પર બિરાજમાન અન્ય મહાનુભાવોના નામ લખવા તેમના પર મોકલી આપી. એ પ્રક્રિયા પૂરી કરી આ ચબરખી ઉદ્‌ઘોષણા માટે એન્કરશ્રીને મોકલાવાતી જ હતી ત્યાં શ્રી મનુભાઈએ એ ચિઠ્ઠી પાછી મંગાવી અને પોતાની ૧૦૦ બુકની જગ્યાએ પોતાના નામની સામે રૂા. ૨.૫૧ લાખની લાઈબ્રેરીના જાહેર કરવામાં આવેલ નકરાની રકમ લખી એ ચીઠ્ઠી પરત આપી.

કોઈએ પણ ટહેલ નાખ્યા વગર જ્યારે એક દાતા સામે ચાલીને પોતાના હૃદયની ભાવનાથી સમાજની યોજનામાં જોડાઈ જાય તેનાથી વધુ સારું શું હોઈ શકે?

સમાજના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહને આપણે ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

***કાર્યક્રમ દરમિયાન શ્રી કચ્છી સમાજ - અમદાવાદની કલ્યાણલક્ષી નીચે મુજબની વિવિધ યોજનાઓનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.***

★ તબીબી, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રના વિકાસ અર્થે.... **'સોશિયલ વેલફેર ફંડ'**
જેનું લોકાર્પણ કર્યું હતું.... સમાજના પૂર્વ પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીએ. આ અવસરે તેમણે જણાવ્યું કે, ટીપે-ટીપે સરોવર ભરાય અને નાની બચત પણ કોઇના માટે વિશેષરૂપે ઉપયોગીકર્તા સાબિત થઈ શકે. તેમણે કહ્યું, આજે બીજ વાવીશું તો આવતીકાલે તેમાંથી વટવૃક્ષ ઊભું થશે. વેલફેર ફંડ માટે સમગ્ર સભાગૃહમાં ઝોળી ફેરવવામાં આવતાં રૂા. ૧૯,૧૯૫/-ની રકમ એકત્રિત થયેલ હતી.

★ 'વાંચે અભિયાન'ની જયોત કાયમ રાખવા તેમજ કચ્છી સમાજના પરિવારજનો તેમજ અન્યજનોમાં વાંચનપ્રેમ વધારે વિકસે તે માટે **'પુસ્તક લાઇબ્રેરી.'**
આ યોજનાનું ઉદ્‌ઘાટન શ્રી છબીલદાસભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

- લાઈબ્રેરી સાથે ૧૦ વર્ષ સુધી નામ જોડવા અર્થે રૂા. ૨.૫૧ લાખનું સૌજન્ય ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શ્રી મનુભાઈ શાહે જાહેર કર્યું હતું.
- અન્ય એક ટહેલ મુજબ નવ મહાનુભાવો એકસો - એકસો પુસ્તકો લાઈબ્રેરીમાં ભેટ સ્વરૂપે આપશે તેવી પણ જાહેરાત થઈ હતી.

***ઉપસ્થિત સર્વે પરિવારજનોએ હર્ષનાદ સાથે દાતાશ્રીઓનું અભિવાદન કર્યું હતું.***

★ જરૂરિયાતમંદ સભ્યોને વ્યાજબી દરે લોનની પ્રાપ્તિ થાય તેવા ઉદ્દેશવાળી... **'કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી.'**
આ યોજનાનું લોકાર્પણ કરનાર હતા... લેવા પટેલ સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી શીવજીભાઈ માવજીભાઈ શિયાણી.

## ઉપપ્રમુખ શ્રી જગદીશભાઈ ઠક્કરની કામગીરી

'કચ્છશ્રુતિ' તથા આમંત્રણ પત્રિકા દ્વારા જાહેર કરી દેવામાં આવ્યું કે સમારંભના સમયે ઉપસ્થિત રહેનાર પ્રથમ ૧૦૦ વ્યક્તિને ગીફ્ટ હેમ્પર દ્વારા નવાજવામાં આવશે.

ત્યારબાદ એકત્રિત થઈ કાર્યકરો ચર્ચા કરતા હતા કે કઈ વસ્તુ ખરીદવી અને કેટલા એમાઉન્ટની ખરીદવી!

એક કાર્યકરે યાદ દેવડાવ્યું કે આપણે શ્રી જગદીશભાઈ ઠક્કરને કહીએ તો? તેઓ હંમેશાં ગીફ્ટ હેમ્પર માટે આપણી વાત ઉથલાવતા નથી.

તેમને ફોન કરવામાં આવ્યો — ૧૦૦ ગીફ્ટ હેમ્પર માટે.

તેઓએ ફોન પર પ્રસ્તાવ સ્વીકારી લીધો અને કાર્યક્રમના આગલા દિવસે તેમની ફેક્ટરી છત્રાલથી ટેમ્પો દ્વારા ૧૦૦ ગીફ્ટ હેમ્પરની ડિલિવરી સમાજ પર થઈ પણ ગઈ!

કાર્યક્રમના અંતે તેઓને ખ્યાલ આવ્યો કે ગીફ્ટ હેમ્પરની જરૂરિયાત હજુ પણ વધુ છે. તેમણે તરત જ અન્ય પેકેટ્સ પણ મોકલી આપ્યા.

શ્રી જગદીશભાઈ ઠક્કરની ઝીંદાદિલીને સલામ.

## ઉપપ્રમુખ શ્રી મેઘજીભાઈ ખેતાણી

તળપદી ભાષા - બોલવાનું અવિરત ચાલુ. તેમની સામે બેસો એટલે હોંકારો ભણ્યા સિવાય તમારા ભાગે બીજું કંઈ બોલવાનું આવે જ નહીં.

થોડીવારે તેમને ખ્યાલ આવ્યો.

પૂછ્યું શું કામે આવ્યા છો?

વિવિધ ડોનેશનની રકમવાળી નોંધ તેમની સામે ધરી દીધી.

સમગ્ર નોંધ પર નજર ફેરવી. ૧૫-૨૦ સેકન્ડથી વધુ સમય નહીં લાગ્યો હોય.

કહ્યું સમગ્ર કાર્યક્રમનું સૌજન્ય મારા નામથી લખી લો.

'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકના છેલ્લા પાનાની જાહેરાતની વાત કરી.

તેનો જવાબ પણ એક પણ ઘડીના વિચાર કર્યા વગર હકારાત્મક ભાષામાં આપી દીધો.

કામ પૂરું થયું. ઊભા થયા. તેમની દિલેરીની સ્મૃતિ હંમેશાં યાદ રહેશે.

ઉપરોક્ત કાર્યક્રમના અવસરે અતિથિ વિશેષશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોએ પોતાના પ્રવચનમાં ખાસ કરીને જણાવ્યું હતું કે, કચ્છી નવું વર્ષ એકમાત્ર એવું વર્ષ છે કે, જે ધર્મ નહીં પરંતુ પ્રકૃતિ સાથે જોડાયેલો છે. તેમજ દરેકે કચ્છી બોલી તરફ પોતાના લગાવની વાત જણાવી હતી. વળી, તેઓએ સર્વેનું ધ્યાનાકર્ષણ કરીને, સર્વે ઘટક સમાજોને સાથે રાખનાર શ્રી કચ્છી સમાજ - અમદાવાદના દરેક રીતે હાથ મજબૂત કરવા તરફ ગંભીર ઈશારો કર્યો હતો. આપણે સંયુક્ત રહીશું તો આપણા દરેક પ્રશ્નોનો ઉકેલ સંબંધિત સ્તરે સહેલાઈથી મેળવી શકશું, તેવો સામાન્ય સૂર દરેકે વ્યક્ત કર્યો હતો. **કોઈપણ સમાજ સાંપ્રત, ગતિશીલ, સંસ્કારી અને પ્રગતિકારકના રસ્તે ચાલે તો જ તેની ઉપયોગીતા સાર્થક બનશે.** આ માટે નવી પેઢીને જાગૃત કરવા તરફ પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રકારના કાર્યક્રમો અજોડ છે એટલું જ નહીં પરંતુ તેનું આયોજન ખૂબ જ કઠિન પણ છે. જે માત્ર શ્રી કચ્છી સમાજ - અમદાવાદ જ કરી શકે. આ રીતે દરેક મહાનુભાવોએ ઉપરોક્ત સ્નેહ મિલનના કાર્યક્રમને અને તેમાં પણ સામાજિક કાર્યકરોના સન્માનની કામગીરીને વધાવીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદને તથા તેના પ્રમુખશ્રી અને સમગ્ર ટીમને ધન્યવાદ આપ્યા હતા.

- **સમાજના પ્રમુખીનું બહુમાન અને અભિવાદન :**

અમદાવાદ - ગાંધીનગર જિલ્લાના ૩૧ કચ્છી ઘટક સમાજોના કુલ ૬૨ ઉત્કૃષ્ટ - ઉમદા સામાજિક કાર્યકરોના સન્માનના માધ્યમથી દરેક સમાજોને એક તાંતણે બાંધવાનું સ્વપ્ન જોનાર અને લાંબા સમયની મહેનત બાદ તેને સાર્થક કરવાના પ્રોજેક્ટના મુખ્ય સૂત્રધાર - શિલ્પી એવા કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી અશોક મહેતાને મંચ પર ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ સંયુક્ત રીતે પુષ્પ - બુકે આપીને તેમનું વિશેષ બહુમાન કર્યું હતું. આ સમયે સમગ્ર પ્રેક્ષકગણે ઊભા થઈને હર્ષનાદ સાથે અભિવાદનમાં સામેલ થયા હતા.

કાર્યક્રમ દરમિયાન ઓઢવ ખાતેના શ્રી પ્રગતિ યુવક મંડળના કાર્યકરોએ હોલમાં ઉત્તમ કક્ષાની કામગીરી કરીને સંપૂર્ણ રીતે વ્યવસ્થા સંભાળી હતી. એ જ રીતે સ્ટેજ પર શૈક્ષણિક સમિતિના કાર્યકર ગ્રૂપે કે જેમાં શ્રી દીપક ચૌહાણ, શ્રી સંજય રાઠોડ તથા શ્રી મૂકેશ ચૌહાણનો મુખ્યત્વે સમાવેશ થતો હતો તે ટીમ તેમજ જમણવારમાં શ્રી કચ્છી લોહાણા યુવક મંડળના કાર્યકરોએ પોતાને સોંપવામાં આવેલ ફરજ નિષ્ઠાપૂર્વક બજાવીને સમારંભના દરેક ક્ષેત્રમાં ઉત્તમ કક્ષાની વ્યવસ્થા જાળવી, સમારંભની શોભા વધારવામાં ઉચ્ચ કક્ષાનું પ્રદાન પૂરું પાડેલ હતું.

શ્રીમતી અલ્પાબેન શાહ તથા જલ્પાબેન પટેલે સમગ્ર કાર્યક્રમનું ખૂબ સુંદર રીતે સંચાલન કર્યું હતું. કચ્છી નૂતન વર્ષ નિમિત્તે સમાજના પ્રમુખશ્રીના હસ્તે તેઓને ભેટ સ્વરૂપે પુસ્તક આપવામાં આવેલ. તેવી રીતે સભાગૃહના પ્રવેશદ્વાર પાસેનું કાઉન્ટર સમાજના મહિલા સભ્યો અને સમાજ કાર્યાલયના સ્ટાફે સંભાળીને 'રંગ' રાખ્યો હતો.

કાર્યક્રમના અંતે દિનેશ આર. મહેતાએ આભાર દર્શનની વિધિ કરી હતી.

જય કચ્છ, જય ગુજરાત અને જય ભારતના નાદ બાદ સૌ 'મેઘલાડુ'ની મહેફિલમાં સામેલ થયા હતા.

***અહેવાલ : દિનેશ આર. મહેતા***

## અમે આભારી છીએ....

- ❖ સરસ્વતી સન્માનની યોજનામાં ડોનેશન આપી એ યોજનાને પરિપૂર્ણ કરાવવા બદલ સમાજના સખી દાતાઓના.
- ❖ અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના કે જેમણે અમારી અપીલનો સ્વીકાર કરી પોતાના સમાજના અવ્વલ દરજ્જાના બે કાર્યકરોના નામ મોકલી આ યોજનાને પાર પાડવા સંપૂર્ણ સહકાર આપેલ.
- ❖ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકનું સૌજન્ય સ્વીકારનાર તથા જાહેરાત આપનાર મહાનુભાવોના.
- ❖ સામાજિક કાર્યકર સન્માનમાં એક સમાજનું સૌજન્ય નોંધાવનાર ઉત્સાહી સભ્યોના.
- ❖ આજના જમણવારમાં ડોનેશન નોંધાવી તેમાં ભાગ લેનાર મહારથીઓના.
- ❖ આજના કાર્યક્રમનું સૌજન્ય સ્વીકારનાર સભ્યશ્રીના.
- ❖ સ્ટેજ પરના, હોલના, બહાર કાઉન્ટર પરના તથા જમણવાર પ્રિમાઈસીસના વોલન્ટિયર ગ્રુપના કાર્યકરોના.
- ❖ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક તૈયાર કરનાર સંપાદન સમિતિના દરેક સભ્યશ્રીઓના.
- ❖ આજના કાર્યક્રમને ઉજાળનાર દરેક અતિથિ વિશેષશ્રીઓના.
- ❖ કાર્યક્રમની શરૂઆતમાં કચ્છી - ગુજરાતી સુંદર ગીતો પીરસી સમગ્ર ઓડિટોરિયમનું વાતાવરણ ઉત્સાહજનક બનાવી દેનાર કચ્છી યુવાન-યુવતી ગાયક કલાકારોના તથા તેમની સાથે સંગીત પીરસનાર ધ્વનિ ઑરકેસ્ટ્રા તથા કુંતલ મહેતાના વાદ્યવૃંદના.
- ❖ ઍન્કર તરીકે સેવા આપનાર અલ્પા શાહ તથા જલ્પા પટેલના.

## નૂતન વર્ષ મિલન સમારંભના સમયે
## સમાજના સભ્યો તરફથી મળેલ સહકાર

| | | |
|---|---|---|
| ★ રૂા. ૨,૫૧,૦૦૦/- | લાઈબ્રેરી પ્રવૃત્તિ માટે | શ્રી મનુભાઈ શાહ - ગૂર્જર પરિવાર |
| ★ રૂા. ૧,૫૧,૦૦૦/- | સામાજિક કાર્યકરોના સન્માનના સમયે ટ્રોફી એનાયત કરવામાં આવી તે સામે | શ્રી મનસુખભાઈ વિશ્રામભાઈ પટેલ |
| ★ લાઈબ્રેરી માટે ૧૦૦-૧૦૦ બુક દાન સ્વરૂપે મોકલી આપવા બાબતે | | શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી<br>શ્રી શીવજીભાઈ માવજીભાઈ શિયાણી<br>શ્રી છબીલદાસભાઈ પટેલ<br>શ્રી જયન્તીભાઈ પરબતભાઈ પટેલ<br>શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર<br>શ્રી રઘુરામ વશરામભાઈ રાચ્છ<br>શ્રી કૈલાસદાન કરણીદાન ગઢવી<br>શ્રી મનસુખભાઈ વશરામભાઈ પટેલ<br>શ્રી રસીકભાઈ ખીમજીભાઈ મહેતા |
| ★ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકનું સૌજન્ય | | શ્રી ચીમનભાઈ વલમજી પલણ |
| ★ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકમાં જાહેરાત | | ૪૬ વ્યક્તિ / કંપની / સંસ્થા |
| ★ સામાજિક કાર્યકરોના એક-એક સમાજના સૌજન્ય સ્વરૂપ | | ૧૫ વ્યક્તિ |
| ★ સોશિયલ વેલફેર ફંડની ઝોળીમાં પ્રાપ્ત થયેલ ડોનેશનની રકમ : | | રૂા. ૧૯,૧૯૫/- |

# કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ

**શનિવાર, તા. ૯-૭-૨૦૧૬**

## સમારંભના સમયની કેટલીક આંકડાકીય માહિતીઓ

| | | ફોર્મ ભરાઈને આવ્યા | ભરવા માટે લોકો સ્વેચ્છાએ ફોર્મ લઈ ગયા |
|---|---|---|---|
| ૧. | શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્યપદના ફોર્મ | ૯ | ૩૮ |
| ૨. | કચ્છશ્રુતિનું સભ્યપદ | ૧૦ | ૩૩ |
| ૩. | સરનામા-ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મ | ૨ | ૧૯ |
| ૪. | કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ફોર્મ | ૧૫ | ૭૨ |

*તદુપરાંત "કચ્છીયતની પ્રતિભા" પુસ્તકની ૨૩૬ નકલનું હોલ પરથી કાર્યક્રમ દરમિયાન વિતરણ કરવામાં આવ્યું અને કચ્છી યલો પેજીસની ૭૯ નકલનું વિતરણ કરવામાં આવેલ હતું.*

# કાર્યકર ગ્રૂપ

અષાઢી બીજ — કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભના સમયે વિવિધ સ્થળે યોગ્ય વ્યવસ્થા અને કાર્યવાહીની જરૂરિયાત હતી. અગર આ કાર્યવાહી યોગ્ય રીતે પરિપૂર્ણ કરવામાં ન આવે તો તેના અનુસંધાને જે - તે સ્થળે અરાજકતા ફેલાઈ જવાની પૂરેપૂરી સંભાવના હતી. વ્યવસ્થાની જવાબદારી સંભાળી લેવા વિવિધ સ્થળે કાર્યકરોની ટીમ કામે લાગી ગઈ અને દરેક ટીમે ઉત્તમ કક્ષાની જવાબદારી નિભાવી કે જેના કારણે સમારંભને ચાર ચાંદ લાગી ગયા.

*આ કાર્યકર ટીમોની વિગત નીચે મુજબ છે...*

૧. **સ્ટેજ વ્યવસ્થા :** ગીત સંગીતના સમયની વ્યવસ્થા, મુખ્ય ફંકશનના સમયની વ્યવસ્થા, સરસ્વતી સન્માનના સમયે જે - તે શિલ્ડની વ્યવસ્થા, સામાજિક કાર્યકર સન્માનના સમયે જે - તે ટ્રોફીની વ્યવસ્થા વગેરે જવાબદારી ખંતપૂર્વક અદા કરનાર સરસ્વતી સન્માનની ટીમ એટલે કે શ્રી દીપક ચૌહાણ, શ્રી મૂકેશ ચૌહાણ, શ્રી સંજય રાઠોડ અને તેમના ગ્રુપના અન્ય ૧૦ કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન.

૨. **હોલ વ્યવસ્થા :** હોલમાં ૯ રૉ રીઝર્વ રાખવામાં આવેલ હતી અને ૯ રૉ માં દરેક મહાનુભાવને જે તે સીટ નંબર એલોટ કરવામાં આવેલ હતા. રીઝર્વ સીટ પર બેસનાર મહાનુભાવને તેમની સીટ પર યોગ્ય રીતે દોરીને લઈ જવામાં આવતા હતા અને આ સીટ પર અન્ય કોઈ મહાનુભાવ ન બેસે તે માટે અન્ય મહાનુભાવોને વ્યવસ્થિત રીતે અન્ય જગ્યાએ બેસાડવામાં આવતા હતા. કોઈપણ જાતની ખલેલ વગર આ કામ શાંતિપૂર્વક અને ખૂબ જ સરસ રીતે પાર પાડવામાં આવ્યું. મંચ પરથી શિલ્ડ, ટ્રોફી, પુસ્તક વગેરે લઈને સન્માનિત મહાનુભાવ નીચે આવે ત્યારે તેમની બધી વસ્તુઓ વ્યવસ્થિતપણે ખોખા / થેલીમાં પેક કરી તેમને સ્થળ પર જ પરત આપવામાં આવતી હતી. આ કાર્ય સફળતાપૂર્વક પાર પાડી કાર્યક્રમની સફળતામાં સાથ પુરાવનાર ટીમ હતી પ્રગતિ યુવક મંડળ - સીંગરવાના ૨૦ યુવાઓની ટીમ. આ ટીમને આપણે જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા જ પડે.

૩. **કાઉન્ટર વ્યવસ્થા :** સભાગૃહની બહાર કાઉન્ટર પર શ્રીમતી નીપા શાહ, શ્રીમતી મયૂરીબેન શાહ, શ્રીમતી દીપ્તિબેન મહેતા, શ્રીમતી ફાલ્ગુનીબેન શાહ, શ્રીમતી દીપીકાબેન શેલત વગેરેએ જવાબદારી નિભાવેલ હતી. તેઓએ કાઉન્ટર પર થતી પૃચ્છાના વ્યવસ્થિત જવાબો આપેલ હતા. ભરાઈને આવેલ સમાજના સભ્યપદના ફોર્મ તેમજ કચ્છશ્રુતિના ફોર્મ આવેલ એમાઉન્ટ સહિત સ્વીકારી તરતમાં તેની રસીદો બનાવી આપી. 'કચ્છીયતની પ્રતિભા' અને કચ્છી યલો પેજીસનું વિતરણ, કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ફોર્મનું વિતરણ વગેરે પ્રકારની અનેક જવાબદારી ખૂબ જ લાંબી ગિર્દીની વચ્ચે શાંતપણે પૂર્ણ કરી સમાજને તેની જવાબદારી અદા કરાવવામાં ખૂબ જ સહાય કરેલ હતી. આ મહિલા ટીમ પૂરેપૂરા યશની અધિકારી બની રહી.

૪. **જમણવારની વ્યવસ્થા :** 'જેનું જમણ સારું તેનું સહુ સારું' અથવા 'જેનું જમણ બગડ્યું તેનો સંપૂર્ણ સમારંભ બગડ્યો...' આ એક જૂની કહેવત છે કે જેને અનુલક્ષીને ભોજન સમારંભના પરિસરમાં એક ચુનંદા કક્ષાની ટીમ મૂકવામાં આવેલ હતી. કેટરર્સ પણ અગાઉના અનેક અનુભવો પરથી યોગ્ય નક્કી કરવામાં આવેલ હતા. જમણવાર સમયે કાઉન્ટરની વ્યવસ્થા, દરેક કાઉન્ટર પર પૂરતી માત્રામાં ભોજન ઇત્યાદિની સામગ્રી, પરિસરમાં ક્યાંય કચરો ના થાય તેની કાળજી, કોઈ જગ્યાએ ખોટી ગીરદી ના થાય તેની જવાબદારી વગેરે સફળતાપૂર્વકની કામગીરી નિભાવવા બદલ આપણે કચ્છી લોહાણા સમાજના યુવા મંડળને અભિનંદન આપીએ. શ્રી સુનિલભાઈ દાવડાની આગેવાની હેઠળની આ ટીમે જમણવારમાં સમાજને એટલી બધી સફળતા અપાવી કે લોકો જમણવાર અને સાથે સાથે કાર્યક્રમના પણ વખાણ કરતા કરતા ઘરે ગયેલ હતા. આ ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

*સમગ્ર કાર્યકર ગ્રુપને ખૂબ ખૂબ અભિનંદન.*

# "કચ્છીયતની પ્રતિભા" પુસ્તક પ્રકાશિત કરવા જાહેરાત સ્વરુપે સહકાર આપનાર મહાનુભાવોની નામાવલિ

*'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે પ્રાપ્ત થયેલ કેટલીક જાહેરાતોની વિગત 'કચ્છશ્રુતિ'ના જૂન-૨૦૧૬ના અંકમાં આપવામાં આવેલ છે. ત્યારબાદ પ્રાપ્ત થયેલ જાહેરાતોની વિગતવાર માહિતી નીચે મુજબ છે. જાહેરાત સ્વરુપે સહકાર આપનાર દરેક મહાનુભાવોનો આભાર માનવામાં આવે છે.*

## અંદરના પાને મલ્ટી કલર ફૂલ પેઈજ જાહેરાત

- જ્યોતિકા હરિરામ સોની
- શ્રી અરુણભાઈ પટેલ - શારપેક્ષ એન્જિનિયરિંગ વર્કસ
- શ્રી હસમુખભાઈ ખીમજી મહેતા
- શ્રી જગદીશભાઈ રવજી ઠક્કર - જે.આર.જે. ફુડ્સ
- શ્રી અમિતભાઈ સુરાણી - રવિ એન્ટરપ્રાઈઝ
- શ્રી જયેશભાઈ શાહ - ટોયગ્રા
- શ્રી કીર્તિભાઈ મણિભાઈ બારૂ - કતીરા કન્સ્ટ્રક્શન
- શ્રી હસમુખભાઈ નાનજી પટેલ - શાશ્વત ગ્રૂપ
- શ્રી દિનેશ પ્રેમચંદ શાહ - ગીલ એન્ડ કાું.
- શ્રી ભરત ભાણજી ગાલા - રાજુ એન્ટરપ્રાઈઝ
- શ્રી કમલેશ મનુભાઈ શાહ - અમમ એન્ટરપ્રાઈઝ
- શ્રી ચંદુભાઈ આર. મહેતા - ઈનવૉગ
- શ્રી દિલીપભાઈ વિશનજી સેંધાણી - ઉમા પ્રોજેક્ટ્સ – મહાલક્ષ્મી ગ્રૂપ
- શ્રી રાજેન્દ્રભાઈ ટોપરાની - એચ.સી.જી. ગ્રૂપ
- ડૉ. હિતેન્દ્ર શાહ - ડેન્ટલ કૉલેજ
- શ્રી શાંતિલાલભાઈ ગાલા - નવનીત પબ્લિકેશન્સ
- શ્રી આનંદ વોરા - શ્વેતલ ઈન્ટરનેશનલ
- શ્રી જયંતીભાઈ પરબતભાઈ પટેલ - સિગ્નેચર
- શ્રી અશોકભાઈ ધોળકિયા - ગોપાલ ગ્લાસ
- શ્રી ભાઈલાલભાઈ પટેલ - બી.કે. પટેલ એન્ડ કાું.
- શ્રી કૌશિકભાઈ મજીઠિયા - ઉર્મિન ગ્રૂપ
- શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા – રોયલ એક્સપ્રેસ
- શ્રી હરીશભાઈ રંગવાલા - હર્ષા એન્જિનિયર્સ
- શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
- શ્રી પ્રફુલ્લભાઈ ટાંક - કર્મા કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ
- શ્રી અજયભાઈ શાહ - શાહ નેટ ટેકનોલોજીસ
- શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદ
- શ્રી રતિલાલ વેલજીભાઈ મિસ્ત્રી - પદ્માવતી ફર્નિચર
- શ્રી તુષારભાઈ શાહ - પાસપોર્ટ સર્વિસ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સંબંધી જાહેરાત



# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા

## કચ્છી નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારંભ

## ભવ્ય રીતે ઉજવાયો

**સંગીત - સરસ્વતી સન્માન અને સામાજિક કાર્યકરોના સન્માનનો ત્રિવેણી સંગમ**

**સ્થાનિકના વિવિધ કચ્છી ઘટક સમાજોના સથવારે સેવા - સુશ્રુષાની અનુમોદના : અદ્‌ભુત કાર્યક્રમ સંપન્ન**

**સ્થાનિક ૩૧ કચ્છી ઘટક સમાજોના ૬૨ ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોના સન્માન થકી દરેક સમાજો અને તેના પરિવારજનોને એક તાંતણે બાંધીને અમદાવાદના શ્રી કચ્છી સમાજે નવો ઇતિહાસ રચ્યો....**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ નિમિત્તે ગીત-સંગીતની મહેફિલમાં...**



ગાયક વાલજી ભટ્ટી અને સાથી ગાયકવૃંદ



ગાયક કેતકી મહેતા



ગાયક નાનજી ભટ્ટી



ગાયક જ્યોત અંતાણી



ગાયક જીત શાહ



ગાયક મનીષ શાહ



ગાયક સંજય સંઘવી



ગાયક ઋત્વિજ પંડ્યા



ગાયક જાગૃત વોરા

**"સરસ્વતી સન્માન" કાર્યક્રમ હેઠળ સન્માન સાથે પુરસ્કારનું વિતરણ...**



સરસ્વતી સન્માન યોજના અંતર્ગત પુરસ્કાર વિતરણની એક ઝલક



સરસ્વતી સન્માન યોજના અંતર્ગત પુરસ્કાર વિતરણની તસવીર



સરસ્વતી સન્માન યોજના અંતર્ગત પુરસ્કાર વિતરણની તસવીર



શ્રી અશ્વિનભાઈ સાવલા મૈત્રી નવીનભાઈ પટેલને પુરસ્કાર એનાયત કરે છે



શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ શાહ (ડાબે) સરસ્વતી સન્માન યોજના અંતર્ગત પુરસ્કાર એનાયત કરતા નજરે પડે છે.



શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ શાહ (ડાબે) હીમા દીપક ચૌહાણને પુરસ્કાર એનાયત કરી રહ્યા છે.



શ્રીમતી ચારુબેન રંગવાલા (ડાબે) સરસ્વતી સન્માન યોજના અંતર્ગત પુરસ્કાર એનાયત કરતા નજરે પડે છે.



શ્રીમતી ચારુબેન રંગવાલા (ડાબે) હીમા દીપક ચૌહાણને કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક એનાયત કરી રહ્યા છે.



સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા આવકાર પ્રવચન આપતા...



શ્રી તુલસીદાસભાઈ કંસારા 'કચ્છીયતની પ્રતિભા' વિશે પ્રવચન આપતા

## "કચ્છીયતની પ્રતિભા" પુસ્તકનું વિમોચન




"કચ્છીયતની પ્રતિભા" પુસ્તકનું વિમોચન કરી રહ્યા છે...
અતિથિ વિશેષ શ્રી શાંતિલાલભાઈ ગાલા અને મંચસ્થ અન્ય મહાનુભાવો તથા સમાજના હોદ્દેદારો

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ અંતર્ગત અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોના સન્માનની ઝલક... અતિથિ વિશેષ શ્રી શાંતિલાલભાઈ ગાલા (જમણી તરફ)ના હસ્તે સન્માનિત થઈ રહ્યા છે....



શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
શ્રી મનસુખભાઈ પટેલ



શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
શ્રી ભરતભાઇ ઓઝા



અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોનના શ્રી બાબુભાઈ એમ. માકાણી



અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોનનાશ્રી મણિલાલભાઈ વી. પટેલ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
ડૉ. ચંદ્રકાંતભાઈ કાનજી દેઢિયા



શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદના
શ્રી શીવજીભાઈ માવજીભાઈ શીયાણી



શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદના
શ્રી મેઘજીભાઈ કે. ખેતાણી



શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના
શ્રી ઘનશ્યામભાઈ પી. ઠક્કર



શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના
શ્રી સુનિલભાઈ એચ. દાવડા



શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદના
શ્રી રઘુરામભાઈ વી. ઠક્કર



શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદના
શ્રી હિમાંશુભાઈ બી. ઠક્કર




શ્રી શાંતિલાલભાઈ ગાલાના હસ્તે સન્માનિત થયેલા ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોની સમૂહ તસવીર



સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર
પ્રવચન આપતા



સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી કૈલાસદાનભાઈ ગઢવી
પ્રવચન આપતા

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ અંતર્ગત અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોના સન્માનની ઝલક... અતિથિ વિશેષ તથા કચ્છના પૂર્વ ધારાસભ્ય શ્રી છબીલદાસભાઈ પટેલ (જમણી તરફ)ના હસ્તે સન્માનિત થઈ રહ્યા છે....



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સીંગરવાના
શ્રી મગનભાઈ એમ. પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સીંગરવાના
શ્રી ડાહ્યાભાઈ વી. પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - કુંજાડના
શ્રી રતનશીભાઈ કે. પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - કુંજાડના
શ્રી કાંતિભાઈ કે. સાંખલા



અતિથિ વિશેષ શ્રી તથા કચ્છના પૂર્વ ધારાસભ્ય
શ્રી છબીલદાસભાઈ પટેલ પ્રવચન આપી રહ્યા છે...



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સી.ટી.એમ.
(અમદાવાદ - પૂર્વ)ના શ્રી શંભુભાઈ પી. પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સી.ટી.એમ.
(અમદાવાદ - પૂર્વ)ના શ્રી મોહનભાઈ જેઠાભાઈ પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - જશોદાનગરના
શ્રી મગનભાઈ રવજીભાઈ ધોળુ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - જશોદાનગરના
શ્રી કિરીટભાઈ આર. નાકરાણી



અતિથિ વિશેષ શ્રી તથા કચ્છના પૂર્વ ધારાસભ્ય શ્રી છબીલદાસભાઈ પટેલના હસ્તે સન્માનિત થયેલા ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોની સમૂહ તસવીર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ અંતર્ગત અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોના સન્માનની ઝલક... શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ શ્રી કૈલાસદાનભાઈ ગઢવી (જમણી તરફ)ના હસ્તે સન્માનિત થઈ રહ્યા છે....



શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ (ગુજરાત) અમદાવાદના શ્રી મહેશભાઈ વી. કટારિયા



શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદના જ્યોતિકાબેન એચ. સોની



શ્રી કચ્છી વડનગરા નાગર સમાજ - અમદાવાદના શ્રી ભવ્યેશભાઈ વાય. માંકડ



શ્રી કચ્છી વડનગરા નાગર સમાજ - અમદાવાદના શ્રી અશોકભાઈ એ. ધોળકિયા



શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદના શ્રી ભૂપેન્દ્રભાઈ કે. ચૌહાણ



શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદના શ્રી પ્રફુલભાઈ કે. ટાંક



શ્રી અમદાવાદ કચ્છી લુહાર જ્ઞાતિ મંડળના શ્રી વાડીલાલ આર. પંચાલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના શ્રી જેન્તીભાઈ પી. પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના શ્રી દેવજીભાઈ એલ. સાંખલા



શ્રી કૈલાસદાન ગઢવીના હસ્તે સન્માનિત થયેલા ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોની સમૂહ તસવીર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ અંતર્ગત અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોના સન્માનની ઝલક... અતિથિ વિશેષ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના પ્રમુખ શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલ (જમણી તરફ)ના હસ્તે સન્માનિત થઈ રહ્યા છે....



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ વિભાગના
શ્રી નરસિંહભાઈ એન. પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ વિભાગના
શ્રીમતી રેખાબેન વી. રૂડાણી



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સોલા રોડના
શ્રી વેલજીભાઈ એન. ચૌહાણ



શ્રી કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગરના
શ્રી નીલેન્દુભાઈ એમ. વોરા



શ્રી કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગરના
શ્રીમતી વર્ષાબેન જે. મહેતા



શ્રી ગાંધીનગર કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ - જી.આઈ.ડી.સી., ગાંધીનગરના
શ્રી શીવજીભાઈ એન. પટેલ



કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના પ્રમુખ શ્રી જેન્તીભાઈ પી. પટેલ પ્રવચન આપી રહ્યા છે.



કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના પ્રમુખ શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલના હસ્તે સન્માનિત થયેલા ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોની સમૂહ તસવીર

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ અંતર્ગત અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોના સન્માનની ઝલક... અતિથિ વિશેષ શ્રી તથા શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ શ્રી શીવજીભાઈ માવજીભાઈ શીયાણી (જમણી તરફ)ના હસ્તે સન્માનિત થઈ રહ્યા છે....**



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સાણંદના
શ્રી તુલસીભાઈ કે. પટેલ



શ્રી ધોળકા કચ્છ કડવા પાટીદાર સમાજ -
ધોળકાના શ્રી નટવરભાઈ ડી. પટેલ



શ્રી ધોળકા કચ્છ કડવા પાટીદાર સમાજ -
ધોળકાના શ્રી સવજીભાઈ ડી. પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - બારેજડીના
શ્રી મગનભાઈ જે. છાભૈયા



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - બારેજડીના
શ્રી જગદીશભાઈ ડી. છાભૈયા



શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ -
સો મિલ વિભાગ દહેગામના શ્રી હરિભાઈ એલ. ભાવાણી



શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ -
સો મિલ વિભાગ દહેગામના શ્રી જેઠાભાઈ એસ. રંગાણી



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - દહેગામના
શ્રી અંબાલાલભાઈ આર. પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - દહેગામના
શ્રી વસંતભાઈ આર. રૂડાણી



અતિથિ વિશેષ શ્રી તથા કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ શ્રી શીવજીભાઈ એમ. શીયાણીના હસ્તે સન્માનિત થયેલા ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોની સમૂહ તસવીર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન તથા લોકાર્પણ




સમાજની સામાજિક કલ્યાણલક્ષી યોજના "વેલફેર ફંડ"નું ઉદ્ઘાટન કરી રહ્યા છે સમાજના પૂર્વ પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવી (જમણી તરફ)




"વાંચે ગુજરાત" અભિયાન અંતર્ગત સમાજની લાઇબ્રેરીનું ઉદ્ઘાટન કરી રહ્યા છે અતિથિ વિશેષ શ્રી છબીલદાસભાઈ પટેલ (વચ્ચે)




શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ.નું લોકાર્પણ કરી રહ્યા છે... કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ તથા અતિથિ વિશેષ શ્રી શીવજીભાઈ એમ. શીયાણી (ડાબી તરફ). સાથે ક્રેડિટ સોસાયટીના ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયા તથા ખજાનચી શ્રી શશીકાંતભાઇ પીંડોરિયા દ્દષ્ટિગોચર થાય છે.




શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતાનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે બહુમાન તથા અભિવાદન.

# વિવિધ ઘટક સમાજોના સામાજિક કાર્યકરોના સન્માન માટે સૌજન્ય સ્વરુપે સહકાર આપનાર મહાનુભાવોની યાદી

*સામાજિક કાર્યકરોના સન્માનના સમયે "સૌજન્ય" સ્વરુપે સહકાર આપનાર કેટલાક મહાનુભાવોની નામાવલી અમે 'કચ્છશ્રુતિ'ના જૂન-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરેલ છે. કેટલાક વધુ મહાનુભાવોની નામાવલિ અત્રે પ્રસારિત કરવામાં આવેલ છે.*

- શ્રી અમિતભાઈ સુરાણી - રવિ એન્ટરપ્રાઈઝ
- શ્રી જયમીન જેઠાલાલ સોની
- કુ. કશિશ જયમીન સોની
- શ્રી કરશનભાઈ નારાયણભાઈ પટેલ
- શ્રી મૂકેશ બાબુલાલ ચૌહાણ

## બેજીસ - બિલ્લા

*કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભના સમયે વિવિધ પદાધિકારીઓને તથા કાર્યકરોને જરૂરિયાત અનુસાર બિલ્લાઓ આપવામાં આવેલ હતા. તેમાંથી નીચે મુજબના બિલ્લાઓ હજુ સુધી પરત મળેલ નથી કે જેને તરતમાં કાર્યાલય પર પહોંચાડવા અપીલ કરવામાં આવે છે.*

- ઉપપ્રમુખ : ૧ નંગ
- કારોબારી સભ્ય : ૨ નંગ
- કાર્યકર : ૪ નંગ

## "કચ્છીયતની પ્રતિભા" પુસ્તકનું વિતરણ

*'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકનું વિતરણ ચાલુ છે. જે લોકોએ આ પુસ્તક પ્રાપ્ત કરેલ નથી તેઓને સમાજની ઓફિસેથી સ્ટોક હશે ત્યાં સુધી પરિવારદીઠ ૧ પુસ્તક વિના મૂલ્યે મળી શકશે. રસ ધરાવતા સૌએ પુસ્તક મેળવી લેવા અપીલ કરવામાં આવે છે.*

## સરસ્વતી સન્માન માટે એક અપીલ

શનિવાર, તા. ૯-૭-૨૦૧૬ના સ્નેહ મિલન સમારંભના સમયે ધોરણ-૧૦, ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ), ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) તથા કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક અન્વયે વિવિધ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ હતું.

ઉચ્ચ શિક્ષણ એટલે કે ગ્રેજ્યુએટ્સ, પોસ્ટ ગ્રેજ્યુએટ્સ, એન્જિનિયર્સ, ડૉક્ટર્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કોમ્પ્યુટર્સ વગેરે અભ્યાસક્રમના વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ ભવિષ્ય પર રાખવામાં આવેલ છે કેમ કે હજુ સુધી બધી ફેકલ્ટીઓના પરિણામો આવેલ નથી.

એ જ રીતે વિશિષ્ટ પ્રતિભાઓના સન્માનનો કાર્યક્રમ પણ બાકી રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત દરેક ફેકલ્ટીના પરિણામો આવી ગયે તેમજ વિશિષ્ટ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ તથા અન્ય ડિટેઈલ્સ શક્ય જલ્દી સમાજ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે કે જેથી સરસ્વતી સન્માનના બાકી રહેતા કાર્યક્રમનું આપણે જલ્દીથી આયોજન ગોઠવી શકીએ.

આ બાબતે સંપૂર્ણ સહકાર આપવા વિદ્યાર્થી મિત્રોને હાર્દિક અપીલ કરવામાં આવે છે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

પ્રાયોજિત

# સરનામા - ટેલિફોન ડિરેક્ટરી

જે રીતે 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક દ્વારા અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારોને સાંકળી લેવા પ્રયાસ કરવામાં આવેલ છે એ જ રીતે આ જિલ્લાઓ સ્થિત લગભગ ૫,૦૦૦ કચ્છી પરિવારોને સરનામા - ટેલિફોન ડિરેક્ટરી દ્વારા સાંકળી લેવા પ્રયાસ કરવામાં આવી રહેલ છે. આ બધા જ પરિવારોને એક તાંતણે બાંધવાનો આ એક ઉદાહરણીયરૂપ પ્રયાસ છે.

છેલ્લા દસ મહિના કરતાં પણ વધુ સમયથી સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના કન્વીનર શ્રી ભરતભાઈ ઓઝા ફોર્મની હાર્ડ કોપી દ્વારા અથવા કોમ્પ્યુટર / મોબાઈલમાં લીંક આપીને ઑનલાઈન આ ફોર્મ ભરાવવા તનતોડ પ્રયાસ કરી રહેલ છે. કચ્છશ્રુતિના દરેક અંકમાં તે માટે વિશેષ અહેવાલ પ્રસારિત કરીને પણ પોતાનાથી બનતા પ્રયાસ જારી રાખી રહેલ છે. તેમ છતાં આજે લગભગ ૨,૦૦૦ કચ્છી પરિવારોએ જ આ ફોર્મ ભરીને મોકલી આપેલ છે. એટલે કે માત્ર ૪૦ ટકા ફોર્મ આવેલ છે અને ૬૦ ટકા ફોર્મ આવવાના બાકી છે.

વિશેષમાં જણાવવાનું કે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રી, જે કચ્છ વાગડ લોહાણા સમાજના એક અગ્રીમ કર્તાહર્તા છે, તેમના ૩૦૦ની સભ્યસંખ્યાની સામે માત્ર ૧૧ ફોર્મ, કચ્છ કડવા પાટીદાર સમાજ - ઓઢવ કે જેના આજે પણ કર્તાહર્તા ગણી શકાય એવા અગ્રણી અને જેઓ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ૧૦ વર્ષ સુધી પ્રમુખપદે રહી ચૂક્યા છે તેમના સમાજના સભ્યોના આ જ પ્રકારે જૂજ સંખ્યાના ફોર્મ, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - નરોડાના પણ આવા જૂજ ફોર્મ, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ વિભાગના જૂજ ફોર્મ, કચ્છ કડવા પાટીદાર સમાજ - ગાંધીનગર શહેર, ગાંધીનગર જી.આઈ.ડી.સી., પેથાપુરના પણ જૂજ ફોર્મ, શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજના ફોર્મ બે આંકડે પણ નથી પહોંચતા. કચ્છી હાલાઈ કંઠી ભાટિયા મહાજનના ૭૦થી ૮૦ પરિવારોની સામે માત્ર ૨ ફોર્મ અને કચ્છી લેવા પટેલ સમાજના માત્ર ૨૫ ટકા ફોર્મ ભરાઈને આવેલ છે.

એક તરફ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ બધા જ પરિવારોને એકજુટ રાખી કંઈક નોંધપાત્ર પ્રવૃત્તિ કરવા માંગે છે તો બીજી તરફ વિવિધ સમાજોના અગ્રણીઓની ઉદાસીનતા આ પ્રયાસો પર સારી એવી અસર કરી રહેલ છે.

એક વસ્તુની નોંધ લઈએ કે અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી ઘટક સમાજ પર, તેઓની સભ્યસંખ્યા મુજબના ફોર્મ આજથી લગભગ આઠ મહિના અગાઉ પહોંચતા કરવામાં આવેલ છે કે જેનો ટોટલ સરવાળો ૪૦૦૦થી ઉપરનો થવા જાય છે. તદુપરાંત ગત નવરાત્રિ કાર્યક્રમના સમયે અંદાજિત ૧૦૦૦ ફોર્મ વિતરણ કરવામાં આવેલ હતા. તા. ૯-૭-૨૦૧૬ના નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભના સમયે પણ આ ડિરેક્ટરીના ફોર્મ મૂકવામાં આવેલ હતા.

આ અહેવાલ દ્વારા ઉપરોક્ત સહુ સમાજના અગ્રણીઓને તથા જે સમાજોના માત્ર ૨૫-૫૦ ટકા પરિવારોએ જ ફોર્મ ભરીને મોકલી આપેલ છે એ સમાજના અગ્રણીઓને પણ અમારી હાર્દિક અપીલ છે કે હવે ઉદાસીનતા છોડી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના પ્રયાસને સફળ બનાવવા તેમના સમાજ પરિવારના બાકી રહેતા સભ્યોના ફોર્મ ભરાવીને તાત્કાલિક શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ પર પહોંચતા કરાવડાવે અથવા તો ઑનલાઈન ફોર્મ ભરાવડાવે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વિવિધ ઘટક સમાજોના શાણા અગ્રણીઓને એ વાતે ધ્યાન દોરવાની ભાગ્યે જ જરૂરિયાત રહે છે કે એક વખત આપણે બધા જ કચ્છી પરિવારોને આ ડિરેક્ટરીના માધ્યમથી એક તાંતણે બાંધી શકશું તો તેની મનોવૈજ્ઞાનિક અસર સારાયે સમાજ પર ખૂબ જ સારી પડશે અને તેના પરિણામે આપણે સંયુક્ત પ્રકારના કામો પાર પાડવા ઉત્સાહિત બની શકીશું.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત જે કચ્છી પરિવારોએ હજુ સુધી પોતાના સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મ ભરીને મોકલી આપેલ નથી તેઓને અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાના ફોર્મ ભરીને તાત્કાલિક શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ પર પહોંચતા કરે.

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરી બાબતે થયેલ કામગીરી**

*(ટોટલ ફોર્મ : ૧૯૩૨, તા. ૦૯-૦૭-૨૦૧૬ સુધી)*

| સમાજ | એન્ટર થયેલ ફોર્મની સંખ્યા |
|---|---|
| શ્રી કચ્છી જૈન સેવા સમાજ | ૯૪૪ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ | ૪૯૦ |
| શ્રી કચ્છી મચ્છુ કાઠિયા સઈ - સુથાર સમાજ | ૨૩ |
| શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ | ૭૨ |
| શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ | ૧૧૩ |
| શ્રી કચ્છી વડનગરા નાગર સમાજ | ૬૫ |
| શ્રી કચ્છી લોહાણા સમાજ | ૯૫ |
| શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ | ૧૧ |
| શ્રી કચ્છી ગઢવી સમાજ | ૨ |
| શ્રી કચ્છી બ્રાહ્મણ સમાજ | ૨૭ |
| શ્રી હાલાઈ કંઠી ભાટિયા મહાજન | ૨ |
| શ્રી કચ્છી ગોસ્વામિ સમાજ | ૧ |
| શ્રી કચ્છી રાજપુત સમાજ | ૫ |
| શ્રી કચ્છી લુહાર મંડળ | ૬૮ |
| શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ | ૨૫ |
| શ્રી કચ્છી ખોજા સમાજ | ૨ |
| શ્રી કચ્છી સિંધી સમાજ | ૧ |
| શ્રી કચ્છી સોની સમાજ | ૧ |
| શ્રી કચ્છી ભાનુશાળી સેવા સમાજ (ગુજરાત) | ૭ |
| શ્રી કચ્છી સોમપુરા સમાજ | ૮ |
| શ્રી વિસનગર નાગર કડિયા સમાજ | ૧ |
| *કુલ* | *૧૯૬૩* |

| | |
|---|---|
| અમદાવાદની આવેલ એન્ટ્રી | ૧૬૭૨ |
| ગાંધીનગર | ૧૬૭ |
| ધોળકા | ૩૧ |
| બારેજા | ૧ |
| દહેગામ | ૯૨ |
| *કુલ* | *૧૯૬૩* |

# આગામી કાર્યક્રમો

## નવરાત્રિ મહોત્સવ

★ નવરાત્રિ પર્વ તા. ૧-૧૦-૨૦૧૬થી શરૂ થાય છે.

★ નવરાત્રિ પર્વના બીજા નોરતા એટલે કે રવિવાર, તા. ૨-૧૦-૨૦૧૬ના રોજ એક દિવસ માટે નવરાત્રિ કાર્યક્રમની ઉજવણી માટે વિચારણા ચાલી રહેલ છે. આ બાબત ફાઈનલ નિર્ણય લેવાયે સહુને ચોક્કસ માહિતી ‘કચ્છશ્રુતિ’ના માધ્યમ દ્વારા આપવામાં આવશે.

## દીપોત્સવી મિષ્ટાન્ન તથા ડ્રાયફ્રુટ વિતરણ

ગત વર્ષની માફક ચાલુ વર્ષ દરમ્યાન પણ સભ્યોને શુધ્ધ અને સાત્ત્વિક મિષ્ટાન્ન અને તે પણ કિફાયતી દરે તેમજ ડ્રાયફ્રુટનું વિતરણ પણ કિફાયતી દરે કરવાની વિચારણા ચાલુ છે. નક્કી થયે તેની વિગતવાર માહિતી ‘કચ્છશ્રુતિ’ના આગામી અંકમાં આપવામાં આવશે.

## સરસ્વતી સન્માન

બાકી રહેતી ફેકલ્ટીઓના પરિણામ આવી ગયે આગામી દિવસોમાં બાકી રહેતા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવશે.

*જે ધર્મ આપણે સમજી વિચારીને લીધો હોય છે*
*તે જ ધર્મ*
*આપણને જીવન જીવવાનું બળ આપી શકે છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## જૂન / જુલાઈ - ૨૦૧૬

★ **મંગળવાર, તા. ૭-૬-૨૦૧૬**

- શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતાએ આજરોજ શ્રી ધનસુખભાઈ હરજીભાઈ લીંબાણીની અર્પિતા હોસ્પિટલ, નરોડા ખાતે રૂબરૂ મુલાકાત લઈ, તેમની સાથે તેમની હોસ્પિટલ અંગેની ચર્ચા કરેલ હતી. આ હોસ્પિટલ માત્ર ચેરિટીના બેઝ પર ચાલુ કરવામાં આવેલ છે તેમ તેમણે જણાવ્યું. તા. ૯-૭-૨૦૧૬ના નૂતન વર્ષ મિલન સમારંભમાં ઉપસ્થિત રહેવા તેઓશ્રીને આમંત્રિત કરવામાં આવ્યા.
- શ્રી રમેશભાઈ વેલજીભાઈ સોની, ત્રિપુરારી જ્વેલર્સની નરોડા ખાતે મુલાકાત લેવામાં આવી.
- બહેનોએ લાઈબ્રેરી સુવ્યવસ્થિત કરવાની કામગીરી ચાલુ રાખેલ હતી.
- શ્રી પ્રબોધભાઈ ઠક્કર, કર્ણાવતી દાબેલીની મુલાકાત શ્રી મનુભાઈ કોટડિયાએ લીધેલ હતી. શ્રી પ્રબોધભાઈએ જમણવારના ૬ વ્યક્તિના સૌજન્યમાંથી એક વ્યક્તિના સૌજન્યનો સ્વીકાર કરેલ હતો.

★ **બુધવાર, તા. ૮-૬-૨૦૧૬**

- ટ્રસ્ટ મંડળની મીટિંગ મળેલ હતી. અશોક મહેતા, હિમાંશુભાઈ ઠક્કર, મનુભાઈ કોટડિયા, મનસુખભાઈ પટેલ, ભરત ઓઝા, દિનેશ મહેતા તથા સંજય પી. ઠક્કર ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં અગાઉની સભાની મિનિટ્સને બહાલ રાખવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૫-૧૬ના ઓડિટેડ હિસાબોને મંજૂર રાખવામાં આવેલ હતા. વાર્ષિક સામાન્ય સભાની તારીખ ૭-૮-૨૦૧૬ની નક્કી કરવામાં આવેલ હતી. કચ્છી નૂતન વર્ષના સ્નેહ મિલન સમારંભની અત્યાર સુધીની થયેલ કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. સરસ્વતી સન્માન અંગેની વિગતોની ચર્ચા કરવામાં આવેલ હતી. સામાજિક કાર્યકર સન્માન બાબતે અત્યાર સુધીની કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવામાં આવેલ હતો. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બે સામાજિક કાર્યકરોના નામ તરીકે (૧) શ્રી મનસુખભાઈ વશરામભાઈ પટેલ તથા (૨) શ્રી ભરત વસંતરાય ઓઝાના નામ નક્કી કરવામાં આવેલ હતા. વિવિધ ડોનેશન્સ માટે આવેલ ઑફરનો સ્વીકાર કરવામાં આવેલ હતો. "કચ્છીયતની પ્રતિભા" પુસ્તકના પ્રકાશન અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. 'શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ'ની રચના માટે આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. નોટબુક યોજના - ૨૦૧૬ના હિસાબોની રજૂઆત કરવામાં આવેલ હતી. શૈક્ષણિક યોજનાના સીંગલ દાતાને બદલે વૈકલ્પિક યોજના પણ વિચારવામાં આવેલ હતી. આ યોજના અન્વયે રૂા. એક-એક લાખના ૩૧ દાતા પણ નક્કી કરી શકાય તેવું વિચારવામાં આવેલ હતું.

★ **ગુરુવાર, તા. ૯-૬-૨૦૧૬**

- લાઈબ્રેરી સુવ્યવસ્થિત કરવાની કાર્યવાહી ચાલુ છે.
- તા. ૯-૭-૨૦૧૬ના કચ્છી નૂતન વર્ષ નિમિત્તેની કેટલીક આમંત્રણ પત્રિકાઓ તૈયાર કરાવડાવેલ હતી.

★ **શુક્રવાર, તા. ૧૦-૬-૨૦૧૬**

- શ્રીમતી નીપાબેન સંજયભાઈ શાહ, શ્રીમતી મયૂરીબેન તથા શ્રીમતી દિપીકાબેન સોમપુરાએ લાઈબ્રેરી અંગેની પોતાની કાર્યવાહી ચાલુ રાખેલ હતી.
- પ્રગતિ યુવક મંડળ - સીંગરવાના કેટલાક સભ્યો નોટબુક યોજનાના અનુસંધાને કેટલીક વિગતો મેળવવા સમાજની ઑફિસ પર આવેલ હતા. તા. ૯-૭-૨૦૧૬ના સ્નેહમિલન સમારંભમાં વોલન્ટિયર તરીકેની જવાબદારી તેમના ગ્રુપના કેટલાક સભ્યો ઉપાડી લેશે તેવું તેમણે જણાવેલ હતું.

★ **શનિવાર, તા. ૧૧-૬-૨૦૧૬**

- શ્રી અશોક મહેતા તથા શ્રી મનુભાઈ કોટડિયાએ ગીતા મંદિર ખાતે શ્રી જયંતીભાઈ પરબતભાઈ પટેલની રૂબરૂ મુલાકાત લઈ તેમને તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમના રૂબરૂ આમંત્રણ આપવામાં આવેલ હતા. ત્યારબાદ રવિ એન્ટરપ્રાઈઝવાળા શ્રી અમિતભાઈ સુરાણીની રૂબરૂ મુલાકાત લઈ તેમને પણ તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમનું આમંત્રણ આપવામાં આવ્યું. તેઓએ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકની મલ્ટીકલર અંદરના પાનાની ફૂલ પેઈજ જાહેરાત આપવાનું સ્વીકાર્યું તથા સામાજિક કાર્યકરના સન્માન માટે એક સમાજનું સૌજન્ય પણ સ્વીકારેલ હતું.

★ **રવિવાર, તા. ૧૨-૬-૨૦૧૬**

- સૂચિત શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના પ્રમોટર સભ્યોની આજે એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી મનુભાઇ કોટડિયા, શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી બી.કે. પટેલ, શ્રી શિવજીભાઈ શિયાણી, શ્રી શશીકાંતભાઈ પિંડોરિયા, શ્રી દીપકભાઈ ચૌહાણ તથા શ્રી સંજય પી. ઠક્કર ઉપસ્થિત રહેલ હતા. ક્રેડિટ કો.ઓ. સોસાયટીની સ્થાપના કરવાનું વિધિસર નક્કી કરવામાં આવેલ હતું. સોસાયટીના ચેરમેન તરીકે શ્રી બી.કે. પટેલ, સેક્રેટરી તરીકે શ્રી અતુલભાઈ સોની અને ટ્રેઝરર તરીકે શ્રી શશીકાંતભાઈ પિંડોરિયાની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. ત્રણ હોદ્દેદારમાંથી કોઈ પણ બે હોદ્દેદારની સહીથી ખાતું ઑપરેટ કરી શકવા વિશે પણ ઠરાવ કરવામાં આવેલ હતો.

★ **સોમવાર, તા. ૧૩-૬-૨૦૧૬**

- દહેગામથી સૉ મિલ સમાજના શ્રી દિનેશભાઈ પટેલ રૂબરૂ આવી ત્યાંના બે સામાજિક કાર્યકરોના બાયોડેટા આપી ગયેલ હતા. તેઓશ્રી સાથે સ્નેહમિલન સમારંભની દહેગામ ખાતેની બધી જ આમંત્રણ પત્રિકાઓ મોકલી આપવામાં આવેલ હતી.

★ **મંગળવાર, તા. ૧૪-૬-૨૦૧૬**

- અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ નિમિત્તેના તા. ૯-૭-૨૦૧૬ના યોજવામાં આવનાર સ્નેહ મિલન સમારંભનું જાહેર આમંત્રણ 'કચ્છશ્રુતિ'ના જૂન-૨૦૧૬ના અંક દ્વારા પ્રસારિત કરવામાં આવેલ છે તેમ છતાં ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યો, સન્માનિત સામાજિક કાર્યકરો, વિવિધ ઘટક સમાજના પ્રમુખશ્રી - મંત્રીશ્રીઓ, ડૉનર્સ વગેરેને આમંત્રણ પત્રિકા દ્વારા અલગથી આમંત્રણ કાર્ડ મોકલી આપવાનું આજથી શરૂ કરવામાં આવેલ છે.

★ **ગુરુવાર, તા. ૧૬-૬-૨૦૧૬**

- શ્રી કચ્છી સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીના ૩ હોદ્દેદારોની આજે શ્રી કચ્છી સમાજની ઓફિસ પર એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. તેઓએ સાથે રહી જરૂરી મુદ્દાઓની ચર્ચા કરેલ હતી.

★ **સોમવાર, તા. ૨૦-૬-૨૦૧૬**

- શ્રીમતી નીપાબેન સંજયભાઈ શાહ, શ્રીમતી મયૂરીબેન, શ્રીમતી દિપીકાબેન સોમપુરા તથા શ્રીમતી ફાલ્ગુનીબેન શાહે આજરોજ લાઈબ્રેરી બુક્સની કાર્યવાહી સંપૂર્ણપણે પૂરી કરેલ હતી. શ્રીમતી પ્રતિમાબેન ગીરીશભાઈ શાહે પણ લાઈબ્રેરીના કામને વ્યવસ્થિત કરવા સારી એવી જહેમત ઉઠાવેલ હતી.

★ **મંગળવાર, તા. ૨૧-૬-૨૦૧૬**

- તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમમાં શરૂઆતમાં સમાજના જ કલાકારો ગીત ગાવાના હોવાથી તેમની નિયમિત પ્રેક્ટિસ માટે આજે લેઉઆ પટેલ સમાજના ભવન પર જઈ તે અંગે વ્યવસ્થિત જગ્યા નક્કી કરેલ હતી. શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજના પ્રમુખ શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણીએ ખૂબ જ સુંદર સાથ અને સહકાર આપેલ હતા.

★ **ગુરુવાર, તા. ૨૩-૬-૨૦૧૬**

- શ્રી દીપકભાઈ ચૌહાણ સમાજની ઑફિસે આવેલ હતા અને તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમ માટે સ્ટેજની બધા જ પ્રકારની વિગતો તેમણે સમજી લીધેલ હતી.
- શ્રી તુલસીદાસભાઈ કંસારા અને શ્રી દિનેશભાઈ મહેતાએ 'કચ્છીયતની પ્રતિભા'ના પાનાઓનું પ્રુફ રીડિંગ ચાલુ રાખ્યું.
- શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી શાકીર લેપટોપ પર 'કચ્છીયતની પ્રતિભા'ના વિવિધ વિભાગો માટે પ્રવૃત્ત હતા.

★ **શુક્રવાર, તા. ૨૪-૬-૨૦૧૬**

- 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે વિવિધ સમાજોના ફોટા એકત્રિત કરવા તથા નક્કી કરવામાં આવેલ જાહેરાતોની વિગત મેળવવા શ્રી મનુભાઈ કોટડિયા કાર્યરત રહેલ હતા.
- શ્રી તુલસીદાસભાઈ કંસારા તથા શ્રી દિનેશભાઈ મહેતા વિવિધ સમાજોના કાર્યકરોના બાયોડેટાની વિગતો વ્યવસ્થિતપણે લખવામાં અને તૈયાર થયેલ મટીરીયલના પ્રુફ રીડિંગમાં કાર્યરત રહેલ હતા.
- કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજના પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ કાંતિલાલ ચૌહાણે તેમના સમાજના પરિવારોના સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના અંદાજિત ૧૦૦ જેટલા ફોર્મ્સ ભરાવીને આપી ગયા. 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે તેઓએ પોતાના સમાજની એક જાહેરાત આપેલ હતી તથા શ્રી પ્રફુલભાઈ ટાંકની પણ એક જાહેરાત મેળવી આપેલ હતી.
- શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સોશિયલ વેલફેર ફંડ, લાઈબ્રેરી તથા કો.ઓ. ક્રેડિટ સોસાયટીના તા. ૯-૭-૧૬ના કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન કઈ રીતે કરવું તે પ્રક્રિયાની

જવાબદારી સ્વીકારી લીધેલ હતી.

★ **શનિવાર, તા. ૨૫-૬-૨૦૧૬**

- શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, સૉ મિલ વિભાગ - દહેગામના માનદ્ મંત્રી શ્રી દિનેશભાઈ પટેલ સમાજની ઑફિસ પર જાતે આવી દહેગામના પરિવારો માટે જૂન-૨૦૧૬ના 'કચ્છશ્રુતિ'ની ૧૫૦ કોપી લઈ ગયેલ હતા.
- શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રી કરશનભાઈ નારાયણભાઈ પટેલ સમાજની ઑફિસ પર વિવિધ બાબતે ચર્ચા કરવા આવેલ હતા. શ્રી કરશનભાઈએ સામાજિક કાર્યકર સન્માન માટે એક સમાજના સૌજન્યનો સ્વીકાર કરેલ હતો.

★ **સોમવાર, તા. ૨૭-૬-૨૦૧૬**

- કો.ઓ. ક્રેડિટ સોસાયટીના સેક્રેટરી શ્રી અતુલભાઈ સોનીએ શ્રી બી.કે. પટેલના આવેલ રાજીનામાના અનુસંધાને પ્રમોટર સભ્યની ફરી મીટિંગ બોલાવવાની મીટિંગનો પત્ર તૈયાર કરી ટાઈપમાં આપ્યો, કે જેને પાછળથી પોસ્ટ કરવામાં આવ્યા.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો આજ દિવસ સુધીનો ઈતિહાસ તૈયાર કરી 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે ટાઈપ કરાવવા મોકલી આપવામાં આવ્યો.

★ **મંગળવાર, તા. ૨૮-૬-૨૦૧૬**

- તા. ૯-૭-૨૦૧૬ના નૂતન વર્ષ મિલન સમારોહ કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી છબીલદાસભાઈ પટેલ, આ કાર્યક્રમની વિગતો સમજવા અને જરૂરી ચર્ચા કરવા આજ રોજ સમાજની ઑફિસ પર રૂબરૂ આવેલ હતા.
- શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - દહેગામના ૯૪ ફોર્મ ભરાવીને શ્રી દિનેશભાઈ પટેલ દહેગામથી રૂબરૂ આવીને આપી ગયેલ હતા. તેઓશ્રી કેટલાક સભ્યોના શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અને કચ્છશ્રુતિના સભ્યપદના ફોર્મ તથા તેના પેમેન્ટ પણ આપી ગયેલ હતા.
- શ્રી મનુભાઈ કોટડિયાએ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે શુભેચ્છા સંદેશ, વિવિધ કાર્યકરોના ફોટાઓ, વિવિધ ઘટક સમાજના મકાનોના ફોટા તથા જાહેરાતોની વિગતો મેળવવાનું કામ સંપૂર્ણપણે પૂરૂં કરેલ હતું.

★ **બુધવાર, તા. ૨૯-૬-૨૦૧૬**

- શ્રી સુનીલભાઈ હંસરાજ દાવડાને તા. ૯-૭-૨૦૧૬ના સમૂહ ભોજનની બધી જ વિગતો સમજાવવામાં આવેલ હતી. આ વિભાગની જવાબદારી તેઓશ્રીનું ગ્રુપ સંભાળવાનું છે.

★ **ગુરુવાર, તા. ૩૦-૬-૨૦૧૬**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસના ફોટા શ્રી જીતુભાઈ સંઘવીએ તૈયાર કરી આપેલ હતા અને કચ્છ કડવા પાટીદાર સમાજ - નરોડાની વાડીના ફોટા શ્રી જયંતલાલ કરમશી પટેલે મેઈલ દ્વારા મોકલી આપેલ હતા.
- તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમના ઍંકર તરીકેની વિગતો સમજવા રેખાબેન વિનોદભાઈ પટેલની દીકરી જલ્પા પટેલ કચ્છી સમાજની ઑફિસ પર રૂબરૂ આવી બધી વિગત સમજી ગયેલ હતી.

★ **શુક્રવાર, તા. ૧-૭-૨૦૧૬**

- શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી દિનેશ મહેતા, શ્રી શાકીર વગેરેએ રાત્રે ૧૨ વાગ્યા સુધી સમાજની ઑફિસ પર રહી 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકની બધી વિગતો તૈયાર કરી પેન ડ્રાઈવ તૈયાર કરી. આવતીકાલે તેને પ્રિન્ટિંગ માટે મોકલી આપવામાં આવશે. શ્રીમતી પારૂલ ગાલાએ પણ આ પુસ્તક તૈયાર કરવા માટે વિવિધ એજન્સીઓને તૈયાર કરી તેમની પાસેથી કામ પૂરું કરાવવા સારી એવી જહેમત ઉઠાવેલ હતી.

★ **શનિવાર, તા. ૨-૭-૨૦૧૬**

- તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમના ભાગરૂપે ગીત-સંગીતના કાર્યક્રમની પ્રેક્ટિસ કરવા સમાજના ૧૦-૧૨ યુવા-યુવતીઓ તથા સંગીતકાર મંડળી શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ - અમદાવાદના વિદ્યાર્થી ભવનના એક હોલમાં એકત્રિત થઈ લગભગ ત્રણેક કલાક સુધી પ્રેક્ટીસ કરેલ હતી. સંગીતકાર તરીકે કુંતલ મહેતાની ટીમ હતી જ્યારે ગાયકો તરીકે શ્રી વાલજી ભટ્ટી, શ્રી નાનજી ભટ્ટી, શ્રી મુકેશ ચૌહાણ, શ્રી જિત શાહ, શ્રી મનીષ શાહ, શ્રી મનીષ ગાંધી, શ્રી સંજય સંઘવી, શ્રી જ્યોત અંતાણી, શ્રી જાગૃત વોરા, શ્રીમતી ભૌમિ વોરા, શ્રીમતી કેતકી મહેતા, શ્રીમતી જીગીષા મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. શ્રી અશોક મહેતા તથા શ્રી ભરત ઓઝા પણ સમગ્ર પ્રેક્ટીસ દરમિયાન ઉપસ્થિત રહેલ હતા. લેઉઆ પટેલ સમાજના પ્રમુખ શ્રી શિવજીભાઈએ સંપૂર્ણ સહકાર આપેલ હતો.

★ **શનિવાર, તા. ૩-૭-૨૦૧૬**

- સમાજની ઑફિસ પર કો.ઓ. ક્રેડિટ સોસાયટીના પ્રમોટર સભ્યોની એક મીટિંગ મળેલ હતી. શ્રી અતુલભાઈ સોની,

શ્રી મનુભાઇ કોટડિયા, શ્રી ભરત ઓઝા, શ્રી અશોક મહેતા, શ્રી મહેશભાઈ કટારિયા, શ્રી અશોક રઘુરામ ઠક્કર, શ્રી હીરેન પલણ તથા શ્રી દીપકભાઈ ચૌહાણ ઉપસ્થિત રહેલ હતા. શ્રી બી.કે. પટેલના ચેરમેનપદેથી આવેલ રાજીનામાનો સ્વીકાર કરવામાં આવેલ હતો. તેમની જગ્યાએ શ્રી મનુભાઈ કોટડિયાની ચેરમેન તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. બેંક એકાઉન્ટ ત્રણ હોદ્દેદારોમાંથી કોઈ પણ બેની સહીથી ઑપરેટ કરવા સર્વાનુમતે ઠરાવ કરવામાં આવેલ હતો.

- લેઉઆ પટેલ સમાજના ભવન પર આજરોજ પણ ગીત સંગીતની પ્રેક્ટિસ કરવામાં આવેલ હતી.

★ **સોમવાર, તા. ૪-૭-૨૦૧૬**

- તા. ૩-૭-૨૦૧૬ના રોજ મળેલ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના પ્રમોટર સભ્યોની મીટિંગની મિનિટ્સ આજરોજ દરેક પ્રમોટર સભ્ય પર મોકલી આપવામાં આવેલ હતી.
- તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમની આમંત્રણ પત્રિકા મોકલી આપવાનું કામ આજરોજ પૂર્ણ કરવામાં આવેલ હતું.

★ **મંગળવાર, તા. ૫-૭-૨૦૧૬**

- તા. ૯-૭-૨૦૧૬ને શનિવારના ઉજવવામાં આવનાર કચ્છી નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભના સમાચાર 'કચ્છમિત્ર' કાર્યાલય - ભુજમાં પ્રસારિત કરવા મોકલી આપ્યા.
- તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમમાં એન્કર તરીકે ફરજ બજાવનાર શ્રીમતી અલ્પા શાહ તથા શ્રીમતી જલ્પા પટેલ આજે સમાજની ઓફિસ પર આવી બધી વિગતો સમજી ગયા અને જરૂરી વિગતો લેખિત સ્વરૂપે લઈ ગયા. મિનિટ ટુ મિનિટ કાર્યક્રમની કોપી તેઓ બંનેને આપવામાં આવી.
- બપોરના ૨ થી ૫ નીલકંઠ સ્ટુડિયો, મહાલક્ષ્મી પાંચ રસ્તા ખાતે બધા જ યુવા ગાયકોને બોલાવીને સાઉન્ડ સિસ્ટમ સહિતના સ્ટુડિયોમાં પ્રેક્ટિસ તથા ફાઈનલ રીહર્સલ કરાવડાવ્યું.
- કોહીનૂર ઍવોર્ડમાં ઑર્ડર આપવામાં આવેલ બધા જ ૬૨ શિલ્ડની ડિલીવરી લઈ લેવામાં આવી.
- શ્રીમતી પારૂલ છેડાએ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકની ૨૦ નકલો મોકલી આપી. અન્ય બુકોની ડિલીવરી તેમના દ્વારા એક-બે દિવસમાં જ કરી આપવામાં આવશે.

★ **બુધવાર, તા. ૬-૭-૨૦૧૬**

- શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી ભરતભાઈ શાહ ટાગોર હોલ પર જઇ જરૂરિયાત મુજબની બધી આઈટમોના ઓર્ડર આપી આવ્યા.

★ **ગુરુવાર, તા. ૭-૭-૨૦૧૬**

- 'કચ્છીયતની પ્રતિભા' નામના પુસ્તકની અંદાજિત ૧૫૦૦ નકલો આજે સમાજની ઑફિસ પર શ્રીમતી પારૂલ છેડાએ મોકલી આપેલ હતી.
- શ્રી જગદીશભાઈ ઠક્કરને ત્યાંથી ૧૦૦ ગીફ્ટ હેમ્પર સમાજની ઑફિસ પર આવી ગયેલ હતા.

★ **શુક્રવાર, તા. ૮-૭-૨૦૧૬**

- આવતીકાલના કાર્યક્રમના અનુસંધાને શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલ તથા શ્રી નરસિંહભાઈ નારાયણભાઈ પટેલ રૂબરૂ ઑફિસે આવી ગયેલ હતા અને દરેક કાર્યક્રમન વિગતવાર ચર્ચા કરેલ હતી.
- શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રી અતુલભાઈ સોની પણ આવતીકાલના કાર્યક્રમના અનુસંધાને રૂબરૂ મળી ગયેલ હતા.
- શ્રી હિમાંશુભાઈ ઠક્કરને ત્યાંથી (૧) લાઇબ્રેરી, (૨) વેલફેર ફંડ તથા (૩) કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ઉદ્ઘાટન માટેનું દરેક મટીરિયલ આજે ઑફિસ પર આવી ગયેલ હતું.
- શ્રી દીપક ચૌહાણ, શ્રી મૂકેશ ચૌહાણ તથા શ્રી સંજય રાઠોડે ઑફિસ પર આવી સરસ્વતી સન્માનને લગતી તથા સ્ટેજ પર વ્યવસ્થાની જવાબદારીના અનુસંધાને વિગતવાર ચર્ચા કરેલ હતી. તેઓએ ૯-૭-૧૬ના સ્ટેજ પરની સંપૂર્ણ જવાબદારીનો સ્વીકાર કરેલ હતો. શ્રી મૂકેશ ચૌહાણ તથા શ્રી સંજય રાઠોડ, છેલ્લા ૪ દિવસથી દરરોજ આવી, જરૂરી કામ પૂરું કરી આપે છે.

★ **શનિવાર, તા. ૯-૭-૨૦૧૬**

- કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ ટાગોર હોલ ખાતે બરાબર ૩.૦૦ વાગે શરૂ થઈ ગયેલ હતો. શરૂઆતમાં સમાજના યુવકો / યુવતીઓ દ્વારા સંગીતના સહારે કચ્છી / ગુજરાતી ગીતો ગવાયા કે જેને ઉપસ્થિત જનસમુદાય તરફથી પૂરેપૂરી દાદ મળેલ હતી. શ્રી તારાચંદભાઈ છેડા ઉપસ્થિત ન રહી શકવાથી સમારંભ પ્રમુખની જવાબદારી શ્રી શાંતિલાલભાઈ ગાલાએ અદા કરેલ હતી. તેઓના વરદ્ હસ્તે 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકનું વિમોચન અને ૬ સમાજના ૧૨ સામાજિક કાર્યકરોનું સન્માન કરાવવામાં

આવેલ હતું. લાઈબ્રેરીનું ઉદ્‌ઘાટન શ્રી છબીલદાસભાઈ પટેલે કરેલ હતું અને તેમના વરદ્ હસ્તે પણ અન્ય ૧૨ સામાજિક કાર્યકરોનું સન્માન થયેલ હતું. શ્રી જેન્તીભાઈ ભાનુશાળાની અનુપસ્થિતિમાં સોશિયલ વેલફેર ફંડનું ઉદ્‌ઘાટન શ્રી કૈલાસદાન ગઢવીએ કરેલ હતું અને તેઓ દ્વારા પણ અન્ય ૧૨ સામાજિક કાર્યકરોનું સન્માન કરાવવામાં આવેલ હતું. કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના પ્રમુખ શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલના વરદ્ હસ્તે વધુ ૧૨ કાર્યકરોનું સન્માન કરાવવામાં આવેલ હતું. શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી શીવજીભાઈ માવજીભાઈ શિયાણીએ કો.ઓ. ક્રેડિટ સોસાયટીનું ઉદ્‌ઘાટન કરેલ હતું તથા અન્ય ૧૪ સામાજિક કાર્યકરોનું સન્માન કરેલ હતું. સમૂહ ભોજનનો લાભ લઈ સહુ છૂટા પડ્યા હતા.

★ **રવિવાર, તા. ૧૦-૭-૨૦૧૬**

- આજે શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદના કચ્છી નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભમાં તેઓના આમંત્રણથી શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા તથા શ્રી મનુભાઈ કોટડિયા ઉપસ્થિત રહેલ હતા. લેવા સમાજ દ્વારા ત્રણે હોદ્દેદારોનું બહુમાન કરવામાં આવેલ હતું.

★ **સોમવાર, તા. ૧૧-૭-૨૦૧૬**

- શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી ભરતભાઈ શાહ તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમનો હિસાબ લખવામાં વ્યસ્ત હતા.

## સમયના સ્વામી બનજો

સમયની શોધ આદિ માનવની શોધ છે. તેણે સૂર્યના ઊગવાથી આથમવા સુધીના ગાળાને દિવસ અને આથમવાથી ફરી સૂર્યના ઊગવાના ગાળાને રાત્રી નામ આપ્યું હતું. તેણે આ ગાળાને ૨૪ કલાકમાં વહેંચી એક દિવસની રચના કરી હતી. આવા ૩૬૫ દિવસના ૨૪ કલાકને તેણે ૬૦ મિનિટ અને એક મિનિટને ૬૦ સેકન્ડમાં વહેંચી સમયની મોટી અને નાની એમ બે આવૃત્તિની રચના કરી હતી. તેણે મનુષ્ય જન્મે છે અને મૃત્યુ પામે છે તે સમયગાળાને "ઉંમર" શબ્દથી ઓળખાવ્યો હતો અને તેણે જોયું કે આ સમયગાળો એટલે કે ઉંમર વ્યક્તિએ વ્યક્તિએ અલગ અલગ હોય છે. કોઈનો સમયગાળો વધુ છે તો કોઈનો સાવ ઓછો અને આદિ માનવોમાં જે માનવ વધુ સમજુ હતો, જ્ઞાની હતો તેણે 'સમય'ની કિંમત સમજવાની સૌ માનવોને સલાહ આપી હતી.

આ થઈ સમયના ઈતિહાસની નાનકડી ઝાંખી. માટે 'સમય અત્યંત કિંમતી છે' તે વાક્ય ભલે તમે અસંખ્ય વાર સાંભળ્યું હોય પણ તે વાક્યને 'ઠીક છે' કહીને સાવ સરળતાથી ન લેતા. સમય ખરેખર અત્યંત કિંમતી છે.

અમિતાભ બચ્ચનના ખ્યાતનામ શૉ 'કૌન બનેગા કરોડપતિ'માં પ્રશ્ન પૂછ્યા પછી અમિતાભ બચ્ચન જવાબ આપનાર વ્યક્તિને અમુક ચોક્કસ સમયમાં જવાબ આપવા માટે કહેતા હોય છે અને પછી ઘડિયાળ ચાલુ કરી બોલે છે : 'યૉર ટાઈમ બિગિન્સ નાઉ...' – "તમારો સમય હવે શરૂ થાય છે." તમને જગતમાં મોકલનાર એ અદશ્ય શક્તિ પણ તમારા જન્મની સાથે જાણે કહેતી હોય છે : "ભાઈ, તારો સમય શરૂ થઈ ગયો છે." આ અદશ્ય શક્તિ સિવાય કોઈ જાણતું નથી કે આપણો સમય ક્યારે પૂરો થશે અને ક્યારે આપણે આ જગતમાંથી વિદાય લઈશું. આપણા જન્મ સાથે આપણને એક ચોક્કસ સમયગાળો મળી જાય છે અને તે મુજબનો સમયગાળો આપણે આ પૃથ્વી નામના ગ્રહ પર ગાળીએ છીએ.

માટે સમયના એક એક અંશને સારી રીતે – અસરકારક રીતે વાપરજો. સમયના સ્વામી બનજો - તેના ગુલામ નહીં. તમારે તમારો સમય કેવી રીતે ક્યાં વાપરવો છે તે તમે તમારી જાતે નક્કી કરજો. દિવસના ૨૪ કલાકને તમારી કોઈ મોટી મૂડી હોય તેમ કંજૂસના ધનની જેમ વાપરજો. ન કામની વાતો કે ન કામનાં કાર્યો પાછળ એક મિનિટ પણ ન બગાડતા. તમને મળેલું જીવન અણમોલ છે અને જીવન જેના વડે બન્યું છે તે પણ અત્યંત અણમોલ છે.

સમયનું મેનેજમેન્ટ કેવી રીતે કરવું તે શીખી જજો. દરેક કાર્યને અગ્રતાક્રમ પ્રમાણે લેજો અને તે મુજબ કાર્ય કરજો. આલતુ-ફાલતુ માણસોને તમારો સમય બગાડવાનો ઈજારો ન આપતા. આવશે.... એવાય લોકો તમારી નજીક આવશે, જેઓને તેમના સમયની કિંમત નથી હોતી અને તેથી તેઓ બીજાઓનો સમય બગાડવા આવી પહોંચતા હોય છે.

એમ કહ્યું છે કે જે સમયને સાચવી લે છે તેને સમય સાચવી લે છે. તમે દરેક કાર્ય જો સમયસર કરતાં શીખી જશો તો તમારી પાસે થોડો વધારાનો સમય બચશે, જે તમારી મનગમતી પ્રવૃત્તિમાં તમે વાપરી શકશો.

અને વીતેલો સમય ફરી આવતો નથી. આ વાતનું દર્દ ઘણીવાર આપણા હૃદય અને મનમાં રહી જાય છે. પણ વીતેલી પળ ફરી આવતી નથી. તમે તો ફક્ત ને ફક્ત આજની હમણાંની પળના સ્વામી છો અને તે પળ ઉપર તમારું સ્વામીપણું વાપરી બતાવજો. વીતેલી વાતો યાદ કરવાની ક્યારેક મજા આવતી હોય છે, પણ વીતેલી વાતોમાં ઉલઝાયેલા ન રહેતાં ભાવિ તરફ આંખ રાખી, હાથ ઉપરના સમયને કેટલી સારી રીતે વાપરવો તેનો જ વિચાર કરજો.

જીવનમાં સમયનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ તેના સ્વામી બની રહેવામાં છે, તે વાત ક્યારેય ભૂલતા નહીં.

*– આદિત્ય વાસુ*

*સૌજન્ય : "આપ મુઆ પીછે ડૂબ ગઈ દુનિયા"*

## Gujarat's Leading Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

**innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com




## SHREE SAHJANAND TRAVELS

Visit us: www.sst.bookong.com

**23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.**

M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078

**Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa**

*Chandresh Virendra Lodhaya*
M: 9825009803
(O) 079-25460380, 25465915
(R) 26634090 (F) 25450960

## C. Narshi Roadlines

*Fleet Owners & Transport Contractors*

**96,Hirabhai Market, Diwan Ballubhai Road, Ahmedabad-380022**

**DAILY PARCEL & FTL SERVICE**

**Sholapur, Urlikanchan, & Ichalkaranji, Secunderbad, Hyderabad, Hubli, Bangalore & All Telangana, AP.**

**Booking Godown :** B/h, Mahipatram Ashram, O/s Raipur Gate Ph: (079) 25471676
**Booking Crossing & Delivery :** 6, Transport Nagar, Narol Tel: (079) 25713147
**Delivery Godown :** 94, Guj, Ginning Mill Compound, O/s. Prem Gate
Tel: (079) 22133082 M:9427605575

## H. Patel & Associates
Chartered Accountant

*Contact:*
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584

80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982



II SHRI HARI II

## SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | : 9825804763 | Gandhidham | : 9825804703 |
| • Anjar | : 9099943074 | Mandvi | : 9099943070 |
| • Una | : 9825804253 | Rajula | : 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | : 9275051712 | Vidyanagar | : 9825525732 |
| • Raipur | : 9825804761 | | |

**• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •**
**Visit us : www.sstbus.in**

## JITUBHAI SANGHVI
M: 9978445240 • 09275704452
Email : rupantar.s.jitu@gmail.com

Wedding Album, Function, Birthday,
Portfolio & Teletopspe for Kids Photography
Still & Video Live



**જીતુભાઈ સંઘવી** ફોટોગ્રાફર

**પ્રોડક્ટ, પોર્ટફોલિયો, મોડેલિંગ, લગ્ન, ફેમેલી તથા બાળકોના આલ્બમ માટે મળો.**

Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



## HOME DESIGN
**FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
**Dining Table**
**Sofa Set**
**Bedroom Set**

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

**MAHESHBHAI** M. : 92272 11715

## SWASTIK
**GUM INDUSTRIES (INDIA)**

MANUFACTURERS & EXPORTERS OF
*Guar Gum Refined Splits,*
*Powder & All Types of Textile Thickners,*
*Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs*

328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
**Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062**
**Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in**

INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અધતન શોરૂમ
૨-૩, સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઓફ ઈન્ડિયાની બાજુમાં,
હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (શોરૂમ) ૦૨૮૩૨-૨૨૦૯૦૯, ૨૫૫૯૭૭ (ઘર) ૦૨૮૩૨-૨૫૦ ૫૬૫, ૨૨૩૯૦૯

હરખચંદ કુંવરજી સાવલા
પ્લોટ - ૭૪, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૪૧૯
(મો.) : ૯૯૦૪૨ ૯૨૦૫૦
Email : hksavla@yahoo.com


Nine out of TEN
people believe their workspace quality affects attitudes and increases productivity.
Get Smart,
Switch to SUJAKO today
Partition System · Workstations · Cabin Furniture · Customised Furniture · Modular Kitchen · Wardrobe
SUJAKO
www.sujako.com

BLUE EYE
YOUR SPY EYE
ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE
For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254
CHINA • INDIA • KENYA
079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

Navinbhai Patel
Director
Mob. : 9825034905
Ramjibhai Patel
Ratanshibhai Patel
PATIDAR
PATIDAR PACKERS PVT. LTD.
Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.
Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

sanskrut
JEWEL RESIDENCY
CREATING ECSTASY WITH LUXURY
4 BHK
PROJECT BY :
sanskrut
JEWEL RESIDENCY LLP
Contact :
Nilang Vaidya - +91 98250 22503
Ankit Savla - +91 96246 60007
Ashok Savla - +91 98790 06959
SITE ADDRESS :
Jewel Residency, OPP: Abhishree corporate park,
Nr. Shell Petrol Pump, Ambli BRTS Road, Ahmedabad.
Web : www.sanskrutgroup.co.in | E-Mail : sales@sanskrutgroup.co.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી – (૪)

*ક્રમાંક નં.-૬૦૩ સુધીની યાદી કચ્છશ્રુતિના મે-૨૦૧૬ સુધીના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે.*

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક/સંકલનકર્તાનું નામ |
|---|---|---|
| | **ક્રમાંક-૬૦૪થી ૬૫૦ શ્રી પ્રતીક હસમુખભાઇ મહેતા તરફથી** | |
| ૬૦૪. | અમી સ્પંદન | પ્રવીણચંદ્ર દવે |
| ૬૦૫. | ખોબામાં દરિયો | રેખાબા સરવૈયા |
| ૬૦૬. | વો જબ યાદ આયે | ડંકેશ ઓઝા |
| ૬૦૭. | દરિયાપાર | ગુણવંતરાય આચાર્ય |
| ૬૦૮. | અગન પંખ | હરેશ ધોળકિયા |
| ૬૦૯. | જિંદગી ના મિલેગી દોબારા | રોહિત શાહ |
| ૬૧૦. | સરગોસ | ગુણવંતરાય આચાર્ય |
| ૬૧૧. | રમકડા વહુ | વજુ કોટક |
| ૬૧૨. | ચાલતા રહો, ચાલતા રહો | મોહમ્મદ માંકડ |
| ૬૧૩. | ભાઈ મર્યે ભવ હારીએ | ગુણવંતરાય આચાર્ય |
| ૬૧૪. | હા કે ના? ભાગ-૧ | વજુ કોટક |
| ૬૧૫. | હા કે ના? ભાગ-૨ | વજુ કોટક |
| ૬૧૬. | રળિયામણાં રિલેશન્સ | રોહિત શાહ |
| ૬૧૭. | સ્ત્રીઓ મારી આસપાસ જીવનના વિવિધ પડાવે | બકુલા ઘાસવાલા |
| ૬૧૮. | સફળતાના શિખર | પટેલ નીતાબેન ટુંડાયા |
| ૬૧૯. | સ્ત્રી સંવેદનાની કશ્મકશ | અમિતા મહેતા |
| ૬૨૦. | લગ્નસાગર | ફાધર વાલેસ |
| ૬૨૧. | વિનોદની નજરે | વિનોદ ભટ્ટ |
| ૬૨૨. | ચુંદડી | ઝવેરચંદ મેઘાણી |
| ૬૨૩. | જીવન સરગમ | બિંદુબહેન કચરા |
| ૬૨૪. | સક્કરબાર | ગુણવંતરાય આચાર્ય |
| ૬૨૫. | કાગવાણી ભાગ-૧ | દુલા ભાયા કાગ |
| ૬૨૬. | કાગવાણી ભાગ-૨ | દુલા ભાયા કાગ |
| ૬૨૭. | કાગવાણી ભાગ-૩ | દુલા ભાયા કાગ |
| ૬૨૮. | કાગવાણી ભાગ-૪ | દુલા ભાયા કાગ |
| ૬૨૯. | કાગવાણી ભાગ-૫ | દુલા ભાયા કાગ |
| ૬૩૦. | કાગવાણી ભાગ-૬ | દુલા ભાયા કાગ |
| ૬૩૧. | કાગવાણી ભાગ-૭ | દુલા ભાયા કાગ |
| ૬૩૨. | કાગવાણી ભાગ-૮ | દુલા ભાયા કાગ |
| ૬૩૩. | ટ્રેન ટુ પાકિસ્તાન | ખુશવંતસિંહ |
| ૬૩૪. | સુભાષિત - સૌરભ | કુલીનચંદ્ર પો. યાજ્ઞિક |
| ૬૩૫. | વિશ્વની સૌથી પ્રાચીન ભારતની સૂર સંસ્કૃતિ | ડૉ. મુગટલાલ બાવીસી |
| ૬૩૬. | મુક્તિ બંધન | હરકિસન મહેતા |
| ૬૩૭. | જડ ચેતન | હરકિસન મહેતા |
| ૬૩૮. | હરારી | ગુણવંતરાય આચાર્ય |
| ૬૩૯. | આપણા સમાજની વિવિધ વાતો | ઉર્મિલ જાની |
| ૬૪૦. | મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવરત્નો | ભદ્રાયુ વછરાજાની |
| ૬૪૧. | પીછાણ તારા પંડને | જી.કે. પ્રધાન |
| ૬૪૨. | મુક્તિ બંધન | હરકિસન મહેતા |
| ૬૪૩. | પહેલું સુખ તે માંદા પડ્યા | વિનોદ ભટ્ટ |
| ૬૪૪. | સાસુ વહુ.com | નીલમ દોશી |
| ૬૪૫. | સાભાર પરત! | વિનોદ ભટ્ટ |
| ૬૪૬. | આપણા જીવનની વિવિધ વાતો | ઉપેન્દ્રભાઈ શાહ |
| ૬૪૭. | તમે યાદ આવ્યાં | વિનોદ ભટ્ટ |
| ૬૪૮. | હાસ્યોપચાર | વિનોદ ભટ્ટ |
| ૬૪૯. | જડ ચેતન | હરકિસન મહેતા |
| ૬૫૦. | એવા રે અમે એવા | વિનોદ ભટ્ટ |
| | **ક્રમાંક-૬૫૧ શ્રી નવીન ત્રિપાઠી 'અલ્પ' તરફથી** | |
| ૬૫૧. | ત્રિભેટો | નવીન ત્રિપાઠી 'અલ્પ' |
| | **ક્રમાંક-૬૫૨થી ૬૫૯ શ્રી ભરતભાઈ ઓઝા તરફથી** | |
| ૬૫૨. | કચ્છી બોલી | મહેન્દ્ર સાકરચંદ દોશી |
| ૬૫૩. | ઓજાંગડ વાટ્ | રવિ પેથાણી 'તિમિર' |
| ૬૫૪. | એ..ઇ..ઇ... હાલો છોકરાઉ... નાકાબાર હમીરસરની પાળે... | રાયસિંહજી રાઠોડ |
| ૬૫૫. | ગીતાંજલિ - ટાગોર | ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ' |
| ૬૫૬. | કચ્છડો કુછ્યો | કમલાબેન અશ્વિન ચંદન |
| ૬૫૭. | પ્રતિભાવ | જાદવજી કાનજી વોરા |
| ૬૫૮. | મહિમન્ | ભારતી પાંધી |
| ૬૫૯. | તુષાર ભટ્ટ | કેતન રૂપેરા |
| | **ક્રમાંક-૬૬૦ શ્રી આસમલ ધુલિયા તરફથી** | |
| ૬૬૦. | લાખેણી લાણ | આસમલ ધુલિયા |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક/સંકલનકર્તાનું નામ |
|---|---|---|
| | **ક્રમાંક-૬૬૧થી ૭૦૫ શ્રી સત્યેન્દ્ર વી. પટણી તરફથી** | |
| ૬૬૧. | મુંજ માતૃભૂમિ ને નમન | મધુભાઈ પ્રા. ભટ્ટ |
| ૬૬૨. | ગરવું નગર ગાંધીનગર | મધુભાઈ પ્રા. ભટ્ટ |
| ૬૬૩. | મૈત્રી ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ - ભુજ | રસીકલાલ મહેતા |
| ૬૬૪. | મૈત્રી ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ - ભુજ | લક્ષ્મીશંકર જોષી |
| ૬૬૫. | પ્રાર્થના - આધ્યાત્મિક રાજમાર્ગ | વિનોદ ઠાકર |
| ૬૬૬. | કઠોપનિષદ | |
| ૬૬૭. | લાખેણા માડુ કચ્છજા | મધુભાઈ પ્રા. ભટ્ટ |
| ૬૬૮. | ગીતા માધુર્ય | શ્રી રામસુખદાસજી |
| ૬૬૯. | ભારતની ધર્મભૂમિ | જયા મહેતા |
| ૬૭૦. | શ્રીમદ્ ભગવદ્ ગીતા | |
| ૬૭૧. | શ્રીમદ્ ભગવદ્ ગીતા | |
| ૬૭૨. | ઝલક - અત્તર | સુરેશ દલાલ |
| ૬૭૩. | શ્રદ્ધાને મળી સંમતિ | વિદ્યાકાંત માંકડ |
| ૬૭૪. | શ્રીમદ્ ભગવદ્ગીતા | |
| ૬૭૫. | શ્રીમદ્ ભગવદ્ગીતા | |
| ૬૭૬. | શાને મુંઝાવ છો? | અરવિંદભાઈ પી. રાણા |
| ૬૭૭. | જીવન સુધા | મિતેશભાઈ એ. શાહ |
| ૬૭૮. | રામનામ | ગાંધીજી |
| ૬૭૯. | સાધનાના સોપાન (૫૪) | |
| ૬૮૦. | સાધનાના સોપાન (૩૨) | |
| ૬૮૧. | કચ્છની કીર્તિવંત કથાઓ | દોલત ભટ્ટ |
| ૬૮૨. | પ્રાર્થના - આધ્યાત્મિક રાજમાર્ગ | વિનોદ ઠાકર |
| ૬૮૩. | વિચારોનું વાવાઝોડું | મધુભાઈ પ્રા. ભટ્ટ |
| ૬૮૪. | આતમની ઓળખ | શ્રી સ્વામી સત્ચિદાનંદજી |
| ૬૮૫. | સમયને સથવારે ગુજરાત | કુંદનલાલ ધોળકિયા |
| ૬૮૬. | ઝલક પૂનમ | સુરેશ દલાલ |
| ૬૮૭. | કચ્છ, કચ્છ ને કચ્છ | મધુસૂદન ભટ્ટ |
| ૬૮૮. | પ્રતિભાઓ પાટનગરની | મધુસૂદન ભટ્ટ |
| ૬૮૯. | માજીશ્રી યોગિની આનંદ લહરી | જાદવરાય કે. ધોળકિયા |
| ૬૯૦. | જીવન દર્શન | ડૉ. વી.આર. મહેતા |
| ૬૯૧. | મુંડકોપનિષદ | |
| ૬૯૨. | કાળજી નવપરિવર્તન નાદ વિશ્વાસ | |
| ૬૯૩. | નિસર્ગોપચાર દ્વારા રોગમુક્તિ | વી.પી. ગીદવાણી |
| ૬૯૪. | સમુલ્લાસ નિસ્બત | મનસુખ સલ્લા |
| ૬૯૫. | વિશ્વ વિધાતા મા | બકુલા કુલીન |
| ૬૯૬. | વૃદ્ધત્વને વહાલથી વધાવો ઘડપણથી નહીં ગભરાઓ | પ્રમોદ એ. ચોક્સી |
| ૬૯૭. | આહારનો ઉપભોગ તો પણ હૃદય નિરોગ | ડૉ. રમેશ આઇ. કાપડિયા |
| ૬૯૮. | સાધના યોગ | ઋષિકાની વૈદ્ય |
| ૬૯૯. | હૃદયરોગ અટકાવો આયુષ્ય લંબાવો | ડૉ. ધ.રા. ગાલા / ડૉ. ધીરેન ગાલા |
| ૭૦૦. | વિચાર નવનીત | ડૉ. ગુણવંત પટેલ |
| ૭૦૧. | હું કચ્છનો, કચ્છ મારું | નલિની ઠક્કર / વિજયાલક્ષ્મી શેઠ |
| ૭૦૨. | બૌધ્ધ ધર્મ સિદ્ધાંત અને સાધના | ચંદ્રહાસ ત્રિવેદી |
| ૭૦૩. | મા એ મા | રતિલાલ બોરીસાગર |
| ૭૦૪. | પહેલ અને પુરુષાર્થ | મનસુખ સલ્લા |
| ૭૦૫. | વર્તમાન સંદર્ભમાં હિંદુત્વ | વિજય ચૌથાઈવાલે |
| | **ક્રમાંક-૭૦૬થી ૭૧૩ શ્રી નારાયણ જોશી તરફથી** | |
| ૭૦૬. | મનજો મંચ | ડૉ. કાંતિ ગોર |
| ૭૦૭. | ગાંધી વચન અમરત | નારાયણ જોશી |
| ૭૦૮. | શબધ પિરભ | ડૉ. રમેશ ભટ્ટ |
| ૭૦૯. | કચ્છી હિંદી પાઠાવલિ (હિંદી) | નારાયણ જોશી |
| ૭૧૦. | સબધ સન | ગૌતમ જોશી |
| ૭૧૧. | ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા | વિષ્ણુ પંડ્યા |
| ૭૧૨. | સબધ જી સુરમ | લાલજી મેવાડા 'સ્વપ્ન' |
| ૭૧૩. | ટૌંકો | વીણા બકુલેશ લીયા |

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઇબ્રેરીને મળેલ ભેટ પુસ્તકો

*નીચે જણાવેલ મહાનુભાવો / હિતેચ્છુઓ તરફથી વિવિધ વિષયના પુસ્તકો શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ સ્વરૂપે મળ્યા છે. (પુસ્તકની વિગત લાઈબ્રેરીના પુસ્તકોની યાદીમાં સમાવેશ કરાશે.)*

- શ્રી ચંદ્રવદન જી. મહેતા 'સારસ'
- શ્રી પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'
- શ્રી તેજપાલ ધારશી શાહ 'તેજ'
- ડૉ. આશિષ ચોક્સી (બાળરોગ નિષ્ણાત)

*દરેકનો ખૂબ ખૂબ આભાર.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## પ્રાઉડ ઓફ પાટીદાર
### સમયગાળો : ૧૯૧૫થી ૨૦૧૬ (૧૦૧ વર્ષ)

ભારતીય સ્વાતંત્ર્યની લડતથી માંડી આઝાદી પછીના આ ૨૦૧૬ સુધીમાં ગુજરાતમાંથી જે પાટીદારોએ કોઈપણ ક્ષેત્રે રાષ્ટ્ર - સમાજ માટે આગવું પ્રદાન કરેલ છે, તેમના જીવન વિષયક ટૂંકા લેખો 'ઉમિયા દર્શન'માં પ્રકાશિત કરવાના છે. જેને પછી પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવશે. આ માટે તમામ લેખક મિત્રો, ઈતિહાસવિદ્, પત્રકાર મિત્રોને પાટીદારોની ૧૦૧ વર્ષમાં ઉપસેલી પ્રતિભાના ટૂંકા જીવન ચરિત્રો લખી મોકલવા વિનંતી છે. સ્વાતંત્ર્ય સંગ્રામ, રાજકારણ, શિક્ષણ, ઉદ્યોગ, સંશોધન, સમાજસેવા, સાહિત્ય, સહકારી ક્ષેત્ર, ધર્મ, સંપ્રદાય, કૃષિ, ઈનોવેશન જેવા ક્ષેત્રો માટે કાર્યપ્રદાન કરનાર સ્વજનોના જીવન ચરિત્રને લઈ શકાય છે. આવા લેખો નીચેના સરનામે મોકલવા વિનંતી છે.

## ગુજરાતની સપ્તક્રાંતિ

સપ્તક્રાંતિના વિષયો : (૧) સ્વાતંત્ર્ય સંગ્રામ, (૨) મહાગુજરાત અને નવનિર્માણ આંદોલન, (૩) કૃષિક્રાંતિ અને શ્વેતક્રાંતિ (અનેક સંશોધન), (૪) ઈન્ડસ્ટ્રીઝ (ઔદ્યોગિક ક્રાંતિ) ડાયમંડ, કેમિકલ, (૫) જળક્રાંતિ, (૬) ગૌક્રાંતિ, (૭) અનુદાન ક્રાંતિ (સેવા ક્ષેત્ર).

ગુજરાત આ દેશને ઘણી ક્રાંતિ અને ક્રાંતિસભર વિચારોની પહેલ આપી છે. સપ્તક્રાંતિમાં નીચેના વિષયો ઉપર પોતાના વિચારો લખી મોકલવા વિનંતી છે. આ લેખો પણ પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવશે.

સ્વાતંત્ર્ય સંગ્રામ અને આઝાદીની લડતમાં પહેલ કરનાર ગુજરાત અને તેના ક્રાંતિવીરો, મહાગુજરાત અને નવનિર્માણ આંદોલન, વૈચારિક ક્રાંતિ, શ્વેતક્રાંતિ, કૃષિક્ષેત્રે ગુજરાતની પહેલ - સંશોધન. જેમ કે લોકવન ઘઉં, ઔદ્યોગિક ક્રાંતિ, ડાયમંડ ઈન્ડ., કાપડ ઉદ્યોગ, નિરમા (પાવડર) કેમિકલ્સ, ફાર્માસ્યુટીકલ્સ, જળક્રાંતિ, ચેકડેમો, જળસંચય, ગૌક્રાંતિ, વૈચારિક ક્રાંતિમાં સંગઠન, સમૂહલગ્ન, સમાજસુધારા, કન્યા કેળવણી, બેટી બચાવો અભિયાન અને અનુદાન ક્રાંતિ - સમગ્ર રાષ્ટ્રના ઉત્થાન માટે અનુદાન, પાંજરાપોળ, ધરતીકંપ, અતિવૃષ્ટિ સમયે ગુજરાત દેશમાં દાન આપનાર પ્રથમ રાજ્ય છે. સેવા પ્રવૃત્તિ, એન.જી.ઓ., ગૌશાળા - ગુજરાતે જુદા જુદા સાત ક્ષેત્રે પહેલ કરીને આ દેશને સપ્તક્રાંતિ અર્પણકરેલ છે. **આપ વિદ્વાન લેખક, પત્રકાર મિત્રોને કોઇપણ વિષય ઉપર લેખ લખી મોકલવા વિનંતી છે.**

*લેખો મોકલવાનું સરનામું :*

લોકસેવા ટ્રસ્ટ, ઈ/૧૦૩, સહજાનંદ રેસીડેન્સી,
હેલ્મેટ સર્કલ સામે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨
ઈ-મેઈલ : loksevatrust2004@gmail.com

*ભીમજી નાકરાણી,*
*સંપાદક : 'પ્રાઉડ ઓફ પાટીદાર', 'ગુજરાતની સપ્તક્રાંતિ'*
*દિલીપ વાછાણી, તંત્રી : 'ઉમિયા દર્શન'*

*('ઉમિયા દર્શન'ની એક યાદી અનુસાર)*

## આદર્શ અમદાવાદ દ્વારા
### જરૂરિયાતમંદ નાગરિકો માટે વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન

- મોતિયો ઉતરાવવા માટેનો મોટો ખર્ચ કરી શકે તેમ ન હોય તેવા જરૂરતમંદ લોકો આ વિનામૂલ્યે ઑપરેશનનો લાભ લઈને મોતિયો ઉતરાવી શકે તે આ યોજનાનો હેતુ છે. આ ઑપરેશનો અમદાવાદના આંખના સર્જન ડૉ. હર્ષદભાઈ શાહ કરશે.
- ઈંજેક્શન વગરનું અને ટાંકા વગરનું ઑપરેશન કરાશે. એસ.આઈ.સી.એસ. ઈઝરાયલ મેથડથી ઑપરેશન થશે. જેમાં ઈન્ડિયન ફોલ્ડિંગ નેત્રમણિ (લેન્સ) નાખી આપવામાં આવશે. ઑપરેશન બાદનું ચેક-અપ પણ થશે. આ બધું જ વિનામૂલ્યે થશે.
- તે માટે આપશ્રીને મોતિયો છે તેવું લખાણ આંખના ડૉક્ટર પાસેથી લખાવીને લાવવું પડશે. આવું લખાણ લઇને 'આદર્શ અમદાવાદ' નેહલ, જૈન ઉપાશ્રયની બાજુમાં, હોલસેલ હબની ઉપર, મણપ્પુરમ ફાઈનાન્સ ઉપર, કોમર્સ છ રસ્તા અને વિજય ચાર રસ્તા વચ્ચે, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૨૬૫૬૫૪૧૬ ખાતે બપોરે ૧૨ થી ૫માં આવવાનું રહેશે. ત્યાંથી ડૉ. હર્ષદભાઈને ચિઠ્ઠી લખી અપાશે અને તેઓ ઑપરેશનની તારીખની જાણ કરશે.

- આદર્શ અમદાવાદને મળેલા ડોનેશનના આધારે વિનામૂલ્યે ઑપરેશન થાય છે. જરૂરિયાતવાળા વધુને વધુ લોકોને આ યોજનાનો લાભ લેવા સંસ્થા – આદર્શ અમદાવાદની એક યાદીમાં જણાવાયું છે.
- *સંસ્થાનું સરનામું :* આદર્શ અમદાવાદ
  કોમર્સ કૉલેજ છ રસ્તા પાસે, ડ્રાઈવ-ઈન રોડ, એ.જી. હાઈસ્કૂલ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
  ફોન : (૦૭૯) ૬૫૨૧૫૨૫૪, ૨૬૫૬૫૪૧૬
  ઈ-મેઈલ : aadarshamdavad@yahoo.co.in
  વેબસાઈટ : www.aadarshamdavad.org

## શ્રી અખિલ ગુજરાત લોહાણા સમાજ




શનિવાર, તા. ૧૮-૬-૨૦૧૬ના શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા તથા મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પાલડી ખાતે અખિલ ગુજરાત લોહાણા સમાજની ઔપચારિક મુલાકાત લીધેલ ત્યારે લોહાણા સમાજના માનદ્ મંત્રી શ્રી મુકેશભાઈ ઠક્કર, શ્રી બંધુભાઈ ઠક્કર વગેરે નજરે પડે છે.

## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદના યુવક સંઘે ઉજવ્યો કચ્છી નૂતન વર્ષ સમારોહ

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદના યુવક સંઘના નેજા હેઠળ અષાઢી બીજ, કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ રવિવાર, તા. ૧૦-૭-૨૦૧૬ના દિવસે ખૂબ જ ઉત્સાહપૂર્વકના વાતાવરણમાં ઉજવેલ હતો. આ સમયે સમાજનો બહોળો વર્ગ ઉપસ્થિત રહેલ હતો.

સમાજના યુવાનો - યુવતીઓ તથા તેમની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ સ્ટેજ પર સાંસ્કૃતિક કાર્યક્રમની વિવિધ આઈટમો પ્રસ્તુત કરેલ હતી કે જે દરેક આઈટમને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા, ખજાનચી શ્રી મનુભાઈ કોટડિયા તથા પૂર્વમંત્રી શ્રી ભરતભાઈ ઓઝા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેઓને સ્ટેજ પર બોલાવી તેમનું બહુમાન કરવામાં આવેલ હતું.

બપોરના શરૂ થયેલ કાર્યક્રમ સાંજે પૂરો થયેલ હતો. સમૂહ ભોજનની મિજબાની માણી સૌ છૂટ્ટા પડ્યા હતા. ■

## લોકશાહી માટે ખતરાની નિશાની

બૌધ્ધિકોનો એક ગણનાપાત્ર ભાગ શિક્ષકોનો છે અને શિક્ષકો પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવવાના પ્રયત્નો કરવાને બદલે સલામતી અને સગવડોની લાલચમાં આવીને સામે ચાલીને સરકારીકરણની માંગણી કરે એ કોઈ પણ સમાજ કે કોઈ પણ લોકશાહી માટે ખતરાની નિશાની છે.

**– યાસીન દલાલ**

## સંરક્ષણ ક્ષેત્રે 'મેઇડ ઇન ઇન્ડિયા' ક્યારે શરૂ થશે?

ભારતીય વાયુસેનાએ ૨૦૦૩માં તાલીમી વિમાનો (ટ્રેઇનર ઍરક્રાફ્ટ)નો ઓર્ડર આપી દીધો હતો. એ પછી હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે ૧૨ વિમાનોનો પહેલો જથ્થો બનાવવો શરૂ કરી દીધો હતો. દરમિયાન કેન્દ્રમાં સત્તા પરિવર્તન થયું. યુપીએ સરકાર આવી. યુપીએ સરકારે કોઈ કારણસર પ્રોજેક્ટને સહકાર આપવાનું બંધ કરી દીધું. હિંદુસ્તાન એરોનોટિક્સ અંતે તો સરકારી એકમ હોવાથી દિલ્હીમાં સંરક્ષણ મંત્રાલયના ઇશારે તેમના ઉત્સાહમાં વધારો - ઘટાડો થતો રહેતો હોય છે. આઝાદી પછી મોટાભાગની સરકારોએ દેશમાં બનતા સંરક્ષણ સાધનો, વિમાનો, મિસાઇલોને જોઈએ એવું પ્રોત્સાહન નથી આપ્યું. પરદેશથી સંરક્ષણ સામાન ખરીદવામાં ભ્રષ્ટાચાર થાય અને સરકારના મંત્રીઓથી માંડીને અધિકારીઓ સહિત સૌના ઘર તેનાથી ભરી શકાય. ઇટાલિયન બનાવટના ઓગસ્તા - વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર સોદાએ તો દેશને દેખાડી આપ્યું કે સંરક્ષણ સોદાના ભ્રષ્ટાચારમાં કોણ કોણ સામેલ હોઈ શકે છે. હજુ સુધી એવું બનતું આવેલ છે કે કોઈ પણ સરકારને દેશમાં શસ્ત્રો બને અને પરદેશી ખરીદી બંધ થાય એમાં બહુ રસ હોતો નથી. ■

# વતનના વાવડ

• સંકલન : ભરત ઓઝા •

## કચ્છના પ્રથમ આઇ.એફ.એસ. ભૂપત ઓઝાનું નિધન

જીવનની અનેક તડકી છાંયડીના સાક્ષી બનીને સરપટ ગેટ સ્થિત જૂની જ્યુબિલી હોસ્પિટલમાં ક્લાર્ક તરીકે કારકિર્દીની શરૂઆત કરીને કચ્છના પ્રથમ વિદેશી સેવાના (આઈ.એફ.એસ.) અધિકારી એવા ભૂપતરાય ઓઝાનું ૮૧ વર્ષની વયે તાજેતરમાં હૃદયરોગના હુમલાથી દિલ્હીમાં નિધન થયું છે. ભૂપતભાઈ નિવૃત્તિ બાદ દિલ્હીમાં આઈ.એફ.એસ. એપાર્ટમેન્ટમાં રહેતા હતા. સદ્‌ગત ભૂપતભાઈ પાટવાડી, મિડલ સ્કૂલ, ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યા બાદ ૧૯૫૩થી પ્રાગમહેલમાં શરૂ થયેલી આર.આર. લાલન કૉલેજમાં ૧૯૫૪ની સાલમાં પ્રવેશ મેળવી ચાર વર્ષના અભ્યાસક્રમમાં અર્થશાસ્ત્રમાં હાયર સેકન્ડ ક્લાસમાં ઉત્તીર્ણ થતાં વિદ્યાર્થી યુનિયને તેમજ અંગ્રેજીના વિદ્વાન આચાર્ય વાય.ડી. ભાવેએ એમને ચાંદીના કપ-રકાબીની ભેટ આપી હતી.

ભૂપતભાઈએ એમ.એ. કર્યા બાદ ગુજરાત સ્ટાફ સિલેક્શન કમિટી દ્વારા પસંદગી પામી અમદાવાદની ગુજરાત કૉલેજમાં અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે નિમાયા હતા. ત્યારબાદ પૂનાની મેમોગ્રાફિક રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં ઇન્ડિયન પોપ્યુલેશન વિશે રિસર્ચની સાથેસાથે યુ.પી.એસ.ની સ્પર્ધાત્મક પરીક્ષા આપી ટોપ ટેનમાં ચોથા ક્રમે ઉત્તીર્ણ થતાં આઈ.એસ.ની સર્વિસ મળી હતી. સૌપ્રથમ તેમની નિમણૂક હોંગકોંગમાં ભારતની એલચી કચેરીમાં થર્ડ સેક્રેટરી તરીકે થઇ. સેકન્ડ સેક્રેટરી તરીકે બઢતી મળતાં જાપાન ગયા હતા. વિદેશી એક ભાષા જાણવી ફરજિયાત હોવાથી જાપાનીઝ ભાષામાં પ્રથમ આવ્યા હતા. શ્રીલંકા, મોસ્કો, થોડા સમય માટે ચીન, બર્મા અને સ્વીડનમાં રાજદૂત તરીકે ફરજ બજાવી હતી. સ્વીડનમાં નિવૃત્તિ બાદ બોફોર્સ ઉપર અંગ્રેજીમાં પુસ્તક બહાર પાડ્યું હતું જે લોકપ્રિય થયું હતું. થોડાં વરસો પૂર્વે જે તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે માંડવીમાં કચ્છના કર્મનિષ્ઠ ઉચ્ચ અધિકારીઓના સન્માન કાર્યક્રમમાં ભૂપતભાઈનું શ્રી મોદીના હસ્તે સન્માન થયું હતું.

## કચ્છના સાહસિકોને અમેરિકામાં ઉદ્યોગ સ્થાપવા હાકલ

દેશના આર્થિક પાટનગર મુંબઈ સ્થિત અમેરિકન વાણિજ્ય દૂતાવાસના વ્યાપારિક સેવાના અધિકારી જ્યોફ્રી પેરિસે તાજેતરમાં ગાંધીધામની મુલાકાત દરમિયાન વ્યાપારી સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ સાથે બેઠક કરી ભારત અને ખાસ કરીને કચ્છના ઉદ્યોગ સાહસિકોને અમેરિકામાં ઉદ્યોગો સ્થાપવા ઇજન આપ્યું હતું. તેમજ કંડલા બંદરની મુલાકાત લઈ પોર્ટની ગતિવિધિઓ, વિવિધ સુવિધાઓથી અમેરિકી અધિકારી વાકેફ થયા હતા. અમેરિકા અને ભારત વચ્ચે ઔદ્યોગિક તકો વધુ કઈ રીતે વિકસે તે જોવા માટે ખાસ ગાંધીધામ સંકુલની મુલાકાતે આવેલા શ્રી પેરિસે ચેમ્બરના હોદ્દેદારો અને કારોબારી સભ્યો સાથે કરેલી ગોષ્ઠિ દરમિયાન ભારત અને ખાસ કરીને કચ્છના ઉદ્યોગપતિઓને ઉદ્યોગ સ્થાપવા માટે તકનિકી જાણકારી સહિતની બધી જ મદદ પૂરી પાડવા સંપૂર્ણ તૈયારી દર્શાવી હતી. તેમણે ચેમ્બરના હોદ્દેદાર - સભ્યોના પ્રતિનિધિ મંડળને અમેરિકામાં રહેલી વિપુલ તકોને નિહાળવા અમેરિકા આવવાનું ખાસ નિમંત્રણ પાઠવ્યું હતું.

## કચ્છી હસ્તકલાનો બારેમાસ ધીકતો ૨૦૦ કરોડનો કારોબાર

હસ્ત કલાક્ષેત્રે કચ્છનું નામ દેશ-દેશાવરમાં ખ્યાતિપ્રાપ્ત છે. ગરમ શાલ, ચર્મકલા, કાષ્ટકલા, રોગાન, બ્લોક પ્રિન્ટ, અજરખ, બાટીક, લાખકામ, ખરકીકામ, કચ્છી ભરતગૂંથણ જેવા અનેક જાણીતા કસબ કચ્છના ખૂણેખાંચરે પથરાયેલા છે. તેમાંય કચ્છની ઓળખ સમી બાંધણીની કલા વિદેશી પર્યટકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. રણોત્સવના પગલે કચ્છની હસ્તકળા બજારને જેટગતિ પ્રાપ્ત થઈ છે. જેને લઈને હસ્તકળા બજાર હવે બારેમાસ ધમધમતી થતાં વર્ષે અંદાજે ૨૦૦ કરોડ આસપાસનો કારોબાર થઈ રહ્યો છે. આ કમાણી કે ધંધો કચ્છની પરંપરાગત કળાના માધ્યમથી આવે છે એ અત્યંત મહત્ત્વપૂર્ણ બાબત છે. આજે ભલે કચ્છ અફાટ સફેદ રણ, દરિયા કિનારા અને ડુંગરો વચ્ચેના અપ્રતિમ સૌંદર્યને કારણે ઓળખાતું હોય પણ એક સમયે કચ્છની હસ્તકલા અને રંગાટકામનું જ આકર્ષણ હતું. કચ્છી હસ્તકલાને વેગવાન બનાવવામાં સરકાર, સંસ્થાઓ તેમજ નિગમો ઉપરાંત મહિલાની મુખ્ય ભાગીદારી છે. રણોત્સવ દરમિયાનની સીઝનમાં તો કચ્છની હેન્ડીક્રાફ્ટની બજાર ધમધમતી જ હોય છે પરંતુ આ કલાએ લોકોમાં અનન્ય આકર્ષણ ઊભું કર્યું હોવાથી કચ્છના ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી જેવા મુખ્ય શહેરોની હેન્ડીક્રાફ્ટ બજાર સતત ચહલપહલવાળી જોવા મળે છે. ઇન્ટરનેટના આધુનિક યુગમાં ઇ-કોમર્સ સ્ટોર્સની બોલબાલા છે, ત્યારે કચ્છી હેન્ડીક્રાફ્ટની વસ્તુઓ તેના દ્વારા પણ મેળવાઈ રહી છે. કુટીર ઉદ્યોગને

પ્રોત્સાહન મળે તે હેતુથી ગરવી ગુજરાતે ઇ-સ્ટોર્સ શરૂ કર્યો છે તેમાં તેમજ વિવિધ ખરીદી ઍપ્સમાં પણ કચ્છી કલાની ખરીદી શક્ય બની છે.

## ઉચ્ચ શિક્ષણ વિભાગમાં કમિશનરપદે કચ્છી વરાયા

ગુજરાતના ઉચ્ચ શિક્ષણ વિભાગમાં પ્રથમ વખત કચ્છી અધિકારી, કમિશનરપદે વરાયા છે. કચ્છના ઇતિહાસમાં પ્રથમ વખત શિક્ષણ કમિશનરપદે દેશલપર (તા. મુંદ્રા)ના જે. કે. ગઢવી (આઈ.એ.એસ.)ની નિમણૂક કરાતાં સમગ્ર કચ્છમાં ખુશીની લાગણી ફેલાઈ છે. ગુજરાતમાં વિવિધ પદો પર છેલ્લા વીસ વર્ષથી વર્ગ-૧ માં ફરજ બજાવી ચૂકેલા શ્રી ગઢવી ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ તથા કોઠાસૂઝવાળા આ કચ્છી અધિકારીએ કન્યા કેળવણીને પ્રાધાન્ય આપી કચ્છમાં પાંચ કિ.મી.ના અંતરે માધ્યમિક શાળાઓ આપવાની નેમ વ્યક્ત કરી છે.

## ખારેક ક્ષેત્રે તામિલનાડુ કચ્છનાં પગલે

બાગાયતી પાક ખારેકનું મુખ્ય કેન્દ્ર એક સમયે ધ્રબ અને ઝરપરા રહ્યું. ત્યારબાદ મુંદ્રા તાલુકાના મોટાભાગના ગામોમાં ખારેકનું વાવેતર અને પછીથી મુખ્યત્વે ભુજ સહિત જિલ્લાના અન્ય વિસ્તારોમાં ખારેકનું સેંકડો એકરમાં વાવેતર થયું અને હવે રાજ્ય બહાર એટલે કે છેક તામિલનાડુ રાજ્યમાં અંદાજે બે હજાર એકરમાં ખારેકનું વાવેતર થયું છે. કચ્છી મેવો ખારેક છેક દક્ષિણના રાજ્ય તામિલનાડુમાં પહોંચ્યો છે અને લાલ-પીળી, કેસરી ખારેકનું વાર્ષિક હજારો ટન ઉત્પાદન તામિલનાડુના કિસાનો લેતા થઈ ગયા છે. તાજેતરમાં ખોરાક સંશોધન કેન્દ્રમાં છેક તામિલનાડુથી મુંદ્રા આવેલા એસ. નિઝામુદ્દીન નામના પ્રગતિશીલ ખેડૂત ધરમપુરી જિલ્લાના અરિયાકુલમ (ક્રિષ્નાપુરમ)એ આપેલી માહિતી મુજબ છેક સાઉદી અરબસ્તાનથી ખારેકના પીલા મંગાવી તામિલનાડુમાં છેલ્લા ૧૫ વર્ષથી ખારેકનું વાવેતર કરે છે.

## ભુજના યુવાન આઈ.સી.સી.માં ડાયરેક્ટર તરીકે

ક્રિકેટની આંતરરાષ્ટ્રીય વહીવટી સંસ્થા આઈ.સી.સી.ના ઓલ્ટરનેટિવ ડાયરેક્ટર તરીકે મૂળ ભુજના અને હાલે દિલ્હી રહેતા યુવાન સાગર અરવિંદ ઠક્કર ચૂંટાયા છે. ઓલ્ટરનેટીવ ડાયરેક્ટરની ખાલી પડેલી જગ્યા માટે તેમણે બી.સી.સી.આઈ.ના પ્રતિનિધિ તરીકે ઉમેદવારી નોંધાવી હતી અને બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે. આઈ.સી.સી.માં સ્થાન બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના પ્રમુખ તથા ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ શ્રી અમિત શાહે સાગરને અભિનંદન આપ્યા હતા.

## 'અમૃત જ્યોત વિહારધામ'નું લોકાર્પણ

માળિયા - હળવદ હાઈવે પર વાધરવા પાસે શેઠ વર્ધમાન આણંદજી પેઢી - કટારિયા તીર્થ સંચાલિત માતા જ્યોતિબેન એ.ડી. મહેતા પરિવાર દ્વારા નિર્મિત 'અમૃત જ્યોત વિહારધામ' સંકુલનું તાજેતરમાં લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે પ.પૂ. ગુરૂ ભગવંતોએ દયા, અહિંસા, કરૂણાને જિન ધર્મનું પાયાનું તત્ત્વ ગણાવ્યું હતું. ક્ષણભંગુર જીવનમાં હરક્ષણે જાગૃત રહી તમામ જીવોનાં કલ્યાણ માટે માનવસેવા અને જીવદયાના કાર્યો માટે કરૂણાનાં મંદિરો ઊભા કરવાની અનુમોદના માટે વિહારધામોનું સતત સર્જન કરવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ચંદુભાઈ ગઢેચાએ જ્યારે ઋણ સ્વીકાર દાતા પરિવારના કમલભાઈ મહેતાએ કર્યો હતો તેવું સંઘસેવક વી.જી. મહેતાની યાદીમાં જણાવાયું હતું. ■

## ભુજમાં શીઘ્ર કાવ્ય લેખન સ્પર્ધા

કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે શીઘ્ર કાવ્ય લેખન સ્પર્ધા - ૨૦૧૬ તાજેતરમાં ભુજ ખાતે યોજવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ સ્થાને શંકરભાઈ સચદે, અતિથિપદે પ્રીતિ ધોળકિયા અને પ્રમુખ સ્થાને દિલીપ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે નિર્ણાયક તરીકે જયંતિ જોશી 'શબાબ', મદનકુમાર અંજારિયા 'ખ્વાબ', નવીન ત્રિપાઠી 'અલ્પ' એ સેવા આપી હતી. આ પ્રસંગે પ્રથમ ત્રણને શિલ્ડ અને પ્રમાણપત્ર તેમજ ભાગ લેનાર તમામ સ્પર્ધકોને અભિવાદનપત્ર મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવેલ. દાતા મનોજ માણેકના સ્મરણાર્થે હ. ભાનુબેન મગનભાઈ ઠક્કરના નામથી શિલ્ડ અર્પણ કરવામાં આવેલ. જ્યારે નિર્ણાયકો સ્મૃતિ અર્પણ વોરા અને સ્મૃતિબેન ત્રિપાઠીને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ખુશ્બૂ સરવૈયાએ કરેલ હતું.

## મહિલા મુશાયરો

સાહિત્ય સભા અને કવિ કલાવૃંદના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ભુજ ખાતે મહિલા મુશાયરો યોજાયો હતો. જેમાં જયંતિ જોશી 'શબાબ', મદનકુમાર અંજારિયા 'ખ્વાબ', નવીન ત્રિપાઠી સાથે પ્રમુખ સ્થાને દિલીપ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે તમામ ભાગ લેનાર કવિયિત્રીઓને રશ્મિબેન ત્રિપાઠીની સ્મૃતિ અને શાલ સાહિત્ય સભાના સહયોગથી આપવામાં આવ્યા હતા. સંચાલન ખુશ્બૂ સરવૈયાએ કરેલ હતું.

આ પ્રસંગે નિર્મલા ત્રિપાઠી, સુરેશ જેઠી, પ્રેમજીભાઈ, નેણશી મીઠિયા વગેરે હાજર રહ્યા હતા.

*(દિલીપભાઈ કે. આચાર્ય દ્વારા)*

# પ્રતિભાવ

**'અંધશ્રદ્ધાનો ન એને દોષ દો,**
**અંધને શ્રદ્ધા નહીં તો હોય શું?'**

– *'નઝીર' ભાતરી*

**'કચ્છશ્રુતિ'નો જૂન-૨૦૧૬નો સર્વાંગ સુંદર અંક. જ્યારે માત્ર 'વદનં મધુરમ્' કે 'વચનં મધુરમ્' કહેવાનું અઘરું હોય ત્યારે 'અખિલમ્ મધુરમ્' કહેવું પડે.**

આમ છતાં વ્યક્તિ-વ્યક્તિએ રુચિભેદ હોય છે. કોઈને રાજકારણ તો કોઇને શિક્ષણ તો કોઇને આરોગ્ય તો કોઇને અન્ય કશુંક વધારે ગમે.

'કચ્છશ્રુતિ'નો સામાન્ય અભિગમ અંધશ્રદ્ધા વિરોધી રહેલો છે અને તેથી પ્રસંશનીય છે. અંધશ્રદ્ધા વિશે શ્રી મગનભાઈ સંઘવીએ પણ સરસ છણાવટ કરી છે. તમામ શ્રદ્ધા તાત્ત્વિક રૂપે અંધશ્રદ્ધા જ હોય છે એ વાત તો સાચી પરંતુ (સાચા) સંતો અને મહાત્માઓએ જે શ્રદ્ધાનું અસામાન્ય મહાત્મ્ય કહેલ છે તે શ્રદ્ધા કઈ? એને કેવી રીતે જાણવી? આ વિષયમાં મને જે થોડું સમજાયું છે તે મુજબ સાચી શ્રદ્ધા એટલે સનાતન મૂલ્યો પરની શ્રદ્ધા.

કોઈપણ મહાનમાં મહાન વ્યક્તિ - ભગવાન તરીકે ઓળખાતી વ્યક્તિ - પ્રત્યેની શ્રદ્ધા નહીં, કોઈપણ મહાન ગુરુ પ્રત્યેની કે કોઈ 'ઇશ્વર પ્રેરિત' ગ્રંથ પ્રત્યેની શ્રદ્ધા નહીં પણ **મૂલ્યો પ્રત્યેની શ્રદ્ધા એ જ સાચી શ્રદ્ધા.** જરા વિસ્તારથી સમજીએઃ

જેનામાં જૂઠ ન હોય, દંભ ન હોય, કપટ ન હોય, છેતરપિંડી ન હોય, વિશ્વાસઘાત ન હોય, ઈર્ષ્યા ન હોય, અહમ્ ન હોય, નિખાલસ હોય, પ્રામાણિક હોય એ જણને ઉપર જણાવેલા આદર્શો પ્રત્યેની શ્રદ્ધા એ જ સાચી શ્રદ્ધા.

આવા માણસને ગમે તેટલા પ્રલોભનો આપવામાં આવે, ડર બતાવવામાં આવે તો પણ તે પોતાના મૂલ્યો પરની શ્રદ્ધા ન જ ગુમાવે.

આવા નૈતિક મૂલ્યોધારી જણને પછી કોઈ ભગવાન, કોઈ ધર્મ, કોઈ સંપ્રદાય, કોઈ ગુરુ, કોઈ ક્રિયાકાંડ, કોઈ ધાર્મિક વિધિની જરૂરત પણ ન રહે.

કેવળ અધૂરા (આત્મવિશ્વાસ વગરના અથવા ડરપોક) માણસોને જ જાતજાતના અને પ્રકાર પ્રકારના ભગવાનો, દેવો - દેવીઓ, ગુરુઓ, ગ્રંથો, સંપ્રદાયો, વિવિધ પ્રકારના ધાર્મિક ક્રિયાકાંડો, નિયમો અને વિધિઓની જરૂર પડે.

અધૂરા કરતાં પણ વિશેષ અધૂરા (આત્મવિશ્વાસ વગરના અને ડરપોક) માણસોને શનિ - મંગળ - રાહુ - કેતુ વગેરેની દયા - મહેરબાનીની જરૂર પડે.

આવા અધૂરા (આત્મવિશ્વાસ વગરના અને ડરપોક) માણસો વાસ્તવમાં નાસ્તિક હોય છે – તેમને પરમશક્તિ પરમાત્મા (એટલે કે સમગ્ર બ્રહ્માંડના સર્જક અને નિયામક) પર જરા પણ શ્રદ્ધા હોતી નથી. **એવા લોકો એ સમજવા જ તૈયાર નથી કે તમારા ભાગ્યમાં જે થવાનું છે તે થશે જ. એમાં શનિ - મંગળના પિતાશ્રી પણ રજમાત્ર ફેરફાર કરવા સમર્થ નથી.**

સમગ્ર બ્રહ્માંડના સર્જનહાર પરમશક્તિ પરમાત્મા પરની શ્રદ્ધા એ જ સાચી શ્રદ્ધા અને એની થોડીક પણ ઓળખ એટલે મૂલ્યો પર અવિચળ વિશ્વાસ.

**બાકીનું બધું અંધશ્રદ્ધા.**

માતાને પેટે જન્મેલો કોઈ દેહધારી મનુષ્ય પોતે જાતે ભગવાન હોતો નથી. રામ, કૃષ્ણ, બુધ્ધ, મહાવીર, ઈશુ, મહંમદ કે ગાંધી કોઈ ભગવાન ન હતા પણ આપણા જેવા જ મનુષ્યો હતા. **પરમાત્માએ એ સૌ મહાન માનવોને પૃથ્વી પર આપણને રસ્તો બતાવનાર, માર્ગદર્શક, સંદેશવાહક બનાવીને મોકલ્યા હતા.** તેઓ રસ્તો બતાવીને સ્વધામ પહોંચ્યા. એ કોઈને પણ ભગવાન માનવા એ અવાસ્તવ છે અને બ્રહ્માંડમાં ક્યાંય પણ સ્વર્ગ - દેવલોક કે નરક જેવું કશું જ નથી અને નથી કોઈ દેવ કે નથી કોઈ દેવી.

જગતમાં આપણા સિવાય કોઈ જથ્થાબંધ દેવો અને દેવીઓનો સ્વીકાર કરતા નથી.

બ્રહ્માંડમાં આપણી પૃથ્વી જેવી અબજો પૃથ્વીઓ, અબજો સૂર્યો, અબજો આકાશગંગાઓ અને તારાઓ છે એ બધાનો સર્જક અને નિયામક અને માલિક એટલે પરમાત્મા.

આપણે જેને ભગવાન માની પૂજીએ છીએ એ ભગવાન - પરમાત્મા નથી. અને તમામ દેવી દેવતાઓ એટલે તો માત્ર નવલકથા, માત્ર વાર્તા.

**એક સવાલ પૂછવા જેવો છે :**

*બ્રહ્માંડના સર્જક પરમાત્માનો ધર્મ કયો?*

*એનો સંપ્રદાય કયો?*
*એની જ્ઞાતિ કઈ?*

કંઈ સમજાયું?

આપણે સૌ જાણીએ છીએ કે શનિ - મંગળ માત્ર મનુષ્યોને જ નડે છે — પશુ, પક્ષી - જીવજંતુ કે જંગલના પ્રાણીઓને નડતા નથી. શનિ - મંગળથી છૂટવાનો એક અતિ સહેલો રસ્તો છે, પણ વધુ સહેલો હોવાને કારણે તે કોઈને સૂઝતો નથી.

જે આત્મવિશ્વાસ વગરના, ખુમારી વગરના, ડરપોક લોકો શનિ - મંગળના ત્રાસમાંથી છૂટવા માગતા હોય તેમણે પોતપોતાના ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે (આ જનમમાં તો મનુષ્ય અવતાર મળી જ ચૂક્યો છે એટલે લાચાર) આવતા ભવમાં મને ઘોડા - ગધેડાનો, ઘેટા - બકરાનો કે કૂતરા - બિલાડાનો (અથવા કોઈપણ પસંદગીના પ્રાણીનો) અવતાર મળે.

બસ, પછી તો મજા. ન શુભ દિવસ, ન શુભ ઘડી, ન શુભ મૂરત, ન શુભ ચોઘડિયું, ન જન્માક્ષર, ન કુંડળી, ન સમૂરતા - કમુરતા અને ન કશો શનિ-મંગળનો ત્રાસ.

મારા આશીર્વાદ છે કે ભગવાન તમારી પ્રાર્થના જરૂર સાંભળશે. કરો ફતેહ...

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?*
*કુરાનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી.*

*– 'જલન' માતરી*

★

**'કચ્છશ્રુતિ' બધાથી આગળ...**

તા. ૨૪-૫-૨૦૧૬ના 'દિવ્ય ભાસ્કર', ગુજરાત, સંદેશ કે ટી.વી. ન્યુઝમાં સમાચાર પ્રસિદ્ધ થયેલા કે બ્રેડ અને ફાસ્ટફૂડથી કેન્સર અને થાઈરોઈડ જેવા રોગ થઈ શકે છે, જેમાં CSE (સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ) દ્વારા અભ્યાસ કરવામાં આવ્યા પ્રમાણે બજારમાં સામાન્યપણે મળતાં બ્રેડ, પાંઉ અને બનના ૩૮ પ્રિ-પેકેજડ નમૂના ચેક કરવામાં આવ્યા હતા. આરોગ્ય માટે ખતરનાક રસાયણો જેવા કે પોટેશિયમ બ્રોમેટ, પોટેશિયમ આયોડેટ વિ. તેમાં મળી આવ્યા હતા.

યુરોપિયન યુનિયને ૧૯૯૦માં બ્રેડ, પાંઉ, બન, બર્ગર, પીઝા કે તેવી બનાવટો ઉપર બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ચીન, શ્રીલંકા, બ્રાઝિલ, નાઈજિરિયા, પેરૂ અને કોલંબિયાએ પણ પોટેશિયમ બ્રોમેટના ઉપયોગ સામે પ્રતિબંધ મૂક્યો હતો.

ઉપરોક્ત વિષયની વિગત સમાચાર માધ્યમો દ્વારા પ્રસારિત થાય તે પહેલાં જ 'કચ્છશ્રુતિ' માર્ચ-૨૦૧૬ના અંકમાં "બ્રેડનો ઉપયોગ કરતા પહેલાં વિચારજો" — મુકુંદ મહેતા દ્વારા લેખિત લેખથી લોકોને, **અગાઉથી જ જાણકારી આપી દીધી હતી. 'કચ્છશ્રુતિ', તે બદલ ધન્યવાદને પાત્ર છે.**

'કચ્છશ્રુતિ' દિવસે ને દિવસે આગળ વધતું જાય છે. ચિત્રલેખા, અભિયાન કે નામાંકિત મેગેઝિનોને ટક્કર મારે એવી રીતે પ્રગતિ કરી રહ્યું છે. જે બદલ તેના સંચાલકો અને તંત્રી મંડળને ખૂબ અભિનંદન.

*વિનોદ સી. દવે - આદિપુર, કચ્છ*
*મો. ૯૯૨૪૭ ૭૨૩૪૮*

**મારા વાંચનની ભૂખ 'કચ્છશ્રુતિ' ભાંગી રહી છે...**

મારા વાંચનની ભૂખ છેલ્લા કેટલાક સમયથી 'કચ્છશ્રુતિ' ભાંગી રહી છે... મારી ૭૧ વર્ષની ઉંમર છે. મારા ચિતમનની અન્નપૂર્ણાને કર્જ ચૂકવી દઈશ. નહીં તો માફ કરજે મા. મા - કચ્છશ્રુતિ... તારા રસોઈઘરમાં મોટું પરિવર્તન થયું છે. ઘણી આઈટમો અખબારી રજવાડી - રસોડાઘરમાં નથી મળી, તે તારા રસોડે મળે છે. તારા ચાકર અશોકભાઈ, દિનેશભાઈ મહેતા અને ભોલાભાઈ - મા! કચ્છશ્રુતિ તારી સારી સેવા કરે છે. માસ જાન્યુઆરી (કોચરબ આશ્રમ) અને ત્યારબાદ 'ગાંધીજી વિષય' પર અત્યારસુધી જે પીરસાયું છે તે અન્ય કોઈ રસોડેથી નથી મળ્યું. આવા તો ઘણાં વિષયો અને બીજું ઘણું - ઘણું છે. એટલું જ નહીં પરંતુ લોકોએ સાચવવા જેવી અનેક તસવીરો આપી છે. તે ઉપરાંત, 'કચ્છશ્રુતિ'ના મુખપૃષ્ઠોને આંખ જોતી જ રહી જાય છે અને ચિતમન તેને વાંચતુ રહે છે.

મા! કચ્છશ્રુતિ તને સલામ!!

*મહમદ ઉમર લોટીયા - કોટડા (ચકાર), તા. ભુજ*

★

**'કચ્છશ્રુતિ' — નવા રૂપરંગ અને ચડિયાતી સામગ્રી**

'કચ્છશ્રુતિ' માસ જૂન-૨૦૧૬ના અંકમાં પ્રસિદ્ધ થયેલ સામગ્રી અંગે મારા પ્રતિભાવો મોકલું છું.

'કચ્છશ્રુતિ' દર મહિને રૂપરંગ અને સામગ્રીની રીતે ચડિયાતો અંક જોવામાં આવે છે. માસ જૂન-૨૦૧૬ના અંકમાં પણ બધા જ વિષયો સારી રીતે, યોગ્ય જગ્યાએ આપવામાં આવેલ છે. આ અંકમાં 'ગાંધી હત્યા' લેખાંક-૫ વાળો મનનીય

લેખ વાંચી, વીર સાવરકર અંગે ન જાણેલી અને ન વાંચેલી માહિતી વાંચવા મળી એ માટે **લેખકશ્રી પ્રવીણચંદ્ર શાહ**ને અંતરના અભિનંદન પાઠવું છું. કેમકે વીર સાવરકર વિશે મેં પણ મારા પુસ્તક 'પંડિત શ્યામજી કૃષ્ણવર્મા'માં એમને વીર તરીકે યાદ કરી, બે-ત્રણ પ્રકરણોમાં એમને બિરદાવ્યા છે. પરંતુ ભાઈ શ્રી પ્રવીણચંદ્ર શાહે એમને વીરને બદલે કાયર બતાવી અને તે વાતને શબ્દદેહ આપી લખેલ છે તે ખરેખર અદ્‌ભુત અને આપણા રોમાંચ ખડા કરી દે એવી વાત છે. **આ એક લેખ 'કચ્છશ્રુતિ'નું કિંમતી ઘરેણું છે એમ હું માનું છું.**

*ધનજી ભાનુશાલી, એડવોકેટ - ભુજ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

★

**અષાઢી બીજ - સ્નેહમિલન સમારંભ**

કચ્છી નૂતન વર્ષ નિમિત્તે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા યોજવામાં આવેલ સ્નેહમિલન સમારંભમાં આમંત્રણ બદલ ખૂબ ખૂબ આભાર.

આ અવસરે સર્વે કચ્છી ભાઈ-બહેનોને નવા વર્ષના મારા ખૂબ ખૂબ અભિનંદન.

*વિ. જ. ઠાકર - મોરબી*

★

**'કચ્છશ્રુતિ' - માસ જૂન-૨૦૧૬**

'કચ્છશ્રુતિ'ના ઉપરોક્ત અંકમાં અપાયેલ સાંપ્રત પ્રશ્ન લોકોને સાચી દિશા આપશે. અંકમાં હંમેશ મુજબ સરસ રસથાળ પિરસાયેલો છે.

*ચંદ્રવદન જી. મહેતા - ભુજ*

★

**'કચ્છશ્રુતિ' - અભિનંદન**
**ગાંધી હત્યાકાંડ અંગેની લેખમાળા નવી પેઢી માટે ઉપયોગી**

વરસાદની છડી પોકારતો, આગમનની મજાથી શોભિત, જૂન-૨૦૧૬નો અંક મળ્યો. સંપાદન દૃષ્ટિ, આલેખન અને લે-આઉટ ગમ્યાં. આનંદ થયો. અભિનંદન.

'કચ્છશ્રુતિ' માત્ર અમદાવાદ અને ગાંધીનગરના જ નહીં પરંતુ કચ્છ અને કચ્છ બહાર વસવાટ કરતાં કચ્છીઓનું મુખપત્ર છે ત્યારે કચ્છને મહત્ત્વ આપી કચ્છી લેખકોને વધુ પ્રોત્સાહિત કરવાના પ્રયત્નો થાય એ જરૂરી છે.

પ્રવીણભાઈ શાહ કચ્છના અભ્યાસુ લેખક છે. જૈફ ઉંમરે પણ તેઓ લખે છે, એ જ ઘણું છે. ગાંધી હત્યાકાંડ અંગેની તેમની લેખમાળા માહિતીપ્રદ છે અને આજની નવી પેઢી માટે ઉપયોગી માહિતી આપી શકે તેવી છે.

*ગોવિંદભાઈ વી. ખોખાણી - માધાપર, તા. ભુજ, કચ્છ*
*તંત્રી – 'કચ્છી લેવા પાટીદાર સંદેશ'*

★

**'રાજકારણી પરિવારમાં શહીદ કેટલા થયા?'**
**– એક સચોટ પ્રશ્ન....**

'રાજકારણીઓના પરિવારજનોમાંથી શહીદ કેટલા થયા?' ઉપરોક્ત વિષય પર પૂ.શ્રી શાંતિલાલભાઈ સંઘવીનો લેખ વાંચ્યો. ખરેખર સચોટ લખ્યું છે.

ભારતની બોર્ડર ઉપર રોજને રોજ કેટલાય સૈનિકો શહીદ થાય છે. તેઓના બલિદાન પાછળ તો નેતાઓ ફક્ત શ્રદ્ધાંજલિના ચાર-પાંચ શબ્દો બોલીને અલવિદા કરી દેતા હોય છે. વર્ષોથી આપણા નેતાઓના મોંએ સાંભળીએ છીએ કે 'હવે દુશ્મનોની ખેર નથી... તેઓના દાંત ખાટા કરી દઈશું.' પણ આ બધું કોણ બોલે છે અને કોણ અમલમાં મૂકે છે? દોસ્તીની મંત્રણાઓ વિદેશી દુશ્મનો સાથે થાય છે, પણ પરિણામ શું આવે છે? આ રીતે તો આપણા પૈસા બરબાદ થાય છે. પ્રજા મોંઘવારીની ભીંસમાં પીસાતી જાય છે. બધા જ નેતાઓ અને પ્રજાના પ્રતિનિધિઓ સંસદમાં હોબાળો કરવામાં અને એકબીજાને ખોટી રીતે ખુલ્લા પાડવાની કોશિશ કરતા હોય છે અને પોતાના ખિસ્સા ભરે છે. દરેક નેતા પોતાની તેમજ પોતાના કુટુંબના સભ્યો માટે માત્ર સિક્યુરીટીની ફિકર કરે છે. દેશનું જે થવાનું હોય તે થાય. જ્યારે હોનારત અથવા કુદરતી આફત થાય છે ત્યારે કોઈ નેતાના કુટુંબમાંથી કેમ કોઈ સેવા કરવા નથી આવતું? આપણા દેશની માયકાંગલી પ્રજા ચાંપલૂસી કરીને જ નેતાઓની કૂટનીતિને પંપાળે છે. એટલો જ ત્રાસ બાબા અને સાધુબાવાઓનો છે. ધર્મને ધંધાની વખાર બનાવીને ખોટી રીતે ભરમાવે છે અને પ્રજાને લૂંટવાના ધંધા કરે છે.

જો એ બાબા-બાવાઓ કે સાધુઓ મનના સાફ હોય અને ખરેખર ધર્મને વળેલા હોય તો પોતાનામાં રહેતી તાકાતથી પોતાનું રક્ષણ કેમ નથી કરતા? ઘણા સાધુઓ વિવિધ ધાર્મિક પ્રસંગોએ અબોલ જીવોને વરઘોડામાં સામેલ કરાવતા હોય છે. આવું આચરણ શા માટે?

*શ્રીમતી અલ્કા એ. સંઘવી - અમદાવાદ*
*ફોન : ૨૫૪૭૦૭૭૫*

★

## પરંપરા અને અંધશ્રદ્ધા

'કચ્છશ્રુતિ' મે-૨૦૧૬ના તંત્રીલેખમાં લખેલ વિગત અને જૂન મહિનાના અંકમાં શ્રી મગનભાઈ સંઘવીએ લખેલ લેખના અનુસંધાનમાં મારા જાત અનુભવની વિગત જણાવું છું. જે આપશ્રીને 'કચ્છશ્રુતિ'ના આવતા અંકમાં લેવા વિનંતી.

અમારા ગામ કોઠારામાં વસતા મહેશ્વરી વણિક જ્ઞાતિનો લગ્નનો એક કિસ્સો જણાવવાની ઈચ્છા થાય છે. વણિક કુટુંબના એક યુવાન ડૉક્ટરના લગ્ન મહારાષ્ટ્રિયન દક્ષિણી બ્રાહ્મણ કુટુંબની ડૉક્ટર યુવતી સાથે નક્કી થયા હતા અને તેઓએ કોઠારા મુકામે પોતાના મહેશ્વરી મા-બાપ તથા કુટુંબની હાજરીમાં લગ્ન કરવાનું નક્કી કરેલ. મહેશ્વરી સમાજમાં રિવાજ મુજબ લગ્નમાં ચોરી ફેરા ફરતા પહેલાં એક બિલાડીને પકડીને સુંડલામાં ઢાંકીને રાખવામાં આવે અને ત્યારબાદ ચોરી ફેરા ફરીને લગ્ન થાય એવો રિવાજ પરંપરાથી ચાલતો આવેલ હતો. વિધિસર લગ્ન પૂરા થયા. પછી ડૉક્ટર સાથેની ચર્ચામાં એક વયોવૃદ્ધ આગેવાને જણાવ્યું કે અગાઉ કોઈકના લગ્નમાં બિલાડી ચોરીની વચ્ચે આંટાફેરા ફરતી હોવાથી અપશુકન થાય. એટલે બિલાડીને સુંડલામાં ઢાંકીને મૂકી રાખવામાં આવતી હતી. વડીલે જણાવ્યા પ્રમાણે મહેશ્વરી સમાજમાં પાછળની નવી પેઢીમાં દરેક લગ્ન વખતે ઉપર મુજબ કરવાનો રિવાજ પડી ગયેલો. ડૉક્ટરના લગ્ન વખતે પણ વડીલની સૂચના પ્રમાણે બિલાડીને સુંડલામાં મૂકી, એક બાજુએ સુંડલો મૂકવામાં આવેલ. પરંતુ ડૉક્ટર ભણેલ ગણેલ હતા, વિચારવંત હતા. તેમને આ વાત ગળે ઉતરેલ નહીં. તેથી લગ્ન બાદ વડીલો જોડે ચર્ચા કરી અને તેની પૂર્વ હકીકતો જાણી. ડૉક્ટરને લાગ્યું કે આ હકીકત ગેરમાર્ગે દોરનારી અને અંધશ્રદ્ધાવાળી વાત છે. તેમણે બધા વડીલોને પૂરેપૂરી દલીલો સાથે હકીકત સમજાવી. વડીલોને ડૉક્ટરની વાત ગળે ઉતરી ગઈ. આ પ્રસંગ પછી સમગ્ર જ્ઞાતિએ અંધશ્રદ્ધાભર્યો રિવાજ કાઢી નાખેલ હતો. આ રિવાજ નીકળી જવાથી કોઈને ક્યારે પણ કંઈ જ તકલીફ થયેલ નથી અને આ રીતે એક અંધશ્રદ્ધા દૂર થઈ તે મેં મારી રૂબરૂમાં જોયેલ છે.

ઉપર જણાવેલ બાળ ચિકિત્સક ડૉક્ટર મુંબઈ ખાતે જે.જે. હોસ્પિટલમાં જોડાયા હતા અને પાછળથી યુનોમાં બાળ વિભાગના હેડ ડૉક્ટર તરીકે જોડાયેલા અને નિવૃત્ત થયા પછી વિયેનામાં સહકુટુંબ વસે છે.

*શાહ મુરજીભાઈ નરશી - મુંબઈ*
*મેનેજિંગ ટ્રસ્ટી, હીરામોતી ટ્રસ્ટ, કોઠારા - કચ્છ*

★

## 'કચ્છશ્રુતિ' ડિપોઝીટ યોજના

આપના વ્યવસ્થાપક મંડળ દ્વારા હાલે જે વધારો કરવામાં આવ્યો છે તે બિલકુલ અન્યાયી છે.

રૂા. ૫૦૦/- એક વખત ડિપોઝીટ પેટે (આજીવન લવાજમ) ઉઘરાવી હવે ૨૦ વર્ષ પછી રસીદ બતાવી પરત મેળવવા કે ડોનેશન તરીકે 'ફરજિયાત' જમા લેવા અન્યાયી છે. ખરેખર તો એ ૫૦૦/- રૂા. + રૂા. ૧,૦૦૦/- લઈ લવાજમ સ્વીકારવું જોઈએ.

હવે બે-ત્રણ વરસ પછી નવું તંત્રીમંડળ આવશે ત્યારે રૂા. ૨,૦૦૦/- કરશે ત્યારે ફરી અમારે રૂા. ૨,૦૦૦/- ભરવાના? 'જૂના વચન' તો કોણ ગણનામાં લે છે... ખરૂંને?

તમને કોણ મળવા આવ્યું અને તમે ક્યાં પ્રવાસ કર્યો એ ગ્રાહકો માટે તદ્દન બિનજરૂરી માહિતી છે. ન છાપીને પાનાનો બગાડ અટકાવી શકાય. એમાં 'કચ્છ' વિશેની માહિતી પર કોઈ પ્રભાવ પડતો નથી. વ્યક્તિગત સંતોષ - આનંદ સિવાય આવા ખર્ચ બિનજરૂરી છે.

ડોનેશન પ્રાપ્ત કરવાની 'પ્રેમ'થી અનેક રીતો છે. આમ ડોનેશન પેટે 'લવાજમ' જમા લેવાય નહીં.

*સુરેશચંદ્ર ભટ્ટ - ગાંધીનગર*

***(નોંધ : શ્રી સુરેશભાઈ ભટ્ટ સાથે તા. ૧૦-૭-૨૦૧૬ના રોજ વાત કરીને ઉપરોક્ત બાબત સ્પષ્ટ કરવામાં આવી છે. રૂા. ૫૦૦/- લવાજમમાં મજરે લેવા કે લગભગ ૧૫થી ૨૦ વર્ષ સુધી આ ડિપોઝીટની સામે 'કચ્છશ્રુતિ' મેળવ્યું તે સામે એ રકમ સમાજને ડોનેશન આપી પૂરું લવાજમ ભરવું, એ જે - તે સભ્યની મુનસફી પર સમાજ દ્વારા છોડવામાં આવેલ છે. આ ડિપોઝીટ અંગેની વિગત 'કચ્છશ્રુતિ'ના અગાઉના અંકોમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. તેમ છતાં શ્રી સુરેશભાઈને ઊભી થયેલ ગેરસમજ માટે ખેદ વ્યક્ત કરીએ છીએ.***

***– તંત્રી મંડળ)***

★

## ઇન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ

આસારામ – નારાયણની રૂા. ૨૫૦૦ કરોડની સંપત્તિ પર સુરત ઈન્કમટેક્ષ વિભાગે રૂા. ૭૦૦ કરોડનો ટેક્ષ લગાવી તેની વસુલી માટેની કાર્યવાહી શરૂ કરેલ છે!

કોણ કહે છે કે સરકારી અધિકારીઓ પ્રામાણિકપણે કામ નથી કરતા! ■

## 'કચ્છશ્રુતિ'ની 'કલરવ' કોલમ વિશેના પ્રતિભાવો

**'કચ્છશ્રુતિ' માટે હર્ષ અને ગૌરવની લાગણી... તથા તેમાં પ્રસિદ્ધ થતો 'કલરવ' વિભાગ એટલે સુંદર પૌષ્ટિક વાંચન**

દિવસો દિવસ નવલા રૂપ ધારણ કરતું અને સુંદર લેખન - સામગ્રીથી ભરપૂર આપણું 'કચ્છશ્રુતિ' ખૂબ જ પ્રગતિના પંથે જઈ રહ્યું છે. મનમાં ખૂબ જ હર્ષની અને ગૌરવની લાગણી થાય છે.

આ વખતના અંકમાં 'કલરવ' વિભાગ માટે પ્રતિભાવ આપવાનું મન થાય છે. 'કલરવ' ઘણા જ વખતથી આપણા અંકમાં છપાઈ રહ્યું છે. જેમાં ફક્ત બાળકો માટે નહીં પરંતુ યવાનો, વૃધ્ધ — બધાને માટે ખૂબ જ સુંદર પૌષ્ટીક વાંચનનો ખોરાક મળી રહ્યો છે. સંપાદક શ્રી દિનેશભાઈ માંકડને આના માટે ધન્યવાદ આપું છું. આપ સૌ સારી મહેનત કરી, મગજ કસીને આપણા મેગેઝીનને ખૂબ જ સુંદર બનાવેલ છે. ખરેખર ગુજરાતી ભાષાનો વ્યાપ વધારવા, નાના બાળકો માટે એક સુંદર મજાનું માધ્યમ બનાવેલ છે. પૂરતી સમજ અને ગોષ્ઠી સાથે ગુજરાતી પ્રત્યે આકર્ષિત કરવા પડશે. જો કે ઘણા જ લોકો આ કાર્ય કરી જ રહ્યા હશે જ. આમ છતાં, હું ભારપૂર્વક કહું છું કે 'કલરવ' જેવા વિભાગને જાળવવા વધારે ને વધારે કોશિશ કરવી પડશે. બાકી મોબાઇલ ફોન અને કોમ્પ્યુટરનો વ્યાપ એટલો વધી રહ્યો છે કે આપણા આ અમૂલ્ય વારસાનું પતન ન થઇ જાય તો સારું. આપણને શ્રી દિનેશભાઈ માંકડ જેવા મોટા ગજાના સાહિત્યકાર મળ્યા છે, એ આપણા માટે ગૌરવ છે.

*શ્રીમતી અલ્કા એ. સંઘવી - અમદાવાદ*
*ફોન : ૨૫૪૭૦૭૭૫*

★

### 'કલરવ' કોલમ વિષે પ્રતિભાવ

'કચ્છશ્રુતિ' કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર તરીકે ૨૯ વર્ષથી પ્રગટ થાય છે અને તેમાં પણ સમયાનુસાર ઘણા બધા પરિવર્તન આવ્યા છે. દરેક પરિવર્તન પછી માસિક બળુકું બનતું રહ્યું છે. જો કે જ્યારથી શ્રી અશોક મહેતા અને તેમના તંત્રીમંડળે આ કાર્ય હાથમાં લીધું છે ત્યારથી તેમના અનુભવ અને વિશેષ કરી છુટવાની ધગશથી 'કચ્છશ્રુતિ'ના રૂપરંગ જ બદલાઈ ગયા છે અને હવે તે અન્ય મેગેઝીન સાથે પડ્યું હોય તો તરત જ ધ્યાન આકર્ષે છે.

દરેક માસિક - પખવાડિક મુખપત્ર પોતપોતાની રીતે આગવી છાપ ધરાવતું હોય છે. 'કચ્છશ્રુતિ' પણ તેની માતબર અને ઉપયોગી માહિતીથી આગવું સ્થાન ધરાવે છે. જ્યારે પણ કોઈ માસિક અને તેમાં પણ સમાજના અગ્રગણ્ય માસિકના વિવિધ વિભાગોમાંથી કોઈ પણ એક વિભાગ વિશે મંતવ્ય રજૂ કરવાનું હોય ત્યારે તે વિશેષ મહેનત માંગી લે છે. કોઈ એક વિભાગનું મૂલ્યાંકન સરળ નથી હોતું અને તેમાં પણ બાળજગત - બાળ વિભાગ વિશે પ્રતિભાવ આપવાનો હોય ત્યારે એક વાંચક તરીકે ખાસ્સો શ્રમ કરવો પડે. વિભાગ સંપાદક એની વિશિષ્ટ આવડત અને ગોઠવણ મુજબ એનો મુખવટો તૈયાર કરતો હોય છે.એટલે વાંચક વર્ગ શરૂથી અંત સુધી વાંચવા મજબુર બને.

આ રીતે 'કચ્છશ્રુતિ'નો શ્રી દિનેશ માંકડ સંપાદિત 'બાલ જગત' પણ આગવા અને વિશિષ્ટ અંદાજમાં રજૂ કરવામાં આવે છે. ટાબરિયાને અને સાથે સાથે મોટેરાઓને પણ ટકોરીને વિભાગ શરૂ કરવામાં આવે છે. તેમાં પણ ગૌરવગાથા, નાની વાત મોટો બોધ, તન સારું તો મન સારું, મગજ કસો, હસ્યા તો ફસ્યા — વિવિધ વિષયો વિશે માહિતી આપી ટાબરિયાઓને ઓલરાઉન્ડ માહિતી આપવામાંઆવે છે. મારા મતાનુસાર બાલ જગતનો આ ઢાંચો ખૂબ જ અગત્યનો અને ઉપયોગી છે. જેના જેના ઘેર 'કચ્છશ્રુતિ' આવતું હોય તેમણે સમાજ તેમજ સાહિત્ય જગતની જાણકારી મેળવવા દરેક વિભાગ વાંચવા જ રહ્યા.

શ્રી દિનેશભાઈ માંકડ લગે રહો... હમ સબ તુમ્હારે સાથ હૈ...

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

★

### 'કલરવ' કોલમ વિષે પ્રતિભાવ

સૌપ્રથમ અભિનંદન શ્રી દિનેશભાઈ માંકડને. આજીવન શિક્ષક તરીકે 'કચ્છશ્રુતિ'માં લાંબા સમયથી બાળકો - ટાબરિયા કે કિશોર અવસ્થાના વાંચકોને જ્ઞાન-વિજ્ઞાન અને ગમ્મત સાથે અવિરત 'કલરવ'નો 'કલશોર' જાળવી રાખવા માટે.

બીજા અભિનંદન કચ્છશ્રુતિના તંત્રી મંડળને જેમણે અભિપ્રાય તેમજ વધુ લોકભોગ્ય બને તે માટે કે વધુ વંચાય તે માટે પ્રતિભાવ શ્રેણી સરૂ કરી અને કલરવને પણ તેમાં સમાવી લીધું.

બધા વયસ્કો માટે કલરવના બધા જ ઉંમરના બાળકો આપણા માટે ટાબરિયા જ છે છતાં ૧૦થી ૧૨ વરસ સુધીનાને ટાબરિયા ગણી મારો પ્રતિભાવ આપી રહ્યો છું.

પહેલા તો કચ્છશ્રુતિ અને તેના વિવિભ વિભાગોનું વાંચન, ઘરે અંક મેળવનાર કેટલા મિત્રો, ભાઈ-બહેનો વાંચે છે? હૃદય ઉપર હાથ મૂકીને ઈષ્ટદેવનું સ્મરણ કરી, સાચી હકીકત મળે તો

આ આંકડો - અંકોના વિતરણના પ્રમાણમાં ૫૦%થી નીચે આવશે એવી મારી માન્યતા છે. તદુપરાંત કેટલા વાલીઓ પોતાના સંતાનોને 'કલરવ' વાંચવા પ્રોત્સાહિત કરે છે, કે જણાવે છે કે દબાણપૂર્વક વંચાવે છે? તે પણ અગત્યનો પ્રશ્ન છે. જેનો ઉત્તર શ્રી દિનેશભાઈ માંકડ જ એમને મળતા રીસ્પોન્સ દ્વારા જણાવી શકે.

છતા મારી અંગત ધારણા પ્રમાણે આપણા ટાબરિયાઓને કલરવ વાંચતા કરવા કે વાલીઓને પણ રસ લેતા કરવા નીચેના સૂચનો કરવા ઈચ્છા ધરાવું છું તેમજ શક્ય / અશક્યનો નિર્ણય શ્રી દિનેશભાઈ અને તંત્રીમંડળ કે કારોબારીનો વિષય છે તે પણ નોંધવું જરૂરી છે.

જે રીતે 'સાંપ્રત મંચ'ને શ્રી હસમુખભાઈ મહેતાએ વહેતી કરી તે રીતે ટાબરિયાઓના ગ્રુપ પાડીને (૧) એકથી ચાર ધોરણના અને (૨) પાંચથી સાત ધોરણના અથવા ઉંમર પ્રમાણે ચારથી સાત વર્ષ અને આઠથી અગિયાર કે બાર વરસના – એમ બે વિભાગ પાડી તેમજ શ્રી દિનેશભાઈ માંકડ એવી સ્પર્ધાત્મક વિભાગો કે હરીફાઈ બનાવે જેમાં પ્રથમ, બીજા કે ત્રીજા આવનારને પેન-પેન્સિલ, સર્ટીફિકેટ, વિકાસપત્રો (જે ભલે ઓછી કિંમતના હોય પણ પાંચ-છ વરસે રકમ બેગણી થઈ જાય તેવા), પઝલ ક્યુબ કે એવી રમતો, ચિત્રો કે ચિત્ર સ્પર્ધા ઉમેરીને ઈનામોરૂપી પ્રોત્સાહન આપી શકાય. તેમજ અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિમાં ઈનામ લાવનારને આપણા અષાઢી બીજ, ગરબા જેવા કાર્યક્રમોમાં બહુમાન કરી બીજા માટે દાખલો બેસાડી શકાય.

આવી રચનાત્મક પ્રવૃત્તિઓ માટે વાલીઓ પણ પોતાના સંતાનોને વાંચવા કે ભાગ લેવા પ્રોત્સાહિત કરશે કે પાનો ચડાવશે એવી મારી ધારણા છે.

ટાબરિયામાંથી કિશોર કે કિશોરી બનેલા સંતાનોને આપણે ગુજરાતી ભાષાની સાથે સાથે કચ્છની સંસ્કૃતિનો લગાવ રહે તે પણ એટલું જ જરૂરી છે.

આપણી સામે ૧૦-૧૨ ધોરણના પરિણામોમાં ઉડીને આંખે વળગે તેવી હકીકતમાં માતૃભાષા ગુજરાતીનું અતિ નિમ્નકક્ષાનું પરિણામ આવે છે. તેને પાયાની જરૂરિયાત સમજીને શ્રી દિનેશભાઈ માંકડ અને કોલમ 'કલરવ'ને પ્રચાર - પ્રસાર કરી આવતીકાલના આપણા ગુજરાતી - કચ્છી સમાજને ભાષાકીય રીતે સમૃધ્ધ બનાવવાની પહેલ ગણાશે એવો મારો મત છે. આભાર સાથે...

*બલવીરસિંહ જાડેજા - અમદાવાદ*

# માફ કરતા શીખી જજો

કોઈને માફ કરવા એટલે કે કોઈને ક્ષમા આપવી એ વીરનું ભૂષણ છે એમ જે આપણા પૂર્વજોએ કહ્યું છે તે અમસ્તું નથી કહ્યું. તેનો ગૂઢાર્થ સમજવા જેવો છે. કોઈનાં કઠોર વચનો કે કોઈના આપણા પ્રત્યેના ખરાબ વર્તનને માફ કરી દેવાની ક્રિયા એ કંઈ નિઃસ્વાર્થ ક્રિયા નથી, પરંતુ તેમાં આપણો સ્વાર્થ સમાયેલો હોય છે, કારણકે જેવા આપણે સામેની વ્યક્તિને માફ કરી દીએ છીએ એટલે આપણે હળવાફુલ બની જઈએ છીએ. આપણે આપણું બૂરું કરનારને માફ નથી કરતા ત્યાં સુધી તેના એ કાર્યને અને તેના બોલાયેલા શબ્દોને આપણે આપણી પીઠ ઉપર ઊંચકીને ફર્યા કરીએ છીએ. પરંતુ જેવા આપણે એ વ્યક્તિને માફ કરી દઈએ છીએ કે આપણે હળવાફુલ થઈ જઈએ છીએ. જ્યાં સુધી તમે એ વ્યક્તિને માફ કરી દેતા નથી ત્યાં સુધી તમારા મનની શાંતિ હણાઈ જાય છે. તમારી શક્તિ, તમારો ઉત્સાહ એ વાતોમાં વણાઈ જાય છે, જે વાતો પેલી વ્યક્તિ બોલી હોય છે. પણ જેવા તમે એને માફ કરી દો છો કે બધો ભાર તમારા ખભા ઉપરથી ઊતરી જાય છે અને તમે હળવાફુલ બની જાવ છો.

તમારા કચડાયેલા મનમાંથી ઉઠતી સુવાસનું નામ છે – ક્ષમા. ક્ષમા આપવા માટે, કોઈને માફ કરવા માટે તમારામાં હિંમત હોવી અત્યંત જરૂરી છે, કારણકે તમારા મન ઉપર અજ્ઞાન અને બીજા પ્રત્યેના દ્વેષનાં પડળો છવાયેલાં હશે તો તમારામાં ક્ષમા આપવાની હિંમત નહીં આવે અને એક વખત જો આવી હિંમત તમારામાં આવી ગઈ તો તમે તમારા જીવનને અને તેની ગુણવત્તાને (ક્વૉલિટીને) ક્યાંય ઊંચે લઈ જઈ શકશો.

માફી માંગી લેવી અને માફી આપવી એ બે જુદી જુદી વાતો છે. કોઈ તમારા પ્રત્યે બૂરું વર્તન કરે ત્યારે તમે તેને માફ કરી દો તો તે એક વાત થઈ, પરંતુ તમારાથી કોઈને ન કહેવાના શબ્દો કહેવાઈ જાય અથવા તો તેની સાથે ખરાબ વર્તન થઈ જાય ત્યારે તરત જ તે વ્યક્તિને "માફ કરજો ભાઈ, ભૂલ થઈ ગઈ..." એટલું કહેવાથી તમે તો હળવાફુલ થઈ જશો, પણ સામેની વ્યક્તિ તમારા આ સૌજન્યપૂર્ણ વર્તનથી તમને અહોભાવથી જોવા માંડે છે. અંગ્રેજી ભાષામાં 'સૉરી' અને 'થૅન્ક યુ' શબ્દો ખૂબ જ સારી રીતે વ્યવહારમાં વપરાય છે અને તેની ધારી અસર ઊપજતી હોય છે. કોઈ અંધજનને રસ્તો ક્રોસ કરાવી દેવો એ અત્યંત સારું અને યોગ્ય કાર્ય છે, પરંતુ તમે જોશો કે રસ્તો ક્રોસ કર્યા પછી તે અંધજન તમને અચૂક 'થૅન્ક યુ' કહેશે. બીજી તરફ તમે રસ્તે જઈ રહ્યા છો અને કોઈ તમારી સાથે ભટકાઈ જાય તો તે વ્યક્તિ તરત પોતાની ભૂલ બદલ તમને 'સૉરી' કહેશે. આપણી ભૂલ થઈ જાય... મનુષ્ય છીએ, ભૂલ થાય પણ ખરી... તો સામેની વ્યક્તિની માફી માગતા અચકાતા નહીં અને કોઈ તમારા માટે નાનું કે મોટું કામ કરે તો 'આભાર' કહેતાં સંકોચ અનુભવતા નહીં.

અને છેલ્લે નાની પણ અગત્યની વાત : તમે કોઈને માફી આપો ત્યારે ઉપરછલ્લી રીતે એટલે કે "જા તુઝે માફ કિયા" એવા ભાવથી માફી ન આપતા. માફી આપવાની અને માફી માગવાની – એ બંને ક્રિયા ખરા દિલથી કરજો. તો જ તેનો અર્થ સરશે અને તમારી સાચી જાતને તમે વ્યક્ત કરી શકશો.

*– આદિત્ય વાસુ*

*સૌજન્ય : "આપ મુઆ પીછે ડૂબ ગઈ દુનિયા"*

## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાજંરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશ્ન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬



## Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

## We Provide

- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com



## શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦
## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેની ંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં,
અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



॥ જય માતાજી ॥

જયમલસિંહ ઝાલા
૯૮૨૫૭ ૧૯૬૭૮
૯૪૦૯૦ ૪૦૬૭૬

P



## પ્રતાપસિંહ



પેંડાવાલા
(બાપુ પેંડાવાલા-માંડવી કચ્છ)

કચ્છી પેંડા અને કચ્છી ગુલાબપાકના સ્પેશિયાલિસ્ટ

શિયાળાની સિઝનમાં કચ્છી અડદિયા, ગુંદરપાક, અંજીરપાક મળશે.

કાજુકતરી, શુધ્ધ ઘી, દૂધ, માવા, ડ્રાયફ્રુટની મીઠાઈ તથા નમકિન્સ

૩, સુકીર્તિ ટાવર, શ્રેયસ સોસાયટી પાસે, આગમ એવન્યુ સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
શ્રી રાણેશ્વર રોડ, માંડવી-કચ્છ. ફોન : ૦૨૮૩૪-૨૩૦૦૪૪



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લક્ઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

## શ્રી હરિ ટ્રાવેલ્સ

પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ



સુનિલભાઈ હંસરાજભાઈ દાવડા મો. ૯૮૨૫૦૨૧૪૨૩

## આરતી કોર્પોરેશન

**પ્લાસ્ટીક જમ્બો બેગ ૧ ટન કેપેસીટીનું ટ્રેડીંગ**

૩૮, પી. ડી. એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટની પાસે,
સી. ટી.એમ., અમદાવાદ-૩૮૦૦૨૬



## FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031



INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class upto 7000 KVA, Confirming to IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)




Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in




M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13




Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com




Girlie TM
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com




Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com




પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫
॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.




પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

તંત્રીલેખ

# અમદાવાદ સ્થિત કચ્છીઓની સમાજ રચના

• અશોક મહેતા •

અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં કચ્છીઓના ૩૦થી પણ વધુ ઘટક સમાજો અસ્તિત્વ ધરાવે છે. મંડળ સ્વરુપે તથા સંસ્થા સ્વરુપે પણ કેટલાક સંસ્થાનો ઊભા કરવામાં આવેલ છે. સામાન્ય રીતે દરેક જ્ઞાતિના એક-એક સમાજની રચના કરાતી હોય છે પરંતુ કચ્છ કડવા પાટીદાર સમાજના અંદાજિત ૨૦ જેટલા સમાજો અસ્તિત્વ ધરાવે છે. તેમના સમાજની રચના વિસ્તારના ધોરણે કરવામાં આવેલ છે જ્યારે અન્ય જ્ઞાતિ સમાજોમાં અમદાવાદ - ગાંધીનગરના વિસ્તારને આવરતા એક જ સમાજની રચના કરવામાં આવેલ છે.

જેમ સમાજો નાના તેમ તેઓની કાર્યવાહી માત્ર ઉત્સવો પૂરતી મર્યાદિત રહે છે. જ્યારે મોટા સમાજો પોતાના સમાજના સભ્યો સિવાય સ્થાનિકે કર્મભૂમિના પરિવારો માટે પણ સેવાકીય કાર્યો કરતા રહે છે.

ઉપરોક્ત બધા જ સમાજોમાં આંખે અડીને કામગીરી કરતા હોય તેવા માત્ર જૂજ સમાજ જ દેખાય છે. કેટલાક સમાજોએ પોતાની સમાજવાડીમાં વિદ્યાર્થીઓને રહેવાની તથા અતિથિ ભવનની વ્યવસ્થા ઊભી કરેલ છે. હા, આ વાડીનો ઉપયોગ પોતાના સમાજના ભાઈઓ ઉપરાંત અન્ય લોકો પણ કરી શકે છે. શ્રી કચ્છી લેવા પટેલ સમાજે પોતાના જ્ઞાતિજનો માટે અતિથિ ભવન અલગથી ઊભું કરેલ છે. એ જ રીતે વિદ્યાર્થી ભવન તથા વિદ્યાર્થિની ભવન એમ બે અન્ય ભવનો પણ સ્થાપિત કરેલ છે. આ સમાજ ભલે પોતાના સમાજના સભ્યો માટે કાર્યવાહી કરતો હોય પરંતુ તેમની કામગીરી અન્ય સમાજોની કામગીરી કરતાં વિશેષ નોંધપાત્ર રહેલ છે. કદાચ તેનું એક કારણ એ પણ હોઈ શકે કે એ સમાજના અનેક પરિવારોનો વસવાટ વિદેશમાં હોવાથી અન્ય સમાજના પ્રમાણમાં થોડો સમૃદ્ધ હોય અને પોતાના સમાજના ત્રણ ભવન ઊભા કરી શકેલ હોય. તેઓએ ચોથા મકાન માટે પણ વિશાળ વિસ્તારની જમીન પણ ખરીદી લીધેલ છે. અન્ય એ વાત કરીએ તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિ ઉડીને આંખે વળગે તેવી બની રહેલ છે. આ સમાજે અમદાવાદમાં ત્રણ અતિથિ ભવનોનું નિર્માણ કરેલ છે જેમાંના એક શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગના દ્વાર કોઈ પણ દેશી-વિદેશી નાગરિક માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. તદુપરાંત આ સમાજે મેડિકલ ચેક-અપ સેન્ટર, ડાયાલિસિસ સેન્ટર, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ અને સાંસ્કૃતિક કેન્દ્ર (એ.સી. હોલ) ભારતભરના કોઈપણ નાગરિક માટે ખુલ્લા રાખેલ છે અને કોઈ પણ નાગરિક તેનો વપરાશ કરી શકે છે. પાલડી પરના મેડિકલ ચેક-અપ સેન્ટરમાં મેડિકલની વિવિધ ૨૮ બ્રાંચો કાર્યરત છે અને તે પણ ખૂબ જ કિફાયતી દરે હોવાથી આજે દરરોજ ૪૦૦ જેટલા સ્થાનિક લોકો તેનો લાભ ઉઠાવી રહ્યા છે. આ બધા જ પ્રકારની સેવાઓ માત્ર માતૃભૂમિના નહીં પણ કર્મભૂમિના કોઈ પણ નાગરિક માટે ઉપલબ્ધ રાખવામાં આવેલ છે. આ સમાજે પોતાના જરૂરિયાતવાળા પરિવારજનો માટે, જેની કિંમત વર્ષ ૨૦૧૦માં રૂા. ૭ થી ૮ લાખ જેવી હતી તેવા 1 BHKના ૪૦ ફ્લેટ્સ માત્ર રૂા. ૫૦,૦૦૦/-ની નજીવી કિંમતે હંમેશને માટે સુપરત કરી દીધેલ છે. જ્યારે બાકી રહેતા સમાજોએ પોતાના સ્થાનો ઊભા કરવાના હજુ બાકી રહે છે.

નાના ઘટક સમાજોની સભ્ય સંખ્યા ઓછી હોય અને કદાચ એ અતિ સમૃદ્ધ કક્ષામાં ન પણ હોય તો તે સમાજ પોતાના જ્ઞાતિ ભાઈઓને એકજુટ રાખી શકવા સિવાય મોટાભાગના સામાજિક કાર્યો હાથ પર લઈ શકતા નથી. આ આપણી સબળી કડી ના કહેવાય. નાના સમાજો એટલું પ્રભુત્વ સ્થાપિત કરી શકતા નથી કે જેના કારણે જે કર્મભૂમિમાં આપણે રોજીરોટી પામીએ છીએ એ કર્મભૂમિના સામાજિક કાર્યો અને વિકાસના કાર્યો હાથ પર લઈ શકે. તેના કારણે આ કર્મભૂમિમાં તેઓનું પ્રભુત્વ પણ સ્થાપિત થઈ શકતું નથી.

અગર આપણે નાના સમૂહમાં મગ્ન રહેવા માંગતા હોઈએ તો રહીએ અને તેમાં કશું ખોટું પણ નથી. પરંતુ આપણે

એ ન ભૂલવું જોઈએ કે જે માટીમાં આપણે શ્વાસ લઈએ છીએ, જે ભૂમિના રોડ - રસ્તા, હવા-પાણી, વીજળી ઇત્યાદિ સગવડો વાપરીએ છીએ એ ભૂમિ માટે પણ આપણી કંઈક ફરજ બની રહે છે અને એ ફરજ આપણે ત્યારે જ અદા કરી શકીશું કે જ્યારે આપણે આપણો સમુદાય મોટો કરી શકશું.

બરાબર આ જ વિચારસરણીના આધારે આપણા નાના - નાના જ્ઞાતિ સમાજની સાથે સાથે એક સહિયારો અને મોટો સમાજ જો આપણે મોટા પ્રમાણમાં કાર્યાન્વિત કરી શકીએ તો તે ''શ્રી કચ્છી સમાજ - અમદાવાદ'' જ હોઈ શકે કે જેને આપણે સહુએ મજબૂત બનાવવો જ રહ્યો.

''શ્રી કચ્છી સમાજ - અમદાવાદ''ની સંગઠન શક્તિ વધારવા તમને સહુને જોડાઈ જવાની અને અન્યોને પણ જોડાઈ જવાની પ્રેરણા આપવા અપીલ કરીએ છીએ.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## ધર્મ, એ લોકોને પાવામાં આવેલું અફીણ છે

દુનિયામાં જેટલી ક્રાંતિઓ થઈ છે એ બધી વિરોધના સૂરમાંથી જ થઈ છે. ફ્રાંસની ક્રાંતિ વોલ્ટેર અને રુસોના લખાણથી જ થઈ હતી. એ જ રીતે રશિયાની ક્રાંતિ માર્કસના પુસ્તક 'દાસ કેપીટલ'થી થઈ હતી. માર્કસે જર્મનીના એક શહેરની લાઈબ્રેરીમાં પુરાઈને આખી દુનિયાનું સાહિત્ય વાંચી કાઢ્યું અને એને ખ્યાલ આવ્યો કે દુનિયાના બધા સંઘર્ષોનું મૂળ ધર્મમાં છે. પરિણામે એણે કહ્યું કે 'રીલિજિયન ઇઝ ધી ઑપિયમ ઑફ ધી પીપલ.' મતલબ, કે ધર્મ એ લોકોને પાવામાં આવેલું એક જાતનું અફીણ છે. આ અફીણ ખાઈને લોકો બેહોશીમાં સરી પડે છે અને ધર્મ કે ધર્માચાર્યો સામે કંઈ બોલી શકતા નથી. એમને સ્વર્ગની લાલચ આપવામાં આવી છે અને કહેવામાં આવે છે કે ધર્મનું પાલન નહીં કરો તો નરકમાં જશો. આવો ભય પણ બતાવવામાં આવે છે. આમ ભય અને લાલચથી લોકો ચૂપ રહે છે. માર્કસના વિચારો વાંચીને લેનિને રશિયામાં ક્રાંતિ કરી અને ઝાર નામના સરમુખત્યાર રાજાને સત્તા ઉપરથી ફેંકી દીધા. ઝારના આખા કુટુંબનું નિકંદન નીકળી ગયું.

*– યાસીન દલાલ*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...

**કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.**

**નામ** / Name : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ** / **Shri Kachchhi Samaj – Ahmedabad**

**બેંક** : **ભારતીય સ્ટેટ બેંક,** પ્રભાત સોસાયટી, પાલડી બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭.

**Bank** : **State Bank of India,** Prabhat Society, Paldi Branch, Ahmedabad-380007

**ખાતા નંબર** : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/c. No. : 10011315039**

**આઈએફએસ કોડ** : **IFS Code : SBIN0003097**

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને SMS, વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું** : **શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

# અષાઢી બીજ – કચ્છીઓનું નવું વર્ષ

● વી.જે. ઠાકર, નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક ●

આપણાં ઉત્સવો અને તેની ઉજવણી આપણા વ્યવસાય અને આર્થિક ઉપાર્જન અંગેના સાધનો અને સમય સાથે સીધી રીતે જોડાયેલા હોય છે. જૂના સમયમાં મોટેભાગે ખેતીવાડી અને તેની સાથે સંલગ્ન વ્યવસાય સાથે માનવી જોડાયેલ હતો. એટલે વર્ષાઋતુ દરમિયાન ફસલ ઉગાડવાના કામમાં પ્રવૃત્ત સામાન્ય માણસ ખેડાણ અને વાવણીનું કામ પૂર્ણ કરી શ્રાવણ મહિનાથી દિવાળી સુધી ઉત્સવો મનાવવામાં આવતાં. આમ દિવાળી સુધી ઉત્સવો આ સમય અનુસાર ગોઠવાયેલ હતા. પરંતુ કચ્છ જેવા ઓછા વરસાદ અને લગભગ દુકાળ જેવા સૂકા પ્રદેશોમાં ખેતીવાડીની શક્યતાઓ ખૂબ જ ઓછી રહેતી. એટલે ખપ પૂરતું જુવાર અને બાજરી જેવું અનાજ ઉગાડી સંતોષ માનતા. પણ વ્યવસાય માટે અન્ય કોઈ સાધન તે વખતે પ્રાપ્ત નહોતું. એટલે ઉપલબ્ધ દરિયા કિનારાની સગવડને કારણે દરિયાઇ રસ્તે વિદેશની વાટ પકડવા સિવાય કોઈ ચારો નહોતો. વિદેશમાં મજૂરીથી માંડીને વેપારનો વિસ્તાર કરવામાં માહિર આપણાં કચ્છી યુવાનોએ દરિયા પારના દૂર દૂરના દેશોમાં પોતાનું વેપારનું સામ્રાજ્ય વિસ્તારેલ અને ઓછું ભણતર છતાં આગવી કોઠાસુઝથી આફ્રિકા, અરબસ્તાન, પૂર્વમાં જાવા સુમાત્રા - ફીજી જેવા દેશોમાં વહાણો દ્વારા વિદેશ વ્યાપાર વિકસાવેલ. કચ્છનાં વહાણો વિદેશની સફરથી દર વર્ષે મે - જૂનમાં દરિયો તોફાની થતાં તે પહેલાં કચ્છનાં બંદરોએ આવી જતાં. તે સાથે વિદેશમાં વસતા કચ્છીઓ પણ આખરમાં સ્વદેશ આવતા અને ત્રણ ચાર મહિના દેશમાં રોકાતા. આ દરમિયાન વહાણોના રિપેરિંગ તથા કલરકામ કરવામાં આવતું અને નવી સીઝન નારિયેળી પૂનમે શરૂ થાય તે પહેલાં ધજા પતાકાં લગાવી વહાણો નવી સફર માટે તૈયાર કરવામાં આવતા. વિદેશ વ્યવસાય કરતાં કચ્છીઓ તથા વહાણવટીઓના કચ્છમાં રોકાણને ધ્યાનમાં લઈ ઉત્સવોની ઉજવણીની શરૂઆત અષાઢી બીજ એટલે કચ્છીઓના વ્યવસાય શરૂ થતા નવા વર્ષ તરીકે ઉજવવાની પરંપરા શરૂ થયેલ, જે હજી સુધી ચાલી આવે છે. આ દિવસે દરિયાઇ બંદરો ઉપર વહાણો શણગારવા અને ગામની મહિલાઓ સવારે દરિયાનું પૂજન કરે અને સાંજે દરિયાકિનારે મેળો ભરાય. જેમાં અબાલવૃધ્ધ ભાગ લે. આ હતી ભૂતકાળની વાત. પરંતુ હવે પરિવર્તનનો પવન ફુંકાયો છે. ૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છની આખી સીકલ બદલાઇ ગઈ છે. નાના બંદરો ઉપરનો ટ્રાફિક લગભગ નેસ્તનાબૂદ થઈ ગયો છે. મહાબંદરો કંડલા અને મુંદ્રા પર પશ્ચિમ ભારતનો મોટાભાગનો ટ્રાફિક હેન્ડલ થાય છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ જેવા દેશોનો આયાત નિકાસનો માલ આ મહાબંદરો હેન્ડલ કરે છે. પૂર્વ કચ્છમાં અંજારથી છેક સામખિયાળી સુધીનો વિસ્તાર વિવિધ નાનામોટા કારખાનાઓથી ધમધમે છે. પશ્ચિમ કચ્છમાં મુંદ્રાથી અબડાસા સુધી ઉદ્યોગો પાવર પ્લાન્ટોનો ધમધમાટ છે. એક વખત રોજગારી માટે દેશ વિદેશ ભટકતો કચ્છી આજે લાખો બિન કચ્છીઓને કચ્છમાં રોજગારી પૂરી પાડે છે.

**ઇરાનના ચારબાહ બંદરનો ભારત સરકાર દ્વારા થઇ રહેલ વિકાસ**

★

**સૌરાષ્ટ્ર - કચ્છના બંદરોનું ઉજ્જવળ ભવિષ્ય**

તાજેતરમાં ભારત સરકારે ઈરાન સાથે કરાર કરી તેના ચારબાહ બંદરને વિકસાવી અફઘાનિસ્તાન તથા મધ્ય એશિયા દેશો સાથે સીધા વેપારનાં દ્વાર ખોલ્યા છે. તેના કારણે ભૌગોલિક રીતે ચારબાહ બંદરથી કચ્છ સૌરાષ્ટ્રનાં બંદરો નજીક પડતાં હોઈ સમગ્ર ભારતનાં આયાત નિકાસ માટે ગુજરાતનાં બંદરોના વિકાસની ઉજ્જવળ તક રહેલી છે. જેને કારણે કચ્છ સૌરાષ્ટ્રનાં વિકાસનું એક નવું સોપાન શરૂ થશે. એટલું જ નહીં, પાકિસ્તાન દ્વારા ગ્વાદર બંદરને સોંપણીથી વધી રહેલ ચાઈનીઝ ગતિવિધિ પર પણ ચાંપતી નજર રહી શકશે.

*૧૭, નટવર પાર્ક,*
*સામાકાંઠા, મોરબી-૩૬૩ ૬૪૨. (ગુજરાત)*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

# અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ

● દિનેશ આર. મહેતા ●

*આય વલો અસાંજો વતન, મુંજી માતૃભૂમિ કે નમન....*

કચ્છવાસીઓ માટે અષાઢી બીજનું ઘણી રીતે મહત્ત્વ છે. અષાઢી બીજના દિવસે સૌ કચ્છીઓની મીટ આકાશ તરફ મંડાતી હોય છે. 'અષાઢી બીજ, કાં વાદળ કાં વીજ....' વાળી પંક્તિ મુજબ, તે દિવસે કચ્છી માડુ મેઘરાજાનો વર્તારો નક્કી કરતા હોય છે, વરસાદના એંધાણ પારખવાની કોશિશ કરતા હોય છે. વર્ષ દરમ્યાન, સમગ્ર કચ્છ પ્રદેશમાં સારો વરસાદ થશે તેવો હર્ષોલ્લાસ અગાઉથી જ એટલે કે અષાઢી બીજના દિવસે વ્યક્ત કરતા હોય છે. બીજા અર્થમાં, શ્રધ્ધા અને ઉમંગનો દિવસ એટલે અષાઢી બીજનો દિવસ.

કચ્છમાં અષાઢી બીજના દિવસે નવા વર્ષ તરીકેની ઉજવણી ક્યારથી અને કેવી રીતે થઈ હશે તે બાબતે જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. આ સંબંધમાં કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. એક ઉલ્લેખ મુજબ, જે તે સમયના રાજાઓએ એક યા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા પ્રાપ્ત કરી હતી. આ કારણે અષાઢી બીજને મહત્ત્વ આપવામાં આવ્યું છે. **તે ઉપરાંત, કચ્છમાં રણ અને દરિયાના પરિણામે ચંદ્રનો ખાસ મહિમા રહેલો છે.** જેના પરિણામે કચ્છના લોકોએ અષાઢી બીજને સ્વીકારેલ છે. અષાઢ માસથી વર્ષાઋતુનો આરંભ થતો હોય છે. બીજના ચંદ્રથી તેની કળા પૂર્ણ થાય ત્યાં સુધી એકધારી ચડતી થતી હોય છે. આ કારણે અષાઢી બીજ - નૂતન વર્ષ એ શુકનવંતો અને સતત વિકાસ સૂચક છે. આ રીતે કચ્છી નવા વર્ષની શરૂઆત વર્ષાઋતુના આરંભે થાય છે જ્યારે ભારતમાં મોટાભાગના વિસ્તારમાં કારતક અથવા તો ચૈત્ર માસમાં થતી હોય છે.

કચ્છી નવા વર્ષનો એક સીધો સંબંધ દરિયાઈ વિદેશ વ્યાપાર સાથે રહેલો છે. વેપાર અર્થે કચ્છના માંડવી બંદરનો વિશ્વના ઘણા દેશો સાથે સદીઓ સુધી મહત્ત્વનો હિસ્સો હતો. તે સાથે કચ્છના અન્ય નાના બંદરો પણ વેપાર ક્ષેત્રે સક્રિય હતા. ઉલ્લેખનીય છે કે, કચ્છનો દરિયાઈ વિદેશ વેપાર રાતા સમુદ્રના દેશો સાથે વિશેષ માત્રામાં હતો. વેપારના ઉદ્દેશથી દિવસ-રાત દરિયો ખૂંદતા લોકો દરિયાની ખાસ પૂજા - અર્ચના અષાઢી બીજના દિવસે ભાવપૂર્વક કરતા હતા. ખારવા લોકો પોતાના વહાણોને શણગારીને એક ઉત્સવ મનાવતા હતા. જે પ્રથા પાછળથી પણ ચાલુ રહી હતી. અન્ય એક ઉલ્લેખ અનુસાર જે તે સમયના રાજાઓએ એક અથવા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા હાંસલ કરી હતી. તે કારણે પણ તે દિવસને મહત્ત્વ અપાયું છે.

રાજાશાહીના સમયમાં કચ્છના રાજદરબારમાં અષાઢી બીજની ઉજવણી ખૂબ જ ઉત્સાહભેર અને ઠાઠમાઠથી કરવામાં આવતી હતી. નાની મોટી દરેક કચેરીઓ ઝુમ્મરો, ધજા અને લાઈટોથી શણગારવામાં આવતી. રાજા પણ પ્રજાજનોનો આદર સત્કાર કરતા. સવારીનું આયોજન થતું હતું. પ્રજાજનો તેને જોઈને આનંદ માણતા. સ્કૂલ વગેરે સ્થળોએ મીઠાઈનું વિતરણ થતું અને ત્યારબાદ સ્કૂલોમાં રજા રહેતી. તે દિવસે રાજાના મહેલમાં દરબાર ભરીને રાજા અને પ્રજાનું સ્નેહ મિલન યોજાતું હતું. શુકન અર્થે નવા વર્ષે સ્થાનિક ચલણ કોરીના સિક્કા બહાર પાડવામાં આવતા હતા. રાજાશાહી જવાથી આ પ્રકારની ઘણી પ્રથાઓ લુપ્ત થઈ છે. આમ છતાં નાળિયેર અને સાકર અથવા સિક્કાને હાથમાં રાખીને ચંદ્ર દર્શન કર્યા બાદ, વડીલોને પગે લાગવાની પ્રથા થોડે ઘણે અંશે આજે પણ જળવાઈ રહી છે. મંદિરો તથા મસ્જિદોમાં પ્રાર્થના - બંદગી થતી. હંસાપીર દાદાના સ્થાને રાત્રિ દરમ્યાન ઉર્સ - મેળો ભરાતો. સમગ્ર કચ્છમાં જાહેર રજા રહેતી હતી. અષાઢી બીજની ઉજવણીનો વ્યાપ ધીરે ધીરે ઓછો થતો જાય છે. આમ છતાં આજે પણ કચ્છના અનેક સ્થળોએ લોકગીત, રાસ અને સંગીતના કાર્યક્રમો યોજાતા હોય છે.

ભૌગોલિક રીતે કચ્છ પ્રદેશ એક સીમાડે હોતાં, તેનાં અમુક ખાસ પ્રકારના પહેરવેશ, સંસ્કૃતિ વગેરેમાં આગવી છાપ ઉપસી આવે છે. કચ્છ એટલે કચ્છી માડુઓની ભાતીગળ ભૂમિ. કચ્છી માડુ ઉત્તમ કક્ષાના ખંતીલા અને હિંમતવાળા છે અને ત્યાંના હવા-પાણી દરેકને સ્વસ્થ રાખે તેવા છે. ત્યાંના લોકો મીઠી વાણી અને લાગણીમય સ્વભાવ ધરાવે છે. ભારતના અન્ય સ્થળેથી બદલી રૂપે કામચલાઉ ત્યાં ગયેલા લોકો, ત્યાં જ કાયમને માટે સ્થાયી થઈ જાય છે. આવી ભૂમિ માત્ર કચ્છ જ છે. આ રીતે, કચ્છના રણ અને ત્યાંની ધરાના દર્શન કરવા તે પણ એક અનેરો લહાવો છે.

આ પ્રકારના કચ્છી માડુઓનો નૂતન વર્ષ એટલે અષાઢી બીજ. તે દિવસે સમગ્ર કચ્છીઓનું હૈયું હેલે ચડે. ઘણાં પ્રકારની વિશિષ્ટતાઓ વચ્ચે વસતા કચ્છી લોકોને જીવનની યાતનાઓ પણ છે પરંતુ તેને નિયમના સ્વરૂપે ક્યારેય જોતા નથી. આ સ્થિતિમાં અષાઢનું મહત્ત્વ સમજીને તેને જીવનનો ઉત્સવ બનાવ્યો છે. તેની નૂતનવર્ષ તરીકે ઉજવણી કરીને હંમેશાં ભાવપૂર્વક સત્કારે છે. એટલું જ નહીં પરંતુ તેને ભાવનાત્મક રીતે લોકજીવન સાથે સાંકળી લીધેલ છે. તે દિવસે કવિ સંમેલનો અને મુશાયરા પણ યોજવામાં આવે છે. આ રીતે જોઈએ તો કચ્છનું અનુપમ ઉત્સવ એટલે અષાઢી બીજ. 'કચ્છી નયેં વરેજી વધાઈયું.'

*'જત હકડો કચ્છી વસે, ઉત ડિયાણી કચ્છ.'*

# કચ્છ અને કચ્છી નવું વર્ષ – અષાઢી બીજ

• વિનોદ સી. દવે •

*"ભર અષાઢી બીજ,*
*વેં વડર ને વીજ*
*ધાંઈ વિકણી ધન કર્યો,*
*ગિનો બળદ ને બીજ."*

ખંત, ખુમારી અને ખમીરીને દર્શાવતું 'કચ્છ પ્રદેશ'ના નવા વર્ષે મનભાવન મહિમા વર્ણવતા ઉક્ત 'ભડલી' વાક્યમાં કહેવામાં આવ્યું છે કે 'અષાઢી બીજ'ના સમયમાં વાદળ અને વીજળી હોય તો ઘરમાં સંગ્રહેલું ધાન વેચી-સાટીને પણ સારૂં બિયારણ ખરીદી લેવું જોઈએ અને જો તમારે જમીન કે ખેતી હોય તો તેનો શુભારંભ કરી વાવણી કરી દેવી જોઈએ. 'અષાઢી બીજ'નું મહત્ત્વ કચ્છ અને કચ્છીઓ માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. જ્યાં જ્યાં વસે એક કચ્છી, ત્યાં રહીને તેની અગત્યતા સમજી ઉમંગભરી ઉજવણી કરશે. લોક દુહામાં પણ કહ્યું છે :

*"શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,*
*ચોમાસે વાગડ ભલો, પરંતુ મારો કચ્છડો તો બારેમાસ."*

કચ્છ એટલે સૂકો ભઠ્ઠ મૂલક. એક પણ બારમાસી નદી વગરનો સાવ કોરો ધાકોડ વિસ્તાર. ફરતો દરિયાકિનારો અને રણ અને એક જ માત્ર આધાર ખેતીની ઉપજ માટે 'વરસાદ' અને હવે તો કચ્છની કાયાપલટ થઈ ગઈ છે! કચ્છ એટલે માત્ર કચ્છ – તેની તોલે કોઈ ન આવે...!

પૌરાણિક કથાનક અનુસાર ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં દ્વારિકાપુરીમાં રહેતા તેમના બહેન સુભદ્રાએ પોતાના ભાઈઓ શ્રી બલરામ અને શ્રીકૃષ્ણ સાથે નગર દર્શનની ઈચ્છા વ્યક્ત કરી. જેને સ્વીકારીને ભાઈઓએ રથમાં બેસાડીને સુભદ્રાબેનને દ્વારિકાપુરીના દર્શન કરાવ્યા. તેમની આ મહાસ્મૃતિમાં તે દિવસે અષાઢી બીજ હોવાથી વર્ષોથી રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ભારતમાં રથયાત્રાનો પ્રારંભ સૌપ્રથમ ઓરિસ્સામાં આવેલા પ્રખ્યાત ભગવાન શ્રી જગન્નાથજીના મંદિરેથી થયો. આજથી ૧૩૮ વર્ષ પહેલા તેની શરૂઆત અમદાવાદમાં આવેલ જગન્નાથજીના મંદિરેથી થઇ. દર વર્ષે, કચ્છી નવા વર્ષે 'અષાઢી બીજ'ના દિવસે, આ રથયાત્રા જગન્નાથપુરી તથા અમદાવાદની પ્રખ્યાત બની છે. જેમાં અમદાવાદના જગન્નાથ મંદિરેથી નીકળતી આ રથયાત્રામાં સુભદ્રાનો રથ, ભગવાન જગન્નાથનો રથ તથા બલરામનો રથ – ત્રણેય રથો ખૂબ શણગારેલા તથા સુશોભિત હોય છે. રથયાત્રાની તૈયારી ત્રણ-ચાર માસ અગાઉથી કરવામાં આવે છે. જ્યારે ઓરિસ્સામાં લાકડાનો રથ બનાવતા ચાર મહિના જેટલો સમય લાગે છે. દેશ-વિદેશના લાખો લોકો ભુવનેશ્વર જગન્નાથપુરીની રથયાત્રાનો લાભ લે છે. જે એક લહાવો છે. બધી જ કોમ - સંપ્રદાયના લોકો જોડાય છે.

જ્યારે અમદાવાદની રથયાત્રામાં રથયાત્રાના દિવસે 'જય રણછોડ, માખણ ચોર'ના નારાથી રસ્તા ગુંજી ઉઠે છે. લોકો ફણગાવેલા મગ, જાંબુ, કેરી વગેરે પ્રસાદનો લહાવો લે છે. અસંખ્ય ભજન મંડળી, સાધુ-સંતો, પોલીસ બંદોબસ્ત હેઠળ સી.સી.ટી.વી. કેમેરાની વિડિયોગ્રાફીનો ઉપયોગ પણ થાય છે. 'રથયાત્રા' શાંતિપૂર્ણ રીતે સાંજે પૂરી થાય છે. લોકો ગલીએ ગલીએ રથયાત્રાનું સ્વાગત પૂજા અર્ચન કરીને આનંદવિભોર થાય છે. શ્રધ્ધા, ભાઈચારા, ભારતની સાંસ્કૃતિક પરંપરા જાળવી નાના મોટા સૌ રથયાત્રાનો લાભ લે છે. ટી.વી. દ્વારા બાળકો - વૃધ્ધો, દૂરના લોકો જીવંત પ્રસારણ જોઈ દર્શનનો લાભ લે છે.

કચ્છનું નવું વર્ષ આ જ દિવસથી શરૂ થાય છે. રાજાશાહીના સમયમાં કચ્છી નવા વર્ષ નિમિત્તે શાળામાં બાળકોને મીઠાઈ વહેંચવામાં આવતી. ગામડાંમાંથી કચ્છના ભાયાતો રાજવી અમલદારો ભુજના પ્રાગ મહેલમાં રાજાને મહેલમાં મળવા અને આશિર્વાદ લેવા આવતા. ત્યાં જે ઝુમ્મરો - ફુવારાથી મહેલ શણગારવામાં આવતો. લોકો નવા વસ્ત્રો પહેરી વડીલોના આશિર્વાદ લઈ, આખું વર્ષ સારૂં નીવડે તેવી દેવ મંદિરો, મસ્જીદોમાં જઈ પ્રાર્થના કરતા. ઘરમાં રંગોળી, મીઠાઈ, કચ્છી સૂકો મેવો ખારેક, કાજુ, બદામ, મીઠાઈ આપી મોઢું મીઠું કરાવતા.

રજવાડાના સમયમાં રાજસવારી આતશબાજી તેમજ બાળકોને મીઠાઈ વહેંચી નવા વર્ષની ઉજવણી કરવામાં આવતી. કચ્છી નવું વર્ષ દરિયાખેડૂ - દરિયાપારના વેપાર કરતા લોકો પૂજન અર્ચન કરી વિદેશ વેપારની શરૂઆત કરતા તેમજ આ વર્ષે પણ મુસ્લિમ બિરાદરોની 'ઈદ' ઉલ ફિત્તરની ઉજવણી તા. ૭-૭ના રોજ મનાવાઈ. અષાઢી બીજ અને 'ઈદ' આગળ-પાછળ છેલ્લા બે-ત્રણ વર્ષથી આવે છે. લોકો એકબીજાને મુબારકબાદી આપી સારા વર્ષની શરૂઆત સાથ-સહકારથી, ભાઈચારાથી હળીમળીને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)**

કચ્છ

# ધોળાવીરા ગામ પાસે પ્રાક્-હડપ્પીય યુગનું સરોવર

• ડૉ. મિહિર એમ. વોરા •

આપણા તળાવો અને સરોવરોનો ઈતિહાસ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો સાંસ્કૃતિક ઈતિહાસ ફંફોસીએ તો આપણને અહીંના સેંકડો સરોવરો - તળાવોની સૂક્ષ્મ માહિતી હાથ લાગે. પુરાતત્ત્વિય ઉત્ખનનો આ વાતને ઉજાગર કરે છે. ડૉ. રસેશ જમીનદાર નોંધે છે કે પ્રાક્-હડપ્પીય યુગનું સરોવર કચ્છ જિલ્લાના ધોળાવીરા ગામ પાસેથી હાથ લાગ્યું છે. ધોળાવીરા સંસ્કૃતિના સર્જકોએ પાણીની સુલભતા પ્રાપ્ત કરવા અર્થે વિશાળ સરોવરનું નિર્માણ કર્યું હતું. આપણા રાજ્યનું આ પ્રથમ માનવકૃત જળાશય છે.

ધોળાવીરા પછી બીજું ધ્યાન ખેંચે એવું નગર અમદાવાદ જિલ્લામાં ઉતેળિયા પાસે આવેલું લોથલ છે. નપાણિયા વિસ્તારમાં વસેલું આ નગર છે. જનજીવન અને કૃષિવિકાસ વાસ્તે વિશાળકાય જળાશય હોવું જરૂરી છે. આપણા રાજ્યનું પાષાણયુગી આ બીજું સરોવર છે. જેના કાંઠે માનવજીવન પાંગર્યું હતું. શ્રી જમીનદાર લખે છે કે આ પરંપરા ચાલુ રહી એટલે કે સરોવર નિર્માણની પરંપરા. માનવકૃત ત્રીજું સરોવર જૂનાગઢના પાદરે અને ગિરનારની તળેટીમાં બંધાયું હતું. જે સુદર્શન સરોવરથી વિખ્યાત છે. આ પછીનું વિશાળકાય સરોવર સોલંકી શાસન સમયનું સહસ્ત્રલિંગ સરોવર છે. સાબરકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ વૈષ્ણવ તીર્થ શામળાજી પાસે મેશ્વો નદીના કિનારે ગઇ સદીના આઠમા દાયકા દરમિયાન નિર્માયેલું જળાશય 'શ્યામસુંદર સરોવર' છે. જૂનાકાળે આશોકના શિલાલેખનું સ્થળ આ તળાવને કાંઠે પસંદ કરવામાં આવ્યું હતું. તે આ જળાશયની મહત્તા દર્શાવે છે. 'ભાતીગળ સૌરાષ્ટ્ર' (સપ્ટે.-ઓક્ટો. ૨૦૧૩)માં ઈતિહાસવિદ્ શ્રી નરોત્તમ પલાણ લખે છે કે અશોકના શિલાલેખમાં કોતરાયેલી માહિતી મુજબ આ તળાવ ઇ.સ. પૂર્વે ૩૨૦મા મૌર્યવંશના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યએ બંધાવ્યું હતું. શિલાલેખમાં જણાવ્યા મુજબ ચંદ્રગુપ્ત મૌર્યના રાજ્યપાલ વૈશ્ય ગુપ્તે માથે રહીને સુદર્શનનું બાંધકામ કરાવ્યું હતું. આ પછી સમ્રાટ અશોકના રાજ્યપાલે તેને પરતાળીએ-નહેરોથી શણગાર્યું હતું. આ તળાવ એકધારું ૪૭૦ વર્ષ લગી રહ્યું હતું અને પછી માગશર માસની અમાસના દિવસે થયેલા જોરદાર કમોસમી વરસાદથી તે તૂટ્યું હતું. આ સમયે જૂનાગઢ ઉપર ચષ્ટનવંશના 'રુદ્રદામન' નામના રાજાનું શાસન હતું. આ રાજાએ લોકહિતને ધ્યાનમાં લઇ તાત્કાલિક તળાવનું પુનઃ નિર્માણ કરાવ્યું અને મૌર્યકાળમાં હતું તેથી વધુ મજબૂત અને રૂપાળું બનાવ્યું. આ તળાવ બીજા ૩૦૦ વર્ષ સુધી ટક્યું હતું. ઇ.સ. ૪૫૦માં ફરીદાણ તૂટ્યું હતું. સુદર્શન તળાવનું બીજીવારનું નિર્માણ ગુપ્તવંશના છઠ્ઠા રાજવી સ્કંદ ગુપ્તે ૪૫૬માં કરાવ્યું હતું. આ સમયે સ્કંદગુપ્તનો રાજ્યપાલ પણદત્ત અને જૂનાગઢનો રક્ષક તેનો પુત્ર ચક્રપાલિત હતો. સુદર્શન જેવાં મોટા તળાવો બાંધતી વખતે પાણીનું વહેણ, જમીન, તળ, પાણી બાંધવા માટેની અનુકૂળ જગ્યા વગેરે બાબતો તરફ ધ્યાન આપવું પડે છે. વળી તળાવનો બંધ અથવા સેતુ કે પાળ બાંધવા માટેની સગવડ જોવી પડે છે. સુદર્શન જળાશયના ભગ્નાવશેષો જોતાં તેના નિર્માણમાં રાખવામાં આવેલી કાળજી તથા તેના માટે પસંદ કરેલા સ્થળનું મહત્ત્વ સહજ સમજાય તેવું છે. આ સરોવરમાં જે બાજુએ પાણી વહેતું રહેતું, તે પથ્થરોથી સચવાયેલી હતી. તે માટીના બંધને મજબૂત રાખતી. બંધ બાંધવામાં વપરાયેલ પથ્થરો અને માટી સ્થાનિક છે. તેથી તે બાંધવામાં વપરાયેલી વૈજ્ઞાનિક બુદ્ધિ ઉચ્ચ કક્ષાની છે. સુદર્શન તળાવના લેખો વાંચતાં સમજાય છે કે ઇ.સ. પૂર્વે ચોથી સદીમાં બંધાયેલું આ સરોવર છે. ઇ.સ.ની પાંચમી સદીમાં સંમાર્જિત થયેલું અને નવસો વર્ષ લગી સચવાયું હોવાના ઉલ્લેખો સાંપડે છે. ત્યારબાદ બસ્સો, ત્રણસો વરસ લગી ટક્યું હોય તેવો સંભવ છે. આમ માનવકૃત જળાશયે ૧૨૦૦ વર્ષ લગી સેવા આપી, એ મહત્ત્વની હકીકત છે એમ ડૉ. આર.ટી. સાવલિયા 'ગુજરાતના પ્રાચીન સરોવરો અને કુંડો'માં નોંધે છે. ગિરિનગરના સુદર્શન તળાવનો ઈતિહાસ મૌર્યવંશના સ્થાપક ચંદ્રગુપ્તના સમયથી શરૂ થાય છે. એના રાજ્યપાલ પુષ્યગુપ્તે સૌરાષ્ટ્રના પાટનગર નજીકમાં ગિરિમાંથી વહેતી સુવર્ણસિકતા, પલાશિની વગેરે નદીઓના પ્રવાહને રોકીને સુદર્શન નામે જળાશય બંધાવ્યું. ધારાગઢ દરવાજા પાસેના ત્રિવેણી સ્થળે આવા ત્રણ પ્રવાહનો સંગમ થતાં સુદર્શન તળાવનું સંગમ અને ખડક વચ્ચેના નીચાણમાં હોવું જોઈએ એમ શ્રી આર.એન. મહેતા નોંધે છે. મૌર્યકાલીન સુદર્શન તળાવના કાંઠા મજબૂત હતા. સમગ્ર બાંધકામ સાંધા વગરનું નક્કર હતું. વચ્ચે કુદરતી બંધ પણ હતો. યોગ્ય જગ્યાએ પ્રણાલી ગરનાળા, પરિવાહ-નહેર અને મીઢવિધાન - ચાળણી ઈત્યાદિ હતા. ચંદ્રગુપ્તના પૌત્ર અશોક મૌર્યે પૌરજનોને ઉપયોગી થાય તે માટે સુદર્શનમાંથી નહેરો કઢાવીને જળાશયનું જળ આસપાસની

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૬ ઉપર)**

# કચ્છમાં પાણીની સમસ્યા હલ કરવા સરકારના સ્તુત્ય પ્રયાસો

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

બારમાસી નદીઓ જ્યાં વહે છે તેના કાંઠાના વિસ્તારો અર્થાત્ ગામડાં, શહેરો આદિમાં વસવાટ કરતી પ્રજાને તથા તે વિસ્તારોની કૃષિને પાણી સહેલાઈથી મળી રહે છે. જે લીલા મૂલકો તરીકે અને ફળદ્રુપ જમીનવાળા પ્રદેશો તરીકે ઓળખવામાં આવે છે. જેમાં ખાસ કરીને ગંગા, યમુના, ગોદાવરી, નર્મદાના તટ પ્રદેશો સમાવિષ્ટ છે. જ્યારે ગુજરાત રાજ્યમાં કચ્છ અને રાજસ્થાનના રણ પ્રદેશોમાં પાણીની તીવ્ર અછત જોવા મળે છે. આ અછત નિવારવા છેલ્લા દાયકાથી જે સરકારી પ્રયત્નો હાથ ધરાયા છે, તે ફળીભૂત થવા પામ્યા છે.

## • ગુજરાતમાં જળ શક્તિ અભિયાન :

પાણીના સમગ્ર જળ સંગ્રહમાં ગુણાત્મક બદલાવ લાવવાનો નિર્ણય ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો. તેમણે 'સ્વર્ણિમ ગુજરાત' અને 'સૌનો સાથ સૌનો વિકાસ'ની બાબતો ચરિતાર્થ કરી. તેમનો આગ્રહ રહ્યો કે સાબરમતીની જેમ સૌરાષ્ટ્ર કચ્છની તમામ સૂકી નદીઓને સજીવન કરવા નર્મદાના જળનો પ્રબંધ કરવો. ગુજરાતની કુલ જળ સંપત્તિમાં ૧૬ ટકા સૌરાષ્ટ્રમાં, ઉત્તર ગુજરાતમાં ૧૧ ટકા જ્યારે કચ્છમાં માત્ર બે ટકા જ છે. વધી રહેલી વસ્તી અને પ્રમાણમાં સીમિત જળ શક્તિને કારણે પાણીનું બુંદ બુંદ બચાવવું ખૂબ જ જરૂરી છે. કે જેથી જનજીવન સહેલાઈથી વહેતું રહે. **'જળ એ જ જીવન છે'** એ સમજદારી પ્રજામાં ત્વરીત વહેતી થવી આવશ્યક છે.

## • જળ સંગ્રહ :

જળ અછતની અત્યંત વિકટ પરિસ્થિતિમાં વરસાદના પાણીનો અનેક રીતે સંગ્રહ થઈ શકે છે. જે માટે ખેત તલાવડીઓ, ચેક ડેમ યોજના, ગ્રામ તળાવ, સીમ તળાવ, જળ મંદિર, સુજલામ સુફલામ, સ્પ્રેડિંગ કેનાલ જેવી ભાતીગળ યોજનાઓથી કરોડો ઘનમીટર વરસાદનું પાણી જળવાશે. આવા પ્રોજેક્ટની બાજુની જમીનો ફળદ્રુપ થશે. પીવાના પાણીના સંગ્રહાર્થે ઘરમાં સિમેન્ટના ટાંકા બનાવવા કે જેમાં વરસાદનું પાણી સંગ્રહી શકાય.

## • રાજ્યમાં ભૂતકાળ બની રહેલી જળની અછત :

સરકારશ્રીએ જન ભાગીદારીથી ૨.૫૦ લાખ ખેત તલાવડીઓ બનાવી છે. જે ઈ.સ. ૧૯૯૨-૯૫માં ૨૫૦૦ હતી. અને એ અરસામાં ૨,૫૫૨ ચેક ડેમ હતા. આજે રાજ્યમાં ૬.૫૦ લાખ ચેક ડેમ તથા નર્મદા જળ સંપત્તિના ચેક ડેમોની સંખ્યા ૧.૪૫ લાખ થવા પામી છે. નર્મદા કેનાલ વિશ્વમાં સૌથી લાંબા અંતરની કેનાલની સ્થિતિ ધરાવે છે. નર્મદા ડેમની ઊંચાઈ ૧૨૨ મીટરને આંબી ગઈ છે. ગુજરાત રાજ્યમાં ૧૭,૧૮૪ પાણી સમિતિઓ રચાઈ છે. ૧૭,૨૦૦ ગામો તથા ૧૨૭ શહેરોને પાણીના જોડાણ અપાયા છે. સરદાર સરોવર કેનાલ આધારિત પીવાના પાણીની યોજનાઓમાં ૮,૨૦૦ ગામો તથા ઉત્તર ગુજરાતના ૧૩૨ શહેરોને આવરી લેવાયા છે. ઘરગથ્થુ પાણીની ઉપલબ્ધિ ૧૮ ટકાથી વધીને ૭૨ ટકા થઈ છે.

## • કચ્છનું ભૌગોલિક સ્થાન :

ગુજરાત રાજ્યમાં વિસ્તારની દૃષ્ટિએ પ્રથમ આવતો કચ્છ જિલ્લો છે. જે ૨૩ ટકા વિસ્તાર ધરાવે છે. ભારતમાં પશ્ચિમે આવેલ આ પ્રદેશ ભાતીગળ આગવી સંસ્કૃતિ ધરાવે છે. કાચબા આકારનું ભૂપૃષ્ઠ છે. છેલ્લી વસતિ ગણતરી ઈ.સ. ૨૦૧૧ અનુસાર કચ્છની વસતિ ૨૦,૯૦,૦૦૦ને આંબી ગઈ છે.

## • કચ્છની આબોહવા તથા નૈસર્ગિક આપત્તિઓ :

કચ્છની ત્રણ બાજુએ સમુદ્ર ઘૂઘવી રહ્યો છે. દરિયા કિનારાના વિસ્તારોમાં હવામાન થોડું ખુશનુમા રહે છે. જ્યારે ડુંગરાળ પ્રદેશ વિસ્તાર ગરમ રહે છે. વરસાદની વિષમતા અનેરી છે. દાયકા પહેલાં કચ્છમાં દર પાંચ વર્ષે માત્ર બે વર્ષ વરસાદ થતો - બાકીના વર્ષ સૂકા દુષ્કાળમાં જતા. ઉનાળામાં તાપમાન ૩૮°થી ૪૫° સે. સુધી રહે છે. કચ્છમાં ૧૦ તાલુકા તથા ૮૮૪ વસવાટવાળા ગામો છે. લગભગ ૯૭ નદીઓ હોવા છતાં એકે બારમાસી નદી નથી.

સૂકો દુષ્કાળ, વાવાઝોડું, ભૂકંપ જેવી આપત્તિઓ અવારનવાર આવતી જ રહે છે, જે જનજીવનને વેરણછેરણ કરી નાખે છે.

## • કચ્છમાં નર્મદાના નીરથી વિકાસ :

કચ્છને સિંગાપુર બનાવવા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર સભામાં ઉદ્‌બોધેલું – આજે એ સ્વપ્ન સાકાર થતું જોવા મળે છે. ઈ.સ. ૨૦૦૩થી કચ્છમાં

પીવાના પાણી માટે નર્મદાના નીર પ્રાપ્ત થયા. સિંચાઈ ક્ષેત્રે કૃષિને ધનધાન્યથી વ્યાપક બનાવવા તા. ૯-૪-૨૦૧૧ના ૩૬૦ કિ.મી. લાંબી નર્મદા કેનાલના શ્રીગણેશ થવા પામ્યા. ૧,૧૨,૭૦૦ હેક્ટર જમીન લાભાન્વિત થશે.

- **કચ્છમાં સાગરકાંઠા વિસ્તારમાં સિંચાઈ :**

રાજ્ય સરકારે કચ્છના સાગરકાંઠા વિસ્તારના ખાર પ્રદેશને નવપલ્લવિત કરવા જિલ્લામાં ૪૫ જેટલા બંધરાઓ બાંધી તેમાંથી 'રેડિયલ કેનાલ' વહેતી કરવા નિર્ણય લેવાયો છે. એક મિ.લીટર નર્મદાનું પાણી પણ અત્રે ઉપયાગમાં લેવાતા જમીનની ફળદ્રુપતા અચૂક વધશે - પરિણામે રોજગારીનું ક્ષેત્ર વિકસવા પામશે. કૃષિ ઉત્પાદન વધવા પામશે. ખેતપેદાશો સાથે પશુપાલન પ્રવૃત્તિ પણ વેગ પકડશે.

- **સિંચાઇ ક્ષેત્રે કચ્છનો વિકાસ દાયકો :**

ઈ.સ. ૨૦૦૨-૦૩થી ઈ.સ. ૨૦૧૧-૧૨નો એક દાયકો સિંચાઈ ક્ષેત્રે હરણફાળ ભરતો પુરવાર થયો છે. નાની મોટી નદીઓ પરના ચેકડેમોના બાંધકામો પૂર્ણ થયા. ૨૮૦૭ મિલિયન ઘનફુટ પાણી સંગ્રહથી ૧૬,૩૪૧ હેક્ટર જમીનને સિંચાઇ સુવિધા પ્રાપ્ત થશે. જે કામગીરીની વિગત નીચે મુજબ છે :

| કામગીરીની વિગત | કામોની સંખ્યા | થયેલ સંગ્રહ મિ.ઘનફૂટ | લાભિત વિસ્તાર હેક્ટરમાં |
|---|---|---|---|
| બંધારાનું બાંધકામ | ૪૫ | ૩૦૩૮ | ૩૨,૮૦૦ |
| મોટા ચેકડેમનું બાંધકામ | ૧૯૯ | ૨૮૦૭ | ૧૬૩૪૧ |
| નાના ચેકડેમનું બાંધકામ | ૪૯૮૭ | ૧૧૭૨ | ૨૧૦૯૧ |
| તળાવો અને સેફ સ્ટેજના કાર્યો | ૯૫૭ | ૨૭૭૧ | ૧૭૮૪૯ |

ઉપર્યુક્ત બાબતો દાયકાની સિંચાઈ ક્ષેત્રે કચ્છમાં થયેલ પ્રગતિનો ખાસ ખ્યાલ આપે છે. ૧૨મી યોજના ઈ.સ. ૨૦૧૨થી ઈ.સ. ૨૦૧૭ દરમિયાન પણ આ વિકાસની આ યાત્રા વણથંભી ચાલુ જ રહેવા પામશે.

- **ઉત્પાદન વધારો દાયકામાં :**

| વર્ષ | ઉત્પાદન હેક્ટરમાં |
|---|---|
| ઈ.સ. ૨૦૦૦-૦૧ | ૧૩૧૫૯ હેક્ટર |
| ઈ.સ. ૨૦૧૦-૧૧ | ૧૦૪૪૨૬ હેક્ટર |

- **કચ્છમાં જળસિંચન તથા કૃષિ મહોત્સવોનો લાભ :**

કચ્છમાં જળસિંચનની અવિરત વ્યાપક યોજનાઓને કારણે તથા કૃષિ મહોત્સવોના વ્યાપક લાભ ખેડૂતોને મળવાથી મગફળી, ઘઉં, બાજરી, જીરું આદિ પાકોના વિસ્તાર વધવા પામ્યા છે. ઉપરાંત બાગાયતી પાકોની પેદાશો સારા પ્રમાણમાં વધવા પામેલ છે. છેલ્લા દાયકા દરમિયાન મુખ્ય ખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર ૧૧૫ ટકા વધવા પામ્યો છે. ઉત્પાદન ૭૬ ટકા વધ્યું છે.

**કચ્છ જિલ્લાના બાગાયતી પાકોની વૃદ્ધિ**

| ફળ પાકનું નામ | ઈ.સ. ૨૦૦૧ | ઈ.સ. ૨૦૧૨ |
|---|---|---|
| | ઉત્પાદન મેટ્રીક ટન | ઉત્પાદન મેટ્રીક ટન |
| ખારેક | ૫૩૮૩૮ | ૧૨૩૬૯૫ |
| કેરી | ૧૨૭૩૦ | ૫૯૩૩૮ |
| પપૈયા | ૯૫૦૦ | ૨૫૨૦૧૭ |
| દાડમ | ૩૯૭ | ૨૩૪૨૩ |

- **ઉપસંહાર :**

તા. ૨૬-૧-૨૦૦૧ના ભીષણ ભૂકંપમાં સમગ્ર કચ્છ જિલ્લો રફેદફે થવા પામ્યો. ખમીરવંતી કચ્છી પ્રજાએ હિંમત તથા ખંતથી વિકાસાર્થે પ્રયત્નો આદર્યા. **સરકારશ્રીના સ્તુત્ય પ્રયત્નો ખાસ તો જળ સમસ્યા નિવારવા નર્મદા નીરની અણમોલ ભેટે કચ્છના વિકાસની અમૂલ્ય તક આપી છે.** દિન પ્રતિદિન કચ્છ આર્થિક ક્ષેત્રે નવીન ડગ માંડી રહ્યું છે.

*૬/એ, લીમડા લેન, સંસ્કાર નગર,*
*સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

**FAITH**

***God grant me the serenity to accept the things I cannot change, the courage to change the things I can, and the wisdom to know the difference.***

– Reinhold Niebuhr

કચ્છ

## એશિયાનું સૌથી ધનિક કચ્છનું માધાપર ગામ

# ગામ : જાણે કુબેરનો ખજાનો

• નરેશ પી. અંતાણી •

કુબેરના ખજાનાની વાતો આપણે પુરાણોમાં વાંચતા અને સાંભળતા આવ્યા છીએ. પરંતુ વાસ્તવમાં આ કુબેરનો ખજાનો કેવો અને કેટલો હશે તેની આપણને કોઈને ખબર નથી. પણ આધુનિક કુબેરનો ખજાનો તમારે જોવો હોય તો કચ્છની મુલાકાત લેવી પડે. જાણીને આશ્ચર્ય થાય એવી વાત એ છે કે કચ્છના પાટનગર ભુજનું જોડિયું નગર માધાપર માત્ર ગુજરાત કે ભારતનું જ નહીં પણ સમગ્ર એશિયાનું સૌથી શ્રીમંત ગામ છે. જાણે સાક્ષાત કુબેરનો ખજાનો આ ગામમાં ઠલવાયો છે. આ ખજાનાની વાત માંડીએ તે પહેલાં નાનકડાં છતાં રૂપકડાં નગરના ઈતિહાસ પર નજર નાખીએ.

ભુજ શહેરના પરા વિસ્તાર સમાન માધાપર, કચ્છ રાજ્યના વખતમાં દરબાર ખાલસા ગામ હતું. અને તે સમયમાં તેની ગણતરી ભુજ શહેરમાં જ કરવામાં આવતી હતી. ઈ.સ. ૧૮૭૧માં માધાપરની વસતિ ૧૧,૧૮૮ હતી જ્યારે મિલિટરી વિસ્તાર સહિત ભુજ શહેરની વસતિ ૨૩,૮૨૮ની હતી. હાલે માધાપરની વસતિ છેલ્લી વસતિ ગણતરી પ્રમાણે ૪૫,૦૦૦ની છે. આ નગર કુલ ૨૬.૬૭ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલું છે. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેત મજૂરી, નોકરી તથા પશુપાલનનો છે.

એક નોંધ મુજબ ખીમજી વિશ્રામ વાગડિયાએ સંવત ૧૯૮૪ વૈશાખ સુદ-૭ (ઈ.સ. ૧૯૨૮)ના માધુભા સાહેબના નામ પરથી માધાપર નામકરણ કરી ગામનું તોરણ બાંધ્યું હતું. અને ગામ મહારાવ ખેંગારજીએ બંધાવ્યું હતું. પરંતુ માધાપર ગામમાંથી જ મળતા આધારો મુજબ આ પહેલાથી જ ગામનું અસ્તિત્વ તો હતું જ. કેમકે મહારાવ ખેંગારજી ત્રીજાના સમયમાં રાજ્યના દીવાન મણિભાઈ જશભાઈએ એ વાટે પસાર થતા લોકો માટે સુશોભિત વાવ મહારાવના માતુશ્રી નાનીબાની સ્મૃતિમાં નિર્માણ કરાવી હતી. આ વાવ ઈ.સ. ૧૮૮૪ના વર્ષમાં બંધાવાઈ છે. ૨૦૦૧ના ધરતીકંપમાં આ વાવને પણ નુકસાન થયું હતું. પરંતુ આશાપુરા ગ્રુપ દ્વારા ચાર લાખના ખર્ચે તેનું પુનઃ નિર્માણ કરાયું છે.

અન્ય એક મળતી નોંધ મુજબ કચ્છના ગૂર્જર ક્ષત્રિય સમાજ કે જે મિસ્ત્રી સમાજ તરીકે જાણીતો છે તેના કચ્છમાં આવેલા ૧૮ ગામો પૈકીનું એક માધાપર ગામ છે. ૧૨મી સદી દરમિયાન આ મિસ્ત્રી સમાજના કેટલાક પરિવારો ભુજ તાલુકાના ધાણેટી ગામમાં આવી વસ્યા અને એ પછી તેઓ અંજાર અને ભુજ તાલુકાના જુદા જુદા ગામોમાં આવીને વસ્યા. **માધાપર ગામનું નામ માધા કાનજી સોલંકી પરથી પડ્યું હોવાની પણ નોંધ મળે છે.** આ માધા કાનજી સોલંકી વિ.સં. ૧૫૨૯ (ઈ.સ. ૧૪૭૩)ના વર્ષમાં ધાણેટીથી માધાપર આવીને વસ્યા હતા. તેઓ સોલંકી વંશના હેમરાજ હરદાસની ત્રીજી પેઢીના વંશજ હતા. તેઓ હાલાર વિસ્તારમાંથી કચ્છમાં ધાણેટી આવીને વસ્યા હતા. હાલનું માધાપર જૂનાવાસ અને નવાવાસ એમ બે ભાગમાં વહેંચાયેલું છે. એ સમયનું માધાપર હાલે જૂનાવાસ તરીકે ઓળખાય છે. જૂનાવાસમાં મિસ્ત્રી સમાજની વસતિ આવીને વસી હતી. બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા આ મિસ્ત્રી સમાજનું ભારતમાં રેલવે નિર્માણ ક્ષેત્રે મોટું યોગદાન છે. **કોલકત્તાનો હાવરા બ્રિજ સહિત અનેક મોટાં નિર્માણો આ સમાજે કરેલા છે.**

માધાપરના નવાવાસનું નિર્માણ આ ગામમાં લેવા પટેલ કણબી સમાજના લોકોના આગમન પછી કરાયું. આમ તો કણબી લેવા પટેલ સમાજનું કચ્છમાં આગમન ઈ.સ. ૧૫૭૬માં થયું અને માધાપરમાં આ સમાજના આવ્યા પછી ઈ.સ. ૧૮૫૭માં નવાવાસની સ્થાપના કરાઈ. ઈ.સ. ૨૦૦૮માં તેને ૧૫૦ વર્ષ પૂરા થતાં તેની ઉજવણી પણ ધામધૂમથી કરાઈ હતી. માધાપરના જૂનાવાસ અને નવાવાસની મુલાકાત લેનારને બંને વાસ તદ્દન જુદા જણાઈ આવે. નવાવાસની સુઘડ અને લાઈનબંધ શેરીઓ, સિમેન્ટના માર્ગો, સુંદર ગટર અને પાણી યોજના, સ્ટ્રીટ લાઈટ વગેરેની સુવિધાઓ નવાવાસમાં ઉડીને આંખે વળગે તેવી છે. ગામના લોકોએ પાણી, ગટર, બાગબગીચા માટે ખાસ સમિતિઓની રચના કરી છે અને વિદેશમાં વસતા ગામના લોકોએ મોકલેલા નાણામાંથી તથા જોડાણ લેનાર પાસેથી માત્ર એકવાર માટે લેવાના નક્કી કરાયેલા ચાર્જમાંથી આ સમિતિ જ પાણી, ગટર અને બાગ બગીચાઓનું સંચાલન કરે છે. આથી ગામની પંચાયતને આ સુવિધા આપવાની જવાબદારીમાંથી રાહત મળે છે. જો કે હવે નવા વિકસતા માધાપર માટે આ સુવિધાઓ પંચાયત જ પૂરી પાડે છે. માધાપરમાં મળતી સુવિધાઓ ચોવીસ કલાક પાણી, લાઈટ, સ્વચ્છતા, સુંદર

ફૂટપાથ, બગીચાઓ, માર્ગો પર વૃક્ષોની હારમાળા, સુંદર તળાવો, અદ્યતન રમત ગમતના મેદાન વગેરે બહુ ઓછા ગામોમાં જોવા મળે છે.

માધાપરની જૂના વાસ અને નવાવાસ મળીને કુલ વસતિ ૪૫,૦૦૦થી વધારે છે. ગૂર્જર ક્ષત્રિય તથા કણબી પટેલ સમાજના લોકો દેશ વિદેશમાં વસ્યા છે. ગૂર્જર ક્ષત્રિય ભારતના ઓરિસ્સા, બિહાર કે પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં મોટા પ્રમાણમાં વસ્યા છે. પટેલ સમાજના લોકો આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડમાં વસ્યા છે.

યુરોપ, ઓસ્ટ્રેલિયા, આફ્રિકામાં વસેલા માધાપરના આ સમાજના એન.આર.આઈ. તથા ધંધાર્થે આવતા જતા **પટેલ સમાજના લોકો દર વર્ષે અહીંની બેંક તથા પોસ્ટ ઓફિસમાં પોતે બચાવેલી મૂડી જમા કરે છે અને તેનો આંકડો અધધધ થવા ગયો છે.** આમ તો કચ્છમાં પટેલ કણબી સમાજના ભુજ અને માંડવી તાલુકામાં મળી ૨૪ ગામો છે પરંતુ આ પૈકીનું **માધાપર ગામ એશિયાના સૌથી સમૃદ્ધ ગામ તરીકે જાણીતું બન્યું છે.** અહીંની બેંકો અને પોસ્ટ ઓફિસમાં હાલના મંદીના માહોલ વચ્ચે પણ ૫૮ ટકા જેટલો સતત વધારો નોંધાયો છે. **હાલે માધાપરમાં ૩૪૭૭ કરોડ જેટલી પુંજી બેંકોમાં થાપણ રૂપે સચવાયેલી રહી છે.** જાણે કુબેરનો ખજાનો!

દેશમાં એક તરફ કેટલીય બેંકો દેવાળુ ફૂંકી રહી છે તો કેટલીયે બેંકો આપેલી લોન પરત ન આવતાં મંદ પડી છે. એવા સંજોગોમાં ભારતની રાષ્ટ્રીયકૃત અને કેટલીય ખાનગી બેંકો માધાપરમાં પોતાની શાખા ખોલવા ઉત્સુક રહેતી હોય છે. હાલે માધાપરમાં ખાનગી અને જાહેર ક્ષેત્રની મળીને કુલ ૧૯ શાખાઓ છે અને કોટક મહિન્દ્રા તથા આઈ.ડી.બી.આઈ. જેવી બીજી બે થી ત્રણ બેંકની શાખા નજીકના ભવિષ્યમાં ખૂલવાની તૈયારીમાં છે. અહીં આવેલી ૧૯ બેંક અને પોસ્ટ ઓફિસ સધ્ધર સ્થિતિમાં છે. એટલું જ નહીં પણ બેંક ઓફ બરોડા અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ તો નાનકડા માધાપરમાં પોતાની બબ્બે શાખાઓ ખોલી છે.

માધાપરની આ બેંકોમાં જમા રહેલી મૂડી અંગે તાજેતરમાં થયેલા કરોડોના આંકડાઓ જોતાં આશ્ચર્ય પમાય તેવા છે. બેંકદીઠ આ આંકડાઓ જોઈએ તો બેંક ઓફ બરોડા : ૮૫૦ કરોડ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા : ૬૦૦ કરોડ, બેંક ઓફ ઇન્ડિયા : ૨૫૦ કરોડ, દેના બેંક : ૪૫૦ કરોડ, પંજાબ નેશનલ બેંક : ૪૦૦ કરોડ, સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા : ૧૬૦ કરોડ, દેના ગુજરાત ગ્રામીણ બેંક : ૩૦ કરોડ, બેંક ઑફ મહારાષ્ટ્ર : ૨૪ કરોડ, યુનિયન બેંક ઑફ ઇન્ડિયા : ૧૮૦ કરોડ, કોર્પોરેશન બેંક : ૮૦ કરોડ, કેનેરા બેંક : ૨૦ કરોડ, આંધ્ર બેંક : ૨ કરોડ, સિન્ડીકેટ બેંક : ૬૮ કરોડ, એક્સિસ બેંક : ૪૫ કરોડ, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક : ૩૫ કરોડ, એચ.ડી.એફ.સી. બેંક : ૩ કરોડ તથા પોસ્ટ ઓફિસ : ૨૭૫ કરોડ. **આમ કુલ ૩૪૭૭ કરોડની અમાનત માધાપરની બેંકોમાં જમા છે જે એશિયામાં સૌથી વધારે છે. જો કે એશિયાનું બીજા નંબરનું ધનિક ગામ પણ કચ્છનું જ ભુજ તાલુકાનું બળદિયા ગામ છે. આ ગામમાં પણ પટેલ કણબીઓની જ વસતિ છે.**

**માધાપરની આ બેંકોમાં રહેલી થાપણમાં દર વર્ષે ૧૧થી ૧૨ ટકાનો વધારો થતો રહ્યો છે.** સામે લોન નહિવત્ પ્રમાણમાં લેવાઇ છે. માધાપરની પોસ્ટ ઓફિસમાં આજથી ચારેક વર્ષ અગાઉ ૮૦૦ કરોડની થાપણ હતી પરંતુ હવે પ્રતિવર્ષ વ્યાજના ઘટતા દરો અને પોસ્ટની સરખામણીએ બેંકોની સેવા તથા સારું વ્યાજ લોકોને આકર્ષતું હોઈ પોસ્ટની થાપણોમાં અવિરત ઘટાડો થતો રહ્યો છે. પાકતી રકમ લોકો બેંકમાં મૂકતા થયા છે. આજે હવે પોસ્ટમાં માત્ર ૨૭૫ કરોડની જ થાપણ રહેવા પામી છે.

ગામના અગ્રણી અને ભુજ તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય **ગોવિંદભાઈ ખોખાણી**ના જણાવ્યા અનુસાર કચ્છમાં અગાઉ બેંકોની શાખાઓ ઓછી હતી અને પટેલ ચોવીસીના ગામમાં પણ નહિવત્ બેંકો હતી. ત્યારે પટેલ સમાજના લોકો ભુજની બેંકોમાં થાપણ રોકવાને બદલે માધાપરની બેંકમાં થાપણ રોકાણ કરવા આવતા, જે પૈકીની કેટલીય થાપણો આજેય અકબંધ છે અને પ્રતિવર્ષ વ્યાજ સહિત રિન્યુ થતી રહે છે. ગોવિંદભાઈ કહે છે કે ગામના લોકો લોનને બોજ સમજે છે આથી ક્યારેય લોન લેવા બેંકના પગથિયા ચડતા નથી. એમના પગ બેંકમાં માત્ર રોકાણ કરવા જ ચડે છે. સંજોગોએ નાણાંની જરૂર પડે તો થાપણ તોડાવવાને બદલે સગાસંબંધી કે મિત્ર વર્તુળમાંથી જોગવાઈ કરી લેતા હોય છે પણ લોન તો ક્યારેય નથી લેતા. લોન લેનાર પટેલોની સંખ્યા માત્ર ૧ ટકો જ છે.

માધાપરના શિક્ષણના સ્તરની વાત કરીએ તો આજે માધાપરમાં બાળ મંદિરથી લઈને ઉચ્ચ સ્તરના શિક્ષણની ઉત્તમ સુવિધા ઉપલબ્ધ છે. ઈ.સ. ૧૮૮૪ના વર્ષમાં કચ્છ રાજ્ય તરફથી ૨૦,૪૫૫ કોરીના ખર્ચે દરબારી શાળા બંધાવવામાં આવી હતી. સ્થાપત્ય સભર કલાત્મક થાંભલીઓથી શોભતી આ શાળાને ઈ.સ. ૨૦૦૧ના ધરતીકંપમાં નુકસાન થયું છે. પરંતુ શાળાના બાંધકામની ગવાહી આપતો

શિલાલેખ આજે પણ છે. કચ્છ રાજ્યના સમયમાં કચ્છમાં અવારનવાર પડતા દુષ્કાળને કારણે અનાજ ઓછું પાકતું અને તેમાંથી પણ રાજ્યને ભાગ આપવો પડતો. રાજ્યના અમલદારો પણ પોતાનો હિસ્સો પડાવી જતા. આથી લોકો દુ:ખી હતા. **બીજા વિશ્વયુધ્ધ પછી માધાપરના બાંધકામ સાથે કણબી સમાજના લોકો પોતાના પરિવારને મૂકીને આફ્રિકા પહોંચ્યા અને ત્યાં બાંધકામના વ્યવસાયમાં મજૂરીએ લાગ્યા અને જે કોઈ બે પૈસા બચાવી શકતા તે વતનમાં મોકલતા.** અહીં મજૂરી કરતાં કરતાં તેમને શિક્ષણનું મહત્ત્વ સમજાયું. આથી પોતે ન ભણી શક્યા પરંતુ ભાવિ પેઢી ભણે અને આગળ વધે એ માટે નાઈરોબીમાં કચ્છ માધાપર પટેલ જ્ઞાતિ મંડળની સ્થાપના કરી અને તેના નેજા હેઠળ માધાપરમાં અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમની સરસ્વતી વિદ્યાલય પ્રાથમિક શાળા અને એમ.એસ.વી. હાઈસ્કૂલની સ્થાપના કરી. પરિણામે આ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ માત્ર કચ્છ ગુજરાત જ નહીં, રાષ્ટ્રીય સ્તરે પણ નામના મેળવી છે. **૧૯૫૭માં માધાપર અભ્યુદય મંડળના નેજા હેઠળ સુંદર પુસ્તકાલય નિર્માણ કરાયું જે આજે અધતન પુસ્તકાલય તરીકે કચ્છભરમાં જાણીતું છે.**

કચ્છનું આ માધાપર તેની વીરાંગના બહેનો માટે દેશભરમાં જાણીતું છે. વાત છે ૧૯૭૧ના ભારત પાકિસ્તાનના યુદ્ધ સમયની. ડિસેમ્બર મહિનામાં પંદર દિવસ ચાલેલા આ યુદ્ધ દરમિયાન એક રાત્રિ દરમિયાન પાકિસ્તાને ૬૦થી વધુ બોંબ ભુજ શહેરને નિશાન બનાવીને ઝીંક્યા. નસીબજોગે એક પણ બોમ્બ ભુજ શહેર પર ન પડ્યો પરંતુ ભુજના હવાઈ મથકના રનવેને મોટું નુકસાન કર્યું. યુદ્ધ ચાલુ જ હોઈ આ રનવે તાત્કાલિક મરામત કરવો પડે તેમ હતો. **આવા સંજોગોમાં માધાપરની કણબી બહેનોએ ચાલુ યુદ્ધ અને સતત દુશ્મન દેશના વિમાનોની ઘરેરાટી અને ભયની પરવા કર્યા વિના માત્ર એક જ દિવસમાં રનવે તૈયાર કરી આપ્યો.** તેમની આ સેવાની નોંધ આજે પણ ભારત પાકિસ્તાનના એ યુદ્ધની વાત આવે ત્યારે ગૌરવભેર લેવાય છે. માધાપરની આ વીરાંગનાઓની યાદમાં નગરના પ્રવેશ દ્વારે ખાસ વીરાંગના સ્મારક તૈયાર કરાયું છે જેનું લોકાર્પણ ગત વર્ષે દેશના સંરક્ષણ મંત્રી મનોહર પારીકરના હાથે કરાયું હતું. આ સમયે શિક્ષણ મંત્રી સ્મૃતિ ઈરાની પણ ખાસ હાજર રહ્યા હતા.

*૨૨/બી, શિવમ્ પાર્ક, નાનાયક્ષ મંદિર પાસે,*
*ભુજ - માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ.*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## કચ્છ અને કચ્છી નવું વર્ષ – અષાઢી બીજ

**(અનુસંધાન : પાના નં.-૫૫ ઉપરથી ચાલુ)**

રહેવાનો કુદરતી સંકેત આપે છે કારણકે દરિયાખેડૂ - વહાણવટા તેમજ વેપાર-ધંધામાં કચ્છી - મુસ્લિમો, જત કે વહાણવટા ક્ષેત્રે ખારવા લોકોનું સારૂં યોગદાન છે.

સૌના માટે શાંતિ - ભાઈચારો - એકતા - પ્રેમ - સંપ - સુખાકારી માટે બંને તહેવારો આગળ-પાછળ સૌએ સાથે મળીને મનાવ્યા. ભૂકંપ - વાવાઝોડા કે કુદરતી આપત્તિમાં સતત લડતા રહેલા સૌ કચ્છીજનોને આવનારી પેઢીને કચ્છના વિકાસમાં સૌ ભાગીદાર રહેલા કચ્છી માડુઓને નવા વર્ષના રામ-રામ. નયે વરેંજી લખ લખ વધાઈયું હો. 'સૌનો સાથ - સૌનો વિકાસ' — સૂત્ર માનનિય મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સાર્થક બનાવવામાં 'કચ્છ'નો સૌથી મોટો ફાળો છે.

કચ્છના ભૂકંપ પછીના વિકાસને ધ્યાનમાં રાખીને અત્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પૂરા દેશને વિકાસના મીઠા ફળ ચખાડવા મહેનત કરી રહ્યા છે. જેમાં તે સફળ પણ થયા છે.ભારતના વિકાસમાં કચ્છના પ્રેમથી રંગાયેલા શ્રી નરેન્દ્ર મોદી દેશને ઊંચો લઈ જવામાં, નામ રોશન કરવામાં સફળ વડાપ્રધાન સાબિત થયા છે. આવનારા દિવસોમાં કચ્છનું રોલ મોડલ પૂરા વિશ્વને બનાવી એક નવી ક્રાંતિ તરફ આજનો દેશ દુનિયામાં આગળ વધી રહ્યો છે. કચ્છનો વિકાસ - દેશનો વિકાસ બની રહેશે!

નવા વર્ષે સૌને સુખી - તંદુરસ્ત જીવન - નવા કાર્યોની પ્રભુ પ્રેરણા આપે તેવી પ્રાર્થના.

*'ગાયત્રી કૃપા', પ્લોટ નં. ૧૩૨/૪, વોર્ડ નં. ૪/એ,*
*આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫. મો. ૯૯૨૪૭ ૭૨૩૪૮*

### FAITH

***Can you see the holiness in those things you take for granted – a paved road or a washing machine? If you concentrate on finding what is good in every situation, you will discover that your life will suddenly be filled with gratitude, a feeling that nurtures the sould.***

– Harold S. Kushner

# કચ્છ અને તેની અર્થવ્યવસ્થા

*અમદાવાદ ખાતેની હેરાલ્ડ લાસ્કી ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સમાં ગુજરાત રાજ્યના રસ્તા, મકાન અને બંદર વિભાગના તત્કાલિન નાયબ પ્રધાન શ્રી પ્રેમજીભાઈ ભવાનજીભાઈ ઠક્કરે માવલંકર વ્યાખ્યાનમાળા-૧ ની શ્રેણીમાં "કચ્છ અને તેની અર્થ વ્યવસ્થા" વિષયે પોતાનું વ્યાખ્યાન વર્ષ ૧૯૬૦માં આપ્યું હતું. તેમાં કચ્છ જિલ્લા વિશે વિવિધ માહિતી વાચકવર્ગને ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી બનશે તેવી આશા સાથે અત્રે પ્રસ્તુત કરેલ છે.*

*– તંત્રી મંડળ*

મારું વક્તવ્ય શરૂ કરતાં પહેલાં આ સંસ્થાની આ શ્રેણી કે જેની સાથે સ્વ. દાદાસાહેબ માવલંકર જેવા મહાન દેશભક્ત, અગ્રગણ્ય વકીલ અને બંધારણવિદ્દનું નામ જોડાયેલ છે તેની પ્રવચનમાળામાં બોલવાની મને તક આપવા બદલ આ સંસ્થાનો આભાર માનવાનું હું પસંદ કરીશ

ચર્ચાનો વિષય "કચ્છ અને તેની અર્થવ્યવસ્થા." મારે એ સ્વીકારવું રહ્યું કે હું કોઈ અર્થશાસ્ત્રી નથી કે મેં અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનો અભ્યાસ કરેલ નથી. પરંતુ હું કચ્છના ઈતિહાસ અને ભૂગોળનો અભ્યાસી હતો અને પછી તરત કચ્છના આર્થિક વિકાસ જોડે જોડાયો. મેં કચ્છના પ્રશ્નો સમજવાનો અને તેનો સાર કાઢવાનો પ્રયત્ન કર્યો અને મને લાગ્યું કે આ વિષય પર બોલવા આટલી લાયકાત પૂરતી છે.

સ્પષ્ટપણે જોતાં કચ્છ મે ૧૯૬૦માં ગુજરાત રાજ્ય કારભારનો એક ભાગ બન્યું. ભૌગોલિક દૃષ્ટિએ તેનો જમીન વિસ્તાર મુખ્યત્વે દરિયા અને રણ દ્વારા વિખુટો પડી ભારત દેશનો અલાયદો ભાગ રહી ગયો છે. તે મહારાજાના શાસન હેઠળ હોવાથી તેમની જીવનશૈલી આગવી હતી. તેમ છતાં ગુજરાત અને તેના સાહિત્યની ત્યાનાં જીવન પર અસર રહી છે અને કચ્છ સાંસ્કૃતિક રીતે સૈકાઓથી ગુજરાતનો એક ભાગ રહ્યું છે.

આપણે ગુજરાતનો નકશો જોઈશું તો જણાશે કે જાણીતા ઈતિહાસવિદ સર રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે તેમ કચ્છ એ ભારતના દરિયા કિનારે ટાપુની રીતે આવેલો છે. તેની એકાંકી પરિસ્થિતિના કારણે સંચાર-પરિવહન બહુ મુશ્કેલીભર્યુ છે અને બહારના વિશ્વ સાથેનો સંપર્ક નહિંવત છે. નકશામાં સ્પષ્ટ રીતે દર્શાવેલ અને પુસ્તકોમાં નિર્દિષ્ટ રીતે વર્ણવેલ કચ્છના રણના પરિણામે લોકો કચ્છ એટલે રણ તેટલું જ જાણે છે. જ્યારે કચ્છ એ ગુજરાતનો એક ભાગ છે અને તે આટલું નજીક છે તેવું સ્વીકાર્યા પછી કચ્છમાંની પરિસ્થિતિ વિશે આપણને આટલું અજ્ઞાન આશ્ચર્ય ઉપજાવે છે.

કોઈ ગુજરાતી ઓફિસરને અતિ ઉચ્ચ હોદ્દા પર કચ્છમાં મૂકવામાં આવે ત્યારે ભુજ હવાઈમથકે પગ મૂકતાં તેનો પહેલો પ્રશ્ન એ હશે કે "ભુજમાં પીવાનું પાણી અને તાજા શાકભાજી મળી રહેશે?" જો કે પરિસ્થિતિ સુધરી રહી છે અને મને આશા છે કે કચ્છ વિશેની જાણકારીમાં વધારો થશે. આજ આ વિષય પર વાર્તાલાપ માટેનું આમંત્રણ તે કચ્છની પરિસ્થિતિ જાણવાની ઉત્કંઠાનું સૂચક છે તેવું મને જણાય છે.

આજના વિષય પર આવીએ તો મને લાગે છે મારે કચ્છની ભૂગોળનો કેટલોક ખ્યાલ આપવો જોઈએ. કચ્છનો વિસ્તાર ભારતના પશ્ચિમી દરિયાઈ તટના ઉત્તર ભાગમાં ૨૨° થી ૨૪° અક્ષાંશ અને ૬૯° થી ૭૧° રેખાંશ પર કચ્છ આવેલું છે. તેનો પૂર્વ-પશ્ચિમ વિસ્તાર ૧૬૦ માઈલ છે અને તેની ઉત્તર-દક્ષિણ પહોળાઈ ૫૦ માઈલ છે જે સૌથી વધુ છે. તેનુ (કચ્છના નાના અને મોટા રણ સહિત) ક્ષેત્રફળ ૧૬૬૦૮ ચોરસ માઈલ છે અને તેમાંની મુખ્ય જમીન ૮૦૦૦ ચોરસ માઈલ છે. વિસ્તારની દૃષ્ટિએ તે ગુજરાતનો મોટામાં મોટો અને ભારતનો મોટામાં મોટા પૈકીનો એક જિલ્લો છે.

કચ્છની ઉત્તરમાં મોટા રણમાં દેશની સીમા પર પાકિસ્તાન (જૂનો સિંધ વિસ્તાર) આવેલું છે. પૂર્વમાં રાજપુતાના અને એક ઉત્તર ગુજરાતનો ભાગ નાના અને મોટા રણથી અલગ પડે છે. દક્ષિણમાં કચ્છના અખાતની ભૂજાથી તે સૌરાષ્ટ્રથી અલગ પડે છે. દક્ષિણે કચ્છના કિનારે અરબી સમુદ્ર ઘૂઘવે છે. ભૂસ્તરીય દૃષ્ટિએ એમ કહી શકાય કે કચ્છ ત્રણ વિસંગતતા આપે છે.

૧. રણ અને બન્ની પ્રદેશની અતિ વિશાળ વિસ્તારમાં આવેલ સપાટ જમીન.
૨. પૂર્વથી પશ્ચિમ તરફ માઈલો સુધી વિસ્તરેલ મુખ્ય ભૂમિ કહેવાતો પર્વતીય પ્રદેશ.
૩. ૨૧૦ માઈલ લાંબો વિશાળ સમુદ્ર કિનારો.

કચ્છમાં વરસાદ ઓછો છે. સરેરાશ ૧૨ ઇંચ જે ગુજરાતમાં સૌથી ઓછો. સારા વર્ષોમાં પણ અનિયમિત અને અસમાન. એવું પણ બને કે કોઈ એક વર્ષે એક વિસ્તારમાં અતિવૃષ્ટિ હોય અને પાડોશી વિસ્તારમાં અછતની પરિસ્થિતિ હોય. ૧૯૫૨-૫૩ માં એક તાલુકામાં ૩૪'' જ્યારે બીજામાં માત્ર ૯'' વરસાદ થયો હતો.

હકીકતમાં પશ્ચિમોત્તર ચોમાસાની પટ્ટી બહારનો વિસ્તાર માનવામાં આવે છે અને આ વિસ્તાર પાણીનો માત્ર શેષ ભાગ (પૂંછડિયો) મેળવે છે. આમ, વરસાદ હંમેશાં નહિંવત, અનિશ્ચિત અને અસમાન રહે છે. અને આ વિસ્તાર દુષ્કાળ અને નબળા વર્ષોનો શિકાર રહ્યું છે. એક દસકામાં માંડ એક વર્ષ સારું કહી શકાય તેમ હોય છે.

આજની તારીખે પણ કચ્છના ઘણા ભાગોમાં વિષમ પરિસ્થિતિ પ્રવર્તે છે. ત્યાં કોઈ બારમાસી નદી નથી. તે તમામ વોકળા અને વહેણો છે જે વરસાદ બાદ વહે છે અને બાકીના સમયમાં સૂકાં રહે છે. કચ્છમાં મુખ્ય બે નદીના વહેણ છે. એક ઉત્તરવાહી જે મોટા રણમાં સમાઈ જાય છે અને બીજી દક્ષિણવાહી જે કચ્છના અખાતમાં સમાઈ જાય છે. કચ્છના ઘણાં ભાગો પીવાના પાણીની તકલીફ વેઠે છે અને ખેડૂતોએ લગભગ ભૂતળના પાણી પર આધાર રાખવો પડે છે જે વિપુલ પ્રમાણમાં નથી.

કચ્છનું હવામાન વિષમ, ઉષ્ણ અને ખેતીલાયક છે. એપ્રિલ-મે ગરમ રહે છે અને જૂનમાં ગરમ પવન બંધ થાય છે. ચોમાસું સામાન્યતઃ જુલાઈના પ્રથમ સપ્તાહમાં બેસે. ગરમીના મહીનાઓમાં પણ ઉષ્ણતામાન ક્યારેક ૧૦૭° ફે. થી વધુ હોય છે પરંતુ સાંજ ખુશનુમા અને રાત ઠંડી હોય છે. સમુદ્રતટ પર હવામાન વધુ ખુશનુમા હોય છે અને તે હવામાનમાં ૧૦° ફે. નો તફાવત રહે છે.

હવે આપણે કચ્છના ઇતિહાસનું પુનરાવલોકન કરીએ. કચ્છના પ્રાચીન ઇતિહાસ અંગે કોઈ પ્રમાણભૂત આધારો પ્રાપ્ય નથી. ઇ.સ. ૬૦૦ માં સિંધમાંથી સમા જાતિની ચડાઈ બાદનો કચ્છનો ઇતિહાસ શરૂ થાય છે.

એવું માનવામાં આવે છે કે, એક સમયે કચ્છ દરિયામાં હતું. દરિયાઈ અશ્મિઓ, અવશેષો અને ભૂસ્તરીય સ્થિતિ એવું સૂચવે છે કે આ જમીન એકથી વધુ વખત દરિયામાં હતી. ગમે તે રીતે એવું માનવાને પુરાવો છે કે હાલ રણમાં આવેલ જમીન એક સમયે દરિયામાં હતી અને તેથી કચ્છ એ અરબી સમુદ્રનો ટાપુ હતો. કાલીદાસના મેઘદૂતમાં 'કદલી શવાનું કચ્છમ' તે રીતે ઉલ્લેખ છે. મહાન વિવેચક મલ્લીનાથ ''કચ્છ'' વિશે વર્ણન કરે છે કે, 'જલ પ્રાયમ અનુપમ સ્યાત પુંસી કચ્છ સ્તથા.' એટલે કે પાણી વચ્ચે અથવા અંદર ઘેરાયેલ વિસ્તાર. એવું જણાય છે કે, અહીંનો સમાજ એક સમયે 'અભીર' તરીકે ઓળખાતો. એક સમયે અભીર લોકો સરસ્વતીના કાંઠે વિચરતા અને અમુક સંદર્ભ પ્રમાણે સરસ્વતી દરિયાને મળે છે ત્યાં સ્થાયી થયા. એ પ્રચલિત છે કે સરસ્વતી નદી ઉત્તર ગુજરાતમાંથી વહી કચ્છના રણમાં વિલીન થઈ ગઈ છે. કેટલાક મત અનુસાર તે મુખ્ય ખાડી સુધી વહેતી કે જ્યાં હાલમાં કંડલા બંદર આવેલા છે. આ અભીર લોકો કદાચ અત્યારે વાગડ તરીકે ઓળખાતા વિસ્તારમાં સ્થાયી થયા હશે.

મેં અગાઉ જણાવ્યું તેમ કચ્છનો અગાઉનો દસ્તાવેજી ઇતિહાસ ૬ઠ્ઠી સદીથી શરૂ થાય છે. તેની એકાંકી પરિસ્થિતિને કારણે કચ્છ આક્રમણ અને ઘૂષણખોરીથી મુક્ત રહ્યું છે અને સમાની એક જાતિ જે પાછળથી જાડેજા કહેવાયા તેઓનું ૭મી સદીથી કચ્છમાં શાસન રહ્યું. તે રાજવંશની છેલ્લી વ્યક્તિ મદનસિંહજી, જે હાલે બ્રાઝિલના એલચી છે, તેમણે ૧લી જૂન ૧૯૪૮ના દિને રાજ્ય ભારત સરકારને સોંપ્યું. જેથી એમ કહી શકાય કે જાડેજા, કચ્છના જૂના શાસકો હતા.

આથી આપને જાણીને આનંદ થશે કે તેની બોલી પણ છે જે કચ્છના ઘણા લોકો બોલે છે. જેને કચ્છી બોલી કહેવાય છે. જે પ્રાકૃત ભાષા છે અને સિંધીને મળતી આવે છે. તેમ છતાં તેનાથી અલગ છે. સમયાંતરે તેમાં ગુજરાતીનો પ્રભાવ થતો રહે છે પણ કચ્છની ભાષા ગુજરાતી છે અને કચ્છીની કોઈ લિપિ નથી. સો વર્ષ અગાઉથી અજ્ઞાનને કારણે સાર્વત્રિકપણે બોલી જે સમજી શકાતી ન હોવાને કારણે તમામ ઉપયોગમાં ગુજરાતી ભાષા લેવાતી હતી જેથી મહારાઓના સમયમાં રાજ્ય કારભારની ભાષા ગુજરાતી હતી. ઇ.સ. ૧૮૯૦માં કવિ નર્મદાશંકરે કચ્છમાં ગુજરાતીના પ્રસાર અંગે કહેલું :

''જો કે કચ્છ જરા વધારે દૂર છે અને ત્યાંની ભાષા જુદી છે તો પણ આજકાલ ગુજરાતી ભાષા ત્યાં પ્રસરવા લાગી છે. અર્થાત્ કચ્છીઓનું પણ આપણી સાથે ઐક્ય વધવા લાગ્યું છે.''

ગુજરાતમાં સાક્ષરતા અને શિક્ષણના પ્રસાર સાથે હાલના વર્ષોમાં પરિસ્થિતિ બદલી છે અને કચ્છ અને ગુજરાતના અન્ય ભાગોના લોકો વચ્ચે સાંસ્કૃતિક અને ભાવનાત્મક સંગઠિતતા બહોળા પ્રમાણમાં વધી છે અને સિંધ અને સિંધીનો પ્રભાવ ઘટ્યો છે.

કચ્છની હાલની વસ્તીનું બંધારણ પણ ધ્યાનાકર્ષક છે. તમને સિંધ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મારવાડના અલગ અલગ ચોરા અહીં જોવા મળશે. અગાઉ ગુજરાતથી આવેલ વાઘેલાઓ અને ચાવડાઓ કચ્છમાંની અમુક સૈદ્ધાંતિક બાબતોના લીધે અલગ રહ્યા.

***પ્રાપ્તિ સ્રોત : ઘનશ્યામભાઈ ઠક્કર - અમદાવાદ***

કચ્છ

# ઑલ્ફ્રેડ હાઈસ્કૂલની ઐતિહાસિક ઘટનાઓ

• પ્રા. જિતેન્દ્ર નાનાલાલ અંતાણી •

*કચ્છ - ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ મહારાણી વિક્ટોરિયાના સુપુત્ર "ઑલ્ફ્રેડ"ના નામે ૧૮૭૦માં સ્થપાઈ હતી. સૌ પ્રથમ કચ્છ - માંડવીમાં અને ત્યારબાદ ભુજ મધ્યે સ્થળાંતર થયેલ. કચ્છમાં આ ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થા સ્થપાઈ ત્યારે ત્યાં કચ્છના મહારાઓશ્રી પ્રાગમલજી બાવાનું શાસન હતું. તે સમયે શિલ્પ - સ્થાપત્યની સૂઝ સાથે બે ઈમારતો તૈયાર કરવામાં આવેલ. એક 'ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ' અને બીજું 'મ્યુઝિયમ.' એક જ પટાંગણમાં આ બે સંસ્થાઓ કચ્છના ઈતિહાસ, કલાવારસો, કચ્છની ભાતીગળ સંસ્કૃતિ અને અસ્મિતાની 'જ્યોતિર્ધર' બની રહેલ. પરંતુ ૨૦૦૧ના ભૂકંપ દરમિયાન બંને ઈમારતોને ખાસ્સું એવું નુકસાન થયું હતું. એટલે પાછળથી તે જ સ્થાને બે નવા બિલ્ડિંગ્સ ઊભા કરવામાં આવ્યા છે.*

*ઑલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપનાને સવાસો વર્ષની ઐતિહાસિક ઘટનાની ઉજવણીના પ્રસંગે એક સ્મરણિકા ૧૯૯૮માં બહાર પાડવામાં આવી હતી. લેખકશ્રીનું પ્રસ્તુત માહિતીસભર લેખ તેમાં પ્રકાશિત થયેલ, જે કચ્છી નૂતન વર્ષ નિમિત્તે અત્રે પુનઃ મુદ્રિત કરેલ છે. જેની વિગત વાચકવર્ગ માટે રસપ્રદ અને ઉપયોગી જણાશે તેવી અપેક્ષા.*

*– તંત્રી મંડળ*

મારે શાળાની કેટલીક ઐતિહાસિક ઘટનાઓની વાત કરવાની છે. આ પૈકી કેટલીક ગ્રંથસ્થ થયેલી છે. કેટલાંકનો હું સાક્ષી છું. જ્યારે બાકીની વિગતો મુ. શ્રી કુંદનલાલભાઈ જશવંતરાય ધોળકિયા (માજી સ્પીકર, ગુજરાત વિધાનસભા) સાથેની મુલાકાત દ્વારા મેળવી છે. જે બદલ હું એમનો ઋણી છું.

**★ સ્થાપના :**

મહારાવો શ્રી પ્રાગમલજી બીજાના અરસામાં ૧૮૭૦માં સૌ પ્રથમ માંડવીમાં શાળા શરૂ થઈ. બે વર્ષ બાદ તે ભુજ સ્થળાંતર થઈ અને પાટવાડી ગેટ ઉપર તે ચાલતી. શાળાના અત્યારના ગોથિક શૈલીથી રચાયેલ ભવ્ય મકાનની ઉદ્‌ઘાટન વિધિ તા. ૧૪-૧૧-૧૮૮૪ ના રોજ મુંબઈના ત્યારના ગવર્નર જેમ્સ ફર્ગ્યુસનના હસ્તે થઈ. આ જ દિવસે મ્યુઝિયમના મકાનની પાયાવિધિ પણ થઈ. રાવશ્રી ખેંગારજીની બાલ્યાવસ્થાને કારણે રીજન્સી કાઉન્સિલ હતી. તેમાંથી મહારાવોશ્રી ખેંગારજી ત્રીજાને રાજ ચલાવવાનો પૂરો અખત્યાર સોંપવાની વિધિ માટે મુંબઈના ગવર્નર ભુજ આવેલ.

બ્રિટનના મહારાણી વિક્ટોરિયાના બીજા પુત્ર પ્રિન્સ ઑલ્ફ્રેડની સ્મૃતિમાં શાળાનું નામ ઑફ્રેડ હાઈસ્કૂલ રખાયેલ છે. રાજકોટ તથા ભાવનગરમાં પણ ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ છે.

**★ આચાર્યશ્રીઓ :**

શાળાના પ્રથમ આચાર્ય શ્રી ગોકુળદાસ કહાનદાસ પરીખ હતા. શાળાની રજતજયંતી (૧૮૯૫) સમયે આચાર્ય શ્રી લક્ષ્મીદાસ રવજી સંપત હતા. તેઓ બાર-ઍટ-લૉ હતા. આટલું ઉચ્ચ શિક્ષણ મેળવેલ આચાર્ય મેળવવાનું માન માત્ર ઑલ્ફ્રેડ હાઈસ્કૂલને ફાળે જાય છે.

૧૯૨૭માં મહારાજ કુમાર શ્રી વિજયરાજજીએ શ્રી લક્ષ્મીદાસ સંપતના તૈલચિત્રનું શાળાના મધ્યસ્થ ખંડમાં અનાવરણ કરેલ છે. ત્યારબાદ શાળાના અન્ય અતિ શિસ્ત પ્રિય છતાં લોકપ્રિય આચાર્ય મુકુંદરાયભાઈ જશવંતરાય ધોળકિયાના ફોટાની અનાવરણવિધિ તેમની સ્મૃતિમાં રચાયેલ સમિતિ દ્વારા કરાવાયેલ છે.

**★ શાળામાં મહિલાઓ :**

૧૮૭૦થી ૧૯૪૯ સુધી શાળામાં સહશિક્ષણ હતું. સૌ પ્રથમ મીસ હનાહ સેમસન ૧૯૨૩માં શાળામાં દાખલ થયાં. તેઓ પોલીસ કમિશનરના પુત્રી હતા. તેઓ ૧૯૨૩માં મેટ્રિક થયાં. શાળામાં દાખલ થનાર તથા મેટ્રિક થનાર તેઓ પ્રથમ કન્યા છે. ત્યારબાદ મીસ શાંતા તાંબે ૧૯૩૨માં મેટ્રિક થયાં.

૧૯૫૮માં વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં નાઈન્થ તથા એસ.એસ.સી. ના વધુ વર્ગો શરૂ કરવા તથા વધુ સ્ટાફ નીમવા તેમજ શાળામાં વધુ ઓરડા ઉમેરવા વિદ્યાર્થીઓ દ્વારા ઝુંબેશ શરૂ થઈ. વિદ્યાર્થી સંઘની સ્થાપના કરાઈ. તા. ૧૪-૭-૫૮ ના રોજ જિતેન્દ્ર અંતાણીના અધ્યક્ષપદે વિદ્યાર્થીઓની સભા ભરાઈ. શિક્ષણાધિકારી સમક્ષ માંગણી મૂકાઈ. જે ન સંતોષાય તો હડતાળનું એલાન અપાયું. શિક્ષણાધિકારી શ્રી દામજીભાઈ ઠક્કર સાથે વિદ્યાર્થીઓની ચર્ચા થઈ. નવા વર્ગો શરૂ કરાયા અને કદાચ શાળાના ઈતિહાસમાં પ્રથમવાર ચાર

મહિલા શિક્ષિકાઓ નીમાઈ. કુમારી મૃદુલાબહેન એન. માંકડ, કુમારી બંસરીબહેન એન. માંકડ, કુમારી હીરાબહેન એમ. ઓઝા તથા કુમારી જયાબહેન શાહે ૧૯૫૮ માં ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં પ્રવેશ કર્યો.

૧૯૫૮માં બીજો એક અતિ મહત્ત્વનો બનાવ બન્યો. શાળામાં ટેકનિકલ વિભાગ શરૂ કરાયો.

૧૯૪૯માં ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ શરૂ થતાં ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ માત્ર ભાઈઓ માટે જ રહી. પરંતુ ૧૯૭૭માં હાયર સેકન્ડરી વિભાગ શરૂ થયો. ભુજમાં માત્ર ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં વિજ્ઞાનપ્રવાહનું શિક્ષણ શરૂ થયું. આથી થોડો સમય કુમારી ભૈરવી પ્રવિણભાઈ અંતાણી વગેરે બહેનોએ ફરી ઑલ્ફ્રેડમાં અભ્યાસ કર્યો.

### ★ કરુણાંતિકા :

શાળાના ઈતિહાસમાં એક ગમખ્વાર બનાવ પણ નોંધાયો છે. ૧૯૨૦ના અરસામાં શ્રી વિશ્રામ વેલજી જેઠી શાળાના વ્યાયામ શિક્ષક હતા. કોઈ એક કાર્યક્રમમાં મહારાવો શ્રી ખેંગારજીની ઉપસ્થિતિમાં રાયફલ શુટીંગનું નિદર્શન કરવાનું હતું. શ્રી જેઠીનો હુકમ થયો "ફાયર" ત્યાં કારમી ચીસ સાથે એક વિદ્યાર્થી ઢળી પડ્યો. બાજુના વિદ્યાર્થીની બેદરકારીને કારણે ખુદ શ્રી જેઠીના સુપુત્રનું જ દુઃખદ અવસાન, સ્થળ પર જ થયું હતું.

### ★ મોક પાર્લમેન્ટ - પોઈન્ટ ઓફ ઓર્ડર :

શાળામાં શ્રી સ્મિથની પ્રેરણાથી ૧૯૩૫માં મોક પાર્લામેન્ટનો પ્રયોગ થયો હતો. સર્વ શ્રી કુંનલાલભાઈ ધોળકિયા, પરિમલ ય. મહેતા તથા રવિલાલ મહેતા ચૂંટાયા હતા. શ્રી ધોળકિયા વિપક્ષના ડેપ્યુટી લીડર હતા. જ્યારે શ્રી મહેતા સામા પક્ષે હતા.

આ પ્રસંગે શ્રી સ્મિથ ઉપરાંત મ.કુ. શ્રી ફત્તેહસિંહજી વ. રાજકુટુંબના સભ્યો પણ ઉપસ્થિત હતા.

અચાનક પાછળથી એક અવાજ આવ્યો, "પોઈન્ટ ઓફ ઓર્ડર." શ્રી હીરાલાલ વૈષ્ણવ નામે વિદ્યાર્થીએ સ્મિતથી ઊભા થઈ પોઈન્ટ ઓફ ઓર્ડર ઊઠાવ્યો કે રાજકુટુંબના સભ્યોએ કોટના બટન ખુલ્લાં રાખ્યા છે અને ગજવામાં હાથ રાખીને બેઠા છે. શ્રી સ્મિથે પોઈન્ટનો સ્વીકાર કર્યો અને રાજકુટુંબના સભ્યોને પણ જરૂરી સૂચના આપી.

### ★ હડતાળ :

શાળામાં આઝાદીની ચળવળ દરમિયાન અવારનવાર હડતાળ પડેલી. ત્યારબાદ ૧૯૬૦ તથા ૧૯૬૭ માં જુદા જુદા પ્રસંગે હડતાળ પડેલી. ૧૯૫૮માં શિક્ષણાધિકારી શ્રી દામજીભાઈ ઠક્કર, આચાર્યશ્રી મુકુંદરાયભાઈ ધોળકિયા તથા વિદ્યાર્થી આગેવાનો જિતેન્દ્ર અંતાણી, શંકર સચદે, એ. એ. મુનશી વ. ની અગમચેતીથી હડતાળ નિવારી શકાઈ હતી.

નવનિર્માણ આંદોલન તથા અનામત આંદોલન દરમિયાન ૧૯૭૪ તથા ૧૯૮૫માં હડતાળ પડી હતી.

### ★ આઝાદી ચળવળની અસર :

અન્ય વિસ્તારની જેમ ભુજમાં આઝાદી જંગની અસર નહિવત્ હતી. પરંતુ ૧૯૪૨માં શાળાના શ્રી વિદ્યાકાંત પટણીએ શાળા ઉપરથી યુનિયન જેક ઉતારી રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો. હલચલ મચી જતાં ખુદશ્રી વિજયરાજજી શાળામાં આવ્યા. તપાસ કરી શ્રી પટણીને માત્ર ઠપકો આપી છોડી મૂક્યા અને રાષ્ટ્રધ્વજ પોતાની સાથે લઈ ગયા.

### ★ વિદ્યાર્થીઓની વિશેષતા :

રાજાશાહીમાં દરેક શિક્ષકે ફેંટો કે ટોપી તથા વિદ્યાર્થીએ ટોપી પહેરવી ફરજિયાત હતી.

સર્વશ્રી પરિમલ ય. મહેતા તથા અવિનાશ ટમટમમાં શાળામાં આવતા, કુમારી શાંતા તાંબે ૧૯૩૨માં સીગરામમાં શાળામાં આવતા. જ્યારે ૧૯૪૩માં સૌ પ્રથમવાર કુમારી સરયુ શાળામાં સાઈકલથી આવ્યા.

### ★ શાળા અને રાજવી કુટુંબ :

મહારાવો શ્રી પ્રાગમલજી, ખેંગારજી, વિજયરાજજી તથા મદનસિંહજીએ શાળાના વિકાસમાં રૂચિ લીધી છે. પંરતુ કચ્છના રાજ કુટુંબનો કોઈ નબીરો આ શાળામાં ભણ્યો નથી.

### ★ શાળાના તેજસ્વી તારકો :

ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા આ શાળામાં ભણ્યા હોવાનું કહેવાય છે. શાળાના વિદ્યાર્થીઓ સર્વશ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર તથા રામજી રાધવજી ઠક્કર પ્રધાનપદે પહોંચ્યા છે. તો શ્રી કુંદનલાલ જશવંતરાય ધોળકિયા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વરાયા હતા. શ્રી ભૂપત ઓઝા I.A.S. થઈ એમ્બેસેડર થયા છે, તો શ્રી કનુભાઈ જમિયતરાયભાઈ વૈદ્ય હાઈકોર્ટના જજ થયા છે.

### ★ મહાનુભાવોની મુલાકાત :

દ્વિભાષી મુંબઈ રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી વાય. બી. ચવ્હાણે ૧૯૫૬માં શાળાની મુલાકાત લીધી હતી તો શિક્ષણમંત્રી શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ ૧૯૫૯માં શાળામાં પાવન પગલાં કર્યાં હતાં. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી શ્રી જીવરાજભાઈ મહેતાએ તા. ૧૩-૫-૬૨ ના રોજ શાળાની મુલાકાત લઈ શ્રી રામસિંહજી રાઠોડનું સન્માન કર્યું

હતું. પ્રમુખ સ્થાને શ્રી કુંદનભાઈ હતા. તા. ૩૧-૧-૧૯૬૮ ના રોજ કેન્દ્રના મંત્રી શ્રી જયસુખલાલ હાથીએ પણ શાળાની મુલાકાત લીધી છે. સાહિત્યકારો ચં.ચી. મહેતા, બ. ક. ઠાકોર, મેઘાણી, નરસિંહરાવ દિવેટીયા, ઉમાશંકર જોષી, ક. મા. મુનશી, જ્યોતિન્દ્ર દવે વ. પણ શાળામાં પધાર્યા હતા. ૧૯૭૨માં ગુજરાતના રાજ્યપાલશ્રી શ્રીમન્ન નારાયણ પણ શાળાની મુલાકાતે પધાર્યા હતા.

સરસ્વતીચંદ્રના જનક શ્રી ગોવર્ધનરાય ત્રિપાઠીને કચ્છના દીવાનપદ તથા ઑલ્ફ્રેડ હાઈસ્કૂલના આચાર્યપદની ઓફર થઈ હતી. તેઓ ભુજની મુલાકાતે પણ આવ્યા હતા. પરંતુ તેમણે કચ્છમાં આવવાનું કોઈપણ કારણથી પસંદ કર્યું નહિ.

શાળાનો મધ્યસ્થ ખંડ ૧૯૬૭ સુધી ભુજનો ટાઉન હોલ હતો. અહીં નાટકો, પ્રદર્શન, પ્રવચન, મુશાયરા વિ. યોજાતા.

**★ શતાબ્દીની ઉજવણી :**

તા. ૨-૧૨-૧૯૭૨ના રોજ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી પી. એન. ભગવતીના પ્રમુખપદે શાળાનો શતાબ્દી કાર્યક્રમ ઉજવાયો હતો. સવારે વિદ્યાર્થીઓનું સરઘસ યોજાયું હતું અને સાંજે શાળાના ત્રણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સર્વ શ્રી મૂલચંદ શામજી શાહ, ઈશ્વરલાલ અંતાણી તથા વાઘુભા ગોહિલનું સન્માન થયેલ. શતાબ્દી સમિતિના અધ્યક્ષ શ્રી ટી.એમ. શેઠ હતા. જ્યારે તેના ઉપપ્રમુખ શ્રી કુંદનલાલભાઈ જ. ધોળકિયા તથા મંત્રીઓ સર્વ શ્રી દામજીભાઈ ઠક્કર તથા શામજી કંસારા હતા. આ સમયે આચાર્યપદે શ્રી પુષ્પકાંત હરિલાલ વોરા હતા.

**★ એવોર્ડ મેળવવામાં હેટ્રીક :**

શાળાના વિદ્યાર્થી શ્રી દામજી વેલજી ઠક્કરને ૧૯૨૬માં પ્રાગમલજી સ્કોલરશીપ, સર જ્યોર્જ સ્કોલરશીપ તથા રાઓ બહાદુર કરમશી દામજી સ્કોલરશીપ મળેલ. ઉપરાંત ૧૯૨૮માં તેમને દીવાન બહાદુર મણિભાઈ કચ્છ મેમોરિયલ સ્કોલરશીપ પણ મળેલ.

**★ બીલીપત્ર :**

એકદમ બાજુબાજુમાં સવા શતાબ્દી જૂની શિક્ષણ અને સંસ્કારની સંસ્થાઓ આવેલી હોય તે વીરલ ઘટના છે. ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ, કચ્છ મ્યુઝિયમ તથા મહારાવો શ્રી વિજયરાજજી લાયબ્રેરી હમીરસરની પાળે આવેલ, માત્ર ભુજ નહિ પરંતુ સમગ્ર કચ્છના શિક્ષણ, સંસ્કાર તથા સંસ્કૃતિની સ્મૃતિ છે.

**સંદર્ભ સૂચિ :**

**(૧)** ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ ભુજ, ગોલ્ડન જ્યુબિલી કોમેમોરેશન વોલ્યુમ ૧૯૩૪, પ્રકાશક : શ્રી લાભશંકર એમ. પાઠક, આચાર્ય ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભુજ

**(૨)** શ્રુતિ અને સ્મૃતિ (કચ્છ) લેખક : શ્રી કુંદનલાલભાઈ જ. ધોળકિયા, પ્રથમ આવૃત્તિ ૧૯૮૦, પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન - અમદાવાદ.

**(૩)** કચ્છમાં શિક્ષણદીપની જ્યોત, લેખક : પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી, પ્રથમ આવૃત્તિ : ૧૯૮૫, પ્રકાશક : સ્વ. મનુબહેન મકવાણા સ્મૃતિ ટ્રસ્ટ ભુજ.

**(૪)** કચ્છની તવારીખ, લેખક : પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૧, પ્રકાશક : સ્વ સુરેન્દ્રરાય અંતાણી સ્મૃતિ સમિતિ - ભુજ.

**(૫)** કચ્છના અંતરંગો, લેખક : શ્રી કુંદનલાલભાઈ જ. ધોળકિયા, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, પ્રકાશક : વિચારશીલ પ્રકાશન - મુંબઈ

**(૬)** ઑલ્ફ્રેડની સવા શતાબ્દી, લેખક : શ્રી ડી. કે. વૈદ્ય, કચ્છ મિત્ર સાપ્તાહિક, તા. ૭-૭-૧૯૯૬.

**(૭)** ઑલ્ફ્રેડની સવા શતાબ્દી અને માનવ રત્નો. લેખક : શ્રી શિવાજી બારોટ, કચ્છ મિત્ર દૈનિક, તા. ૧૦-૯-૯૬.

*૭૭, તિરૂપતિ નિલયમ,*
*સ્વામિનારાયણ સોસાયટી, જાદવજીનગર,*
*ભુજ, કચ્છ.*

**ધોળાવીરા ગામ પાસે પ્રાક્-હડપ્પીય યુગનું સરોવર**

**(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)**

જમીનોને પૂરું પાડવાનો પ્રબંધ કર્યો હતો. અશોકના રાજ્યપાલ યવનરાજ તુષાસ્કે આ તળાવને પ્રણાલીઓથી અલંકૃત કર્યું હતું. એના તટ પર અટ્ટાલિક - અટાળી, ઉપતલ્પ - છત્રી, દ્વાર - દરવાજા, શરણ - આરામ - સ્થળ અને તોરણ શિલ્પોથી શણગાર્યું હતું એમ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી લખે છે. આમ જૂનાકાળે ઈંટો અને પથ્થરોનો ઉપયોગ તળાવો બાંધવામાં શરૂ થયો નહોતો ત્યારે તળાવો બનાવવા માટે પાણીના ઝરણા કે નદીના પ્રવાહને રોકવા બંધ બાંધી તળાવોનું નિર્માણ કરાતું. ગુજરાતના પ્રાચીન જળાશયો જોતાં તળાવો બાંધવાની પદ્ધતિ ઘણા પ્રદેશોમાં ફેલાયેલી હોવાનું ડૉ. સાવલિયા નોંધે છે. જૂનાગઢનું સુદર્શન સરોવર બે વાર તૂટ્યું અને તેનું સમારકામ થતું રહ્યું પણ ત્રીજીવાર ક્યારે તૂટ્યું હશે એની માહિતી મળતી નથી. શ્રી નરોત્તમ પલાણ એવું અનુમાન કરે છે કે ઈ.સ. ૭૮૮માં વલ્લભીભંગ પછી આ તળાવ તૂટ્યું હશે! જો પહેલાં તૂટ્યું હોય તો ક્ષત્રપવંશ અને ગુપ્ત વંશના રાજ્યની માફક મૈત્રક વંશના રાજવીઓ તેનું પુનઃ નિર્માણ જરૂર કરાવે. આ રાજાઓ પ્રજાની સુખાકારીનો વિચાર કરે અને તળાવનું સમારકામ કરાવે તેવા સમર્થ હતા. કચ્છમાં આવા અનેક તળાવો છુપાયેલા છે. તેને ખરેખર ખોદવાની જરૂર છે અને પાછી ભયાનક ગરમી અને દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં આવી તળાવ સંસ્કૃતિને ઉજાગર કરવાની જરૂર છે. આવો, પાછા કચ્છના તળાવોને ઉજાગર કરીએ.

*સંદર્ભ : 'લોકજીવનનાં મોતી' - જોરાવરસિંહ જાદવ*

*પરમેશ્વરી પ્લોટ નં.-૧૬૫,*
*વિજયનગર એરિયા, હોસ્પિટલ રોડ,*
*ખાવડા મેસુક ઘર પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

વિશેષ

# ગાંધી - હત્યા

(લેખાંક - ૬)

## હત્યાના એક શકદાર સાવરકરનો ઓછો જાણીતો પરિચય

● પ્રવીણચંદ્ર શાહ ●



*હત્યા પછી ગાંધીજી મૃત્યુ શૈય્યામાં.*

કોઈ પણ વ્યક્તિના નામની સાથે 'મહાન' શબ્દનું ગૌરવાંકિત વિશેષણ ક્યારે જોડી શકાય?

આ પ્રશ્નનો જવાબ તો વિવિધ શાસ્ત્રો, ગ્રંથો કે પુસ્તકોમાંથી મળી શકે છે. આપણે ભારતના બંધારણના બુધ્ધિવંત ઘડવૈયાઓમાંના એક ડૉ. બી.આર. આંબેડકરના લખેલાં અનેક પુસ્તકોમાંના એક પુસ્તકમાંથી પણ મેળવી શકીએ છીએ. ૧૯૪૩માં એમણે એમના જ્ઞાનભંડારમાંથી એક લાંબી પ્રવચન શ્રેણી રજૂ કરેલી. એ શ્રેણી સળંગ પુસ્તક તરીકે પ્રકાશિત થયેલી છે, જે 'રાનડે, ગાંધી એન્ડ જિન્નાહ' – એ નામથી જાણીતી થયેલી છે.

કોઈપણ જાહેર વ્યક્તિને સાંપડતી 'મહાનતા' ના સંબંધે આ પુસ્તકમાં દુનિયાના અનેકાનેક વિદ્વાનોના અભિપ્રાયો ટાંકવામાં આવ્યા છે. પુસ્તક અંગ્રેજીમાં છે એટલે તેમાંનું રત્નકણિકા સમાન ક્વોટેશન અહીં અંગ્રેજીમાં પણ ઉતાર્યું છે અને તેનો સરળ ભાવાર્થ ગુજરાતીમાં પણ મૂક્યો છે :



*સાવરકર : માફી-વીર*

"Who can be called a Great Man? He asked and replied : "A man is Great because he finds a way to save Society in its hour of crisis... He can do so only with the help of intellect" and sincerity of purpose. A Great Man must be motivated by the dynamics of social purpose and must act as the scourage and scavenger of Society." આંબેડકરે ઉમેર્યું છે : "A man who spreads hate and extots violence can not be called "Great." Witness Hitler."

સારાંશ : એવી વ્યક્તિને મહાન ગણી શકાય જે આંધીમાં અટવાયેલા સમાજને હેમખેમ બચાવી કટોકટીમાંથી બહાર આણી શકે... આ માત્ર બુધ્ધિના બળે જ થઈ શકે અને ઉચ્ચ હેતુની પ્રામાણિકતા દ્વારા જ શક્ય બને. સામાજીક ભલાઈ પામવા માટેના વંટોળને બુધ્ધિપૂર્વક જ ભેદી અને વિખેરી શકાય. આ માટે વ્યક્તિએ શ્રાપ પણ બનવું પડે અને સમાજના સફાઈ કામદાર પણ બનવું પડે. જે વ્યક્તિ ધિક્કાર જ ફેલાવતી રહે અને હિંસાનો જ પ્રસાર કરતી રહે તેને "મહાન" ન જ ગણી શકાય. શું આપણે હીટલરને મહાન ગણીશું?

### ● વિભાજનીક માનસ :

મહાનતા માટેની આ કસોટીમાંથી શું સાવરકર ખરા ઉતરે છે? એમની રાજકીય કારકિર્દીના આરંભ સમયે ૧૮૫૭ના બળવાને એમણે ભારતનું પહેલું સ્વાતંત્ર્ય યુધ્ધ, એમના પહેલા જ પુસ્તકમાં ગણાવેલું અને હિંદુ - મુસ્લિમોની મિશાલરૂપ એકતાને

હાર્દિક રીતે બિરદાવેલી અને પછીના બધા જ વર્ષો દરમિયાન હિંદુ અને મુસ્લિમોને એકબીજાના કટ્ટર દુશ્મનો જ ગણાવતા રહેલા. હિંદુઓનું રાષ્ટ્ર અલગ છે અને મુસ્લિમોનું રાષ્ટ્ર અલગ, અલગ અને અલગ જ છે. મુસ્લિમ લીગના જિન્નાહે મુસ્લિમો માટેના અલગ દેશની માંગ તો છેક ૧૯૪૦ના લીગના લાહોર અધિવેશનમાં ઉઠાવેલી. પણ વી.ડી. સાવરકરે તો જિન્નાહથી ૧૬ વર્ષ પહેલાં મુસ્લિમોના અલગ રાજ્ય માટેની માંગણી ભારપૂર્વક દોહરાવેલી. સાવરકરના પ્રશંસકો યા ટીકાકારોએ પૂરી સચ્ચાઇ, પ્રામાણિકતા અને ગંભીરતાથી રાષ્ટ્રીયતાના આ મુદ્દાનું તોલન કરવું અનિવાર્ય છે. ભારતની રાષ્ટ્રીયતા અને તેની હિફાઝત અને રક્ષણ સંબંધે સાવરકરની આદર્શ મનોકલ્પના શું હતી?

બે વ્યક્તિઓના આદર્શ અને મનોકલ્પના (Concept)ની ગણતરી અને સરખામણીથી આ ગંભીર મુદ્દો સ્પષ્ટ બને છે. જાન્યુઆરી ૫, ૧૯૬૧ના પંડિત નહેરુને પૂછાયેલા પ્રશ્નના જવાબમાં નહેરુએ 'કોમવાદ'ની આકરી ટીકા કરતાં કહેલું કે કોમવાદ હિંદુઓનો હોય કે મુસ્લિમોનો હોય – ગમે તેનો હોય તે વર્જ્ય જ છે, બૂરો છે, અસ્વીકાર્ય છે. સ્પષ્ટતા કરતાં એમણે કહ્યું કે લઘુમતીનો કોમવાદ તો કોમવાદ તરીકે તરત ગણાઈ જાય છે પણ બહુમતી લોકોનો કોમવાદ 'રાષ્ટ્ર ભક્તિ'માં ગણી લેવાનું બનતું રહ્યું છે.

પંડિત નહેરુની આ ચોક્ખીચટ સ્પષ્ટતા સાથે સાવરકરની સ્પષ્ટતાને સરખાવીએ : સાવરકર કાનપુર ગયેલા. ત્યાંના વિદ્યાર્થીઓની એક સભામાં કોમવાદ કોને ગણવો તેવા પ્રશ્નના જવાબમાં સાવરકરે કહેલું : જેને 'રાષ્ટ્રીયતા' કહેવામાં આવે છે તે બહુમતીનો રાષ્ટ્રીય કોમવાદ જ છે. ભારત દેશમાં હિંદુઓ જ રાજ કરતા રહ્યા છે અને (બ્રિટીશ જવા પછી) કરતા જ રહેવાની ખેવના ધરાવે છે. હિંદુસ્તાનમાં હિંદુઓ જ છે, હિંદુઓ હિંદુ ધર્મ પાળે છે, હિંદુઓ જ બહુમતીમાં છે, એટલે કે રાષ્ટ્રીય બહુમતીમાં છે, માટે તેઓ જે રીતે રાષ્ટ્રીયતા રચે, તે દેશની રાષ્ટ્રીયતા બને છે, રાષ્ટ્રીય કોમવાદ બને છે.

આ બે સામસામા આદર્શો, સામસામી વિરોધી અવધારણાઓ, માન્યતાઓ અને દષ્ટિબિંદુઓ વચ્ચે જમીન - આસમાનનો તફાવત છે. બંને વચ્ચેનો ફરક મુળભૂત છે અને બંને વચ્ચેની ખીણનું અંતર ક્યારેય પૂરી શકાવું શક્ય નથી.

સંપૂર્ણ ઝનુનીપણે આ પ્રકારની દ્રઢ માન્યતાવાળા સાવરકર, સ્વતંત્ર ભારતની બંધારણ સભાએ સર્વાનુમતે સ્વીકારેલા અને અપનાવેલા નવા ત્રિરંગી ઝંડાને હડસેલી દઈ ઠુકરાવે એ એમની રાષ્ટ્રવિરોધી તરીકેની ઓળખને વધુ તિરસ્કારપાત્ર બનાવે છે. જુલાઈ ૨૯, ૧૯૪૭ના દિવસે તાજા સ્વતંત્ર ભારતની બંધારણ સભાએ નવા ત્રિરંગા ધ્વજને અપનાવ્યો ત્યારે સાવરકરે શું કહેલું અને શું કરેલું? "ભારત દેશના રાષ્ટ્રધ્વજ તરીકે આ ત્રિરંગાનો કદી પણ સ્વીકાર થઈ જ ન શકે." સાવરકરે કહ્યું : "અમારી માતૃભૂમિ એક માત્ર જ હોઈ શકે, અને તે છે ભગવો ઝંડો... આપણી હિંદુઓની ઓળખ, ઔકાત અને ગૌરવ માત્ર ભગવા ઝંડાથી જ પ્રકાશમાન થાય છે... ભગવો ઝંડો જ માત્ર હિંદુ ઇતિહાસ, સંસ્કૃતિ અને સંસ્કારનું પ્રતિનિધિત્વ કરી શકે છે. સમગ્ર હિંદુ પ્રજા, અખિલ વિશ્વની હિંદુ પ્રજા, બીજા કોઈ પણ વાવટાને નમન કરી શકતી નથી. હૃદયની સચ્ચાઈ અને તંતેતંત વફાદારીથી હિંદુ-એ-હિંદુ માત્ર ભગવા ધ્વજનો જ સ્વીકાર કરી શકે..."

– સાવરકરના આ અભિપ્રાય, ઝનુની માન્યતા અને ત્રિરંગા - દેશધ્વજ તરફના આટલા તીવ્રતમ તિરસ્કરા અને ધિક્કાર જાણ્યા પછી, સાવરકરને 'વીર' ગણવાનું તો એક બાજુએ રહ્યું, માત્ર ભારતીય નાગરિક તરીકે પણ શું ગણી શકાય ખરું?



*સાવરકર (મધ્યમાં), ગોડસે (ડાબે છેડે)*

- **દ્રોહી ત્રાવણકોર :**

આવું જ તિરસ્કારપાત્ર વલણ અને વર્તન સાવરકરે આપણા દેશની (ઇન્ટેગ્રીટી) દેશ સમગ્રની એકતા અને અખંડતા સંબંધે લીધેલું.

દેશના ભાગલા વખતના સમય અને સંયોગોનો કનિષ્ઠ લાભ લેવા માટે બ્રિટીશ સરકારે અનેકાનેક યુક્તિ - પ્રયુક્તિઓવાળી યોજનાઓ અને પ્લાનો કરેલા અને ચર્ચેલા અને અમુક ખાનગી રાખેલા. બ્રિટીશ સરકારના છૂપા મનોરથ એવા હતા કે જતાં જતાં આખોય દેશ સંયુક્ત ન રહે, કટકા કટકામાં

વિખેરાઇ જાય. એટલે એક એવો પ્લાન બનાવેલો કે દેશની જેટલી રાજાશાહીઓ છે, રિયાસતો છે તેમને દ-રે-ક-ને અલગ અલગ સ્વતંત્રતાઓ આપવી, જેથી બ્રિટીશ સત્તા હેઠળના પ્રદેશો જુદા સ્વતંત્ર બને, રાજાઓની પાંચસો - છસ્સો રિયાસતો અલગ સ્વતંત્ર બને. આ પ્રપંચનું આખરી દુષ્પરિણામ શું આવે? આખોય દેશ નાના-મોટા સેંકડો ટુકડાઓમાં ફેરવાઈ જાય. તેમાંથી અંદરો-અંદરના વિખવાદોના ભડકા થાય, દેશ આખાયમાં અનહદ અરાજકતા પેદા થાય અને ભારત દેશનો સુથ વળી જાય.

ભલું થજો, પંડિત જવાહરલાલ નેહરુનું! લોર્ડ લૂઈ માઉન્ટબેટન, તે વખતના વાઇસરૉય અને બ્રિટીશ સલ્તનતના સર્વોચ્ચ પ્રતિનિધિ પાસેથી નહેરુને આ બાબતની જેવી બાતમી મળી કે ધગધગતા લાવાનો ડુંગર ફાટી પડે તેમ નહેરુનો ગુસ્સો અને ખફગી લોર્ડ માઉન્ટબેટન પર ધગધગતા લાવાની જેમ વરસી પડ્યા! ખબરદાર! નહેરુએ માઉન્ટ બેટનને હલબલાવી નાખ્યા. સ્વતંત્રતા કોઇ રિયાસત - બિયાસત કે રાજા-મહારાજા - ઠાકોર - જાગીરદારને નહીં જ આપી શકાય. આઝાદી આ-ખા-ય દેશને, ઇંડિયન યુનિયનને, આઝાદ ભારતની એકમાત્ર સર્વોચ્ચ સત્તાને જ આપવાની રહેશે. દેશના આ નિર્ણયમાં તંતુભારનો પણ ફેરફાર નહીં જ થાય! નહેરુએ સ્પષ્ટ સુણાવી દીધું.

***પરિણામ :*** માઉન્ટબેટન દ્વારા બ્રિટીશ સરકારને પોતાના યુક્તિ - પ્રયુક્તિવાળા પ્લાન કોરાણે મૂકવા જ પડ્યા. દેશના કોઇ રાજા - રિયાસતને બ્રિટીશ સલ્તનત સ્વતંત્ર રીતે અલગ કરી શકી નહીં અને સમગ્ર ભારત આઝાદ બન્યું.

આ ઘટના દ્વારા સાવરકરના 'દેશપ્રેમ'ની સરખામણી થઈ શકે છે. એમના હસ્તક તો દેશ આખોય ભાંગીને ભૂક્કો થઈ ગયો હોત. બન્યું એવું કે દક્ષિણ ભારતના એક મજબૂત દેશી રાજ્ય ત્રાવણકોરના તે વખતના દીવાન સી.પી. રામસ્વામી, જે ઝુલ્મી પણ હતા, એકહથ્થુ સત્તા ભોગવવાના અનુભવી હતા, બુધ્ધિશાળી, ચકોર અને રાજકીય ચોપાટના ખેલંદા હતા, તેમણે એવું ખાનગી ષડયંત્ર રચ્યું કે ત્રાવણકોર રાજ્યને એકલાને જ 'સ્વતંત્ર' જાહેર કરાય. જેથી ન તો એ દેશી રાજ્ય બ્રિટીશ સત્તા હેઠળ રહે કે ન તો સ્વતંત્ર ભારત દેશની હકુમતમાં રહે. ૧૧ જૂન, ૧૯૪૭ના ત્રાવણકોર રાજ્ય વતી તેના સર્વેસર્વા દિવાન સી.પી. રામસ્વામી ઐયરે ઉઘાડે છોગે, ભારે દબદબાથી ત્રાવણકોર રિયાસતનો નિર્ણય જાહેર કર્યો કે જેવી બ્રિટીશ સત્તા ભારત છોડશે ત્યારથી જ ત્રાવણકોર રાજ્ય એક પોતાની રીતનું સ્વતંત્ર રાજ્ય બનશે. દિવાન રામસ્વામી ઐયરે તેના દિવાનપદ દરમિયાન બેફામ જુલ્મો ગુજાર્યા હતા. જેમણે દિવાનના જુલ્મો સહન કર્યા હતા તે બધા અને ત્રાવણકોરની શોષિત રૈયત રાજ્યના આ તોફાની નિર્ણયની બિલકુલ વિરુધ્ધ હતી. ત્રાવણકોર રાજ્યભરમાં ભયનો સન્નાટો ફેલાઈ ગયો અને રાજ્યના આ અવિચારી, કિન્નાખોર બેફામ નિર્ણયના જોરદાર પ્રતિકારની તૈયારીઓ થવા લાગી. દરમિયાનમાં દિવાન ઐયરે રાજ્યના એક પ્રતિનિધિની પાકિસ્તાન માટે નિમણૂક પણ કરી નાખી. પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદઅલી જિન્નાહના તો ખોળામાં પાકા આંબા પડ્યા જેવો ઘાટ થયો. ૨૦ જૂન, ૧૯૪૭ની તારીખે એક ટેલિગ્રામ કરીને જિન્નાહે દિવાન ઐયરને તેના શાણા નિર્ણય માટે 'શાબ્બાશી' આપી.



...the mark. They have a habit of slackening off after the ...authorities have to be kept up ...purt. What is more dangerous is that a number of them ...appear to sympathise with the RSS. Hence an impression is ...created that nothing very effective is being done. Effectiveness does not mean mass arrests but the singling out of people who count and whose potentiality for mischief is great.

68. SARDAR TO JAWAHARLAL NEHRU, DATED 27 FEBRUARY 1948

Thank you for your letter dated 26 February 1948 which I received just now.

I have kept myself almost in daily touch with the progress of the investigation regarding Bapu's assassination case. I devote a large part of my evening to discussing with Sanjevi the day's progress and giving instructions to him on any points that arise. All the main accused have given long and detailed statements of their activities. In one case, the statement extends to ninety typed pages. From their statements, it is quite clear that no part of the conspiracy took place in Delhi. The centres of activity were Poona, Bombay, Ahmednagar and Gwalior. Delhi was, of course, the terminating point of their activity, but by no means its centre; nor do they seem to have spent more than a day or two at a time, and that too only twice between 19 and 30 January. It also clearly emerges from these statements that the RSS was not involved in it at all. It was a fanatical wing of the Hindu Mahasabha directly under Savarkar that (hatched) the conspiracy and saw it through. It also ...was limited to some ten men, of

– 'દેશપ્રેમી' 'વીર' સાવરકરે તે વખતે શું કર્યું? જનતા જુલ્મી દિવાન સી.પી. રામસ્વામી ઐયરને સાવરકરનો ટેલિગ્રામ મળ્યો. તેમાં સાવરકરે જનતાદ્રોહી, દેશદ્રોહી દિવાનને ધન્યવાદ અને મુબારકબાદ આપ્યા : "પૂરેપૂરા ઉત્સાહથી હું તમારા નિર્ણયને સંપૂર્ણ ટેકો આપું છું. એકલપંડે સ્વતંત્ર થવાનો તમારો નિર્ણય શાણપણવાળો અને દીર્ઘદષ્ટિવાળો છે. આપણું હિંદુ રાજ્ય ત્રાવણકાર સ્વતંત્ર રહેશે તેવા હિંમતભર્યા તમારા નિર્ણય માટે મારું સમર્થન, ધન્યવાદ અને મુબારકબાદી આપું છું."

(જો કે પછીથી દિવાનની હકાલપટ્ટી થયેલી અને ત્રાવણકોર રાજ્ય ભારતીય સંઘ સાથે જોડાઈ ગયેલું.)

સાવરકરે જેને ખોબા ભરી ભરીને સમર્થન આપ્યું, દીર્ઘદષ્ટિ અને હિંમત માટે નવાજ્યા, તેનું અનુકરણ જો દેશના બીજા રાજાઓ કે દેશી રાજ્યોએ કે પ્રદેશોએ કર્યા હોત તો?

ક્યાં પંડિત જવાહરલાલ નહેરુની દેશભક્તિ, અગમચેતી અને ખબરદારી અને ક્યાં સાવરકરની રાજકીય બુધ્ધિ? આ સાવરકરને બી.જે.પી. 'મહાન' ગણાવે છે, 'વીર' ગણાવે છે અને દેશભક્ત ગણાવવા માંગે છે! સાવરકર એમની કારકિર્દી દરમિયાન વાસ્તવમાં સાચા કે સારા દેશભક્ત ૧૯૦૭ પછી ક્યારેય હતા નહીં, – પણ બી.જે.પી. પાર્ટીએ પોતાના રાજકીય સ્વાર્થ સાધવા અને ગુણાંક ઝડપવા, સાવરકરને દેશભક્ત અને રાષ્ટ્રભક્ત તરીકે મોટા પાયે ચીતરતા રહેવાની પ્રયુક્તિ અજમાવ્યા કરી છે. ત્રીસ, ચાલીસ કે પચાસેક વર્ષો દરમિયાનમાં ત્રણ બ્રિટીશ અધિકારીઓની હત્યાઓ સાવરકરે પોતે તો કરી જ નહોતી. તેમણે દેશભક્તિ માટેની કોઈ વીરતા બતાવી નહોતી. પોતે ઓઝલ પરદા પાછળ જ રહીને, બીજાઓને હાથા બનાવીને યશ ખાટવામાં પરિતૃપ્તિ માણી હતી. એમણે બ્રિટીશ સરકારની માફીઓ જ માંગ્યા કરી હતી, દયા જ યાચ્યા કરી હતી, શરણાગતિઓ જ સ્વિકાર્યા કરી હતી. એમણે દેશની ઐક્યતા પર ક્યારેય ભાર મૂક્યો નહોતો; ઉલટું, હિંદુ - મુસ્લિમો વચ્ચે ફૂટ પડાવવાની જ પ્રવૃત્તિ હિંદુ મહાસભા જેવી કટ્ટર કોમવાદી દેશહિત દ્રોહી સંસ્થાના વર્ષો સુધીના પ્રમુખપદ દરમિયાન કરી હતી. દેશના ભાગલા કરવાની ઝુંબેશ જિન્નાહથી યે ૧૬ વર્ષો પહેલાં કરી હતી.



*સાવરકર પરિવાર સાથે : ભાઈ ગણેશ - ઉર્ફે બાબુરાઓ (મધ્યમાં) અને નારાયણ (ડાબે છેડે) અને સાવરકર (જમણે છેડે)*

આ હકીકત હોવા છતાંય, અને અંગત રીતે બરાબર જાણતા હોવા છતાંય, બી.જે.પી.ની પહેલી સરકાર રચાઈ તે વર્ષોમાં બાજપાઈ અને અડવાણીએ સાવરકરને મહાન દેશભક્ત તરીકે ચીતરવા માંડ્યા હતા. સાવરકરની કાયરતા અને માફી, દયા, શરણાગતિની વિશિષ્ટતાને છૂપાવે રાખી હતી. આમાં રાજકીય પક્ષ તરીકે બી.જે.પી.ના સ્વાર્થી હેતુ એ હતા કે બી.જે.પી., આર.એસ.એસ. કે હિંદુ મહાસભાના રાજકીય ઈતિહાસમાં કોઈ સાચા રાષ્ટ્રભક્ત, દેશભક્તની હસ્તી જ નહોતી અને નથી. એટલે આ બી.જે.પી. પરિવારને નવા રાષ્ટ્રભક્તો બનાવવા પડે છે, કંડારવા પડે છે, મેન્યુફેક્ચર કરવા પડે છે અને પરિવાર દેશભક્તોથી છલછલે છે તેવા આભાસ સતત પેદા કરવા પડે છે. બી.જે.પી., આર.એસ.એસ. પરિવાર નવો ઈતિહાસ ઘડવા માંગે છે – કોઈ પણ ભોગે! સાચું ભૂલી જાવ! નવા જુઠ્ઠાણાઓને નવા સત્યો તરીકે સ્વીકારતા જાઓ – એમ બી.જે.પી. - આર.એસ.એસ. પરિવારનો આદેશ છે!

- **ઝીરો પ્રદાન :**

સાવરકરની રાજકીય કારકિર્દી તો એક કટ્ટર કોમવાદીની રહી જ હતી પણ અભ્યાસ, વિદ્યા કે બુધ્ધિમત્તાના ક્ષેત્રે પણ એમણે કાંઈ નોંધપાત્ર પ્રદાન કર્યું નથી.

સમગ્ર દેશની સૌથી વધુ વિશાળ લાઈબ્રેરી 'નેશનલ લાઈબ્રેરી ઑફ ઈન્ડિયા'ના માજી ડાયરેક્ટર અને સુવિખ્યાત વિદ્વાન સાક્ષર તરીકે જાણીતા શ્રી આર.કે. દાસગુપ્તાએ સાવરકર માટે જે અભિપ્રાય આપ્યો છે તે રસપ્રદ અને નોંધનીય છે. દાસગુપ્તાના અભિપ્રાયના કેટલાક અંશ આ પ્રમાણે છે :

"...પણ કઈ રીતે સાવરકરને રાષ્ટ્રીય વ્યક્તિ તરીકે સ્વીકારાય? અને સાવરકર રાષ્ટ્રીય કક્ષાની વ્યક્તિ હતા કે છે તેની જાણ દેશને થતાં છપ્પન વર્ષ લાગી ગયા? ક્યાં કોઈ પણ ઈતિહાસકારને સાવરકર રાષ્ટ્રીય વ્યક્તિ લાગ્યા છે? સમગ્ર દેશના વિદ્વતાભર્યા રાજકીય કે સામાજિક સાહિત્યમાં સાવરકરનો નામનો પણ ઉલ્લેખ નથી. ૧૯૫૮માં પ્રકાશિત થયેલા 'ઑક્સફર્ડ હિસ્ટ્રી ઑફ ઈન્ડિયા' ગ્રંથના ૯૪૫ પૃષ્ઠોમાં ક્યાંય સાવરકરનો ઉલ્લેખ પણ નથી... પંડિત નહેરુની જીવનકથા - ઓટોબાયોગ્રાફીમાં ક્યાંય સાવરકરનો ઉલ્લેખ નથી. સુભાષચંદ્ર બોઝની બે આત્મકથાઓમાં સાવરકરનો કોઈ ઉલ્લેખ પણ નથી. આર.સી. મજુમદાર, હેમચંદ્ર રાયચૌધરી અને કાલિકીનકર દત્તા દ્વારા લખાયેલા ૧૧૨૨ પૃષ્ઠોવાળા ગ્રંથ "An Advanced History of India", જે ૧૯૪૬માં પ્રકાશિત થયેલો, તેમાં પણ ક્યાંય સાવરકરની 'દેશસેવા' કે 'વીરતા'નો હરફ માત્ર પણ ઉલ્લેખ નથી. દેશ માટે સર્વસ્વનો ભોગ આપનારાઓની વિગતોના બયાનવાળા, ૯૪૦ પૃષ્ઠોના ગ્રંથ "The Martyrs Role of Honour : Anecdotes of Indian Martyrs"

(ધ રોલ ઑફ ઑનર : એનેક્ડોટ્સ ઑફ ઈન્ડિયન માર્ટિયર્સ), જેનું સંપાદન કે.સી. ઘોષે કર્યું છે અને જે ૧૯૪૨માં નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશને પ્રકાશિત કર્યું છે, તેમાં પણ સાવરકરના નામનો ય ઉલ્લેખ નથી.

– પણ સાવરકર સાવ ઉલ્લેખહીન તો નથી જ – પણ શામાં? કોમવાદના કીચડથી ખદબદતા પ્રકાશનોમાં સાવરકર બરાબર હાજરાહજૂર છે : દષ્ટાંત તરીકે અંગ્રેજી લેખક ડેવિડ લુડ્ડન (David Ludden) લિખિત 'Making India Hindu' ૧૯૯૬માં પ્રકાશિત થયું છે જે વિવિધ લેખકોના લેખોનું સંપાદિત પુસ્તક છે. તેમાં લેખક રિચાર્ડ એચ. ડેવીસે સાવરકરને 'આર.એસ.સે.ના સિદ્ધાંતના જન્મદાતા' ગણાવ્યા છે. આ જ પુસ્તકમાંના લેખોમાંના એક લેખમાં 'હિંદુત્વના સિદ્ધાંતના ઝનુની પ્રચારક' તરીકે સાવરકરને નોંધવામાં આવ્યા છે. તો પછી સાવરકરને રાષ્ટ્રીય નેતા કેમ જ ગણી શકાય?



*ફેબ્રુઆરી ૨૬, ૨૦૦૩ : ડાબેથી સુષ્મા સ્વરાજ, ભૈરોસિંહ શેખાવત, રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, વડાપ્રધાન એ.બી. વાજપેયી, નાયબ વડાપ્રધાન એલ.કે. અડવાણી, સંસદના સેન્ટ્રલ હોલમાં વી.ડી. સાવરકરના પોર્ટ્રેટની અનાવરણ વિધિ સમયે*

ગણી શકાય, ગણી શકાય, ગણી જ શકાય, સાહેબ! કારણકે સંઘ પરિવાર ભલે સાવ જુઠ્ઠો, બનાવટી, તકવાદી અને અસત્યના પાયા પર દેશનો નવો ઈતિહાસ ઘડી રહ્યા છે! સાચો ઈતિહાસ ભૂલી જાઓ! નવા ઈતિહાસને સાષ્ટાંગ પ્રણામ કરી સ્વીકારી લો! સંઘ પરિવારે તેની પહેલી ૨૦૦૦ - ૨૦૦૫ વાળી સરકારની બહુમતીના જોરે, જેના વડાપ્રધાન અટલબિહારી વાજપાઈ હતા અને નાયબ વડાપ્રધાન / ગૃહપ્રધાન અયોધ્યાખ્યાત લાલકૃષ્ણ અડવાણી હતા, એ સદ્‌ગૃહસ્થોની આગેવાની અને દોરવણી હેઠળ અને આતંકવાદીઓના જેવા કોમવાદી ઝનુનથી ૨૦૦૩ના ફેબ્રુઆરીમાં 'મહાન વીર સાવરકર'નું મોટું તૈલચિત્ર ભારતની સંસદના સેન્ટ્રલ હોલની દીવાલ પર લગાવડાવ્યું અને તે પણ કોના તૈલચિત્ર (પોર્ટ્રેટ)ની સામે જ? રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધીના પોર્ટ્રેટની બરાબર સામે જ! જય હો! સંઘ પરિવારનો! જય હો બી.જે.પી.નો! જય હો રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, આર.એસ.એસ. અને હિંદુ મહાસભા જેવી સંસ્થાઓનો! જેમની હત્યાના એક તહોમતદાર ખુદ સાવરકર પો-તે-જ હતા તેમનું તૈલચિત્ર સંઘ પરિવારની પહેલી સરકારે બરાબર ગાંધીજીના પોર્ટ્રેટની સામે જ મૂકીને ભારતીય સંસદના સેન્ટ્રલ હોલને સજાવવાનો, શણગારવાનો શરમજનક સંતોષ લીધો! જેમની હત્યા કરાઈ તે ગાંધીજી અને એ જ હત્યાના એક તહોમતદાર સાવરકરને સંઘ પરિવારે સમાન કક્ષા બક્ષી! હવે ૨૦૧૫થી ૨૦૧૯ની વચ્ચે એ જ સંઘ - પરિવારની આગેવાની હેઠળ, નરેન્દ્ર મોદીની સરકાર રાજ્યધૂરા સંભાળે છે. આ મોદી સરકાર વાજપાઈ - સરકારથી પણ ચાર ચાસણી વધારે સાવરકર પૂજક છે. બી.જે.પી.ના અધ્યક્ષ અમિત શાહે તાજેતરમાં જ દોહરાવ્યું છે કે (માર્ચ ૨૭, '૧૬) સાવરકર અમારા, એટલે કે સંઘ - પરિવારના જ છે, છે અને છે. સુરત નજીકના એક ગામમાં ખેડૂતોની એક સભામાં બી.જે.પી. અધ્યક્ષ બોલી રહ્યા હતા. હકીકતોની ગેરરજૂઆત કરતાં એમણે કહ્યું હતું કે સાવરકર દેશના સ્વાતંત્ર્ય માટે લડ્યા હતા. આ રજૂઆત જ સત્યથી સાવ વેગળી રજૂઆત હતી. અમિત શાહે કહ્યું હતું કે સાવરકરના અનુયાયી, સમર્થક હોવાનું અમને (બી.જે.પી. - સંઘ પરિવારને) ગૌરવ છે!

ગાંધી-હત્યા માટે શકદારોમાં એક મુખ્ય શકદાર સંસ્થા આર.એસ.એસ. (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) હતી. આ સંસ્થાનો પરિચય 'કચ્છશ્રુતિ'ની આ લેખમાળાના હવે પછીના હપ્તામાં તમે વાંચી શકશો.

*(ક્રમશઃ)*

*૭, ડફોડિલ બિલ્ડિંગ, ગોદરેજ સ્કાય ગાર્ડન,*
*તક્કા સ્ટેશન રોડ, પનવેલ, મુંબઈ-૪૧૦ ૨૦૬.*
*ફોન : (૦૨૨) ૨૭૪૫૮૬૨૫, મો. ૯૧૬૭૫૬૭૩૯૫, ૯૯૩૦૬૬૦૨૪૨*

વિચાર વિમર્શ

# આપણને જરૂર છે નવા માનવધર્મની

• ડૉ. યાસીન દલાલ •

વર્ષ પૂરું થાય છે ત્યારે આપણે બધા નવા વર્ષની શુભેચ્છા એકબીજાને પાઠવીએ છીએ પણ એ શુભેચ્છા હવે એક પરંપરા અને ઔપચારિકતા બનીને રહી ગઈ છે. એમાં 'અ' 'બ' ને શુભેચ્છા આપે ત્યારે સાચો 'અ' અને સાચો 'બ' ક્યાંક છુપાયેલા હોય છે જે દેખાય છે એ હકીકત નથી હોતી. એ હકીકત હોય તો સમાજમાં ક્યાંય ઈર્ષ્યા, દ્વેષ કે ખટપટ રહે જ નહીં. પણ એ રહે છે, એ બતાવે છે કે **આપણે એકબીજાને ભેટીએ છીએ તે માત્ર ઔપચારિકતા જ હોય છે.**

માનવીના ઘડતરમાં ઘણાં પરિબળો કામ કરે છે. પણ એમાંથી કેટલાંક પરિબળો વધુ મહત્ત્વનાં છે. **એક પરિબળ કુટુંબનું છે.** માણસ જે કુટુંબમાં જન્મ્યો હોય એના સંસ્કાર અને રીતરિવાજો એના સમગ્ર જીવન ઉપર છવાઈ જાય છે. અપવાદરૂપે કોઈક જ માણસ એમાંથી મુક્ત રહી શકે છે. એટલે કે આપણે કોઈ સાથે મૈત્રી કે પરિચય કેળવતાં પહેલાં અને કૌટુંબિક ઉછેરની જાણકારી મેળવી લઈએ છીએ. **બીજું પરિબળ શાળા કે કોલેજમાં** એણે કેવી તાલીમ મેળવી એના ઉપર પણ રહે છે. આવું જ **ત્રીજું પરિબળ ધર્મ કે જ્ઞાતિનું છે.** દરેક માનવીના વ્યક્તિત્વ ઉપર એના ધાર્મિક તેમજ જ્ઞાતિગત સંસ્કારો છવાયેલા હોય છે. માણસ સદીઓ પહેલાં આદિ માનવની કક્ષામાં હતો ત્યારે આ પરિબળોએ જ એને સભ્ય અને સંસ્કૃત બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. એક સમયે યુરોપમાં ચર્ચનો પ્રભાવ પણ અત્યંત તીવ્ર હતો.

આ પરિબળોમાં સમય સમય પર ફેરફારો થતા રહે છે. યુરોપના દેશોમાં અને આપણે ત્યાં પણ મહાનગરોમાં કુટુંબપ્રથા હવે તૂટવા લાગી છે. નવયુગલો મોટેભાગે હવે સંયુક્ત કુટુંબથી જુદાં રહેવાનું જ પસંદ કરે છે. એવું જ ધર્મ અને જ્ઞાતિનું છે. યુરોપમાં તો આ પરિબળે લગભગ વિદાય લીધી છે. **કમનસીબે આપણા દેશમાં ધર્મ અને જ્ઞાતિ ફરી એકવાર વધુને વધુ મજબૂત થઈ રહ્યાં છે. ભારતીય સંસ્કૃતિમાં 'ધારણ કરે એ ધર્મ' એવી વ્યાખ્યા અપાઈ છે.** અહીં ધર્મનો અર્થ કોઈ સંપ્રદાય નહીં પણ માણસની નૈતિક ફરજ થાય છે. જો એનું પાલન થતું હોત તો એની સામે વાંધો પણ નથી. પણ આપણા સંપ્રદાયો વધુ ને વધુ સંકીર્ણ થતાં જાય છે. ધર્મનો વિશાળ અર્થ ભૂલીને રીતરિવાજો અને ટીલાટપકામાં આપણે અટવાઈ ગયા છીએ.

**આપણને અત્યારે સાચી જરૂર નાગરિક ધર્મની છે.** આખી દુનિયાએ અપનાવેલો ધર્મનો આ નવો પ્રકાર છે. નાગરિક ધર્મ એટલે જ સારા નાગરિક બનાવે તે. એક જવાબદાર નાગરિકની ફરજોનો આમાં સમાવેશ થાય છે. બે માણસો મળે ત્યારે કેમ વાતચીત કરવી ત્યારથી માંડીને રસ્તા ઉપર વાહન કેમ ચલાવવું એનો આમાં સમાવેશ થઈ જાય છે. આ દૃષ્ટિએ જોઈએ તો આપણે ત્યાં નાગરિક ધર્મમાં ઘણી ખામીઓ રહી ગયેલી દેખાશે.

આપણાં મોટા ભાગનાં મહાનગરો આજે જંગલમાં ફેરવાઈ ગયા છે. વસતિ ફાટફાટ થઈ રહી છે. એટલું જ નહીં પણ દરેક શહેર માણસની ભીડથી ઊભરાઈ રહ્યું છે. ભીડની પણ શિસ્ત હોય છે. પણ આપણા રસ્તાઓ ઉપર એ પણ જોવા નથી મળતી. મોટા ભાગનાં શહેરોમાં રસ્તો કેમ ઓળંગવો એની કોઈ વ્યવસ્થા દેખાતી જ નથી. પરિણામે વાહનોની ભીડમાં માણસ ગમે ત્યારે ગમે ત્યાંથી રસ્તો ઓળંગે છે. પરિણામે, એ ઘણીવાર વાહન સાથે ભટકાઈ બેસે છે. આપણાં વાહનો પણ બેફામ ગતિથી મનફાવે તેમ દોડતાં હોય છે. ટ્રાફિક પોલીસ કાં તો હોતી જ નથી અને હોય છે તો એટલી અપૂરતી હોય છે કે ઊભાં ઊભાં તમાશો જોયા જ કરે છે. પરિણામે, આપણા દેશમાં વસતિની દૃષ્ટિએ વાહનોની સંખ્યા ઓછામાં ઓછી હોવા છતાં જીવલેણ અકસ્માતની સંખ્યા દુનિયામાં સૌથી વધુ હોય છે. દર વર્ષે દોઢથી બે લાખ માણસો આવા અકસ્માતમાં માર્યા જાય છે. એનાથી અનેકગણાં મોટી સંખ્યામાં માણસો અપંગ બને છે. આપણાં શહેરોમાં આંતરિક રસ્તા અને બે શહેરોને જોડતા રાજમાર્ગો પણ અત્યંત સાંકડાં અને ભાંગેલા-તૂટેલા હોય છે. એને પહોળા કરવા જોઈએ અને ભાંગેલા-તૂટેલા રસ્તા તાત્કાલિક રીપેર કરવા જોઈએ. પણ આમાંથી કાંઈ થતું નથી. ઊલટું ભ્રષ્ટાચાર એટલો બધો વધી ગયો કે નવા રસ્તા બનાવવાના હોય કે જૂના રિપેર કરવાના હોય એ પણ ખૂબ ટૂંકા સમયમાં ફરીથી એ જ અવસ્થામાં આવી જાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં તો રસ્તાઓની સ્થિતિ અત્યંત ભયજનક છે. આપણને સામે રસ્તો ચોખ્ખો દેખાતો હોય. પરિણામે આપણે ઝડપથી વાહન હંકારતાં હોઈએ ત્યારે અચાનક ચારથી

છ ફૂટ ઊંડો ખાડો આવે અને વાહન ઉથલી પડે. આવી તો લાખો ઘટનાઓ રોજ દેશમાં બનતી હશે. પણ, તંત્ર એટલું નિંભર થઈ ગયું છે કે આવી ફરિયાદોને ગાંઠતું જ નથી. આમાં એક વાત આશ્વાસનરૂપ જરૂર છે. જો રાજ્યપાલ, મુખ્યપ્રધાન કે બીજા કોઈ પ્રધાન એ રસ્તેથી પસાર થવાના હોય તો રાતોરાત રસ્તો રિપેર થઈ જાય છે.

આપણાં મોટાં શહેરોમાં હજારોની સંખ્યામાં રિક્ષાઓ દોડે છે. પણ એ રિક્ષાઓ મોટે ભાગે પેટ્રોલને બદલે કેરોસીન વાપરે છે. સંખ્યાબંધ મોટાં શહેરોમાં હવે તો રસ્તા ઉપર ખુલ્લેઆમ રિક્ષામાં કેરોસીન ભરી દેતી દુકાનો પણ ખૂલી ગઈ છે. આને લીધે હવામાં ભયાનક પ્રદૂષણ થાય છે. કેરોસીનનો ધુમાડો શ્વાસમાં જવાથી માણસને જાતજાતના રોગો થવાની સંભાવના રહે છે. દિલ્હીમાં બસમાં ડીઝલ વપરાતું હોવાને લીધે એના વિરુદ્ધ કોર્ટે પગલાં ભર્યા ત્યારે તંત્ર જાગ્યું. હવે ત્યાંની બસોમાં સી.એન.જી. તરીકે ઓળખાતો ગેસ વાપરવાનું શરૂ થયું છે. પણ કોર્ટના આ હુકમનો અમલ ક્યાં સુધી ચાલશે એ કહી શકાય નહીં.

આપણાં મોટાં ભાગનાં શહેરોમાં બહુમાળી ઈમારતોમાં સીડી ઉપર ચડીએ એટલે ચારેય બાજુ પાનની પિચકારીઓ મારેલી દેખાશે. ઉપરાંત ભાગ્યે જ કોઈ બિલ્ડિંગમાં સીડી ઉપર વીજળીનો બલ્બ જોવા મળશે. બિલ્ડિંગના રહેવાસીઓ કાં તો એનો ખર્ચ પણ ભોગવે એ માટે ઝઘડતા હશે. નહીં ઝઘડતા હોય તો બલ્બ ગણતરીની મિનિટોમાં ચોરાઈ જશે. કેટલીક બિલ્ડિંગોમાં ઉપર અત્યંત વૈભવી દુકાનો અને શોરૂમ જોવા મળશે. આ બધી જવાબદારી લોકોની સામૂહિક છે. પણ આવી સામૂહિક જવાબદારીની ભાવના બહુ જ ઓછી જોવા મળે છે.

રહેણાંક વિસ્તારોમાં પણ વધતે-ઓછે અંશે આ જ સ્થિતિ જોવા મળે છે. લોકો ઘરનો કચરો એકઠો કરીને બાજુવાળાના ઘર પાસે ફેંકી આવે છે. મોટા ભાગનાં શહેરોમાં સુધરાઈ રસ્તા કે શેરી સાફ કરવાનું કામ જ કરતી નથી. કેટલીક શેરીઓમાં મોટી કચરા ટોપલીઓ રાખવામાં આવે છે, પણ કચરો મોટે ભાગે એની બહાર ફેંકેલો હોય છે અથવા તો નિયમિત સફાઈ નહીં હોવાને લીધે આખી કચરા ટોપલી ભરાઈ જાય છે.

આપણે પશ્ચિમની સંસ્કૃતિથી એટલા પ્રભાવિત થયા છીએ કે ત્યાં કોઈ શોધ થાય એને તરત જ આપણા દેશમાં લાવવી જોઈએ. પણ એ શોધનો ઉપયોગ કરતી વખતે **એની સાથે જે શિસ્ત રાખવી જોઈએ એ રાખતા નથી.** આપણા દેશમાં વીજળી આવી પણ દરરોજ સેંકડો લોકો વીજળીના થાંભલા પડી જવાને લીધે કે એના છૂટા પડેલા વાયરને લીધે મરી જાય છે. કેટલાંક ગામમાં રસ્તા પહોળા થાય પણ રસ્તાની વચ્ચે ઊભેલા થાંભલા હટાવાતાં નથી. વીજળી વારંવાર રિસાઈ જાય છે. પરિણામે એ થાંભલા સાથે વાહનો અથડાઈ જાય છે અને અકસ્માત થાય છે. આપણા દેશમાં એ.સી. પ્રકારની વીજળી વપરાતી હોવાને કારણે વીજળીના થાંભલા અને ખુલ્લા વાયર જીવલેણ નીવડે છે. યુરોપના મોટા ભાગના દેશોમાં આનાથી જુદી પદ્ધતિ હોવાથી સ્વિચબોર્ડમાં હાથ નાખવાથી કાંઈ થતું નથી.

સાત આઠ મિત્રો એકઠા થાય ત્યારે વાત કેમ કરવી તેમ જ કોઈ સંસ્થાનું અધિવેશન મળે ત્યારે એનું સંચાલન કેમ કરવું એ પણ એક પ્રકારની શિસ્ત અને નાગરિક ધર્મ છે. **આવી કોઈ પણ બેઠકમાં બેઠાં હોઈએ એટલે આવી શિસ્ત જળવાતી નથી.** એક માણસ બોલતો હોય ત્યારે વચ્ચે કોઈએ એને કાપીને દખલ ન કરવી જોઈએ એ માનવસહજ શિસ્ત છે. એક વાર એક વ્યક્તિ આ શિસ્ત તોડે એટલે તરત બીજી વ્યક્તિ પણ કૂદી પડે છે અને પછી તો આખી બેઠક ઘોંઘાટમય થઈ જાય છે. આપણી સંસદ અને વિધાનસભા સંચાલનના પણ ચોક્કસ નિયમો હોય છે. પણ **કમનસીબે આપણા લોકપ્રતિનિધિઓ એમાંથી કોઈ શિસ્ત પાળતા નથી.** પરિણામે, સતત ઘોંઘાટ અને શોરબકોર ચાલતો રહે છે. એક વાર આપણા રાષ્ટ્રપતિ કોઈ જગ્યાએ બાળકોને મળવા ગયા ત્યારે એક બાળકે રાષ્ટ્રપતિને પૂછ્યું હતું કે અમે દરરોજ ટી.વી. ઉપર આપણી સંસદમાં થતી ધમાલ જોઈને કંટાળી ગયાં છીએ. આપણા સંસદ સભ્યો, આ બધાની અમારા ઉપર શું અસર થશે એ કેમ વિચારતા નહીં હોય?

આ બાળકને થયો એવો પ્રશ્ન સંખ્યાબંધ સમજુ નાગરિકોને વારંવાર થાય છે. છતાં પરિસ્થિતિમાં સુધારો થવાને બદલે સતત બગાડ થતો રહે છે. હમણાં સંસદમાં બે સભ્યો ખુલ્લી મારામારી ઉપર આવી ગયા હતા.

રસ્તા ઉપર કેમ ચાલવું, વાહન કેમ હંકારવું, જાહેરમાં કેમ બોલવું એ બધામાં પણ એક પ્રકારની શિસ્તની અપેક્ષા રહે છે. વાહનચાલકોએ સમજવું જોઈએ કે ચાલુ વાહને રસ્તા ઉપર થૂંકાય નહીં. એમણે એ પણ સમજવું જોઈએ કે વાહનમાં હોર્ન માત્ર ઈમરજન્સી માટે હોય છે, ગમે ત્યારે ઘોંઘાટ કરવા માટે નહીં.

આજે આપણે સાચી જરૂર આવા નાગરિક ધર્મની છે. આપણા દેશમાં છાશવારે મોટાં સરઘસો નીકળતાં રહે છે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૭ ઉપર)**

વિચાર વિમર્શ

# અખિયાં હરિ દરસનકી પ્યાસી

• ડૉ. ગિરીશ વીછીવોરા •

★ અખિયાં હરિ દરશન કી પ્યાસી,
દેખ્યો ચાહત કમલનયન કો;
નિસરિત રહત ઉદાસી;
અખિયાં કાહુકો મન કોઈ ન જાનત,
લોગન કે મન હાંસિ... અખિયાં...
તિર ભરન કૈસે જાઉં...

★ મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે...

તિલક - કામોદ રાગ રોમેન્ટીક રાગ માંહેનો એક અવ્વલ નંબરનો રાગ છે. સહેજે અહીં પ્રધાન રસ શૃંગાર છે. શૃંગાર રસોનો રાજા. શ્રદ્ધાળુને હિમાલયની ઊંચાઈએ પહોંચાડે. ક્યારેક પટકે પણ ખરી. એક જમાનામાં આ રાગનો બહુ ઉપયોગ થતો. દેવાલયથી માંડી દરબાર સુધી આ રાગની બોલબાલા હતી. હવે કોણ જાણે એની નામનામાં ઓટ આવી છે. છતાં જૂના જોગીઓ આ રાગ ગાતાં - વગાડતાં થાકતા નથી.

રાગ સાવ સીધોસાદો સરળ છે. એની સરગમ ટૂંકી. મુશ્કેલી અહીં જ છે. કોઈ પણ સરળ દેખાતી વાત પર જરાક વિચારીએ તો એની ગહનતા આપણને ક્યાં જ ઘસડી જાય. પાતાળમાં પહોંચી જવાય. પાછો શૃંગાર મિશ્રિત. જુઓને એને મુખડા. 'નિર ભરત કૈસે જાઉં...' ગોપી કહી બેસે છે કે હું પાણી ભરવા પનઘટ પર કેવી રીતે જાઉં? રસ્તામાં પેલો માખણચોર મસ્તીચોર કનૈયો તૈયાર થઈ બેઠો છે. જેવી ત્યાંથી નીકળી કે ફક્ત કાંકરીચાળો નહિં કરે, મારી મટકીને ફોડી નાખશે. એની વિવશતા આપણે મનોમન ઉન્માદ ને ઉમંગથી માણી શકીએ. તેવું જ બીજું ગીત 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે, મોરી નાજુક બલૈયા મરોડ ગયો રે...' બીજી એનાથી પણ આગળ વધે છે. કહે છે, પાણી ભરવા પનઘટે તો પહોંચી, પણ ત્યાં પેલો કનૈયો કુંવર લાગ જોઈને બેઠેલો. એણે મારી રીતસર છેડતી કરી. છેડતી એટલે? એણે મને એવી રમાડી કે મારા નાજુક નમણા બાહુને મોચ આવી ગઈ. હવે હું ત્યાં કેવી રીતે જાઉં?

આડવાત : આ ગીત કોઈ જૂની રંગભૂમિના કવિનું છે એવી વાત બંધબેસતી નથી. એની ભાષા પાંચસો વર્ષ પુરાણી છે. 'અખિયાં હરિ દરશન કી પ્યાસી...' માં શૃંગાર સાથે કરુણરસ ભળે છે. જ્યારે વિયોગની વાત આવે, પ્રેયસી પ્રેમીના મિલનની વાત સતાવે ત્યારે સહેજે કરુણ રસ સહજતાથી ભળી જાય. જુઓને રસોના રાજા, ઉપમાના શહેનશાહ કાલિદાસે 'મેઘદૂતમ્'માં આ બંને રસની કેવી જુગલબંધી જમાવી છે? હરામીએ વાદળાને 'પયોધર' કહેલ. પય એટલે પાણી યા દૂધ. પોતાના પ્રિયતમાના ઉન્મત્ત ઉરપ્રદેશને કેવો ઉઠાવ આપ્યો છે. હરિ દરસનની પ્યાસી પ્રિયતમામાં ઉત્કંઠા છે, ઉદાસી પણ છે. સાથે સાથે મિલનનો આવેગ પણ છે. એ કહી બેસે છે કે જ્યારથી કમળ જેવી આંખવાળા કનૈયાને મેં જોયો છે ત્યારથી હું એની પાછળ ઘેલી થઇ ગઇ છું. હું રોજ એની રાહમાં ઉદાસ રહું છું. મારી મનસ્થિતિની શી હાલત છે તે જાણવાની કોઇને પડી નથી, ને લોકો સાથે હું હાંસીપાત્ર થાઉં છું. છતાં આ કનૈયાને કંઈ પડી નથી. અહીં પ્રેમલક્ષણા ભક્તિ સાથે શૃંગારનો છણકો - જાણો તોસેં કિટ્ટા - ગજબનો છે.

આખરે એ બધી ભક્તિની માયાજાળ છે. એ માયાજાળ માણવા જેવી છે હોં! 'માંહી પડ્યા તે મહાસુખ માણે.' ભક્તિ પ્રેમલક્ષણા હોય કે વૈરાગ્યની હોય, એના મૂળમાં વ્યક્તિની - ભક્તની માનેલી, એનો આદર્શ કોઈ દેવદેવી જ હોય છે. ભક્તને ભક્તિ! ત્યાં આવેશ, ઉમંગ, ગુસ્સો, કાલ્પનિક વિરહ ને મિલન એ બધું રત્ને મઢ્યું હોય છે. ભક્તિના આવેગમાં ભક્ત ક્યાં નથી પહોંચતો? ભક્ત એટલે સુધી પોતાના પ્રેમને ખેંચે છે કે ક્યારેક એ અવળવાણી - Paradox બની જાય છે. 'લહેરિયા સાગરમાં ન સમાય' કે 'બાર હાથનું કોળું ને તેર હાથનું બી.' છતાં અવળવાણી પ્રેમલક્ષણા ભક્તિ માટે મીરાંબાઈ - ગોવિંદો પ્રાણ હમારો રે.. કબીર... કબીરા ખડા બજારમેં... બધાને યાદ કરી વિરમવું પડે તો આપણો ઘરદીવડો નરસૈંયો જાગીને જોઉં તો જગત દીસે નહિં' કેમ ભૂલાય? આપણે એને ભક્ત કહી ઉતારી પાડ્યો છે. નરસૈંયો અવ્વલ નંબરનો સંગીત સમ્રાટ - તાનસેન જેવો જ હતો. જૂનાગઢના એના ડેલાના ચોરામાં જઈ કોઈ સ્થંભનો સ્પર્શ કરી એનો 'કેદારો' માણો ત્યારે જ એના સંગીતની દિગ્ગજતાનો ખ્યાલ આવે. ભક્તિવાદ માટે એક માન્યતા એવી પણ છે કે મધ્યયુગની ગુલામી, ઈસ્લામીઓના આક્રમણથી હતાશ થઇ પ્રજા 'હે ઈશ્વર તું જ અમારો આધાર છે' કહી ભક્તિ તરફ વળી. હકીકતમાં ભક્તિ એ પ્રજાની હતાશાની નિશાની છે. દુનિયામાં જ્યારે જ્યારે કોઈ પ્રજા ગુલામ થઈ હતાશાથી ઘેરાઈ વળે ત્યારે એમણે આવા કોઈ

માધ્યમ દ્વારા પોતાની હતાશા વ્યક્ત કરી છે.

ભક્તિરસમાં તરબોળ થવા અન્ય ઘણા રાગ છે. સંગીતકારોને ભક્તોએ એની મુક્ત કંઠે લહાણ કરી છે. છતાં ક્યારેક કોઈક રાગ ગવાઈ જાય કે સંભળાઈ જાય તો કંઈક થઈ જાય. ઠેઠ ૧૯૪૬માં સ્કૂલનો સંગીત વર્ગ જગ્યાના અભાવે દાદરાની નીચેની ખાલી જગામાં જમીન પર બેસતો. થોડાક રાગ શીખવા મળ્યા. તેમાંનું એક આ તિલક - કામોદ. બહુ ઓછું ગવાય કે વગાડાય. ગઈકાલે જરાક સાંભળવા મળ્યું, પહોંચી ગયો ઠેઠ પાલાગલી સ્કૂલના દાદરા નીચેના ક્લાસમાં. સંગીતના સર અજનબી આદમી હતા. એમણે અમને પ્રેમથી સંગીત પીરસ્યું. આદરાંજલિ અર્પતા ધન્યતા અનુભવું છું.

તિલક - કામોદની દાસ્તાં તો બહુ લાંબી છે. 'હું તો કોને ભૂલું ને કોને સમરું' જેવું થશે. કોને ખબર ક્યારેક અતીતમાં મહાલવું ગમતું હોય છે. ઉસ્તાદ અમીરખાં સાહેબને દરબારી કાનડા રાગ તો રગેરગમાં વ્યાપેલો હતો. મહેફિલમાં અડધો ડઝન ઉસ્તાદો હાજર હોય, અમીરખાં સાહેબ એમાંના એક હોય તો કોઈની મજાલ નહીં દરબારી કાનડા ગાય. એ રાગને અમીરખાં સાહેબે જે ઊંચાઈ અને ગહેરાઈ બક્ષી, તે બેનમૂન છે. તેવું જ રાગ તિલક - કામોદનું. એમને એક જ વાર સાંભળવાનો અવસર થયો. હજી સુધી કોઈ પણ કલાકાર દરબારી કાનડા રાગ ગાય તો પહોંચી જાઉં ઠેઠ ૧૯૫૭ના એક ખાનગી જલસામાં. જ્યાં પં. રવિશંકર, ઉસ્તાદ અલીઅકબર ખાં સાહેબ, ઉસ્તાદ વિલાયત ખાં, ઉસ્તાદ અમીરખાં ને તબલા પર અલ્લારખાં. સામાન્ય કલાકારની ફિરકી ઉડાવે, ક્યારેક ભગાડે એટલે અલ્લારખાં સાહેબને અમે ત્યારે 'અલાયો' કહેતા. વહેલી પરોઢ સુધી એ બેનમૂન જલસો ચાલ્યો. ત્યારે એ બધા દિગ્ગજો હજી ઘુંટણિયા તાણતા હતા. અમીરખાં સાહેબે દરબારી કાનડાને જે રોનક આપી, એમના અમિતાભ બચ્ચન જેવા ટકોરબંધ સ્વરથી - એ જિંદગીનું અણમોલ સંભારણું છે. એમણે એ લાંબી મહેફિલમાં તિલક - કામોદ પણ ગાયો. 'નીર ભરન કૈસે જાઉં...' સંગીતના કમભાગ્ય કે એમનું વહેલી વયે કલકત્તામાં મોટર અકસ્માતમાં મૃત્યુ થયું. ત્રીસેક વર્ષ બાદ એવા જ એક પ્રાઈવેટ જલસામાં એમના પટ્ટશિષ્યા શ્રીમતી કંકણા બેનરજીને મળવાનો અવસર થયો. અમીરખાં સાહેબનું નામ સાંભળ્યું કે લાગણીવશ થઈ ગયા. મેં અરજ કરી દરબારી કાનડાને તિલક - કામોદ ગાવાની બહુ જ ઉત્સાહથી ગાયું. અમીરખાં સાહેબની યાદ તાજી કરાવી.

મારા આદર્શ ભોળાભાઈ પટેલે માંડુનું દર્શન તો એમના નિબંધમાં વહેલું કરી દીધેલું. એને મમળાવતો જતો હતો. રાણી રૂપમતીને મળવા. મારી ઘણીબધી કુટેવોમાં ફોટોગ્રાફી પણ છે. ફોટોગ્રાફીના નાદે એવો ચડી ગયો કે બંને કેમેરા — શ્વેત શ્યામ ને રંગીન કામે ચડી ગયા. સદ્‌નસીબે અચાનક મિત્ર બની ગયેલા ત્યાંની આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના મુખ્યાધિકારી શ્રી ગોસ્વામી અમારા 'ગાઈડ' હતા. ઈતિહાસ, ક્વિદંતી, ફોટોગ્રાફીએ મારૂં ભાન ભૂલાવ્યું. રેવા કુંડને રૂપમતીની છત્રી - અર્ધભગ્ન આગળ દોડદોડ કરી ફોટા પાડ્યા. મા રેવા ન દેખાઈ. આખો દિવસ રખડી સાંજે વાળુ કરી સૂઈ ગયા. સ્વપ્ન કે સત્ય. રૂપમતી દુભાયેલી ઘવાયેલી મારા પર વરસી પડી. તારું આ જ સંગીત. તારી મારા માટેની તલપ આટલી છીછરી. ઝબકીને જાગી ગયો. ખરેખર રૂપમતીને મેં દૂભવી હતી. ઉઠ્યો. પ્રાતઃકર્મ પતાવી, મોંસુઝણું નો'તું થયું, નીકળ્યો. બગીચામાંથી બે ગુલાબના ફૂલ ચુંટ્યા. ગાડી મારી મૂકી. દેરાસરમાં ગયો. સુપાર્શ્વનાથની ભાવવાહી મૂર્તિ કહી રહી હતી કે એ ગાંડપણ જ તને રસ્તો દેખાડશે. નીકળ્યો. જંગલના રાની પ્રાણીઓનાં ડરની ઐસી તૈસી કરી પહોંચ્યો રેવા કુંડ પાસે. ગાડી મૂકી. સાનભાન ભૂલેલા મેં દોટ મૂકી. રૂપમતીના મહેલનો સાંકડો દાદર મને પહોળો ભાસ્યો. ભડભાખણું થઈ ગયું હતું. નીરવતા હતી. ગુલાબ ધર્યું. કોને ખબર, રૂપમતી જાણે કહી રહી હતી કે જા, પહેલાં રેવા મા ના દર્શન કર. અહો આશ્ચર્યમ્. રેવા ચોકખી ચણક ભાળી. ફર્યો. ફરી શિશ નમાવી ઊભો રહ્યો. રૂપમતીનો રોષ હજી ઉતર્યો નો'તો. વઢી. મૂક થઈને સાંભળતો રહ્યો. કહે, સંગીતની નાતજાત હોય છે! તું એવો આદર્શ ભરી અહીં આવ્યો ને મને ભૂલી ગયો! આજીજી, આરઝુ ને રૂપમતી સહેજ પીગળી. વિનંતી કરી. બાઝ બહાદુર હાર્યો, ભાગ્યો, જીતેલો સિકંદર તને પામવા તારી પાસે આવ્યો, તેં ત્રણ દિવસની મહેતલ માંગી ને છેવટે આપઘાત કર્યો. એ ત્રણ દિવસ તેં કેમ વિતાવ્યા? અતીતમાં ખોવાયેલી રૂપમતીનું રૂપ બદલાયું. આંખે અશ્રુ ચમક્યા. એ ભીનાશભરી સવારે એનો અપાર્થિવ સ્વર નમણાશથી ગુંજી ઉઠ્યો, 'અખિયાં હરિ દરશન કી પ્યાસી....'

*૫૦/૪, રામસદન, બ્રાહ્મણવાડા ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઈ.*
*મો. ૦૯૮૭૦૪૦૬૧૭૭*

*શ્રી સદ્‌ગુરુના પરમ ઉપકારોનું ઋણ ચૂકવવાનો અવસર એટલે ગુરુ પૂર્ણિમા.*

વિચાર વિમર્શ

# શ્રદ્ધાને અબૌદ્ધિકતાનો આથો ચઢે એટલે અંધશ્રદ્ધા બને...!

• દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ •

આ લખનારને હંમેશાં લાગ્યું છે કે **ઇશ્વરને સમજ્યા વિના ભજવાનું હવે બંધ કરવા જેવું છે. તેને સમજવાનો પ્રયાસ કરવો એજ ઉત્તમ ભક્તિ ગણાય. વિચાર વિહોણા આસ્તિકો કરતાં વિચારશીલ નાસ્તિકો વધુ ઉપયોગી છે.** ઉભયપક્ષે ચર્ચા વિષય છોડી વ્યક્તિલક્ષી બની જાય ત્યાંથી ચિંતનની તંદુરસ્તી કથળે છે. સાબિત થયેલા સત્યનું સ્વાગત કરવું એ બૌદ્ધિકોનો ધર્મ છે. પરંતુ ઘણીવાર ચર્ચામાં વ્યક્તિગત મમત ભળે ત્યારે સચ્ચાઈને બદલે હમસચ્ચાઈનું વોલ્યુમ વધી જાય છે. સામેની વ્યક્તિના તડબૂચ જેવા સત્યને સિફતપૂર્વક હાંસિયામાં ધકેલી દઈને પોતાના રાઈ જેવા સત્ય પર બીલોરીયો કાચ ગોઠવવામાં આવે છે. આવો તર્ક-પંચ ખેલાય ત્યારે ચર્ચા ‘ગોલ’ ચૂકી જઈને ‘ગોલા લડાઈ’ બની જાય છે.

ઈશ્વર નથી એમ માનવું એ આસ્તિકો કરતાંય મોટી જવાબદારીની વાત છે. વોલ્ટરે ૧૭૬૯ માં કહેલું - ‘If God did not exist, it would be necessary to event him’ (જે લોકો એવું માને છે કે ઈશ્વરનું અસ્તિત્વ નથી તેને માટે તો ઈશ્વરની શોધ વધુ જરૂરી બની જાય છે). કંઈક એવું સમજાય છે કે આસ્તિકતાનો જન્મ અલૌકિક શક્તિનો મહિમા ગાનાર કથા - પુરાણો કે ધર્મશાસ્ત્રોમાંથી થયો છે અને પ્રકૃતિમાં પાંગરેલા ઐશ્વર્યને કારણે તે ટકી રહી છે. એજ રીતે નાસ્તિકતાનો જન્મ માણસને પ્રાપ્ત થયેલી વિજ્ઞાન અને ટેકનોલોજીની ઝળહળતી સફળતામાંથી થયો છે અને કેટલીક સાંસ્કૃતિક વિચિત્રતાઓને કારણે તેને સમર્થન મળ્યું છે.

એક વાતની ના પડાય એમ નથી. સૃષ્ટિની પ્રત્યેક રચના પર બુદ્ધિનું માઈક્રોસ્કોપ ગોઠવીને પૃથક્કરણ કરવામાં આવે તો ક્ષણે ક્ષણે ઈશ્વરનો સાક્ષાત્કાર થાય એવા દૃશ્યો જોવા મળે છે (અને ઈશ્વરને ધિક્કારવાનું મન થાય એવી વિચિત્રતા પણ આંખ સામે આવે છે.) આજે સ્થિતિ એવી છે કે સમગ્ર સૃષ્ટિ, સર્જનહારના શ્રાપો અને આશીર્વાદો વચ્ચે અથડાતી કુટાતી આગળ વધી રહી છે.

એક સત્ય સૌએ સ્વીકારવું રહ્યું. આસ્તિકો અંધશ્રદ્ધાળુ બની જાય પછી જે અનર્થો સર્જાય છે તેવા જ નુકસાનો નાસ્તિકો હઠાગ્રહી બને ત્યારે થાય છે. બચુભાઈએ એક પ્રશ્ન પૂછ્યો : ‘હરણ માટે જંગલમાં વાઘ ન હોય તે સ્થિતિ સારી કે ઘાસ ન હોય તે સ્થિતિ સારી?’ પહેલી નજરે વાઘ ન હોય તે સ્થિતિ સારી જણાય. પરંતુ વાઘના સ્વભાવથી બચી શકાય, ઘાસના અભાવથી બચી શકાતું નથી. ઈશ્વર છે એમ માની લેવામાં કોઈ નુકસાન નથી, પરંતુ સમાજમાં અંધશ્રદ્ધા, વહેમો, અજ્ઞાનતા, જડતા વગેરેથી ઉદ્ભવતા દુઃખોનો પાર નથી. એમ સમજો કે ઈશ્વર ન હોય છતાં છે એમ માનીએ તો એનું નુકસાન મર્યાદિત છે. તે વાઘની હિંસકતા જેવું છે. તેનાથી બચી શકાય. પરંતુ સમાજની સેંકડો અંધશ્રદ્ધાઓનું કુલ નુકસાન ઘાસના અભાવ જેવું છે. તે આખા સમાજને મૃતઃપ્રાય કરી દે છે. એથી નાસ્તિકોએ ઈશ્વરનો પીછો છોડી અંધશ્રદ્ધા નિર્મૂલનના કાર્યક્રમોને જ મહત્ત્વ આપવું જોઈએ.

સદીઓથી ઈશ્વર પૂજાય છે. માત્ર એટલું જ હોત તો વાંધો ન હતો. પણ અંધશ્રદ્ધાળુઓએ સેંકડો નવા નવા દેવીદેવતાઓ શોધી ધર્મને ધંધો બનાવી દીધો. (હમણાં જ ખબર પડી કે ભાવનગરમાં દશામા પછી વળી પાછી કોઈ નવી દેવી શોધાઈ છે.) **ઇશ્વરને નામે એકાદ અગરબત્તી ચલાવી લેવાય, પણ અંધશ્રદ્ધાને નામે સમાજનું નાક ગુંગળાઈ જાય એવો ઝેરી ધુમાડો ફેલાતો હોય તો તેનો અવશ્ય વિરોધ થવો ઘટે.** બહુધા નાસ્તિકોનું માનવું છે કે ઈશ્વર અંગેની મૂળ અંધશ્રદ્ધામાંથી જ હજારો અનિષ્ટો જન્મે છે. એથી મૂળનો જ નાશ કરવો જરૂરી છે. આ વિચાર ખાસ જચે એવો નથી. એમ કહો કે માથુ દુઃખે ત્યારે એસ્પિરીન લેવાને બદલે માથુ કાપી નાખવા જેવો એ ઉપાય છે.

**યાદ રહે, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે બહુ પાતળી ભેદરેખા છે પણ ભેદ તો અવશ્ય છે. બન્ને એક નથી. દિલની પવિત્ર લાગણીમાંથી શ્રદ્ધા જન્મે છે. અંધશ્રદ્ધા અબૌદ્ધિકતામાંથી જન્મે છે.** શ્રદ્ધા અંધશ્રદ્ધાના એક બે ઉદાહરણો જોઈએ. સાપ કરડે ત્યારે માણસને હૉસ્પિટલમાં લઈ જવામાં આવે તે શ્રદ્ધા અને ભગત પાસે લઈ જવામાં આવે તે અંધશ્રદ્ધા. તરસ્યો માણસ નળ પાસે જાય તે શ્રદ્ધા પણ ગ્લાસ લઈને ઝાંજવા પાછળ દોડે તે અંધશ્રદ્ધા. માણસ કોઈ દેવીની પૂજા કરે તે શ્રદ્ધા પણ તે માણસનો બલિ ચઢાવે તે અંધશ્રદ્ધા. ઝેર ઉતારનાર ભગત અને ડૉક્ટર, એ બે એક નથી. (ભગતથી કદી ઝેર ઉતરી શકતું નથી. પણ ક્યારેક બિનઝેરી સાપ કરડ્યો હોય ત્યારે દરદી થોડી કળ વળે પછી એની મેળે બેઠો થઈ જાય છે. લોકોને લાગે છે કે ભગતે ઝેર ઉતાર્યું.)

નળનું પાણી અને ઝાંજવાનું જળ, એ બે એક નથી. પૂજા અને બલિ પણ જુદી જુદી વસ્તુ છે. તો શ્રદ્ધા અને અંધશ્રદ્ધા એક કેવી રીતે હોઈ શકે? શ્રદ્ધા એટલે જ અંધશ્રદ્ધા એમ કહેવું એટલે દૂધ એટલે જ દહીં એમ કહેવા જેવી ભૂલ ગણાય. દૂધ વિકૃત બને ત્યારે દહીં બને છે. શ્રદ્ધામાં અબૌદ્ધિકતાનું મેળવણ ભળે ત્યારે તે અંધશ્રદ્ધામાં પરિવર્તિત થાય છે.

વારંવાર કહેવાનું પ્રાપ્ત થાય છે. **દુનિયાના કોઈ પણ ભગવાન માટે માનવીના દિલથી ચડિયાતું કોઈ મંદિર નથી અને શ્રદ્ધાથી ચડિયાતી કોઈ પૂજા નથી. માનવતાથી મોટો ધર્મ નથી અને હિંસાથી ચડિયાતું કોઈ પાપ નથી.** શ્રદ્ધા રામ પ્રત્યે હોય કે ગણેશજી પ્રત્યે. ....તેમની સ્થાપના દિલમાં કરીને ઘરઆંગણે પૂજા કરવી એ ભક્તિની સર્વશ્રેષ્ઠ રીત છે. દિલના મંદિર પર માઈકના ભૂંગળા હાહાકાર મચાવતા નથી. ફંડફાળા... ડેકોરેશન... વિસર્જન યાત્રા... પોથીયાત્રા... રથયાત્રા વગેરેની કાબુ બહારની જનમેદની થતી નથી. **માણસની શ્રદ્ધામાં આથો આવે છે ત્યારે તે ફૂલીને અંધશ્રદ્ધા બને છે.** રામને હૃદિયામાંથી રોડ પર ખેંચી લાવવામાં આવે છે ત્યારે બાબરી મસ્જિદની દુર્ઘટના બને છે. ગણેશજીની ઘરઆંગણે પૂજા કરવાને બદલે જાહેરમાં તેની સ્થાપના કરવામાં આવે છે ત્યારે શ્રદ્ધાની અંગત મિલકતની જાહેરમાં હરાજી થતી હોય તેવું લાગે છે. એક ચિંતકે તેમના પ્રવચનમાં કહ્યું : 'દારૂ પોતે ખરાબ નથી. અમેરિકા સહિત દુનિયાના કરોડો બૌદ્ધિકો પ્રમાણભાન જાળવીને તેની પૂરી મજા માણે છે. પણ દારૂનો ઉપયોગ કરવામાં લોકોની અશિક્ષિતતા, પછાતપણું, બુદ્ધિનો અભાવ વગેરે ભળે ત્યારે દારૂ નાહક બદનામ થાય છે. એ બધાં દુષ્પરિણામો દારૂના નહીં, અબૌદ્ધિકતાના ગણાય!' આ તર્ક શ્રદ્ધાને પણ લાગુ પડે છે. **શ્રદ્ધા ખરાબ નથી, તેમાં અબૌદ્ધિકતા ભળે ત્યારે અંધશ્રદ્ધાનું નુકસાન સમાજે વેઠવું પડે છે.**

ગણેશ વિસર્જનમાં દારૂ પીવાય, બે જૂથો વચ્ચે અથડામણ થાય કે દર વર્ષે માણસો ડૂબી જાય એને શું આપણે ધર્મ કહીશું? આવું થાય ત્યારે સમાજની છાતી છોલાઈ જાય છે. નાસ્તિકો એ છોલામણી માટે આસ્તિકોની શ્રદ્ધાને જવાબદાર ઠેરવે છે. આસ્તિકતા ખોટી નથી. તેમાં શ્રદ્ધાના ઓઠા હેઠળ અનેક અનિષ્ટો ભળે છે તેનો વિરોધ કરવો ઘટે. જળ એ જીવન છે. પણ જળવૃષ્ટિમાં શાસકોની વ્યવસ્થાકીય ત્રુટીઓ ભળે ત્યારે જળ પ્રલય થાય છે. બુદ્ધિશાળી માણસો જળનો વિરોધ નથી કરતાં. વિરોધ માનવીની ખામીભરી વ્યવસ્થાનો કરવાનો હોય. **શ્રદ્ધા માનવીના દિલમાં જન્મતી પવિત્ર લાગણી છે. તે નુકસાન પહોંચાડતી નથી. માનવીની અબૌદ્ધિકતાથી શ્રદ્ધા બદનામ થાય છે. દોસ્તો, ઇશ્વરે આજપર્યંત માનવીને એક પણ નુકસાન પહોંચાડ્યું નથી. તેની પાસે એવું કરવાનું કોઈ કારણ નથી. ધર્મ અને ઇશ્વરને નામે માનવીએ જે કાંઈ ઉત્પાત મચાવ્યો છે અને જે લોહિયાળ દંગલો આચર્યા છે તે બધાં માનવીની અંધશ્રદ્ધા, અજ્ઞાન તથા ઇશ્વરને ભજવાની તેની ખામી ભરેલી રીતોને કારણે ઉદ્‌ભવ્યાં છે.** નાસ્તિકો ઈશ્વરને બધાં પાપોનું મૂળ ગણાવે છે. પરંતુ તે એવી ભૂલ છે, માનો રાવણના સર્વનાશ માટે રામને જવાબદાર ઠેરવવામાં આવે. રાવણ રામચંદ્રજીના હાથે મરાયો હતો, પણ તેના વિનાશમાં તેની પોતાની દુષ્ટતા કારણભૂત હતી. અંધશ્રદ્ધા અબૌદ્ધિકતાનો પર્યાય છે. તેનાથી થતાં નુકસાનોનો અપયશ શ્રદ્ધાને આપવો યોગ્ય ન લેખાય.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગામદેવી રોડ, પો. કાઠિયાવાડી*
*જમાલપોર, નવસારી - ૩૯૬૪૨૭*
*dineshpanchal.249@gmail.com*

---

## આપણને જરૂર છે નવા માનવધર્મની

**(અનુસંધાન : પાના નં.-૭૩ ઉપરથી ચાલુ)**

અને ટ્રાફિકને નડતાં રહે છે. લોકો અંગત પ્રસંગોએ પોતાના ઘર પર મોટાં મોટાં લાઉડ સ્પીકર મૂકીને આખા વિસ્તારમાં ઘોંઘાટ કરતા રહે છે. લોકોને ઉત્સવો મનાવવાની છૂટ છે, પણ એમણે જોવું જોઈએ કે એનાથી રસ્તા ઉપરની શાંતિમાં ખલેલ ન પહોંચે. ક્યારેક આવા ઘોંઘાટના ત્રાસથી માંદા માણસો થાકી જાય છે. **ધર્મ એ માત્ર સાંપ્રદાયિક ક્રિયાકાંડ નથી. એની સાથે નાગરિક ધર્મ પણ ભળે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય.** માણસને ઘડનારા પરિબળો ઘણા છે. પણ વિજ્ઞાને જે અવનવી શોધો કરી એ પછી નાગરિક ધર્મે નવું મહત્ત્વ ધારણ કર્યું છે.

આપણી પ્રજા જુદા જુદા વાડાઓમાં વહેંચાયેલી છે. હિંદુ ધર્મ, મુસ્લિમ ધર્મ, જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ, શીખ ધર્મ એમ પ્રવાહ આગળ ચાલે છે. ઉપરથી આ બધાના અનેક પેટાસંપ્રદાયો છે અને આ બધા સંપ્રદાયો પરસ્પર પ્રેમથી રહેવાને બદલે અંદર અંદર ઝઘડે છે. **નાગરિક ધર્મને કોઈ સીમા નથી અને કોઈ વાડા નથી.** આમ આપણે જો વાસ્તવમાં નાગરિક ધર્મ અપનાવીએ તો સ્વચ્છતા સહિત ઘણાખરા પ્રશ્નો આપોઆપ જ ઊકલી જાય.

*સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ - ૩૬૦૮૮૧*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭*

વિચાર વિમર્શ

# વિચારધારાની સફળતા – નિષ્ફળતા

• મુરજી ગડા •

કેટલીક વિચારધારાઓ ઘણી ઉમદા હોવા છતાંયે ફક્ત આંશિક રીતે સફળ થાય છે. જ્યારે શરૂઆતમાં આકર્ષક લાગતી અને મોટે પાયે સ્વીકારાતી અન્ય કોઇ વિચારધારા થોડા સમય પછી નિષ્ફળ નીવડે છે. આવી રીતે પ્રગટ થતી, ઓલવાઇ જતી કે પછી પાંગરતી વર્તમાનની ચાર વિચારધારાઓની છણાવટ કરીએ.

**પહેલી છે અહિંસા, અભય અને અસહકારના માર્ગે રાજસત્તામાં પરિવર્તન લાવવાની.** ગાંધીજીએ એને અમલમાં મૂકી ભારતને આઝાદી અપાવી. એમનું અનુકરણ કરી બીજા પણ થોડા દેશોએ એ માર્ગ અપનાવી સફળતા મેળવી છે.

આઝાદી મળવા પાછળ દેશના ઘડવૈયાઓની મહેનત ઉપરાંત બીજા કેટલાંક વિશેષ કારણો પણ હતા. એ અરસામાં વૈશ્વિક સ્તરે બનેલા બનાવોને લીધે વહેલી મોડી બધાને આઝાદી મળવાની હતી. બીજા વિશ્વયુદ્ધે સંસ્થાનવાદનો મૃત્યુઘંટ વગાડ્યો હતો. સંચાર માધ્યમોને લીધે દુનિયા નાની થવા લાગી હતી. ગાંધીજીની ખાસિયત માત્ર અહિંસક અસહકારની રીતમાં હતી.

પણ પછી શું થયું? આઝાદી પછીના કોમી રમખાણોમાં ખુદ અહિંસાની હોળી થઇ ગઇ. આજે ગાંધીજીનું નામ માત્ર રાજકીય લાભ માટે વટાવાય છે. એમનું અસહકારનું શસ્ત્ર અન્યાય સામે લડવા નહીં પણ અંગત લાભ માટે વપરાય છે. અહિંસક અસહકાર અને ટોળાશાહીમાં ઘણો ફરક છે. શાંત દેખાતું ટોળું પણ જો સામા પક્ષમાં ભય પેદા કરે તો એ અહિંસક ન ગણાય. ભય અને અહિંસાનું સહઅસ્તિત્વ શક્ય નથી. આજના સામૂહિક દેખાવો અહિંસક નથી લાગતા.

વિચારધારા બનવાના ગુણ ધરાવતી આ અહિંસક અસહકારની રીત અત્યારે તો એક પ્રયોગ માત્ર બનીને રહી ગઇ છે. વિચારધારા બનવા બહોળી સ્વીકૃતિ અને સફળ થવું જરૂરી છે. કદાચ એનો સમય હજી આવ્યો નથી.

વર્તમાનની બીજી શક્તિશાળી વિચારધારા ઓગણીસમી સદીના જર્મન વિચારક અને મૂડીવાદના વિરોધી અર્થશાસ્ત્રી કાર્લ માર્ક્સનું બ્રેનચાઇલ્ડ, માનસ સંતાન હતી. રાષ્ટ્રીય સ્તરે આર્થિક સમાનતા લાવવાની વાત એમણે પોતાના પુસ્તક "Das Capital" માં કરી છે. રાજકીય અને આર્થિક ક્ષેત્રે એનો અમલ રશિયામાં લેનીન અને ચીનમાં માઓએ પોતાને અનુકૂળ ફેરફારો સાથે કર્યો હતો. ખૂબ ઝડપથી એ અડધી દુનિયામાં ફેલાઇ ગઇ. એ વિચારધારાથી અંજાઇ નહેરુ એને થોડા જુદા સ્વરૂપે ભારતમાં આર્થિક ક્ષેત્રે લઇ આવ્યા. રાજકીય દરમ્યાનગીરીથી આર્થિક સમાનતા લાવવાની કોશિશમાં ગરીબોનો ઉદ્ધાર તો ન થયો પણ સમાજવાદને નામે આડકતરી રીતે (ઊંચા કરવેરા દ્વારા) બધાને ગરીબ રાખવાના પ્રયત્ન થયા. પરિણામે સમાનતા આવવાને બદલે ભ્રષ્ટાચાર વધ્યો.

**રાષ્ટ્રીય સ્તરે આર્થિક સમાનતા લાવવાની અપેક્ષાવાળી આ વિચારધારા સાત-આઠ દાયકાઓમાં નિષ્ફળ પુરવાર થઇ બધે પડી ભાંગી છે.**

એક વિચારધારાને માત્ર પ્રાસંગિક સફળતા મળી, જ્યારે બીજી જેટલી ઝડપથી ફેલાઇ એટલી જ ઝડપથી લુપ્ત થઇ રહી છે. આની પાછળ ઘણા કારણો હોઇ શકે છે. આ લેખકને જે મુખ્ય જણાય છે એની અત્રે રજૂઆત કરી છે.

વિચારધારાઓ બહુધા આદર્શવાદી હોય છે. એક પ્રકારની મનોવાંચના ''Wishful Thinking'' હોય છે. આદર્શ એક ધ્યેય છે; એના જનકનું માનસ સંતાન છે, તે જમીની વાસ્તવિકતા નથી. આદર્શ, વાસ્તવિક્તા બની જાય એટલો સાંસ્કૃતિક વિકાસ હજી થયો નથી.

માણસ જૈવિક રીતે (બાયોલોજિકલી) એક પ્રાણી છે. પ્રાણીઓની ઉત્ક્રાંતિમાં આપણે આગવા સ્થાને પહોંચ્યા તે આપણા બૌદ્ધિક વિકાસને આભારી છે. એની સાથે જન્મજાત વૃત્તિઓ આપોઆપ બદલી જતી નથી. **માણસની જન્મજાત વૃત્તિઓ છે સ્વાર્થ, સ્પર્ધા, અનુકરણની વૃત્તિ, અંકુશની વૃત્તિ વગેરે.** આ વૃત્તિઓનો સહકાર, સમાનતા, સંયમ, ઉદારતા વગેરે જેવા કેળવાયેલા ગુણો સાથે ટકરાવ થાય છે. શરીર પુખ્ત બનતાં કુદરતી વૃત્તિઓ અને સામાજિક, ધાર્મિક સંસ્કારો વચ્ચે જે માનસિક ગડમથલ થાય છે તે આનું એક ઉદાહરણ છે. સંસ્કૃતિ પણ આદર્શની દિશામાં આગળ વધે છે. આપણી સાંસ્કૃતિક પ્રગતિની ઝડપ બાયોલોજિકલ ફેરફારો કરતાં કેટલાયે ગણી વધારે છે. પરિણામે આપણી સમજ, જે સાંસ્કૃતિક છે એનો સંવેદનાઓ અને ઇચ્છાઓ જે જન્મજાત છે, એમની વચ્ચે અંતર વધવા લાગ્યું છે.

**આદર્શવાદી વિચારધારા માણસની**

**જન્મજાત પ્રકૃતિથી જેટલી દૂર હોય એટલો એનો સ્વીકાર મર્યાદિત હોય છે.** સમાજનો માત્ર એક નાનો વર્ગ એને સાચી રીતે અપનાવે છે. બીજો નાનો વર્ગ સમજ્યા વગર માત્ર અનુકરણની વૃત્તિથી એમાં જોડાય છે. જ્યારે બાકીનો મોટો વર્ગ એનાથી દૂર રહે છે. બહુબહુ તો અપનાવવાનો ઢોંગ કરે છે. આ વાસ્તવિકતા દરેક ક્ષેત્રે જોવા મળે છે. ખાસ કરીને નૈતિક અને ધાર્મિક ક્ષેત્રે.

અહિંસક અસહકારની વિચારધારામાં જે બલિદાનની અપેક્ષા રાખવામાં આવે છે તે બહોળા સમાજની જન્મજાત વૃત્તિથી ખૂબ દૂર હોવાથી એની મર્યાદિત સફળતાનું કારણ બની છે. સામ્યવાદી વિચારધારાની નિષ્ફળતા પાછળ પણ આવાજ કારણોએ ભાગ ભજવ્યો છે. વિશેષમાં તે પરાણે લાદેલી હતી. એમાં રાજકીય નેતાઓ દ્વારા નિશ્ચિત કરેલા ચોક્કસ માળખામાં જ બધા લોકોએ જીવવાનું હતું. વ્યક્તિગત કુનેહ (ટેલેન્ટ) કરતાં હુકમનું પાલન અને સિનિયોરિટી વધારે મહત્ત્વના હતા.

''કુદરતે બધાને સરખા બનાવ્યા છે'' એ સુવિચાર માણસના પાયાના અધિકાર માટે બનાવેલો છે, એનામાં રહેલ આવડત માટે નહીં. આ પાયાનો અધિકાર છે સ્વતંત્રતાનો, ગૌરવભેર જીવવાનો, ન્યાય મેળવવાનો, પ્રગતિ કરવાનો અને સુખી થવાનો. એનો લાભ બધાને એકસરખો મળવો જોઈએ.

દરેક વ્યક્તિ પોતાની ખૂબીઓ અને મર્યાદાઓ લઈને જન્મે છે. જેનું મિશ્રણ બધામાં અલગ હોય છે. માણસ ધારે તો ગમે તે કરી શકે એ વાસ્તવિકતા નથી. એ હતાશ માણસને અપાતું ટોનિક માત્ર છે. માણસ ધારે તો ઘણું કરી શકે છે, પણ બધું જ નહીં, એ વાસ્તવિક્તા છે. મોટા ભાગના લોકો પોતાની આંતરિક શક્તિ (પોટેન્શિયલ)નો પૂરો ઉપયોગ કરતા નથી હોતા. માણસ નિશ્ચય કરી એના માટે જરૂરી મહેનત કરે તો હમણાં છે એનાથી ઘણી વધારે પ્રગતિ કરી શકે છે. સરખામણી પોતાના ભૂતકાળ સાથે કરાય, બીજાઓના ભવિષ્ય સાથે નહીં. કારણ કે બીજા પણ વધારે પ્રગતિની મહેનત કરતા જ હોય છે. આવી સરખામણી વ્યર્થ છે. જરૂરી મહેનત કરે તો બધા ઉમદા પરિણામ લાવી શકે. પહેલો નંબર તો એક જ હોઇ શકે, બધા નહીં.

**સ્વતંત્રતાના અભાવ સાથે વધારે પડતા અંકુશ પણ સામ્યવાદની નિષ્ફળતાના પાયામાં રહેલા છે.** સોવિયેટ રશિયાના ભાંગી પડવા પાછળ અમેરિકા એક નિમિત્ત માત્ર બન્યું હતું. મુખ્ય કારણો આંતરિક હતા. જ્યારે ચીને સ્વેચ્છાએ આર્થિક નીતિમાં ફેરફાર કર્યા છે, જે સામ્યવાદી વિચારધારાનો આર્થિક ક્ષેત્રે નિષ્ફળતાનો સ્વીકાર છે.

**હવે વર્તમાનની બીજી બે વિચારધારાઓ તપાસીએ જે નિષ્ફળ નહીં પણ સફળ થઇ પાંગરી રહી છે.**

**સદીઓથી ચાલી આવતી રાજાશાહીવાળી રાજ્યપદ્ધતિ બદલાઇને હવે બધે લોકશાહી ફેલાઇ રહી છે.** વર્તમાનની આ ત્રીજી વિચારધારા પશ્ચિમના દેશોમાં શરૂ થઇ ત્યાં પરિપક્વ થઇ રહી છે. એનો યશ કોઇ એક વ્યક્તિને આપી શકાય એમ નથી. માનવ સંસ્કૃતિની ઉત્ક્રાંતિના એક મહત્ત્વપૂર્ણ પગથિયારૂપે તે જનસમુદાય દ્વારા સામૂહિક રીતે વિકસી છે.

ભૂતકાળમાં નોંધાયેલ કહેવાતી લોકશાહીના છૂટાછવાયા પ્રયાસો ખરી રીતે લોકશાહી નહીં પણ વર્ગશાહી હતી, જેમાં રાજા પાસેથી કેટલીક સત્તા લઈ સમાજના ઉપલા ખાસ વર્ગને આપવામાં આવી હતી. જન સામાન્યને કોઈ અધિકાર નહોતા, મતાધિકાર પણ નહીં. એના થોડા દાખલા છે; રોમન સામ્રાજ્યની સેનેટ, ઇંગ્લેન્ડનું મેગ્નાકાર્ટા અને ભારતનું વૈશાલીનું સામ્રાજ્ય.

લોકશાહી વિચારધારા માત્ર માનવીય પ્રકૃતિ કે સંસ્કૃતિ પર આધારિત નહીં પણ એ બન્નેના મિશ્રણ પર આધારિત છે. એની સફળતા જે તે દેશની પ્રજાને અનુકૂળ આવા મિશ્રણની માત્રા પર નિર્ભર છે. ધર્મ, જાતિ, વર્ણ વગેરેના ભેદભાવ વિના બધાને પોતપોતાની શક્તિ પ્રમાણે મનગમતા ક્ષેત્રમાં પ્રગતિ કરવાની તકનો સમાન અધિકાર આપવાના સિદ્ધાંત પર તે રચાયેલી છે.

લોકશાહીમાં ધર્મને રાજ્ય વ્યવસ્થાથી અલગ રાખવાનો આશય હોય છે. જો કે દરેક દેશમાં ધાર્મિક સંસ્થાઓનો પોતાનો એક એજન્ડા હોય છે એના માટે એમની એક રાજકીય લૉબી પણ હોય છે. પરિપક્વ લોકશાહીમાં એ બધું પડદા પાછળ થતું હોવાથી એની અસર મર્યાદિત હોય છે. કોઇ નાનકડા મુદ્દે ચૂંટણીના પરિણામો બદલાતા નથી. જ્યાં ધાર્મિક મુદ્દે ચૂંટણીમાં હારજીત થાય છે અને સરકાર બદલે છે એ હજી કાચી લોકશાહી કહેવાય. વળી, કાચી લોકશાહીમાં ચુંટાયેલા પ્રતિનિધિ દેશની સંપત્તિના માલિક બની બેસે છે. પરિપક્વ લોકશાહીમાં તેઓ માત્ર વ્યવસ્થાપક હોય છે. સેવક તો ક્યારે, કોઇ અને ક્યાંય પણ હોતા નથી. રાજકારણીઓ દ્વારા વપરાતો સેવક શબ્દપ્રયોગ છેતરામણો છે.

આ વિચારધારા હવે વિશ્વવ્યાપી બનતી હોવાથી એની સફળતા નિશ્ચિત જણાય છે. સફળતાની માત્રાનો આધાર જે તે પ્રજાની શિક્ષિતતા, અને પરિપક્વતા

પર રહે છે.

રાજ્ય વ્યવસ્થા માટે વર્ણવાયેલ આ દરેક બાબત બધી સામાજિક સંસ્થાઓને પણ એટલી જ લાગુ પડે છે.

**વર્તમાન સમયની ચોથી વિચારધારા છે મુક્ત વ્યાપારનીતિની.** આ પણ પશ્ચિમના દેશોમાં શરૂ થઇ, હવે બધે ફેલાવા લાગી છે. મુક્ત વ્યાપારની નીતિમાં વ્યક્તિના પોટેન્શિયલનો પૂરો ઉપયોગ થાય છે. દેશના સીમાડા ઓળંગી વિશ્વવ્યાપી થવાથી એ સાચા અર્થમાં સ્પર્ધાત્મક બની છે.

આજ સુધીની બધી અર્થ વ્યવસ્થાઓ માલિક, શેરહોલ્ડર, કર્મચારી, કામદાર વગેરે જેવા સમાજના કોઇ એક કે બે વિશિષ્ટ વર્ગના હિતમાં હતી. આ બધા જ વર્ગો સમાજનો એક નાનકડો ભાગ માત્ર હોય છે. સ્પર્ધા આધારિત મુક્ત વ્યાપાર નીતિ વપરાશકારના, કન્ઝ્યુમરના હિતમાં છે. એના પરિણામે થતી હરીફાઇનો લાભ કન્ઝ્યુમરને મળે તેવી વ્યવસ્થા છે. દેશની અને દુનિયાની દરેક વ્યક્તિ કન્ઝ્યુમર છે. જે વ્યવસ્થા બધાના લાભમાં હોય તે અનાયાસે શ્રેષ્ઠ હોવાની.

આપણે ત્યાં આની જે ટીકા સંભળાય છે એમાં થોડું વજૂદ છે પણ એના માટે અપાતા કારણો વાજબી નથી. પશ્ચિમના દેશોમાં આ વિચારધારા ધીરેધીરે વિકસી હોવાથી સમાજના વિશાળ વર્ગને તે સમજવાનો અને એમાં જોડાવાનો સમય મળ્યો હતો. ભારત જેવા વિવિધતા ધરાવતા વિશાળ દેશમાં એ ઝડપથી આવી છે. એના લીધે સામાજિક અને આર્થિક સ્તરે અસમાનતા હતી એના કરતાં પણ વધતી દેખાય છે. આટલા વિશાળ દેશમાં એનો લાભ બધાને એક સાથે અને એકસરખો મળે એવી અપેક્ષા રાખવી અવાસ્તવિક છે. ધીરેધીરે બધાનો વારો આવશે. તક જ્યારે દરવાજે આવીને ટકોરા મારે છે ત્યારે ઊઠીને દરવાજો ખોલવા જેટલી મહેનત તો આપણને કરવી જ પડે છે. સ્પર્ધાને લીધે થતાં ફાયદાની તરફેણમાં ટેલિફોનનો એક દાખલો પૂરતો છે. બે દાયકા પહેલાં ઘરે ટેલીફોન હોવો એ સમૃધ્ધિની નિશાની ગણાતી. આજે તે બધાના ખિસ્સામાં હોય છે.

અવાસ્તવિક હદે આદર્શવાદી એવા સામ્યવાદ અને સમાજવાદની નિષ્ફળતાની યાદ હજી તાજી હોવાથી આ નવી અર્થવ્યવસ્થાને વિશેષ આવકાર અને બળ મળ્યા છે. એ માણસની મૂળભૂત પ્રકૃતિ પર આધારિત હોવાથી એની લાંબા ગાળાની સફળતાની ઘણી શક્યતા છે.

દરેક પરિસ્થિતિમાં એનો ગેરલાભ ઉઠાવનાર એક વર્ગ હોય છે. મુક્ત વ્યાપાર નીતિના સંદર્ભમાં એના જે ગેરફાયદા દેખાય છે એની પાછળ આવા તકસાધુઓ તથા કાયદા વ્યવસ્થાનો અભાવ ઘણો જવાબદાર છે. એમાં વિચારધારાનો દોષ નથી. વર્તમાનની આર્થિક મંદીના કારણ શોધી કાયદામાં જરૂરી ફેરફાર કરવાની દિશામાં દુનિયાના અર્થશાસ્ત્રીઓ અને રાજકારણીઓ મથામણ કરી રહ્યા છે.

બીજી નોંધપાત્ર બાબત એ છે કે ભારત તેમજ દુનિયાના આર્થિક, સામાજિક વગેરે મોટાભાગના પ્રશ્નો માટે વીસમી સદીમાં થયેલો વસ્તી-વિસ્ફોટ મોટાપાયે જવાબદાર છે. આર્થિક ક્ષેત્રે જે પણ પ્રગતિ થઇ રહી છે તે સતત વધતા માનવ સમુદાય વચ્ચે વહેંચાય છે. જો વસતિ વધારો અંકુશમાં રહ્યો હોત તો આજના પ્રશ્નો આટલા આકરા ન હોત. આજ બાબતને બીજી રીતે જોઇએ તો, હમણાં છે એટલો ઔદ્યોગિક વિકાસ થયો ન હોત છતાં વસતિ આટલી જ વધી હોત તો ખેતીપ્રધાન દુનિયાના પ્રશ્નો ઘણા વધારે જટીલ હોત. આધુનિકીકરણના વિરોધીઓએ આ બાબત ખાસ વિચારવા જેવી છે.

આ બધી વર્તમાનની રાજકીય તેમજ આર્થિક વિચારધારાઓની છણાવટ હતી. ભૂતકાળની વિચારધારાઓ મુખ્યત્વે નૈતિક સ્વરૂપથી શરૂ થઇ હતી. એમને ખાસ સફળતા ન મળતાં એમાં માનવીય પ્રકૃતિગત ફેરફારો કરી એને ધાર્મિક સ્વરૂપે રજૂ કરવામાં આવી હતી, એ પણ આંશિક રીતે જ સફળ થઇ છે. એની ચર્ચા અન્યત્ર કરવામાં આવશે.

*૧, શ્યામવાટિકા સોસાયટી, વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭. મો. ૯૭૨૬૭૯૯૦૦૯*



સમાજની ક્ષિતિજો

# માનવતાની મહેક

• ડૉ. ઊર્મિલાબેન શાહ •

"ના, ના, ડૉક્ટર, આ શક્ય જ નથી. પપ્પાનો આટલો ઊંચો પી.એસ.એ. હોઈ જ ન શકે. મારા પપ્પાને કેન્સર હોઈ જ ન શકે; એમને કશી જ તકલીફ નથી. માત્ર વજન ઘટે છે. તમે બરાબર તપાસ કરો."

"બહેન! હું એટલે જ કહું છું કે બાયોપ્સી કરાવી લો. તું તો રેડિયોલોજિસ્ટ છે. તને વધુ શું કહેવાનું હોય! મનમાંથી વહેમ કાઢવો સારો."

અને આમ ગૌતમભાઈની બાયોપ્સી કરાવી. ઊંડી આશા સાથે કે એનો રિપોર્ટ તો નેગેટિવ જ આવશે, પણ અરે! આ શું...! બાયોપ્સીમાં તો પ્રોસ્ટેટ કેન્સરનું નિદાન પાકું થયું. ચારેબાજુ નિરાશાનો અંધકાર ફરી વળ્યો. અમારા સૌનાં મગજ પર આભ તૂટી પડ્યું. કેન્સર! કેવું ભયાનક નામ છે! કેન્સર એટલે જાણે કેન્સલ. અનિશ્ચિતતાના વંટોળમાં અમે સૌ સપડાયાં. કારણ કે કેન્સર એટલે પ્રભુના દરબારમાંથી છૂટેલું મોતનું ફરમાન. ચાલીસ વર્ષના દાંપત્યમાં એકબીજામાં એવા તો વણાઈ ગયાં હતાં કે વિયોગનો વિચાર સુદ્ધાં ધ્રુજાવી નાંખે તેવો હતો. નજર આગળ જાણે જીવનનો ઘેરો શૂન્યાવકાશ ખડો થઈ ગયો હતો. ધરતી પગ નીચેથી સરકતી હતી. હૃદયમાં વંટોળ જાગ્યો હતો. પણ ઘડીભરમાં એ આઘાતને જીરવીને મેં મારા મનના દુઃખને ખંખેરી નાંખ્યું. ડોક ટટ્ટાર કરી. ગૌતમના મોં સામે જોયું, એમના મોં પર તો એકદમ જ સ્વસ્થતા હતી અને મને બળ મળ્યું. 'સંગ્રામ ખેલવાની તમન્ના એ જ સાચી જિજીવિષા' એ સૂત્ર મને સ્મર્યુ. મારી રગેરગમાં એ આમેય વ્યાપેલું તો હતું જ અને એટલે જ 'कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन ।' ને હૃદય સમક્ષ રાખી સારવારના એક પછી એક નિર્ણયો અમે લેવા માંડ્યા.

બાયોપ્સીમાં પોઝિટિવ રિપોર્ટ આવતાં ત્રીજે જ દિવસે ઑપરેશન નક્કી કરી દીધું હતું. એક વખત શરીરમાં રોગ પેઠો છે તેવી ખબર પડી પછી એને વધવા માટે એક પળ પણ કેવી રીતે અપાય? પણ ત્યાં તો અચાનક જ મને વિચાર આવ્યો. 'અમેરિકામાં રહેતા આપણા ડૉક્ટર મિત્ર ડૉ. કિરીટભાઈ પંડ્યાની સલાહ લઈએ તો! લગભગ આઠેક મહિના અગાઉ એમનાં મમ્મીના અવસાનને કારણે ભારત આવેલા ત્યારે તેમને ઘણાં વર્ષોના ગાળા પછી મળવાનું થયેલું. ત્રીસેક વર્ષ પહેલાં એમણે મને પાયલોનેફ્રાઈટીસમાં સારવાર આપી જીવતદાન આપેલું. ત્યાર પછી મને ક્યારેય કિડનીની તકલીફ થઈ જ નથી અને એટલે મને ડૉ. કિરીટભાઈ પર અપાર શ્રદ્ધા હતી. તેમાં વળી છેલ્લે મળ્યાં ત્યારે તેમણે વાત કરી હતી કે તેઓ છેલ્લાં ઘણાંબધાં વર્ષોથી અમેરિકામાં પ્રોસ્ટેટ કેન્સરના ક્ષેત્રમાં જ કાર્ય કરી રહ્યા છે. મને આશ્ચર્ય થયું, 'કેવો ઈશ્વરી સંકેત! આટલાં વર્ષો પછી અમે મળ્યાં અને જે આત્મીયતા સધાઈ તેની પાછળ કયા દૈવી બળે ભાગ ભજવ્યો હશે! મને થયું, **ઈશ્વર આપણી કેટલી બધી ચિંતા કરે છે! દુઃખ આપે છે પણ એના ઉકેલના માર્ગ પણ એ જ શોધી આપે છે. મનોમન મારું હૃદય ઈશ્વરને નમી પડ્યું.** સાનફ્રાન્સિસ્કોમાં રહેતાં મારા દીકરાને ફોન કર્યો. તેણે ડૉક્ટર કિરીટભાઈને ફોન કર્યો, 'ડૉક્ટર હું નિમિષ બોલું છું પપ્પાની ટ્રીટમેન્ટ માટે...' અને ત્યાં તો તેમણે કહ્યું... "બેટા! તારા પપ્પા તો મારા સ્વજન છે. તું એમને અહીં બોલાવી લે. આપણે તેમને સારા કરીને મોકલીશું..." ને અમારા સૌના હૃદયમાં એક આશાનું કિરણ પ્રગટ્યું.

તરત જ તેમણે ઑપરેશન કરવાની ના પાડી અને બીજાં ઇંજેક્શન ચાલુ કરવાની સૂચના આપી. ઇંજેક્શન શરૂ કરી દીધાં. છ ઇંજેક્શન દર અઠ્ઠાવીસ દિવસના અંતરે અપાઈ ગયાં અને આગળની ટ્રીટમેન્ટનો પ્રશ્ન આવ્યો. ડૉ. કિરીટભાઈએ રેડિયેશન થેરાપીની સલાહ આપી. અમદાવાદની કેન્સર હૉસ્પિટલ ઘણી બધી સુવિધાથી સુસજ્જ છે. પણ પ્રોસ્ટેટ એ માનવશરીરનો એવો ભાગ છે કે જ્યાં કેન્સર નાબૂદ કરવા રેડિયેશન અપાય ત્યારે બીજી અનેક મુશ્કેલીઓ થાય કારણ કે શરીરના ઉત્સર્જનનાં મુખ્ય અવયવો ત્યાં જ આવેલાં હોય છે. મનમાં દ્વિધા ઊભી થઈ. 'રેડિયેશન થેરપી અહીં કરવી કે અમેરિકામાં?' નિમિષ અમેરિકામાં ચિંતિત હતો. 'હું અહીં છું તો પપ્પાની શું કામ સારામાં સારી ટ્રીટમેન્ટ ન કરું?' રોજે રોજ ફોન પર તે માટે દબાણ કરતો હતો. તો બીજી બાજુ દીકરી સોના પોતે કેન્સર હૉસ્પિટલમાં જ રેડિયોલૉજિસ્ટ. એનું હૃદય પણ ઝંખતું હતું, 'મારા પપ્પાને મારી જાત દેખરેખ નીચે સારામાં સારી સારવાર આપી સારા કરી દેવાં છે!' સારવાર દરમ્યાન કોઈ આડઅસર થાય તો દીકરી અને જમાઈ બંને ડૉક્ટરોનો લાભ મળે તેવું હતું અને એટલે અહીં જ ટ્રીટમેન્ટ શરૂ કરી દીધી. બે રેડિયેશન થયા. વચ્ચે શનિવારે અને રવિવારે રજા આવી.

શનિવારની સવારે લગભગ સાડા આઠ વાગે ફોનની ઘંટડી રણકી. 'હલ્લો, હું ડૉ. કિરીટ પંડ્યા બોલું છું. હમણાં જ અમેરિકાથી ચાલ્યો આવું છું ને પહેલો જ તમને ફોન કર્યો. શું ખબર છે તબિયતનાં?' ને મને તો જાણે ઈશ્વરે મારે માટે દેવદૂત જ મોકલ્યા હોય એવી હાશ થઈ ગઈ.

અમે રાતે જ મળવાનું નક્કી કર્યું. રાત્રે કિરીટભાઈએ રિપોર્ટસ જોયાં. 'ગૌતમભાઈ તમે ટ્રીટમેન્ટ શરૂ કરી દીધી છે, તો શ્રદ્ધાથી કરજો.' એમણે કહ્યું પણ મને એમના હાવભાવ ને એમની વાત કંઈ બરાબર ન લાગી. અંતરમાં ઊંડે ઊંડે અંદેશો લાગ્યો કે 'કંઈક બરાબર નથી.' પણ ગૌતમભાઈની હાજરીમાં વધુ વાતચીત કરવાનું ઠીક ન લાગ્યું. ને ઘેર આવી બીજે દિવસે ફોન કર્યો. 'કિરીટભાઈ તમે કેમ આવી રીતે કહ્યું? મને સાચી સલાહ આપો.''

''બહેન! આ થર્ડ સ્ટેજનું કેન્સર છે. પછી તને એમ ન થાય કે આપણે કંઈ કરી ન શક્યાં. હું છું, નિમિષ છે, પછી શું કરવા સારવારમાં કચાશ રાખે છે?'' ને તરત જ મેં મનમાં નિશ્ચય કર્યો, હવે અમેરિકા જ પહોંચી જવું ને ત્યાં જ સારવાર કરવી.

ડૉક્ટર તો ત્યાં સૂચના આપીને જ આવ્યા હતા કે ઇન્ડિયાથી ગૌતમભાઈ આવે તો ટ્રીટમેન્ટ શરૂ કરી દેજો. દીકરા નિમિષને ફોન કર્યો ને બનતી ત્વરાએ અમેરિકા પહોંચી ગયા. કંઈ જુદી જ દુનિયા. માનવમાત્ર માટે માન અને લાગણી અને તેમાંય કેન્સરના દર્દી માટે તો ત્યાં સૌ કોઈને ભારે હમદર્દી હોય છે. ઍરપોર્ટ પરથી સીધાં જ ડૉક્ટર પાસે ગયાં. દરમ્યાનમાં ડૉક્ટર કિરીટભાઈ પણ ત્યાં પહોંચી ગયા હતા. કિરીટભાઈ સામા આવ્યા. વહાલથી ભેટી પડ્યા ને પાછળથી જ એમની સેક્રેટરી સુંદર મજાનું શણગારેલું નાનકડું પુષ્પગુચ્છ લઈને "Welcome to our hospital" સાથે આવી પહોંચી. આવા દુઃખમાંય મારા આનંદની કોઈ અવધિ ન હતી. રણમાં વીરડી જેવી મને અનુભૂતિ થઈ. **મહામૂલા માનવજીવનની આ દેશમાં કેટલી બધી કિંમત છે! આટલી ટેકનોલોજી અને વિજ્ઞાન એ દેશોમાં આગળ વધ્યાં છે છતાંય ત્યાંના માણસોના હૃદયમાં હજી સંવેદનાઓ એટલી જ સજાગ રહી છે, એ કંઈ નાનીસૂની સિદ્ધિ નથી.** હૉસ્પિટલમાં રિસેપ્શનનિસ્ટથી માંડી બધાં જ કર્મચારીઓના સદાય હસતાં મોં જોઈ દુઃખ તો ક્યાંય વિસારે પડી જાય...અને તેમાંય ઘણાં બધાં કર્મચારીઓ તો ખાસ્સા મોટી ઉંમરનાં, અમેરિકામાં 'No body tires and nobody retires' એ એનું એક આગવું લક્ષણ મેં જોયું... માણસ સતત કાર્યશીલ રહે છે. નોકરીમાંથી વયમર્યાદાને કારણે નિવૃત્ત થાય પછીય પ્રવૃત્તિ વિના બેસી ન રહે. **એરપોર્ટ પર, બીજે બધે જ્યાં જુઓ ત્યાં વૃદ્ધો પણ જે સ્ફૂર્તિથી ને પ્રસન્નતાથી સેવાકાર્યો કરતાં હોય એ જોઈને જાણે હૃદય આનંદથી ભર્યું ભર્યું બની જાય છે.** યુવાન હોય કે વૃદ્ધ, સૌની ચાલમાં જીવન જીવવાનું જોમ જોવા મળે, એક ખુમારી જોવા મળે. આપણે ત્યાં તો કેટકેટલા યુવાનો ય જાણે જીવનને બોજારૂપ અનુભવતા જોવા મળે છે. ત્યારે અમેરિકામાં! હૉસ્પિટલની વાનના ડ્રાઈવરે છેલ્લા ચારેક દિવસ અમને ખૂબ સારી સેવા આપી, સવારના આઠ વાગ્યાથી સાંજ સુધી તે સતત ફરજ પર હાજર હોય... અને તે પણ હસતા મોંએ... લગભગ પંચોતેર વર્ષની ઉંમર તો હશે જ, છેલ્લે દિવસે મનમાં થયું... 'એમની સેવાની કદર કેવી રીતે કરીશું?'' અને એક કવર તૈયાર કરી ડરતાં ડરતાં ધર્યું. એમણે ખૂબ નમ્રતાપૂર્વક એનો અસ્વીકાર તો કર્યો જ પણ સાથે સાથે એ પણ જણાવ્યું કે તેમની બહેનને કેન્સરની બીમારીમાં અહીં ખૂબ સારી સારવાર મળી હતી એના કારણે એ આ ઉંમરે આ માનદ્ સેવા આપી રહ્યા છે. 'ફૂલ નહીં પણ ફૂલની પાંખડી' જાણે તેમનાં હૃદયની ભાવના તેમાં ભારોભાર વ્યક્ત થતી હતી. માનવતાની મહેક જાણે ચોમેર પ્રસરી રહી હતી.

બે મહિના હ્યુસ્ટનમાં ભાઈ પંકજને ત્યાં રોકાયા તેની સુવાસ તો હજીય હૃદયમાં એવી ને એવી જ મધમધે છે. 'અતિથિ દેવો ભવ' એ સૂત્ર આપણે ત્યાં હવે ફક્ત સૂત્ર જ રહ્યું જણાય છે પણ અમેરિકામાં તો મેં તેનો આત્મસાત્ અનુભવ કર્યો. કોઈ મહેમાનને ઘરના જ સભ્યની જેમ બે બે મહિના સુધી ઘરમાં રાખવા - સાચવવા એ કંઈ સહેલી વાત નથી. કેટકેટલી ગોઠવણો, સાનુકૂળતા અને મથામણ તે માટે કરવી પડે! પણ ભાઈ પંકજ અને સાધનાભાભીએ અમને ઉષ્માભરી રીતે આવકાર્યા. એટલું જ નહીં પણ બે બે મહિના સુધી ઘડીભર પણ અમને સૂનાં પડવા ન દીધાં. જરા પણ પરાયું લાગવા ન દીધું. સગાભાઈ અને ભાભીથી ય અધિક પ્રેમ અમને તેમણે આપ્યો. ગૌતમભાઈની તબિયતની કાળજી ખૂબ ઝીણવટથી તેમણે કરી, અરે! રોજ રેડિયેશન માટે ભર બપોરે બે વાગે ૨૫ માઈલ દૂર હૉસ્પિટલમાં પણ બે બે વખત બાયપાસ કરાવેલ પંકજ જાતે આવે અને મને મનમાં સતત થાય, ''હે ઈશ્વર! હું આ બધું ઋણ ક્યારે અને કેવી રીતે ચૂકવીશ? કેટકેટલા લોકો મારું કેટકેટલું કરે છે? સઘળે જાણે માનવતાની મહેક જ જોવા મળે છે. મારું હૃદય આ બધાંનાં પ્રેમ, ઉષ્મા, લાગણીથી આર્દ્ર બની જતું હતું. અને ઈશ્વરને તો હું દિવસમાં અનેક વાર મનોમન નમી પડતી, 'તેં મને દુઃખ આપ્યું પણ તેં જ મારી ચિંતા કરી બધું જ ગોઠવી આપી એ દુઃખનો ઉકેલ શોધી આપ્યો! ઈશ્વર! તારી લીલા પણ અકળ છે. માનવીના હૃદયમાં રહેલી સાચી માનવતાનાં સાક્ષાત દર્શન મને થયાં. હજી આજેય એ સ્મૃતિઓ મારા કલ્પનાચક્ષુ સમક્ષ એવી ને એવી જ અકબંધ સચવાઈને પડી છે. જીવનભરનું મારું એ સંભારણું, દુઃખનું છતાંય સુખદ કેમ ભૂલી શકું એ માનવતાની મહેકને!!! માનવતાથી સૃષ્ટિ હજીય મઘમઘે છે તેની મને પ્રતીતિ થઈ.

*૨૫, પાર્શ્વ બંગ્લોઝ, એસ.જી. હાઈવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

*મંગલમય – આનંદમય*
*ગુરુના ચરણ.*

# अमृतस्य पुत्राः

ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ



## THE FIFTY FOUR MONKS OF INDIA

**FIFTH ROW** : ■ Babaji Maharaj ■ Sankaracharya ■ Tailanga Swami ■ Sri Ramkrishna ■ Totapuri ■ Bamdev ■ Mahavira ■ Gorakshanath

**FOURTH ROW** : ■ Akkalkot Maharaj ■ Anandamayi Maa ■ Babaji Haidakhan ■ Sant Gyaneshwar ■ Krishnamurti ■ Kacha Baba ■ Neem Karoli Baba ■ Raghabendra Swami ■ Madhavacharya ■ Sri Chandra Swami ■ Brahmananda Ji Maharaj

**THIRD ROW** : ■ Bisuddhananda Paramhansa ■ Deoraha Baba ■ Sant Tukaram ■ Yogananda ■ Yukteshwar Giri ■ Sri Mota ■ Swami Shivananda ■ Paramanand Ji Maharaj ■ Ramdasji Kathiababa ■ Sri Loknath Tirth ■ Ramprasad ■ Shyamacharan Lahiri

**SECOND ROW** : ■ Tulshidas ■ Jalaram Baba ■ Ramthakur ■ Prabhu Jagatbandhu ■ Bhola Giri ■ Brahmanand Saraswati ■ Sri Aravinda ■ Prabhu Nityananda ■ Kabir ■ Ramanuj ■ Santadas Kathiababa

**FRONT ROW** : ■ Pranabanandaji ■ Chaitanya Mahaprabhu ■ Nigamananda ■ Guru Nanak ■ Swami Vivekanand ■ Lokenath Brahamchari ■ Bijoykrishna Goswami ■ Saibaba ■ Buddhadev ■ Nityananda ■ Raghabendra Swami ■ Maharshi Raman

Ramesh Savla

Manish Savla
94260 77479

**ARIHANT INDUSTRIES**

Mfg :
Bakellit, eMoulding & Panel Board, Accessories,
Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph.: (F) (079) 25831205 • (R) (079) 25464948

Bharat B. Gala

Nanvinchandra D. Dedhia

SRE

**Raju** ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

Niten Vasa

**Essen Dyechem**

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પલેક્ષ, ભટ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
शाश्वत Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS



Club house | Children Play Area | RestRoom in ClubHouse | Indoor Games | Swimming Pool | Jogging Track




Site Address : Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

"ઇતિહાસ માનવ અનુભવોની પ્રયોગશાળા હોવાથી
તેમાંથી વાચકને ઘણું શીખવાનું મળે છે."

ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
હર્ષ, રિયા અને યશ ઠક્કર

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

સમાજની ક્ષિતિજો

# વેવિશાળની સમસ્યા અને ઉકેલ!

• ભીમજી નાકરાણી •

ઉપરનું વાક્ય વાંચીને ચોંકવાની જરૂર નથી. 'બેટી બચાવો' અભિયાનના આંકડા સાચા છે. એક હજારે નવસો કે સાડા નવસો દીકરીઓ હોય તો સામે ઘણાં દીકરા સાધુ થાય, પરણવાની અનિચ્છા હોય, કોઈ સંસ્થાઓમાં સમર્પિત થાય. આમ છતાં દીકરીઓની ઘટ પડે તેવું માનીએ છીએ. એક સમય હતો કે ભણેલા કે નોકરી કરનારને ભણેલી કે ઓછી ભણેલી દીકરીઓ કોઈ માબાપ આપવા તૈયાર ન હતા. હું તેનો સાક્ષાત દાખલો છું. આજે સમય એવો છે કે હીરા ઘસતા કે ઓછું ભણેલાને કોઈ દીકરી આપવા તૈયાર નથી. **ઓછું ભણેલો યુવાન વધુ કમાતો હોય, સારી રીતે સેટ હોય તો પણ કોણ જાણે કેમ છોકરીઓ અને તેના મા-બાપ વેવિશાળ માટે હા પાડતા નથી.** ગામડે ગામડે ભણતી, ભણી ચૂકેલી કે ઓછું ભણેલી દીકરીઓ સારી સંખ્યામાં જોવા મળશે. પરંતુ તે જ ગામમાં કે સોસાયટીમાં ભણેલા કે ઓછું ભણેલા દીકરાઓ જડતા નથી. ગામડાઓમાં તો યુવાવર્ગ દેખાતો નથી. બધા જ શહેરમાં છે. ખાસ કરીને સુરત, રાજકોટ, અમદાવાદ, મુંબઈ કે પછી અન્ય શહેરોમાં પણ ગામડાંમાં નહીં, માથે દેવું કરીને, ગામડામાંથી ખેતીની આવક શહેરમાં લાવીને પણ સૌ કોઈને શહેરમાં રહેવું છે. ગામડે તો ઠીક તાલુકાના નાના શહેરમાં પણ કોઈને રહેવું નથી. ખેતી તો કરવી નથી, આગળ ભણવું નથી, ઊંચી નોકરી જોઈએ છે, પણ મહેનત કરવી નથી. **દીકરીઓ ભલે ધોરણ ૯, ૧૦ કે ૧૨ સુધી કે સામાન્ય ગ્રેજ્યુએટ થઈ હોય તમામને ડોક્ટર, એન્જિનિયર, એમ.બી.એ. જોઈએ છે.** અને મા-બાપને શહેરમાં દીકરીઓની કમાણી ખાવા માટે વેવિશાળ માટે સમય પસાર કરવો છે ને કાંતો ઓછું ભણેલા, ઓછું કમાતા પોતાના દીકરા માટે પોતાની જ દીકરીને સાટા પેઠે સામસામે કરવા કુંવારી રાખવી છે. અંતે દીકરીઓ ભાગી જાય છે. મા-બાપને ગામડે ખેતી જોઈએ છે, પરંતુ કોઈને પોતાની દીકરીને ખેતી કરવા મોકલવી નથી. આ સમસ્યાઓને કારણે પાટીદારો હવે આદિવાસી કે અન્ય સામાન્ય જ્ઞાતિની દીકરીઓ લાવી રહ્યા છે. ગામડાં ખાલીખમ છે, જમીનો બીજા ખેડી રહ્યા છે, ખેતી ભાંગી રહી છે. **ઉદ્યોગો શહેરને બદલે તાલુકા કક્ષાએ કે ગ્રામ્ય કક્ષાએ વિસ્તર્યા હોત તો આ સ્થિતિ ન થાત**, પરંતુ હવે સમય જતો રહ્યો છે. દીકરા-દીકરીઓને ભણાવ્યા વિના આ પ્રશ્નોનો હલ શોધવો મુશ્કેલ છે. **હવે દીકરીઓ મળતી નથી. આની પાછળના કારણો શોધી સમાજે ઉપાયો કરવા પડશે.** આ માટે સમગ્ર સમાજ, આગેવાનો, સાધુસંતો, સંપ્રદાયો, શિક્ષિત લોકો, સંસ્થાઓ એક થાય, સમારંભો અને સભાઓમાં વાતોનો વિષય બદલી લોકોએ આ બાબતે સમજ પેદા કરી હકારાત્મક વલણ ઊભું કરી સૌને સમજાવવા પડશે. તોજ આ વિકરાળ સમસ્યામાંથી આપણે માર્ગ કાઢી શકીએ તેમ છીએ.

માર્ગ કાઢવો છે? આ રહ્યા થોડા અઘરા પણ અમલ કરી શકાય તેવા ઉપાયો.

- **જનજાગૃતિ અભિયાન :**

ચારેબાજુ એક બૂમ સંભળાય છે : દીકરીઓ મળતી નથી. વેવિશાળ અને લગ્નની મોટી સમસ્યા છે. બૂમાબૂમ ચાલે છે. **ઉકેલ તરફ કોઈ જતું નથી. પસંદગી મેળા થાય છે પરંતુ સફળતા ઓછી મળે છે.** રૂઢિગત માન્યતાઓને કારણે ગામડામાંથી ઓછી ભણેલી દીકરીઓ ભાગ લેતી નથી. મા-બાપ પણ જાગૃત નથી. તેઓ માને છે કે 'આમાં તો માત્ર જેનું ન થાય તે જ આવે' **આ માન્યતાઓને તોડવા જનજાગૃતિ અભિયાન આદરવું પડે. દીકરાઓને ભણાવવા પડે.** દરેક સમાજ, ગામ, સંસ્થા, ગામ મંડળ, અટક મંડળના દરેક સમારંભ કે કાર્યક્રમો વખતે વેવિશાળમાં પસંદગી બાબતે ચર્ચા થવી જોઈએ. ત્યાં હાજર મા, બાપ, યુવક, યુવતીઓને આ બાબતે સમજાવવાનો પ્રયત્ન કરવો પડે. તેમના માનસમાં રહેલી જૂની માન્યતાઓને જડમૂળમાંથી કાઢવી પડે. **આ માટે જનજાગૃતિના તમામ માધ્યમોને કામે લગાડી, સમજણ ઉભી કરવી પડે કે બાંધછોડ કરો,** દીકરીઓ માટે સારો દીકરો શોધો, અભ્યાસ ઓછો હોય તો ચાલે, સંસ્કાર, કમાણી અને ભવિષ્યને ધ્યાનમાં રાખો. ખેતી હોય તે જરૂરી નથી.

- **વાલીઓની ગ્રુપ મીટિંગ :**

સમાજમાંથી સ્વૈચ્છિક સેવા આપવાની ઈચ્છા ધરાવનારા સ્વજનોની એક ટીમ ઊભી કરી દરેક ગામ, શહેરમાં સૌ વાલીઓને બહેનોને, દીકરીઓને ભેળા કરી, વેવિશાળ પસંદગી બાબત સમજ આપી બાંધછોડની વાત સમજાવીએ

તો કદાચ આ સમસ્યા હળવી થાય. **દીકરીઓ જ નહીં દીકરાઓને પણ ભણાવો.**

આજે ભણેલી કે ઓછું ભણેલી શહેર કે ગામડાની દીકરીઓ ઓછું ભણેલા દીકરાઓને પસંદ કરતી નથી. **દીકરાઓને કમસે કમ ગ્રેજ્યુએટ સુધી તો ભણાવીએ જ.**

- **ગામડાંઓમાં બેઠક :**

સુરત-અમદાવાદ જેવા શહેરમાં ગામડાંમાંથી આવેલા સૌ રહે છે. ગામડામાં દીકરીઓ ઘણી છે, દીકરાઓ નથી. આ દીકરીઓને પસંદગી મેળામાં જોડાવા તેમજ થોડીઘણી બાંધછોડ કરી યોગ્ય યુવક પસંદ કરવા માટે ગામડાંઓના મા-બાપને સમજાવવા ગ્રુપ બેઠકો જરૂરી છે.

- **સુરતમાં ખાસ બેઠકો :**

સૌરાષ્ટ્રના છ જિલ્લાઓ અને બાપુનગર - અમદાવાદમાં સુરતની સીધી અસર સામાજિક જીવન પર પડે છે. સૌથી વધુ કુરિવાજો અને વેવિશાળની સમસ્યા અહીં છે. ભવિષ્યમાં સમાજમાં સુધારા લાવવા હોય, કુવિચારો દૂર કરવા હોય અને વેવિશાળ પસંદગીમાં બાંધછોડ તરફ જવું હોય તો જનજાગૃતિ લાવવી હોય તો સુરતમાં સૌથી વધુ બેઠકો કરી-જાગૃતિ ફેલાવવી જરૂરી છે.

- **સંમેલન/સમારંભ/સમયે :**

આપણે ત્યાં રાજકીય, સામાજિક, ધાર્મિક સંમેલનો સમારંભ થયા જ કરે છે. ગામ, અટક, ઘટક, સમાજ, સંસ્થાઓ, સમુહ લગ્ન જેવા પ્રસંગો સમયે આપણે બિનજરૂરી લાંબાલાંબા કાર્યક્રમો, કારણ વગરના ભાષણોનું આયોજન કરીએ છીએ. પરંતુ ક્યારેય સમાજની, સામેના શ્રોતાઓની જરૂરિયાતને ધ્યાનમાં લેતા નથી. **આવા દરેક સમારંભમાં એક વક્તા એવો આવે કે જે આ સમસ્યાની ગંભીરતા સમજાવી, સૌને સાચી સમજ આપે.**

- **પત્રિકા-અભિયાન :**

આપણે જ્યારે જ્યારે સમાજલક્ષી કાર્યક્રમો હોય ત્યારે આમંત્રણમાં પણ જનજાગૃતિની પત્રિકા સૌને મોકલીએ, જેમાં વેવિશાળની સમસ્યા, ઉકેલ, શિક્ષણ, કારકિર્દી માર્ગદર્શનની વાતો હોય. આનાથી લાંબાગાળે અસર ઉભી થશે.

- **કન્યા છાત્રાલયોમાં બેઠક-ચર્ચા :**

આપણે ત્યાં સમાજ દ્વારા ચાલતા કન્યા છાત્રાલયોમાં દીકરીઓને ધો. ૯ થી માંડી કૉલેજ સુધીમાં ભવિષ્યમાં વેવિશાળ પસંદગી માટેના જરૂરી સૂચનો અને સમજ આપવા જોઈએ. એ જ રીતે કુમાર છાત્રાલયમાં પણ અભ્યાસ પછી પણ નોકરી, વ્યવસાયની પસંદગી, સફળતાને પોતાના ભાવિ ઉપર શું અસર થશે તેના વિશે જાગૃત કરવા જોઈએ.

- **વધુમાં વધુ પસંદગી મેળાનું આયોજન :**

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ વેવિશાળ પસંદગી મેળાનો પ્રારંભ થયો હતો. આજે તો દરેક સમાજમાં આવા સમારંભ થાય છે. પાટીદાર સમાજ પસંદગી મેળાનું આયોજન કરે છે. પરંતુ તેમાં ભાગ લેનારાની સંખ્યા ખૂબજ ઓછી છે. આની સામે દરેક તાલુકા દીઠ દર વર્ષે પસંદગી સમારંભ થવા જોઈએ. જેમાં ગામડાંમાંથી પણ લોકો ભાગ લેતા થાય તે માટે જરૂરી પ્રયત્નો કરવા જોઈએ. સુરત જેવા શહેરમાં પસંદગી મેળા નિષ્ફળ જાય છે, તે અંગે અભ્યાસ થવો જોઈએ.

- **સેમ્પલ સર્વે પર આધારિત આયોજન :**

સમાજની જે સંસ્થાઓ આર્થિક રીતે સધ્ધર છે તેમણે ખર્ચ પાડીને ગામડાં અને શહેરમાં દરેક કુટુંબમાં દીકરા દીકરીનો રેશિયો કાઢીને સેમ્પલ સર્વે કરવો જરૂરી છે. આ માટે સમાજે 'જીટો' નું મોડલ અપનાવવું જોઈએ.

- **ટીમવર્ક તૈયાર કરવું :**

દરેક સમાજે બૌદ્ધિક, શિક્ષિત અને કોઠાસૂઝવાળા વડીલો અને યુવાનોને ટ્રેનિંગ આપી ટીમવર્ક તૈયાર કરી, રસ ધરાવનારાઓને શનિ-રવિમાં આ પ્રકારના કાર્ય સોંપવા જોઈએ.

- **સાંપ્રદાયિક નેતાઓને ખાસ સાથે રાખો :**

આજે કોઈપણ વ્યક્તિ પાસેથી સેવાકાર્ય લેવું અઘરૂં છે અને અન્ય લોકોની વાતોની અસર પણ સમાજમાં ઓછી થાય છે. દરેકે દરેક વ્યક્તિ કોઈને કોઈ સંપ્રદાયની અસરમાં હોય છે. **સામાજિક સમસ્યાને દૂર કરવા માટેનો સૌથી સરળ માર્ગ છે સાંપ્રદાયિક નેતાઓ, સાધુ, સંતો દ્વારા પોતાના ભક્તમંડળમાં આ સમસ્યાઓના ઉકેલની વાત કરાવીશું તો ઝડપથી અસર થશે.** જોકે સાંપ્રદાયિક નેતાઓ સાધુ-સંતો આ વાત કરવા તૈયાર થાય તો સમાજની અંદર સમસ્યા ઊભી જ ન થાય.

*ઈ-૧૦૩, સહજાનંદ રેસીડેન્સી,*
*હેલ્મેટ સર્કલ પાસે, મેમનગર, અમદાવાદ*
*મો. ૯૭૨૩૩૩૬૪૮૨*

***Treat the other man's faith gently; it is all he has to believe with. His mind was created for his own thoughts, not yours or mine.***
– Henry S. Haskins

સ્વાસ્થ્ય

# ડર (Phobia) – ૩

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

ગયા બે અંકમાં આપણે જાણ્યું કે ડરની બીમારી (Phobia)નું નિદાન નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લઈને કરાય છે :

૧. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો ડર સામાન્યથી ખૂબ જ વધારે હોય છે.

૨. વ્યક્તિ વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી કોઈપણ હિસાબે દૂર ભાગે છે.

૩. સામાન્ય જિંદગી જીવવા માટે પરાણે, ડરને લીધે બાંધછોડ કરવી પડે છે. (લિફ્ટમાં જવાનો ડર હોય એ વ્યક્તિ બિલ્ડિંગના દસ દાદર પણ ચડીને જાય છે.)

૪. ડરને લીધે વ્યક્તિમાં ક્ષમતા હોવા છતાં ગુણવત્તાભર્યું જીવન જીવવામાં બાંધછોડ કરવી પડે છે. (રાત્રે એકલા રહેવાનો ડર હોય એ વ્યક્તિ બહારગામ રાત રોકાવું પડે એવી નોકરી, લાયકાત હોવા છતાં સ્વીકારતા નથી.)

૫. ડરની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં શારીરિક ફેરફારો થાય છે. મગજના લિમ્બિક સિસ્ટમમાં આવેલ બદામ આકારનું અવયવ એમિગડેલા ડરનું મુખ્ય કેન્દ્ર છે.

૬. વ્યક્તિને ડરની બીમારી થશે કે નહીં એ એમિગડેલાના કદ, રચના, કાર્યશક્તિ પર આધાર રાખે છે તથા એમાં થતાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો પર આધારિત છે.

***આ લેખમાં સારવાર વિશે જાણકારી મેળવીએ.***

● **સારવાર :**

ડરની બીમારીની સારવારને ચાર ઉપ-વિભાગમાં વહેંચવામાં આવે છે : (૧) દવાઓ, (૨) બિહેવિયર થેરાપી, (૩) કાઉન્સેલિંગ, (૪) પરિવારજનોનો સમજણપૂર્વકનો સાથ સહકાર.

### ૧. દવાઓ :

ડર પ્રતિરોધક દવાઓ (Anti Phobia Medication) ખૂબ જ અસરકારક દવાઓ છે. ડરની બીમારીમાં એમિગડેલા તથા એની જોડે સતત સંપર્કમાં રહેતા અન્ય મનના અવયવોમાં થયેલ ન્યુરોટ્રાન્સમિટર્સના નકારાત્મક ફેરફારોને આ દવાઓ નોર્મલ કરે છે. આથી શારીરિક તકલીફો કાબૂમાં આવે છે. (હૃદયના ધબકારા નોર્મલ થાય છે, ગભરામણ કાબૂમાં આવે છે, પરસેવો બંધ થઈ જાય છે, મન શાંત થાય છે વગેરે) આથી મનોબળ વધે છે તથા ડરનો સામનો કરવાની માનસિક ઉર્જામાં વધારો થાય છે.

જ્યારે ડરનો પ્રત્યક્ષ સામનો કરવાનો હોય ત્યારે એકાદ કલાક પહેલા આ દવા લેવાથી ડર લાગતો નથી. શારીરિક લક્ષણો ઉત્પન્ન થતા નથી. રેલવે કે વિમાનમાં મુસાફરીની એક કલાક પહેલાં, પરીક્ષાના એક કલાક પહેલાં આ દવા લેવી જોઈએ.

દર્દી પોતાની પાસે પણ આ દવા રાખે છે. જેથી એના મનમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય છે કે કાંઈપણ થશે તો દવા મારી પાસે છે. જેનાથી મને તરત જ રાહત મળશે. જેમ હાર્ટના રોગમાં છાતીમાં દુઃખાવો થાય ત્યારે જીભ નીચે ગોળી મૂકીએ છીએ એ પ્રમાણે ડરની બીમારીની દવા જીભ નીચે મૂકાય છે. દસથી પંદરેક મિનિટમાં આની અસર થાય છે. આથી દર્દી ડરનો સામનો કરવાની હિંમત કેળવી સામનો કરવા તૈયાર થાય છે.

### ૨. બિહેવિયર થેરાપી :

ડરની બીમારી માટે વિશિષ્ટ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ થાય છે. જમાં ત્રણ ઉપ-વિભાગ છે :

### ૨.૧ જેકોબસન્સ પ્રોગ્રેસીવ મસ્ક્યુલર રીલેક્સેશન (Jacobson's Progressive Muscular Relaxation) :

આ પદ્ધતિમાં દર્દીને શ્વાસોચ્છવાસ પર ધ્યાન આપીને આખું શરીર શિથિલ કેમ રાખવું એ શીખવાડવામાં આવે છે. પગથી કરી મસ્તક સુધીના બધા સ્નાયુઓ શિથિલ (Relax) કરવાના હોય છે. સામાન્ય રીતે ક્લિનિકમાં અઠવાડિયામાં એક સેશન ૪૦થી ૪૫ મિનિટનું લેવામાં આવે છે તથા દર્દીએ આ જ શિથિલતા ઘરે દરરોજ કરવાની હોય છે. સામાન્ય રીતે ૬ થી ૮ થેરાપી સેશન્સમાં દર્દી સંપૂર્ણપણે શિથિલતા મેળવતા શીખી જાય છે. ઘરે સેશન કરવાનું (Home Sessions) મહત્ત્વનું છે.

### ૨.૨ ડરની વૈજ્ઞાનિક નોંધ તથા ડરની માત્રા (Hierarchial Note of Fear) :

વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી ડર લાગતો હોય તેની વૈજ્ઞાનિક નોંધ દર્દી બનાવે છે. થેરાપિસ્ટ દર્દીને આ નોંધ તૈયાર

કરવામાં મદદ કરે છે. દર્દી ડરના વિચારો વિશે નોંધ બનાવી એને લીધે થતાં ડરની માત્રા (degree) આપે છે. દા.ત. પરીક્ષાનો ડર. પરીક્ષા વિશેના ડરના વિચારોની દર્દી નોંધ કરે છે તથા તેનાથી કેટલી માત્રામાં ડર લાગે છે એની પણ નોંધ કરે છે. દા.ત. પરીક્ષા ત્રણ મહિના પછી છે – ૩૦% ડર, પરીક્ષા બે મહિના પછી છે – ૪૦% ડર, પરીક્ષા પંદર દિવસ પછી છે – ૬૫% ડર, પરીક્ષા આજે છે – ૯૦% ડર, પરીક્ષા માટે ઘરેથી નીકળવાનું – ૯૫% ડર, પરીક્ષા હોલમાં બેસવાનું – ૧૦૦% ડર. દરેક પરિસ્થિતિને માત્રા પ્રમાણે ચડતા ક્રમમાં ગોઠવી સંપૂર્ણ લિસ્ટ તૈયાર કરવામાં આવે છે.

### ૨.૩ સિસ્ટમિક ડીસેન્સિટાઇઝેશન (Systemic Desensitization) :

દર્દી થેરાપી સેક્શનમાં પૂર્ણ શિથિલતા (Complete relaxation)માં હોય ત્યારે ઉપરોક્ત લિસ્ટમાંથી પ્રથમ પરિસ્થિતિ મનમાં વિચારવાનું / કલ્પના કરવાનું કહેવામાં આવે છે. આથી શરૂઆતમાં ડરની લાગણી ઉત્પન્ન થાય છે. પરંતુ દર્દી શિથિલ અવસ્થામાં આ ડર પર કાબૂ મેળવે છે. કાબૂ મેળવ્યો હોય ત્યારે દર્દી આંગળીથી નિશાની કરે છે કે આ વિચારથી હવે ડર લાગતો નથી. એટલે થેરાપિસ્ટ લિસ્ટમાંની બીજી પરિસ્થિતિ વિચારવાનું / કલ્પના કરવાનું જણાવે છે. આ ડર પર કાબૂ મેળવ્યા બાદ ત્રીજી, ચોથી અને છેવટે છેલ્લી પરિસ્થિતિ પર આવે છે. દરેક વખતે એ પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં દર્દી સફળ થાય છે. પરિસ્થિતિ વિચારવા છતાં ડર લાગતો નથી. સ્નાયુઓ પૂર્ણપણે શિથિલ રહે છે.

મનમાં મેળવેલ કાબૂ ધીમે ધીમે જીવનની અન્ય ડરની પરિસ્થિતિ દરમિયાન પણ કાબૂ મેળવવામાં દર્દી સફળ થાય છે.

### ૩. કાઉન્સેલિંગ (વલણ, વિચારો, વર્તણૂક, અપેક્ષામાં જરૂરી બદલાવ) :

દર્દીના વ્યક્તિત્વ, વલણ, લાગણીશીલતા, અપેક્ષા, વિચારો વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરી એમાં સમજણપૂર્વકના બદલાવ લાવવાની જરૂરત પર ચર્ચા કરવામાં આવે છે. લાગણીઓ ખાસ કરીને નકારાત્મક લાગણીઓ વ્યક્ત કરવાની અલગ અલગ વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે જાણકારી અપાય છે. દર્દી અસરકારક સંવાદ (Effective communication) તથા નેતૃત્વ લેવાની કળા (Leadership quality) કેળવે એ પર ધ્યાન અપાય છે.

ઉપરોક્ત વૈજ્ઞાનિક પદ્ધતિઓથી દર્દીમાં આત્મવિશ્વાસ વધે છે. પરિસ્થિતિ તથા સંજોગોનો સામનો કરવાથી (Stress Management) માનસિક ઉર્જા વધે છે, મનોબળ વધે છે. સકારાત્મક વલણ, સકારાત્મક લાગણી અને સકારાત્મક કૃત્ય (Positive attitude, positive feeling and positive action) સકારાત્મક પરિણામ લાવે છે.

### ૪. પરિવારજનોનો સમજણપૂર્વકનો સાથ સહકાર :

જે વ્યક્તિ ડરની બીમારીનો શિકાર બનેલ છે તેના પરિવારજનોએ તથા સ્વજનોએ દર્દીને ખૂબ જ સહાનુભૂતિપૂર્વક સમજવાની કોશિશ કરવી જોઈએ. વાણી તથા વર્તણૂકમાં સંયમ કેળવવો જોઈએ. ડરની બીમારી એક બીમારી છે જેના પર દર્દીનો કાબૂ નથી, એ સમજવું જરૂરી છે.

ડરની બીમારીના દર્દી પ્રત્યે પરિવારજનોનું નકારાત્મક વલણ અને કટુવચનો ડરની બીમારી વધારે છે. પરિવારજનોના મનમાં શું છે એના કરતાં દર્દી કુટુંબીજનોની વર્તણૂક, વાણીનું કેવું અર્થઘટન કરે છે એ મહત્ત્વનું છે. પરિવારજનોએ સમજણપૂર્વકના યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ જેથી દર્દી હકારાત્મક અર્થઘટન કરે તેમજ સારવાર માટે પ્રોત્સાહન મળે.

ઉપરોક્ત સારવારના પરિણામો યોગ્ય મળે છે તથા ડરની બીમારી દૂર થાય છે.

***આવતા લેખમાં પરીક્ષાના ડરના કિસ્સા વિશે જાણકારી મેળવીશું.***

*(ક્રમશઃ)*



સ્વાસ્થ્ય

# કાર્બોહાઈડ્રેટ્સ

• દિલીપ વૈષ્ણવ •

ત્રણ પ્રકારના મહત્ત્વના ઘટકો આપણાં ખોરાકમાં રહેલા છે : પ્રોટીન પ્રથમ સ્થાને છે, બીજા સ્થાને છે ચરબી અને ત્રીજા સ્થાને છે કાર્બોહાઈડ્રેટ્સ. પ્રોટીન વિષે જાણ્યું. હવે કાર્બોહાઈડ્રેટ્સ વિષે જાણીએ.

કાર્બોહાઈડ્રેટ્સ એટલે શર્કરા. અર્થાત કાર્બોદિત ખોરાકના સ્ત્રોત ત્રણેય મુખ્ય ઘટકો જે ખોરાકમાં છે તે સૌ શરીરને શક્તિ આપવાનું કામ કરે છે. સૌથી વધુ શક્તિ આપવાનું કામ ચરબી કરે છે, કાર્બોહાઈડ્રેટ્સ શક્તિના પ્રદાનમાં બીજે નંબરે છે, જ્યારે પ્રોટીન ત્રીજા ક્રમે છે. તમે જાણ્યું કે પ્રોટીનનું મુખ્ય કામ શરીરની વૃદ્ધિ અને વિકાસ છે શરીરનો ઘસારો રોકે છે અને શરીરને રોગ મુક્ત રાખે છે.

કાર્બોહાઈડ્રેટ્સના સંશોધનો ૧૯ અને ૨૦મી સદીમાં થયાં. પાંચ રાસાયણશાસ્ત્રીઓએ સંશોધનો કર્યા અને આ વિશિષ્ટ કાર્ય માટે તે સૌને નોબેલ પ્રાઈઝ પણ મળ્યા.

આપણાં મગજ, કેન્દ્રિય ચેતાતંત્ર, લોહીના રક્તકણો શરીરના બધા કોષોને શક્તિ અને ઉષ્મા આપે છે. કાર્બોહાઈડ્રેટ્સ ચરબીનું ઓક્સિકરણ કરે છે.

ડૉ. આશિષ ચોક્સી (અમદાવાદ) ના કહેવા મુજબ એક ગ્રામ કાર્બોદિત પદાર્થ અને એક ગ્રામ પ્રોટીન જન્ય પદાર્થ શરીરને ૪ કેલેરી આપે છે. જ્યારે ચરબીજન્ય પદાર્થ તેની રાસાયણિક દહનથી શરીરને ૯ કેલેરી આપે છે.

કાર્બોહાઈડ્રેટ્સ એક રસાયણ છે, જેને ચોક્કસ કેમિકલ ફોર્મ્યુલા છે. જેના બંધારણમાં પાણી અને કાર્બન છે. બીજી રીતે સમજાવું તો પાણી ($H_2O$) અને કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$) નું રાસાયણિક સંયોજન થઈ કાર્બોહાઈડ્રેટ્સ બને જેમાં કાર્બન, હાઈડ્રોજન અને ઑક્સિજનના પરમાણુઓ ૧ : ૨ : ૧ના ગુણોત્તરમાં રહેલા છે.

કાર્બોહાઈડ્રેટ્સના ત્રણ પ્રકારો છે : (૧) મોનોસેકેરાઈડ્સ, અર્થાત એક સેકેરાઈડ્સ દા.ત. ગ્લુકોઝ, અને ગેમેકટોઝ, (૨) ડાઈસેકેરાઈડ્સ અર્થાત દ્વિસેકેરાઈડ્સ દા.ત. : લેક્ટોઝ અને માલ્ટોઝ. પોલીસેકેરાઈડ્સ અર્થાત બેથી વધારે સેકેરાઈડ્સ દા.ત. : સ્ટાર્ચ, ગ્લાઈકોજન, સેલ્યુલોઝ

કાર્બોહાઈડ્રેટ્સના સાદા ઉદાહરણ જોઈએ :

(૧) ગ્લુકોઝ : ફળો અને કોર્ન સિરપ

(૨) ફ્રુક્ટોઝ : મધ અને ફળો

(૩) ગેલેક્ટોઝ અને લેક્ટોઝ : દૂધ અને ડેરી પ્રોડક્ટસ

(૪) સુક્રોઝ : શેરડીનો રસ, ખાંડ અને ગોળ.

આ બધા પદાર્થો સ્વાદમાં ગળ્યા છે. દૂધ અને ડેરી પ્રોડક્ટસ પ્રાણીજ પદાર્થો ખાવા પીવાની ચીજ છે જે કાર્બોહાઈડ્રેટ્સ છે. તે એક અપવાદ છે કારણ કે આ સિવાયના અન્ય પ્રાણીજ પદાર્થો (માંસાહારી) માં કાર્બોહાઈડ્રેટ્સ નથી.

રોટલી કે ભાખરી કાર્બોદિત ખોરાક છે. જે બરાબર ચાવીને ખાઈએ તો સ્વાદમાં મીઠાશ આવશે. આ મીઠાશ મોનોકાર્બોહાઈડ્રેટ્સ તેમજ ડાઈકાર્બોહાઈડ્રેટ્સને કારણે છે. પોલીકાર્બોહાઈડ્રેટ્સમાં મીઠાશ નથી. મોનો, ડાઈ અને પોલીસેકેરાઈડ્સ કાર્બોહાઈડ્રેટ્સ છે. મુખ અને અન્નનળી મારફતે ખોરાક જઠરમાં જાય છે. જઠર મિક્સર કે ગ્રાઈન્ડરની જેમ ખોરાકને પ્રવાહીમાં ફેરવે છે. આ ખોરાકમાં પાચક રસો અને એસિડ ભળે છે, જે આંતરડામાં પહોંચે છે. આંતરડામાં ડાઈ અને પોલીસેકેરાઈડ્સનું મોનો સેકેરાઈડસમાં રૂપાંતર થાય છે અર્થાત આપણે વનસ્પતિ પદાર્થવાળો ખોરાક લઈએ, તેમાં સ્ટાર્ચ હોય તે પાચન થકી ગ્લુકોઝમાં પરિણમે અને આ ગ્લુકોઝ લોહીમાં ભળે એટલે આપણને શક્તિ મળે.

## • કાર્બોહાઈડ્રેટ્સના કાર્યો અને ઉપયોગીતા :

આપણાં મગજ, સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ અને અન્ય અવયવો માટે આ તત્ત્વ ખૂબ જ અગત્યનું છે. કાર્બોદિત ખોરાકનું પાચન દરમ્યાન ગ્લુકોઝ થાય અને આ ગ્લુકોઝ બધા જ કોષોને ઊર્જા આપે. જેથી શરીરના બધા અંગો સક્ષમ રીતે કાર્યો કરે. શરીર પાસે અગણિત કાર્બોદિત પદાર્થો સંગ્રહ થયેલા હોય જે શરીરને ૧૨૦૦ થી ૧૬૦૦ કેલેરી આપે છે, આ કાર્બોદિત ખોરાકમાં રેસા (Fiber) પુષ્કળ પ્રમાણમાં હોય છે જે ખૂબ લાભદાયી છે. શરીરને જો પ્રમાણસર ગ્લુકોઝ ન મળે તો શરીરને નુકસાન થાય છે. મગજને ગ્લુકોઝ ન મળે તો તેમાં પોલાણ (Cavity) થઈ શકે છે. કોઈ અનિવાર્ય સંજોગોમાં જો ગ્લુકોઝની અછત થાય તો શરીરને શક્તિ ન મળે. તે સંજોગોમાં પ્રોટીન શક્તિ આપવાનું કામ કરે છે, અને જો આ કટોકટી લાંબા સમય માટે ચાલુ રહે તો શરીરમાં પ્રોટીનની અછત ઊભી થાય જે શરીરને વધુ નુકસાન

કરે, જે ઈચ્છનીય ન કહેવાય. પરિસ્થિતિ ગંભીર બને, જેથી આવા સંજોગો નિર્માણ ના પામે માટે પોષક તત્ત્વો ધરાવતા ખાદ્ય પદાર્થો આરોગવા જોઈએ. જેથી શરીરને કાર્બોહાઈડ્રેટ્સની સાથે બીજા જરૂરી પોષક તત્ત્વો મળી રહે. વળી કાર્બોહાઈડ્રેટ્સ પ્રોટીનની બચત કરે છે.

ખોરાકની પાચનક્રિયા દરમ્યાન કાર્બોદિત પદાર્થોમાંથી ગ્લાઈકોજન નામનું રસાયણ બને, જે રસાયણ લીવરમાં હોય છે. જેથી લીવરને અન્ય દૂષિત પદાર્થોથી સુરક્ષિત રાખે. હૃદયને ગ્લુકોઝ અને ગ્લુકોજન મળતું રહે જે હૃદયને કાર્યશીલ રાખે અને લોહી પહોંચાડવાનું કામ બરાબર થઈ શકે છે. જો આ બન્નેની અછતનો સામનો હૃદયને કરવાનો આવે તો હૃદયમાં દુઃખાવો શરૂ થાય અને આ પરિસ્થિતિ જો લાંબી ચાલે તો માણસનું મૃત્યુ પણ થઈ શકે છે. સ્નાયુઓમાં ગ્લાયકોજનનો સંગ્રહ હોય, જેથી સ્નાયુઓના હલનચલનમાં સરળતા રહે છે અને આ રીતે આ પદાર્થ બળતણરૂપે કામ આપે છે.

કાર્બોહાઈડ્રેટ્સ પદાર્થો ચરબીના દહનથી કીટોન નામના આવશ્યક પદાર્થોને નિયંત્રણમાં રાખે છે.

રેસાઓ એટલે ફાઈબરની ઉપયોગિતા સમજીએ. આ રેસાઓ કાર્બોદિત ખોરાકમાં રહેલા હોય છે. રેસાઓ શરીર માટે ખૂબ જ લાભદાયી છે. જો પ્રતિદિન આશરે પુખ્ત વ્યક્તિને ૨૦૦૦ કેલેરીની જરૂર હોય તો ત્યારે ૪૦ ગ્રામ જેટલા રેસા મળે છે. ૬૦ ગ્રામથી વધારે રેસા શરીર પોષક તત્ત્વોના શોષણમાં અવરોધક બને છે. તેથી પેટમાં ગરબડ ઉભી થાય. રેસાના બે પ્રકાર છે. (૧) પાણીમાં ઓગળી જાય (SOLUBLE) અને (૨) પાણીમાં ન ઓગળે તેવા (INSOLUBLE). સોલ્યુબલ રેસાનું પાચન થઈ જાય છે જ્યારે ખોરાકમાં રહેલા ઈનસોલ્યુબલ રેસાઓનો પેટમાં ગોળો બને છે અને આંતરડામાંથી લસરતા લસરતા મળને લઈને શરીરની બહાર ફેંકી દે છે. ખોરાકનું પાચન થાય, કબજિયાત ન થાય, ભૂખ લાગે, શરીરને શક્તિ મળે, ચરબીને વધવા ન દે, એટલે વજન કંટ્રોલમાં રહે. લોહીમાં શર્કરા અને કોલેસ્ટ્રોલને જામવા ન દે તેથી ડાયાબિટીસ ન થાય અને હૃદયની બીમારી ન થાય. પેટની તકલીફ રોકે. આંતરડાના અને રેક્ટમના કેન્સર રોકે. આમ લોકોએ શક્ય હોય તો ભોજનમાં કુમળા શાકભાજી અને ફળોને છાલ સાથે ખાવા જોઈએ. છાલ ઘણા ગુણકારી પોષક તત્ત્વો ધરાવે છે. (જે લોકો ખોરાકમાં રેસાઓનો ઉપયોગ ન કરતા હોય તેઓએ ઈસબગુલ રોજ રાત્રે નિયમિત લેવું જોઈએ. ઉપર જણાવેલા બધા જ ફાયદાઓ મળશે.)

- **કાર્બોદિત પદાર્થો :**

ઘઉં, બાજરો, રાગી, જુવાર, મકાઈ, ચોખા, ખીચડી, અગમગયીઉ (ભયડકું), ચાળ્યા વગરના લોટ અને વિવિધ દાળો, દૂધ અને તેની બનાવટ, ભાજી, બટાટા, દૂધી, કોળું, ગાજર, કોબી, મૂળા, ડુંગળી, કાકડી અને વિવિધ ફળો : ચીકુ, કેળાં સફરજન, નાસપતિ, ટામેટાં, તરબૂચ, પપૈયાં, ખાટા મીઠા ફળો તેમજ શેરડી, મધ, ખાંડ, ગોળ વગેરે છે.

- **કાર્બોદિત તત્ત્વોની ઊણપથી ઉદ્‌ભવતી સમસ્યાઓ :**

કોઈ પણ તત્ત્વની ખામીથી બીમાર થવાય છે ત્યારે કયા તત્ત્વની ઉણપ છે તે પેથોલોજિસ્ટની તપાસથી જાણ થાય અને તે રિપોર્ટ જોઈ ડોક્ટર મેડિસીન દ્વારા સારવાર આપે, જેથી તે તત્ત્વની ખામી દૂર કરી બીમારી મટાડી શકાય. કાર્બોદિત પદાર્થની કમી કેટલીક સમસ્યાઓ સર્જે છે. તેની કમીથી શરીરને શક્તિ ના મળે અને આપણે જે લાભો જાણ્યા તેનાથી વંચિત રહીએ અને આથી શરીરને માંદગી મળે. કાર્બોહાઈડ્રેટ્સની ઊણપ અશક્તિ લાવે એટલે શક્તિ આપવાનો બોજો પ્રોટીન અને ચરબી પર આવે. તેથી આ તત્ત્વોની ખામી સર્જે અને તેથી આ ત્રણે પ્રમુખ તત્ત્વોની જૈવિક રાસાયણિક ક્રિયાઓ ખોરંભે પડે અને શરીરના આરોગ્યને ગંભીર નુકસાન થાય. માટે સાદો અને આરોગ્યપ્રદ ખોરાક ખાવો જરૂરી છે. જેથી બધા જ જરૂરી પોષક તત્ત્વો શરીરને મળતા રહે અને કોઈ પણ તત્ત્વોની ખામી ન રહે.

કાર્બોદિત ખોરાક આરોગવામાં પ્રમાણભાન રાખવું જરૂરી છે કારણ કે આ તત્ત્વ શરીરમાં સ્ટોર થાય છે. જો તમે બેઠાડું હો, શ્રમ ન કરતા હો, કસરત પણ ન કરતાં હો તો ચરબી અને કાર્બોદિત પદાર્થોનો શરીરમાં જરૂર પૂરતો ઉપયોગ થાય અને વધારાનો જથ્થો શરીરમાં જમા થતો રહે. તેથી શરીર સ્થૂળ થાય અને શરીરની સ્થૂળતા ઘણા પ્રકારની બીમારી લાવે છે એ તમે જાણો જ છો, મારે કહેવાની જરૂર નથી.

સમજો તો ખોરાક એ દવા છે અને શ્રમ અને કસરતની ગેરહાજરીમાં ખાઉધરાપણાની કુટેવમાં ખોરાક ઝેર પણ બની નુકસાન કરે છે. નિરોગી રહેવા માટે સ્વાસ્થ્યપ્રદ ખોરાક આરોગો અને સાથે તમને ગમતી કસરત કરતાં રહો, આનંદમાં રહો, મોજ મસ્તીમાં રહો.

આ પછી ચરબીની વિગત જાણી આ લેખમાળાને વિરામ આપીશું.

*લેખ પરામર્શ : ★ ડૉ. આશિષ ચોકસી, પેડિયાટ્રીશિયન અને નીઓનેટોલોજિસ્ટ, અમદાવાદ, ★ પ્રા. (સૌ) કલ્યાણીબેન વૈષ્ણવ - ગાંધીનગર અને મેડિકલ પુસ્તકો, ઈન્ટરનેટ.*

***૭/૭, અનિક એપાર્ટમેન્ટસ***
***એલ.જે. કોમર્સ કૉલેજની પાસે,***
***વસ્ત્રાપુર (ગામ), અમદાવાદ - ૩૮૦ ૦૧૫***
***મો. ૯૯૯૮૮૧૮૨૧૫***

# બાળકના શારીરિક વિકાસમાં વજનના વધારાની આંકડાકીય આંટીઘૂંટી

• ડૉ. આશિષ ચોક્સી •

*બાળકોની ઉંમર પ્રમાણે તેમનો વિકાસ અચૂક થવો જોઈએ. આ માટે બાળકોને પોષણયુક્ત ખોરાક, દૂધ વગેરે પ્રમાણસર આપવા જરૂરી છે અને તે પ્રમાણે બાળકના વજનનું નિયંત્રણ થવું જોઈએ. બાળકોના કિસ્સામાં આ બધી વિગતો ખૂબ અગત્યની હોતાં, બાળકના માતા-પિતાએ ખાસ ચીવટ રાખવાની હોય છે. કેટલાક માતા-પિતા પૂરતા જ્ઞાન કે સમજના અભાવે દ્વિધા અનુભવતા હોય છે. આ પ્રકારની મુશ્કેલી દૂર કરવા જરૂરી સમજ અને માહિતી પ્રસ્તુત લેખમાં વિગતવાર આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે લેખકશ્રી અમદાવાદ ખાતે બાળ ચિકિત્સક ક્ષેત્રના નિષ્ણાંત ડૉક્ટર છે.*

*– તંત્રી મંડળ*

- થોડા સમય પહેલા એક બહેન તેમના એક વર્ષના ૧૦.૫ કિ.ગ્રા. વજન ધરાવતા બાળકને લઈને આવ્યા હતા. થોડા વ્યથિત હતા. તેમણે કહ્યું, 'તંદુરસ્ત બાળકની હરીફાઈમાં મારા બાળકનું વજન ૧૦.૫ કિ.ગ્રા. હોવા છતાં એક ૯ કિ.ગ્રા. વજન ધરાવતા બાળકને પ્રથમ ઈનામ મળ્યું. આવું કેવી રીતે થઈ શકે?' બહેનની મુંઝવણ અત્યારની સામાજિક માન્યતા પ્રમાણે સાચી હતી. અત્યારે સામાજિક રીતે એવું માનવામાં આવે છે કે દેખીતું વધારે વજનવાળું (જાડું) બાળક તંદુરસ્ત ગણાય. પણ હકીકતમાં એવું નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) નાં મત પ્રમાણે તંદુરસ્ત બાળકની વ્યાખ્યામાં બાળકનો માનસિક વિકાસ, રસીકરણ, ચોખ્ખાઈ, માતાનું ધાવણ કેટલા સમય સુધી લીધું, વજન, લંબાઈ તેમજ માથાનો ઘેરાવો જેવી બધી જ વસ્તુને ધ્યાનમાં લઈ બાળકનો સર્વાંગી વિકાસ જોવો અને તે પ્રમાણે બાળકને તંદુરસ્ત ગણવું.
- બાળકના જન્મ પછી માતાપિતા હંમેશાં પોતાના બાળકનો શારીરિક વિકાસ જાણવા માટે ઉત્સુક હોય છે. ખાસ કરીને વજન માટે. બાળકનાં શારીરિક વિકાસ સાથેની વજન વિશેની કેટલીક આંકડાકીય મગજમારી જોઈએ.
- પૂરા મહિને જન્મેલા તંદુરસ્ત બાળકનું વજન ૨.૮ - ૩.૨ કિગ્રા વચ્ચે હોય છે જે ચાર મહિને ડબલ, એક વર્ષે ત્રણ ગણું, બે વર્ષે ચાર ગણું અને ચાર થી પાંચ વર્ષ વચ્ચે પાંચ ગણું અને આઠ થી દસ વર્ષ વચ્ચે દસથી બાર ગણું થાય છે.
- પહેલા ત્રણ મહિના દરમ્યાન બાળકનું વજન દર મહિને ૬૦૦ - ૮૦૦ ગ્રામ; ચારથી છ માસ દરમ્યાન દર મહિને ૫૦૦-૬૦૦ ગ્રામ; સાતથી નવ માસ દરમ્યાન દર મહિને ૩૦૦ - ૫૦૦ ગ્રામ; દસથી બાર માસ વચ્ચે દર મહિને ૨૦૦ - ૩૦૦ ગ્રામ જેટલું વધે છે.
- પહેલા વર્ષે લગભગ ૫ થી ૭.૫ કિગ્રા જેટલું. બીજા વર્ષે ૨ થી ૩ કિગ્રા જેટલું અને ૨ થી ૧૨ વર્ષ સુધી દર વર્ષે ૧.૮૯ થી ૨ કિગ્રા જેટલું વધે છે.
- બે થી બાર વર્ષ વચ્ચે દર વર્ષે ૧.૮ થી ૨ કિગ્રા એટલે દર મહિને ૧૫૦ - ૨૦૦ ગ્રામ જેટલું અને રોજનું ૫ - ૬ ગ્રામ જેટલું વજન વધે છે.
- પહેલા બે વર્ષ દરમ્યાન બાળકના વજનમાં ૭ થી ૧૦ કિગ્રા જેટલો વધારો જોવા મળે છે. પછી ૨ થી ૧૨ વર્ષ વચ્ચે દર વર્ષે અચાનક ૨ કિગ્રા જેટલો જ વધારો જોવા મળે છે. આથી માતા પિતાને લાગે છે કે હવે બાળકનું વજન વધતું જ નથી અને તેનો વિકાસ અટકી ગયો છે. પણ એવું હોતું નથી. આ ઉંમરનાં ગાળામાં બાળકનું વજન વારંવાર કરવાની જરૂર નથી હોતી. તેના વજનની સરખામણી છ કે બાર માસ પહેલાના વજન સાથે કરવી. છ માસ દરમ્યાન એક કિગ્રા અને એક વર્ષમાં ૨ કિ.ગ્રા. વજનનો વધારો જોવા મળે તો તેનો વિકાસ બરાબર જ થઈ રહ્યો છે તેમ સમજવું.
- જન્મથી એક વર્ષ સુધી તો દર માસે વજનમાં વધારો જોવા મળે જ છે પણ એક વર્ષ પછી એવું નથી થતું. એક વર્ષ બાદ એવું બને કે સળંગ ત્રણ માસ બિલકુલ વજન ના વધે અને ચોથા માસે ૫૦૦થી ૬૦૦ ગ્રામ જેટલું વજન વધી જાય. એટલે જ બે થી બાર વર્ષના ગાળા દરમ્યાન બાળકનું વજન વારંવાર જોવું ટાળવું અને ખોટી ચિંતાથી દૂર રહેવું.
- જન્મ બાદ ફક્ત ધાવણ ચાલતું હોય તે બાળકનું પ્રથમ છ માસ દરમ્યાન તો સારું વજન વધે જ છે. પરંતુ છ માસ બાદ જ્યારે ઉપરથી ખોરાક ચાલુ કરવાનો સમય આવે ત્યારે જો યોગ્ય રીતે ઉપરથી ખોરાક ચાલુ ના

થયો હોય અને માતા ફક્ત ધાવણ જ આપ્યા કરતી હોય તો બાળકનો વિકાસ અટકી જાય છે અને તે કુપોષણવાળું બની જવાની શક્યતા રહે છે. માતાનું ધાવણ તો બે વર્ષ સુધી આપી શકાય અને આપવું જોઈએ પરંતુ છ માસ બાદ ધાવણ સાથે ઉપરનો ખોરાક પણ બાળકોના ડૉક્ટરનું માર્ગદર્શન લઈ યોગ્ય રીતે ચાલુ કરવો. જેથી બાળકનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય ગતિએ વધે.

- પ્રથમ વર્ષે ૮ થી ૧૦ કિ.ગ્રા. વચ્ચે, પાંચમા વર્ષના અંતે ૧૬ થી ૨૧ કિ.ગ્રા. વચ્ચે અને દસમાં વર્ષના અંતે ૨૮થી ૩૫ કિ.ગ્રા. વચ્ચે વજન જોવા મળે છે.
- ઉપર જણાવેલા વજનના માપમાં છોકરીઓમાં છોકરાઓની સરખામણીમાં ૧૨ વર્ષ સુધીમાં ૧૦% જેટલું વજન ઓછું હોઈ શકે છે.
- બાળકનું વજન જે ઉંમરે જે હોવું જોઈએ એના કરતાં ૨૦%થી ઓછું હોય તો બાળક કુપોષણવાળું કહી શકાય અને ૨૦%થી વધુ હોય તો મેદસ્વી કહી શકાય.
- ઉપરના માપમાં થોડી વધઘટ જોવા મળે તો ચિંતા ના કરવી. બાળકોના વજન પર વારસાગત અને જાતિની પણ અસર જોવા મળે છે. (પંજાબી માતાનું સરેરાશ વજન ૮૦થી ૮૫ કિ.ગ્રા. હોઈ તેમના બાળકનું જન્મે વજન ૩.૫થી ૪ કિ.ગ્રા. હોય તે સામાન્ય છે) કોઈ બાળકનું વજન એક વર્ષે સાત કિ.ગ્રા., પાંચ વર્ષે ૧૫ કિ.ગ્રા. હોય પછી આઠથી બાર વર્ષ વચ્ચે અંતઃસ્રાવના ફેરફારને લીધે અચાનક ૧૨થી ૧૫ કિ.ગ્રા. જેટલું વધે તેવું પણ બને.
- બાળક જન્મે પછી પહેલા છ માસ દર માસે, છ માસથી બે વર્ષ દરમ્યાન દર બે મહિને, બે થી પાંચ વર્ષ દરમ્યાન દર છ માસે તેમજ પાંચ વર્ષથી બાર વર્ષ વચ્ચે દર વર્ષે બાળકનું વજન જોવું જોઈએ. કોઈ એક જ સમયના વજનના આધારે તેની તંદુરસ્તી મૂલવી ના શકાય. પાછલા ત્રણ કે ચાર વજનના આધારે તેના વજનનો વિકાસ મૂલવવો જોઈએ.
- ૨ થી ૧૨ વર્ષના બાળકનું આદર્શ વજન શોધવાની સાદી ગણતરી નીચે મુજબ કરી શકાય.

  વજન (કિગ્રા) = ૧૦ (વર્ષમાં) + (ઉંમર - ૧) x ૨.

*ધારો કે કોઈ બાળકની ઉંમર ૭ વર્ષ છે તો તેનું વજન :*

= ૧૦ + (૭ - ૧) x ૨

= ૧૦ + (૬) x ૨

= ૧૦ + ૧૨

= ૨૨ કિ.ગ્રા.

***લંબાઈ વિશેની હકીકત અને અવનવી વાતો આવતા અંકમાં***

૧ પાઉન્ડ = ૨.૨ કિગ્રા અને ૧ ઔંસ = ૨૯ ગ્રામ

***કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ, મેમનગર, અમદાવાદ***

***મો. ૯૮૯૮૦ ૦૧૫૬૬***

---

## લોકશાહી પ્રજાતંત્રની દશા અને દિશા

**(અનુસંધાન : પાના નં.-૯૪ ઉપરથી ચાલુ)**

કરાય **એ ગરીબ ખેતમજૂરો પ્રત્યે અન્યાયની પરાકાષ્ઠા નથી?**

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રહેણાંક મકાન બનાવવા ૫૦ ચો.મી. જમીનનો ટુકડો પણ ન અપાય અને સરકારી ઉચ્ચ અધિકારીઓને પોશ વિસ્તારમાં પોલીસ ચોકીનો પ્લોટ હેતુફેર કરીને બંગલો બનાવવા મામૂલી કિંમતે જમીન અપાય અને પછી તે બંગલો ભાડે આપી આવક ઊભી કરાતી હોય છતાં તંત્ર મૂંગું રહે તે પ્રજાતંત્રનો દ્રોહ નથી?

દેશનું બારેમાસ કપરાં સંજોગોમાં રક્ષણ કરતા આપણા સૈનિકો નિવૃત્ત થાય ત્યારે ખેતી કરી ગુજરાન ચલાવી શકે તે માટે તેમને ખેતીની જમીન આપવા માટે સાંથણીની શરત રખાય અને બે-ત્રણ દસકા લગી સાંથણી થાય જ નહીં અને **આવા સૈનિકો એક દરવાજેથી બીજા દરવાજે જમીન મેળવવા અથડાયા કરે તે પરિસ્થિતિ સહ્ય છે ખરી?**

પોસ્ટ ખાતા જેવી કેન્દ્રીય કચેરી લોકોએ રાખેલા નાણાં સમયસર ઉપાડવા ન આપે અને ટેકનિકલ ક્ષતિના બહાના બતાવી લોકોને ધક્કા ખવડાવે અને સરકારના સ્પષ્ટ હુકમ છતાં સિનિયર સિટીઝનોની અલગ લાઇન રાખવાના બદલે સામાન્ય લાઇનમાં દોઢ-બે કલાક ઊભા રહેવાની સજા કરે અને ગુજરી ગયેલા લોકોના નાણાં તેના વારસોને / નોમિનીને આપવા માટેના દાવાના વર્ષ બે વર્ષ સુધી નિકાલ ન કરે તે બાબત અસહ્ય નથી? આવા તો કેટલાય બનાવો રોજબરોજના છે. પરંતુ પરિણામોની ગંભીરતા જાણે તદ્દન કોરાણે મૂકી દેવાઇ હોય તેવો માહોલ ઊભો થઈ રહ્યો છે **તે આપણું લોકશાહી પ્રજાતંત્ર કઇ દશામાં અને કઇ દિશામાં જઈ રહ્યું છે** તેનો અહેસાસ કરાવે છે તેમ નથી લાગતું?

***'જલિયાણ', જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,***

***જૂના વાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.***

***મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧***

# વજન ઘટાડો

- તેલ-ઘી-ખાંડ-ભાત છોડવાની જરૂર નથી.
- એક વ્યક્તિ દીઠ મિનિમમ ૩ મહિના આ કોર્સ કરવાથી ફૂલેલું પેટ, કમરનો ઘેરાવો તથા વજનમાં અવશ્ય ફેર પડે છે. જેનામાં ધીરજ હોય તેઓએ જ કોર્સ શરૂ કરવો. રાતોરાત જાદુઇ પરિણામ મળતું નથી.
- વ્યક્તિગત માર્ગદર્શન મળશે.
- No Exercise – No Diet.
- No Calorie Calculation.
- No Herbalife.

**૧૦૦% કુદરતી**




મારાથી ડાયેટિંગ બિલકુલ થતું ન હતું તથા ગોઠણના દુઃખાવાના કારણે ચાલવા જવું શક્ય ન હતું. તેથી વજન ઘટાડવાનું મારા માટે લગભગ સપના જેવું હતું. જ્યારે મને મહેકબેનના વજન ઘટાડવાનો કોર્સ વિશે ખબર પડી તો મને ખૂબ ગમ્યું કારણકે તેમાં ડાયેટિંગ નહિંવત. ૭ મહિનામાં ૧૩ કિલો વજન ઘટ્યું. સાંધાનો દુખાવો, પગના સોજા મટ્યા. પેટ અને કમરમાં Shape આવ્યો. ચહેરા પર Glow આવ્યો.

*– Mrs. Nandini*



મારૂં નામ કીર્તિ પી. નીસર. મહેકબેનનું અવલેહ લેવાથી મારો ડાયાબિટીસનો રિપોર્ટ પણ નોન ડાયાબેટીક આવી ગયો છે. બ્લડપ્રેસરની ગોળી પણ બંધ થઈ ગઈ છે. ૩ મહિનામાં ૧૪ કિલો વજન ઓછું થયું છે. અવહેલથી ઘણી જાતની બીમારી દૂર થાય છે.

*– કીર્તિ પી. નીસર, કેમ્પસ કોર્નર*

## હોમ ડિલીવરી મળશે

<u>લેવાની પદ્ધતિ</u> : સવારે ૧ ચમચી અવલેહ અડધા ગ્લાસ પાણીમાં મેળવી ખાલી પેટે લેવું.

**૨ મહિના પર ૧ મહિનાનો કોર્સ ફ્રી.**

## સંપર્ક : મહેક – 96190 72961

પ્રજાતંત્ર

# લોકશાહી પ્રજાતંત્રની દશા અને દિશા

• શશીકાંત ઠક્કર, એડવોકેટ •

લોકશાહી પ્રજાતંત્રની દશા અને દિશા અંગે સૌને વિચારતા કરી મૂકે તેવા કેટલાક તાજેતરના બનાવોનું આજે વિહંગાવલોકન કરવા જેવું છે.

યુપીએ સરકારના સમયમાં કેન્દ્રના ગૃહખાતાના ઉચ્ચ અધિકારીઓ તરીકે રહેલા મહાનુભાવોએ ઈશરત જહાં પ્રકરણે બદલવામાં આપેલા સોગંદનામા અંગે તેમના પર થયેલા રાજકીય દબાણની વાતો વર્ષો પછી જાહેર કરી છે અને તેમાંયે મણિ નામના અધિકારીએ તો પોતાને સી.બી.આઈ. દ્વારા સિગરેટના ડામ દેવાયા હોવાનું જણાવ્યું છે. **કેન્દ્રના ઉચ્ચ અધિકારીનું પણ આટલી હદે દમન થયું હોય તો સામાન્ય માનવીનું શું થતું હશે તે કલ્પનાનો વિષય છે.**

રાજ્યના સિનિયર પ્રધાન નીતિન પટેલે ધારાસભામાં જાહેર રીતે ધારાસભ્ય કામિનીબહેન સામે અભદ્ર ઉચ્ચારણો કર્યા. પ્રજાએ ચૂંટેલા અને સત્તા સ્થાને બેઠેલા સિનિયર મંત્રીઓ પણ ધારાસભામાં પિત્તો ગુમાવી દે તે આશ્ચર્યજનક છે. અલબત્ત, બીજા દિવસે તેમણે ઉદારતા બતાવી પોતાના ઉચ્ચારણ બદલ માફી માંગી. તે બતાવે છે કે હજુ ક્યાંક પણ સારપનો અંશ બાકી છે જ.

કેન્દ્રના મંત્રી સ્મૃતિ ઈરાનીએ લોકસભામાં નાટકીય ભાષણ કર્યું તેમાં પોતાનું માથું કાપી માયાવતીના ચરણમાં મૂકવાનું કરેલું ઉચ્ચારણ છોકરમત અને નાટકીય અભિનય જ ગણી શકાય. વળતા હુમલામાં માયાવતીએ પણ સ્મૃતિ ઈરાનીને માથું કાપી આપવા જણાવ્યું અને ઈરાનીએ પણ 'આવો, કાપો મારું માથું' એવું ઉચ્ચારણ કર્યું. આવા ઉચ્ચારણો પ્રજાતંત્રને અભિપ્રેત છે?

સુપ્રીમ કોર્ટના એક જજની બદલી થતાં તે જ જજે પોતાની બદલી પર સ્ટે આપીને ચીફ જસ્ટિસને જવાબ રજૂ કરવા નોટિસ આપ્યાનો અભૂતપૂર્વ બનાવ ચર્ચાનો વિષય તો બન્યો પણ પછી આ બાબત દબાઈ ગઈ. **ન્યાયાધીશો પણ જો આ જાતનું વર્તન કરતા હોય તો પછી બીજા સામાન્ય લોકો શું ન કરે?**

જે.એન.યુ.ના છાત્ર કન્હૈયાને કોર્ટ પરિસરમાં પોલીસની હાજરીમાં જ વકીલોનું જૂથ માર મારે, પોલીસ મૂક પ્રેક્ષક બને અને સુપ્રીમ કોર્ટે દરમિયાનગીરી કરી પોતે નીમેલા વકીલોની સમિતિને તપાસ માટે મોકલે અને તે સમિતિ સાથે પણ વકીલો અભદ્ર વ્યવહાર કરે તે બાબત જેમનું કામ ન્યાયાલયને મદદ કરી લોકોને ન્યાય અપાવવાનું છે તેવાઓ જો આ વ્યવહાર કરતા હોય તો ન્યાયની મર્યાદા કેમ જળવાશે? ન્યાયિક સંસ્થાઓને પણ રાજકીય સંસ્થાઓ બનાવી દેવાયાના રાજકીય પક્ષોના સઘન પ્રયત્નોનું આ પરિણામ નથી?

જે.એન.યુ.માં દેશવિરોધી નારાઓ બોલનારાઓ સામે દેશદ્રોહના આરોપ ઘડી જેલમાં ધકેલાય અને બાદ આ વીડિયો ક્લીપમાં ચેડાં થયાનું બહાર આવે જ્યારે કાશ્મીરમાં રોજબરોજ બનતા આવા જ બનાવો નજરઅંદાજ કરવામાં આવે તેવી બેવડી નીતિ પ્રજાતંત્રને મદદરૂપ બને?

હરિયાણાના જાટો પોતાની માગણી સંતોષવા છડેચોક કાયદો હાથમાં લઈ લોકોની કરોડોની માલ-મિલકતનું નુકસાન કરે, લૂંટફાટ કરે અને સરકાર હાથ જોડી બેસી રહ્યા બાદ ઘૂંટણિયે પડી માગણી સ્વીકારી લે તે બાબત હિંસાને ઉત્તેજન આપનારી નથી? રાજ્ય અને કેન્દ્રના દળો હરિયાણાના જાટોને કાબૂમાં રાખવામાં નિષ્ફળ જતાં હોય તો આતંકવાદીઓ અને નક્સલીઓ ઉપર તેની શું અસર પડે?

ન્યાયિક આસનો પર ન્યાયવિદ્દોની નિમણૂક કરવાના બદલે સરકારી અધિકારીઓ નિમાય. **તેઓ સરકારની જ તરફેણ કરે અને સાચા લોકોને પણ ન્યાય આપવાનો ધરાર ઇન્કાર કરે તે લોકશાહી પ્રજાતંત્ર પર કુઠારાઘાત નથી?**

ખુદ સરકાર કાયદા અને સુપ્રીમના દિશા નિર્દેશોનો ભંગ કરી સરકારી અધિકારીઓ સામે ફરિયાદો નહીં નોંધવા પોલીસને આદેશ કરે તે ન્યાયની વિડંબના નથી? ભ્રષ્ટ નોકરોને આથી ભ્રષ્ટાચારનું લાઈસન્સ આપવા જેવું નથી?

ભ્રષ્ટ પદાધિકારીઓની હોદ્દાની મુદત પૂરી થતાં સુધી તેમની સામેના કેસોનો નિકાલ લંબાવાય અને એક યા બીજા પક્ષના ધારાસભ્યોની વગથી નિર્ણયો કરાય અને વળી તે બાબતની જાહેરખબરો પણ અપાય તે શરમજનક નથી?

જમીનવિહોણા ખેતમજૂરોને ખેતી માટે જમીનનો ટુકડો પણ ન અપાય અને ઉદ્યોગપતિઓને હજારો એકર જમીન આપી દેવાય અને તેમ છતાં ઉદ્યોગ ન સ્થપાય તો જમીનનો હેતુફેર કે વેચાણની પણ તેમને પરવાનગી આપવાની વ્યવસ્થા

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૨ ઉપર)

વાર્તા

# ગોઠિયા

• બલવીરસિંહ જાડેજા •

*આઝાદીના સમયે ભારત - પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે એક પરિવારે હિજરત કરી અમદાવાદમાં સ્થાયી થઈને 'મીઠીની મીઠાઈ' અને 'રામ-રહીમ' આઈસ્ક્રીમ... બીજી તરફ હૈદ્રાબાદ - કરાંચી સ્થિત પરિવારે 'કબીર આઈસ્ક્રીમ'ના નામે એમ બંને પરિવારો આઈસ્ક્રીમ બનાવતા હતા.*

*બંને મિત્રોની સમાન વિચારસરણી અને એકસરખા ધંધા જાણી સૌને આશ્ચર્ય થતું હતું... બંને પરિવારો વચ્ચેની મિત્રતા વેવાઈના સંબંધમાં પરિણમી. લેખકશ્રીની પ્રસ્તુત વાર્તામાં એક રસપ્રદ દાસ્તાન... વાચકવર્ગને વાંચવી જરૂર ગમશે તેવી અપેક્ષા.*

*– તંત્રી મંડળ 'કચ્છશ્રુતિ'*

કરાંચીથી મુંબઈ વાયા અમદાવાદની ઍર ઇન્ડિયાની ઍર બસ સમયસર અમદાવાદના ઇન્ટરનેશનલ ઍરપોર્ટ ઉપર આવીને ઊભી રહી ત્યાં તો આખું ટર્મિનલ સ્પેશિયલ બોલાવાયેલા આર્મિના લશ્કરી બેન્ડના મધુર સૂરોથી ગુંજી ઊઠ્યું. ત્યાં હાજર રહેલા સૌ કોઈ, લશ્કરના મોટા અધિકારી કે વિદેશના કોઈ રાજકીય આગેવાન કે કોઈ ખૂબ જ અગત્યના મહાનુભાવની કલ્પના કરતા હતા. પરંતુ હકીકત કાંઈક જુદી જ હતી... અગત્યના મહાનુભાવ જરૂર હતા પણ એક કુટુંબના...

અમદાવાદના સિંધી સમાજના આગેવાન અને શહેરના મોટા વેપારી માહેના એક, રામદાસ ટહેલીયાણી અને તેમના સુપુત્રો તેમજ આમંત્રિત કરેલા સેંકડો વેપારીઓ, સગા-સંબંધીઓ કે નરોડા ફ્રુટ માર્કેટના અગ્રણીઓ જેવા સૌ કોઈ 'ખાસ મહેમાન' કે મહામૂલા અતિથિને જોવા, મળવા અને પરિચય મેળવવા આતુર હતા. અંદાજે એંસી વરસના વૃદ્ધ છતાં, હરતા-ફરતા અને ઊર્જાના પ્રતીક સમા, રામદાસજી પોતાના પરિવાર સાથે બચપણના મિત્ર રહીમબક્ષી મકરાણીને સત્કારવા અને વરસો પછી મળવા બેચેન હતા.

ધીમે ધીમે ઉતરી રહેલા પેસેન્જરોમાં સાડા-છ ફૂટ ઊંચા પઠાણી લિબાસમાં, રહીમબક્ષ મકરાણી સૌથી અલગ તરી આવતા હતા. સાથે એમનાં પત્ની, દીકરો અને દીકરી તથા દીકરાની નવયુવાન ખૂબસુરત પૌત્રી, આવી રહેલા બધા જ પેસેન્જરોમાં અલગ અને સૌનું ધ્યાન ખેંચી રહ્યા હતા. સૌએ એકબીજાને હાથ ઊંચા કરી અભિવાદન કર્યું. બહાર મહેમાનોની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા રામદાસજી રહીમબક્ષને જોતાં જ જુવાનને શરમાવે એવી રીતે દોડીને, લંગોટિયા મિત્રને ભેટી પડ્યા. બાથ ભીડી ઊભેલા બંને મિત્રોને ક્યાંય સુધી આંખમાં આંસુઓની ધારા વહેવડાવતા જોઈ સૌ કોઈ ભાવવિભોર બની ગયા. રહીમબક્ષે, રામદાસ સિવાય, પહેલીવાર મળી રહેલા સૌને પોતાની પત્ની, મોટા દીકરા અને તેની નવયુવાન પુત્રી તથા પોતાની દીકરી એમ ચારેયનો ટૂંકમાં પરિચય આપ્યો અને સૌ ગાડીઓમાં, પોતાના બંગલા એરિયાના નિવાસસ્થાને રવાના થયા.

કામધેનુ બંગલા કોલોનીના વિશાળ કોમન પ્લોટમાં જ્યારે મહેમાનો પહોંચ્યા ત્યાં પૂરા વિસ્તારની રાહ જોઈ રહેલી મેદનીએ, ઢોલ-ત્રાંસા, નગારાં વગાડીને તેમજ ફટાકડાની સાથે, જગન્નાથ મંદિરના બોલાવાયેલા ગજરાજ દ્વારા મહેમાનો ઉપર ફૂલ વરસાવીને સ્વાગત કર્યું. સૌ મહેમાનો સાથે રામદાસના પરિવારે ઊંચા બનાવાયેલા સ્ટેજ ઉપર આસન ગ્રહણ કર્યા પછી સૌ મિત્રો શુભેચ્છકોની સામે બનાવાયેલા વિશાળ સામિયાનામાં આસન ગ્રહણ કરવાની ઉદ્‌ઘોષકે વિનંતી કરી.

ઉદ્‌ઘોષક, ગુજરાતી મિશ્રિત સિંધીમાં ભરચક સામિયાનામાં બેઠેલા સૌનું સ્વાગત કરી રહ્યા હતા. 'મિત્રો, રામદાસ દાદા અને પધારેલા રહીમબક્ષ દાદા, બંને સિંધના મીઠી ગામમાં નાનપણથી સાથે મોટા થયા. બંને કુટુંબના વડીલોનો એકબીજા સાથે, પેઢીઓથી ઘરોબો, કારણકે બંને કુટુંબો ચુસ્ત શાકાહારી તેમજ બંનેની મહેલ જેવી હવેલીઓ એકસરખી અને આજુબાજુમાં જ. ટહેલીયાણી કુટુંબ અનાજ, રસકસ, ખેતપેદાશો અને કાપડના મોટા વેપારી, જ્યારે મકરાણી કુટુંબને મીઠી ગામની આજુબાજુ ખેતીવાડીની વિશાળ જમીન અને પશુપાલન. મીઠી ગામ સિંધ હૈદરાબાદ જિલ્લાનું મોટું ગામ અને સાથે વેપારી મથક. રામ-રહીમ બંને સરખી ઉંમરના તો ખરા જ, પણ ભણવામાં, રમવામાં વગેરેમાં એવા એક સરખા કે કોને પહેલો નંબર આપવો એ શિક્ષકોનો

હંમેશનો પ્રશ્ન. ૧૪થી ૧૫ વરસની બંનેની ઉંમર હતી ત્યારે જ દેશના ભાગલા પડ્યા. ટહેલીયાણી કુટુંબ હિજરત કરી અમદાવાદમાં સ્થાયી થયું અને પછી કાલુપુર લાટમાં અનાજનો વેપાર, કાપડ માર્કેટમાં કાપડની પેઢી અને ત્યાર પછી આપ સૌની જીભે, જેનો સ્વાદ કાયમ રહેલો છે તેવી 'મીઠીની મીઠાઈ' અને 'રામ-રહીમ' આઈસ્ક્રીમ, જે બંને આપ સૌને આ સમારંભના અંતમાં પીરસવામાં આવશે' અને હજી તો ઉદ્‌ઘોષક આગળ કાંઈ પણ બોલે તે પહેલાં જ, રહીમબક્ષ, બાજુમાં બેઠેલા રામદાસજીને ભેટીને ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યા. સભામાં બેઠેલા સૌ અવાચક્ બની, 'શું થયું?' વિચારતા જોઈ રહ્યા. થોડીવાર પછી પાણી પીને સૌ શાંત થયા. રહીમબક્ષે, મોટા દીકરા જાવેદને એકાદ મિનિટ વાત કરી, કાંઈક સૂચના આપી.

ઉદ્‌ઘોષકે, ફરી વાત આગળ ચલાવી, 'આપને સૌને રામદાસ દાદા અને પરિવારનો પરિચય છે પણ આપ સૌને મારી જેમ જાણવાની જરૂર ઇચ્છા હશે કે પાકિસ્તાન બન્યા પછી રહીમબક્ષ દાદા અને પરિવાર, ત્યાં, તે વખતે અને અત્યારે કઈ રીતે સક્રિય છે. મને એટલી માહિતી છે કે મકરાણી કુટુંબનો, કરાંચી અને હૈદરાબાદ - સિંધમાં, ફળફળાદીનો મોટો વેપાર છે. જ્યાંથી કેરી, દાડમ, ખજૂર, ખારેક જેવા ફળોની આયાત કરતા ઘણા વેપારી મિત્રો અત્રે મકરાણી કુટુંબને મળવા અહીં આવેલા છે. વધુ માહિતી આપણે રહીમબક્ષ દાદાના સ્વમુખે સાંભળીએ એ જ ઉચિત રહેશે.'

રહીમબક્ષે દીકરા સામે જોઈને, જાવેદબક્ષને માઈક સંભાળવાની આજ્ઞા કરી. સિંધીમાં ઔપચારિક સંબોધન કરી જાવેદ બક્ષે, સિંધી-ઉર્દૂમાં શરૂઆત કરી :

'મારા અબ્બાજાન, રામદાસકાકાને મળીને તેમજ રામ-રહીમ આઈસ્ક્રીમનું નામ સાંભળી એટલા બધા ભાવુક થઈ ગયા છે કે, એ લાગણીવશ થયેલા કાંઈ બોલી નહીં શકે એટલે એમણે મને આપ સૌએ, અમારા તરફ બતાવેલા પ્રેમ અને ટહેલીયાણી કુટુંબ સાથેનો અમારો નાતો શું છે એ મને કહેવાની આજ્ઞા કરી છે. પાકિસ્તાન બન્યું ત્યારે અમારે ખેતીવાડી અને પશુપાલન સિવાય બીજો કોઇ ધંધો નહોતો. ભાગલા પછી મીઠીથી અમે રામ-રહીમ ટ્રાન્સપોર્ટની શરૂઆત કરી એટલે જ મારા અબ્બા મીઠીની મીઠાઈ અને રામ-રહીમ આઈસ્ક્રીમનું નામ સાંભળતા જ લાગણીવશ થઈને રડી પડ્યા. મિત્ર રામદાસની કાયમી યાદ માટે રામ-રહીમ ટ્રાન્સપોર્ટની શરૂ કરેલી, પણ આપ સૌ જાણો છો કે પાકિસ્તાનમાં કેવી પરિસ્થિતિ છે. હજી ધંધો બરાબર જામે તે પહેલાં જ, રામ-રહીમમાંથી રામ નામ કાઢી નાખી ફક્ત રહીમ ટ્રાન્સપોર્ટ રાખવા માટે ધમકીઓ મળવા લાગી. જે મારા અબ્બાને મંજૂર નહોતું એટલે એમણે ટ્રાન્સપોર્ટનો ધંધો જ બંધ કરી દીધો. પણ હૈદરાબાદમાં મીઠી ટ્રેડિંગ કું.ના નામે, કેરીનો વેપાર શરૂ કર્યો. બંને મિત્રોની, વિચારધારા અને કાર્યશૈલી નાનપણમાં પણ સરખી હતી અને જુદા પડ્યા પછી પણ સરખી જ રહી છે.' બેઠેલા સૌ કોઈ તાળીઓનો ગડગડાટ કરીને બંનેને બિરદાવી લીધા.

'અમારી ખેતીવાડી અને પશુપાલનનો વ્યવસાય તો હતો જ, એમાં વધારો કર્યો. ગાય તો આજે પણ અમારા માટે માતા જ છે. ગાયો ભેંસોનું ફાર્મ બનાવી દૂધનો ધંધો શરૂ કર્યો. નામ તો 'રામ-રહીમ ડેરી' જ રાખવું હતું પરંતુ અગાઉના અનુભવે નાછૂટકે 'રહીમ ડેરી' રાખ્યું જે આજે મીઠી - હૈદરાબાદ - કરાંચીમાં ખૂબ પ્રખ્યાત છે. હમણાં જ એટલે કે પાંચેક વરસ પહેલાં જ 'કબીર આઈસ્ક્રીમ'ના નામે હૈદરાબાદમાં જ આઈસ્ક્રીમ બનાવીએ છીએ. અહીં 'રામ-રહીમ' આઈસ્ક્રીમ રામદાસ કાકાએ બનાવ્યો એની જાણ પણ અમને નહોતી કે આજ સુધી નથી.

બંને મિત્રોની સમાન વિચારસરણી અને એકસરખા ધંધા જાણી સૌ આશ્ચર્ય અનુભવતા હતા.

જાવેદબક્ષે અધૂરી વાત આગળ ચલાવી. 'આપ સૌને વિચાર જરૂર આવશે કે, આટલા આત્મીય મિત્રો, આટલા વરસ કેમ એકબીજાને મળ્યા નહીં? એ બાબત યોગાનુયોગ કે નસીબની વાત સમજો કે ત્રણ ત્રણ વખત, રામદાસ કાકાએ જન્મભૂમિ મીઠીમાં આવી અમને સૌને મળવાની કોશિશ કરી પણ ખુદાતાલાને મંજૂર નહીં હોય. અમે સૌ પણ એમને આવકારવા અને મળવા એટલા બધા ઉત્સુક હતા છતાં શક્ય ન બન્યું એટલે આ વખતે અમે જ અહીં આવી ગયા.

પહેલીવાર એમણે આવવાનું નક્કી કરી લીધું અને એકાએક કાબુલ કંદહારના વિમાનનું અપહરણ થયું... ત્યારની પરિસ્થિતિ જોઈને સલામતીની સમીક્ષા કરી અમે જ એમને ના પાડી. બીજીવાર આવવાની તૈયારી કરી એ વખતે કારગીલનું યુદ્ધ શરૂ થઈ ગયું ને ફરી વાર આવવાનું બંધ રહ્યું. ત્રીજીવાર બધું નક્કી કરીને, અહીં ઍરપોર્ટ પર પહોંચ્યા. અમે કરાંચી ઍરપોર્ટ ઉપર રાહ જોઈ રહ્યા હતા, ને મુંબઈ ઉપર થયેલા હુમલાને લઇને ત્રીજીવાર ડામાડોળ પરિસ્થિતિ થતાં આવવાનું ભાંગી પડ્યું. એટલે છેવટે અમે જ અહીં આવી ગયા. છતાં ફરી રામદાસકાકાને મીઠી લઈ જવા અમે સૌ અને મારા અબ્બા ખૂબ જ આતુર છીએ.'

સભામંડપમાંથી આંગળી ઊંચી કરી એક ભાઈએ ઊભા થઈ પ્રશ્ન કર્યો, 'સામાન્ય રીતે આપના સમાજમાં એકથી વધુ પત્ની કરવાનો રિવાજ હોય છે. આટલો મોટો કારોબાર - ધંધો સંભાળવા

રહીમબક્ષના આપ જ વારસદાર છો કે આપના બીજા ઓરમાન ભાઈઓ પણ છે?'

જાવેદે હસીને જવાબ આપ્યો, 'આપની વાત સાચી છે, પણ અમારા કુટુંબમાં કોઈ વડીલોએ એક ઉપર બીજી પત્ની કરી નથી. હા... આ... મારા અબ્બાજાનની બાજુમાં બેઠેલી મારી અમ્મીજાન, ખરેખર તો મારી માસી છે. મારા જન્મ વખતે જ મારી જનેતા ખુદાને પ્યારી થઈ ગઈ. પછી મારી માસીએ જ મને મોટો કર્યો અને પછી મારા અબ્બાની બેગમ બનીને આવી. અમે ચાર ભાઈઓ અને એક બહેન, જે અમારી સાથે જ આવી છે, કોઈને લાગવા દીધું નથી કે અમે અલગ માતાનાં સંતાનો છીએ અને મારી આ અમ્મીને સૌથી વધું હું વહાલો છું. એ વિચારે છે કે, તને છોડીને મારી બહેન જતી રહી તો પણ તારા લીધે જ મને આવા ખાનદાન, સંસ્કારી, સમૃદ્ધ અને પ્રેમાળ કુટુંબમાં આવવા મળ્યું. તારે લીધે જ તારા અબ્બા જેવા ઉમદા માણસ, ખાવિંદ તરીકે મળ્યા.'

ફરી સૌએ તાળીઓ પાડી મકરાણી કુટુંબને વધાવી લીધું.

'મીઠીની મીઠાઈઓ અને રામ-રહીમ આઈસ્ક્રીમને ન્યાય આપી સૌ વિખરાયા.'

રાત્રે રામદાસના અલાયદા બંગલામાં જ્યાં રહીમબક્ષના કુટુંબને ઉતારો આપ્યો હતો ત્યાં સૌ ભેગા થયા. જમી-પરવારી સૌ બંને મિત્રોની જૂની વાતો સાંભળતા હતા ત્યારે, રહીમબક્ષે કહ્યું, 'રામ, મારે એક ખાસ વાત કરવાની છે. ઘરના કે કુટુંબના સભ્યો સિવાય, નોકર-ચાકર પણ હોવા જોઈએ નહીં.' સૌને અચંબા સાથે ઈન્તેજારી થવા લાગી કે 'શું વાત કરવા માંગે છે રહીમબક્ષ ચાચા?'

'રામ - મારા મિત્ર, મારા ભાઇ, તેં ત્રણ-ત્રણ વખત મીઠી આવવા પ્રયત્ન કર્યો. પણ ખુદાતાલાની મહેરબાની થઈ નહીં. વરસોથી આપણે છૂટા પડ્યા ત્યારથી હું એક બોજો લઈને બેઠો છું. તારી અમાનત સાચવીને, જે મારે તને આપીને હળવા થઈ જવું છે.

સૌ સાંભળો. દેશના ભાગલા પડ્યા પછી રામદાસ, કુટુંબ સાથે હવેલી જેવું ગર અને મીઠીની મુખ્ય બજારમાં આવેલી વિશાળ પેઢી છોડીને અહીં આવતો રહ્યો. મારા અબ્બાજાને તાત્કાલિક બંને જગ્યાનો કબજો લઇ સશસ્ત્ર ચોકીદારો ગોઠવી દીધા. 'આ જગ્યા મકરાણી કુટુંબની છે અને અમે વેચાતી લીધી છે' એવા બેનરો - બોર્ડ તાત્કાલિક બનાવી બંને જગ્યાએ લગાડાવી દીધા અને હિંદુઓની માલમત્તા લૂંટતા ટોળાઓને દૂર રાખ્યા.

ધીરે ધીરે શાંતિ થયા પછી બંને જગ્યાના સારા ભાવ આવતા ગયા તેમ તેમ ટુકડે ટુકડે બધી મિલ્કત વેચીને, પાકિસ્તાનની પ્રખ્યાત હબીબ બેંકમાં, મારા નામે રકમ, ફિક્સ ડિપોઝીટમાં સારા વ્યાજે મૂકી દીધેલ. તારી મિલ્કત કે તેની આવેલી રકમનો હું રખેવાળ હતો મારા ભાઇ! તેં ત્રણ-ત્રણ વાર ત્યાં આવવા પ્રયત્ન કર્યો પણ ન આવી શક્યો એટલે આ જાવેદની અમ્મી ફાતિમા, મારી દીકરી આયેશા, જાવેદની દીકરી નૂર તેમજ મેં અને જાવેદે જે સોનુ પહેર્યું છે, એ બધી તારી મિલ્કત છે. હજી હબીબ બેંકમાં પણ ખાસ્સી રકમ પડેલી છે. માટે આ બધું સ્વીકારી લે અને મને અને મારા કુટુંબને ઋણમુક્ત કરી દે મારા ભાઇ!' કહેતાં કહેતાં તો સૌએ પહેરેલું બધું શુદ્ધ સોનું જે દાગીનાના રૂપમાં હતું તે ઉતારીને ટેબલ ઉપર ઢગલો કર્યો.

રામદાસના કુટુંબને કલ્પના પણ નહોતી એવી વાત બની ગઈ.

'અમે સૌ કસ્ટમમાં છૂટછાટ હોય તેટલું જ અને કોઈ તકલીફ ન પડે એટલે સોનાના રૂપમાં, જેટલું લવાય એટલું લઈ આવ્યા છીએ. ત્યાં રહેલી રકમ તું આવે એટલે ફરી બીજી વાર.'

રામદાસ તો રહીમબક્ષને ભેટીને ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યા. સૌની આંખમાંથી આંસુરૂપે, પ્રેમ અને લાગણી વહી રહી હતી.

ખાસ્સા સમય સુધી વાતાવરણ ગંભીર થઈ ગયું. થોડીવાર પછી રામદાસે સૌ માટે પાણી મંગાવ્યું. બધા શાંત થયા એટલે રામદાસ બોલ્યા, 'સાંભળો સૌ. તમે સૌએ રહીમની અને મારી મિત્રતા તો જોઈ લીધી. હવે તેને મારે ફક્ત મિત્રતા નથી રાખવી. જો રહીમ અને તેના કુટુંબને મંજૂર હોય તો... યુવરાજ અહીં આવ, કહીને રામદાસે સૌથી મોટા દીકરા ધરમચંદના યુવાન પુત્ર યુવરાજને બોલાવ્યો. 'આ મારો યુવરાજ જે હમણા જ એમ.બી.એ. થઇ ધંધામાં જોડાયો છે એના માટે, જાવેદની દીકરી નૂરના હાથની માંગણી કરું છું. બોલો મંજૂર છે રહીમ - ભાભીજાન, જાવેદ તમને સૌને?' અને નૂર સિવાય, સૌ રામદાસને ભેટી પડ્યા. નૂર શરમાઈને ઊભી હતી. રામદાસનું કુટુંબ તો તાળીઓ અને ચિચિયારીથી, ગાંડાની જેમ નાચવા મંડી પડ્યું.

નૂર અને યુવરાજ જાણે એકબીજા માટે જ સર્જાયા હોય તેમ શોભી રહ્યા હતા. રામદાસે ટેબલ ઉપર પડેલા ઘરેણામાં પડેલી વીંટીઓમાંથી યોગ્ય લાગતી બે વીંટી નૂર અને યુવરાજને આપી અને બંનેએ શરમાતા, મલકાતા, એકબીજાને પહેરાવી. મિત્રોમાંથી વેવાઈ બનેલા બંને કુટુંબો એકબીજાને ભેટતાં રહ્યાં અને 'મીઠીની મીઠાઈ' અને 'રામ-રહીમ' આઈસ્ક્રીમથી સૌએ પ્રસંગની ઉજવણી કરી.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*'ચાઈલ્ડ કેર' પાછળ, વિજય ચાર રસ્તા પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

સાંપ્રત મંચ

# સાંપ્રત વિચાર મંચ

• સંકલન : હસમુખભાઈ મહેતા •

*'સાંપ્રત પ્રશ્ન'માં અપાયેલ પ્રશ્ન 'વેકેશનનો સદુપયોગ કઈ રીતે કરી શકાય?' માં અનેક વિચારવંતોએ પોતાના આગવા મંતવ્યો સાથે વિષયની છણાવટ કરી. પરંતુ તેમાં સૌથી યોગ્ય બની શક્યા : (૧) ડૉ. મિહિર એમ. વોરા, (૨) શ્રી બલવીરસિંહ જાડેજા અને (૩) શ્રી મુકુંદ કે. મહેતા અને તેની સાથે સાથે શ્રી વિનોદ સી. દવેના વિચારો પણ ઉત્તમ કક્ષાના રહ્યા. પરંતુ નિયમ મુજબ વિજેતા ક્રમાંક ૩ સુધી જ છે, એ વાત પણ ધ્યાનમાં લેવી રહી.*

*'સાંપ્રત પ્રશ્નો'ના દરેક વિષય પર હજી પણ વધારે વિચારકો રસ ધરાવે અને તેમના વિચારો 'કચ્છ શ્રુતિ' સુધી પહોંચાડે એ આવશ્યક છે. આ એક વિચારમંચ છે અને તેની ઉપયોગીતા ઘણી બધી જગ્યાએ પુરવાર થઈ શકે છે એ ધ્યાનમાં રાખી આ કોલમ પ્રત્યે દરેક વાચક અને વિચારક જાગૃત બને એ સમયની માંગ છે.*

*'કચ્છશ્રુતિ' માસ જૂન-૨૦૧૬ના અંકમાં 'સાંપ્રત વિચાર મંચ' અંતર્ગત 'મોંઘવારીથી કઈ રીતે બચી શકાય?' નામનો વિષય આપવામાં આવ્યો હતો. ઉપર જણાવેલ વિષયે આપશ્રીનો લેખ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલયમાં તા. ૩૦-૭-૨૦૧૬ સુધીમાં મોકલાવી આપવા અપીલ કરવામાં આવે છે.*

## વેકેશનનો સદુપયોગ કઈ રીતે કરી શકાય?

*– ડૉ. મિહિર એમ. વોરા*

**(પ્રથમ ક્રમાંકનો લેખ)**

મિત્રો, વેકેશન એટલે જય વસાવડાના મત પ્રમાણે વેકેશન ઈટ + લવ + સ્લીપ + ફન, રીપીટ. ગુજરાતની મોટાભાગની શાળા - કૉલેજોમાં એપ્રિલ, મે અને જૂન મહિનો એટલે વેકેશનનો ગાળો. આ સમયમાં બાળકો શાળા અથવા કૉલેજમાંથી અભ્યાસ જેવી દૈનિક પ્રવૃત્તિમાંથી રાહત મેળવે છે. માનવીના મગજને વિકસવા માટે સમયની જરૂર પડે છે. મોટાભાગના બાળકો પરીક્ષાની તૈયારી કરતી વખતે વેકેશનના સપના જોતા હોય છે અને વાલીઓ વેકેશનનું પ્લાનિંગ પણ પહેલેથી જ કરી લે છે. પરંતુ જ્યારે શાળા કૉલેજમાં વેકેશન પડે ત્યારે તેઓ આ પ્લાનિંગ ભૂલી જાય છે. સામાન્ય દિવસોમાં દરેક જણે જોયેલા સપના, વિચારો અથવા મનમાં આવેલા ખ્યાલને લખી લેવા જોઈએ અને જ્યાં સુધી પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને જોવા જોઈએ નહીં. આનાથી ખાસ હેતુ સિધ્ધ કરી શકશો. તમારું મન પરીક્ષાની તૈયારી ઉપર કેન્દ્રિત રહેશે અને જ્યારે વેકેશન શરૂ થાય ત્યારે શું કરવું તેનું તમારી પાસે પ્લાનિંગ તૈયાર હશે. આનાથી ઘણો સમય બચશે અને તમે વેકેશનમાં અપેક્ષા મુજબના પ્લાનિંગમાં સક્રિય બની રહેશો. વેકેશન દરમિયાન કેટલીક પ્રવૃત્તિઓ ખાસ કરવી જોઈએ. વેકેશનમાં મોટી સંખ્યામાં લોકો રાજ્યનો, દેશનો અને વિદેશ પ્રવાસ કરતાં હોય છે. આનો ઉદ્દેશ્ય પરિવાર સાથે સારો સમય વિતાવવો, નવા સ્થળો જોવા, આરામ કરવો અને સારી પ્રવૃત્તિઓ કરવાનો હોય છે. વેકેશનની મજા માણવાનો મતલબ એ નહીં કે માત્ર નાણાંનો જ ખર્ચ કરવો. રોજિંદા જીવનમાં તમે બાળકોને પૂરતો સમય આપી શકતા નથી. પરિવાર સાથે પ્રવાસ કરવાથી માતા-પિતા અને બાળકોને સાથે મળીને એકબીજાને વધુ સારી રીતે સમજવામાં મદદ મળી રહે છે. બાળકો વિવિધ પરિસ્થિતિમાં માતા-પિતાના વ્યવહારનું અવલોકન કરતા હોય છે - એટલે કે તેમના તણાવયુક્ત અને હળવાશની પળો. જેને બાળકો અનુસરે પણ છે. બાળકો એમ્યુઝમેન્ટ પાર્ક, મ્યુઝિયમ, જોવાલાયક સ્થળોનો પ્રવાસ કે પછી શોપિંગ – આમાંથી શું કરવા ઈચ્છે છે તે અંગે તેમની સાથે ચર્ચા કરીને પસંદગીની પ્રવૃત્તિ કરવાથી તેમનું મગજ વધુ વિકસે છે. વેકેશનમાં પ્રવાસ કરવાનું આયોજન કરતા પહેલાં આ બાબતોને હંમેશાં ધ્યાનમાં રાખો : શું તમે પરિવાર સાથે પ્રવાસ કરવાના છો અથવા સંબંધીની મુલાકાત લેવાની છે અથવા નવા સ્થળની મુલાકાત લેવાની છે કે પછી બાળકોને મનોરંજન પૂરું પાડવાનું છે. આનાથી તમે સૌથી મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ્ય માટે મહત્તમ

સમયની ફાળવણી કરી શકો. જો તમે પરિવાર સાથે સમય વિતાવવા માંગતા હોવ તો બધા સાથે મળીને એક પ્રવૃત્તિમાં જોડાય તેવું આયોજન કરો. છેલ્લા થોડાં વર્ષોથી શહેરોમાં બાળકોને સમર વર્કશોપમાં મોકલવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. આ વર્કશોપમાં ભાગ લેવાથી બાળકો નવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રેરાય છે અને કૌશલ્યો શીખે છે, જે તેઓ રોજિંદા જીવનમાં ક્યારેક શીખી શકતા નથી. જો કે, આ મોંઘું હોઈ પણ શકે અને નહીં પણ. સામાન્ય રીતે ક્લાસીસ, શાળાઓ અને સંસ્થાઓ દ્વારા સમર વર્કશોપનું આયોજન કરાતું હોય છે. આનો ઉદ્દેશ બાળકોને નવીન પ્રવૃત્તિઓમાં સાંકળીને નિપુણ બનાવવાનો હોય છે. જો તમે તમારા બાળકનું એડમિશન ડાન્સ વર્કશોપમાં કરાવો પરંતુ જો તમારા બાળકમાં ડાન્સની છૂપી પ્રતિભા હશે તો વર્કશોપમાં આ પ્રતિભાને નિખરવા માટે પ્લેટફોર્મ મળી રહેશે. બાળકો ઉપર તમારી ઈચ્છાઓ થોપશો નહીં અને હંમેશાં તેમની સાથે વાત કરીને તેમની રૂચિ અનુસારની પ્રવૃત્તિઓમાં બાળકોને સાંકળો. બાળકોને સક્રિય રાખવા અને તેમની પસંદગીની પ્રવૃત્તિમાં કાર્યરત બનાવવા માટે સમર વર્કશોપ શ્રેષ્ઠ પ્લેટફોર્મ છે. તમારા બાળકની સાથે અભ્યાસ કરતાં અન્ય વિદ્યાર્થીઓની માતા સાથે વાત કરો અને અન્ય પ્રોગ્રામની પણ જાણકારી પ્રાપ્ત કરો. વેકેશન માણવાનો આ પરંપરાગત પ્રકાર રહ્યો છે. એટલે કે કોઈ ચોક્કસ બાબતમાં સંપૂર્ણપણે સક્રિય ન રહેવું. માનસિક અને શારીરિક આરામ માટે આ એક વધુ સારો વિકલ્પ છે. વર્ષ દરમિયાન બાળકોને એવા પણ સમયની જરૂર હોય છે કે જ્યારે તેઓ કોઈપણ ચોક્કસ પ્લાન વિના સવારે ઉઠે. આનાથી તેમની સર્જનાત્મકતાને બળ મળી રહે છે. જો કે, તમારે આ બાબતે ખાસ ધ્યાન રાખવું પણ જરૂરી છે. ઘણા કિસ્સામાં બાળક આળસુ થઈ જાય છે અથવા તો તે બિનઉત્પાદક પ્રવૃત્તિઓમાં સંકળાઈ જાય છે. આમાં ટી.વી. જોવું, ઘરની બહાર મિત્રો સાથે રમવાને બદલે કોમ્પ્યુટર, ટેબ્લેટ અને મોબાઈલ ઉપર ગેમ્સ રમવી વગેરેનો સમાવેશ થાય છે. આ વેકેશનમાં ઘણી સારી હિંદી, અંગ્રેજી મુવીઝ ઘરે જોઈ શકાય છે. જો કે, સારા પુસ્તકો વાંચવા, મિત્રો, ભાઈઓ અને પાડોશી સાથે ઈન્ડોર-આઉટડોર ગેમ્સ રમવાથી વેકેશનનો સદુપયોગ થાય છે. શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓ દ્વારા બાળક વધુ સારું પ્રદર્શન કરવા સક્ષમ બને છે અને અભ્યાસ ઉપર તેની સકારાત્મક અસરો પેદા થાય છે. વેકેશન દરમિયાન પણ બાળક જે વિષયમાં નબળો હોય તેનો થોડાં કલાક અભ્યાસ કરાવવાથી સારા પરિણામ પ્રાપ્ત થાય છે. પહેલાની સરખામણીમાં આજના બાળકો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બન્યું છે. બાળકો વેકેશનનો સદુપયોગ કેવી રીતે કરી શકે તે બાબતે માતા-પિતા પણ ધ્યાન આપતા થયા છે અને હવે તેઓ પહેલેથી જ આયોજન કરે છે. યાદ રાખો, વર્ષમાં એક જ વાર ઉનાળાની રજાઓ આવે છે અને તમે તેનો યોગ્ય ઉપયોગ કરો તે સુનિશ્ચિત કરો. પ્રકૃતિની સમીપે રહેવું એ જ ખરેખર જીવન છે. ઋતુ ઋતુ પ્રમાણેના ફળો આરોગવા, વ્રતો - તહેવારોની મજા માણવી, સહૃદયો સાથે ગોષ્ઠી માંડવી, થોડું રખડવું - ફરવું અને આઠેય પહોર આનંદમાં રહેવું એ તો જીવનરસનો અનુપમ લહાવો છે. ઉનાળો પ્રકૃતિના સૌંદર્યને અલગ રીતે મૂકે છે, એક જુદા પ્રકારની જમાવટ કરે છે. ઉનાળાની બપોર કોને ગમે? ગરમ ગરમ લૂ, આગ દઝાડે એવી ગરમી, પંખાનો પવન ના અડકે એવી પરસેવે રેબઝેબ હાલત! એક વર્ગ એવો છે, જેને ઉનાળાની બપોર ખૂબ જ ગમે. અને એ છે... વિદ્યાર્થીઓનો વર્ગ. વિદ્યાર્થીઓને મન ઉનાળો એટલે જ વેકેશન. ઉનાળો એટલે લીલાલહેર, ઉનાળો એટલે મામાનું ઘર અને ઉનાળો એટલે બીજું ઘણું બધું. અને હા, ખાસ મોબાઈલ કે ઈન્ટરનેટ ઉપર વીડિયો ગેમ ના રમો પણ ખુલ્લા આકાશ નીચે રમતના મેદાનમાં ભારતીય રમત જેવી કે કબડ્ડી, ખોખો, ઊંચી કૂદ, સતોળિયો, લંગડી, થપ્પો જેવી રમતો રમી આ વેકેશનને યાદગાર બનાવો. ■

## "કચ્છશ્રુતિ"ના વિવિધ વિભાગો

વિવિધ વિભાગો દ્વારા આપશ્રી સમક્ષ ''કચ્છશ્રુતિ'' દર મહિને પ્રસ્તુત કરવામાં આવે છે. દર મહિને વિવિધ વિભાગો માટે વાચકોના અભિપ્રાયો મેળવવા તે વિષે તંત્રીમંડળે અગાઉ નિર્ણય કરેલ હતો. એ મુજબ ''દૈનિક અહેવાલ'' અને ''કલરવ'' વિશે વાચકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા. આ મહિને અમે આપશ્રી સમક્ષ **"વતનના વાવડ"** કોલમ વિશે અભિપ્રાય માંગીએ છીએ. ''કચ્છશ્રુતિ''ના વિશાળ વાચક વર્ગને આ કોલમ વિશેના પોતાના અભિપ્રાય મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

લઘુકથા

# લઘુ કથા : મિસ-કોલ

• વિનોદ સી. દવે •

સામાન્ય પરિવારમાં જન્મેલા મજૂરી કામ કરતા રમેશે કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધો. રમેશના પિતાજીની ઈચ્છા હતી કે મારો દીકરો ભણી ગણીને અમારા ખાનદાનનું નામ રોશન કરે કારણકે સંજોગોવશાત્ તેઓ મજૂરી કામ કરવાથી આગળ નહોતા વધી શક્યા. પરંતુ રમેશ બે ડગલા આગળ વધી કાંઈક કરી બતાવશે તેવી તેમની ઈચ્છા હતી.

રમેશ દેખાવડો અને હસમુખો હતો. કામકાજ તેમજ અભ્યાસમાં મહેનતુ હતો. તેથી જ તો તે કૉલેજના પહેલા વર્ષ સુધી પહોંચી શક્યો હતો.

કૉલેજમાં તેના નવા મિત્રો તેને મેણા-ટોણા મારતા, 'અરે યાર, તું કયા યુગમાં જીવે છે? તારી પાસે મોબાઈલ ફોન નથી?' રમેશ બરાબર જાણતો હતો કે આ મોંઘવારીના સમયમાં મજૂરીથી માંડ માંડ ગુજરાન થતું હોય ત્યાં મોંઘા મોબાઈલ ફોનની શી જરૂર છે? નાહકનો ખોટો ખર્ચો શા માટે કરવો. લાઈબ્રેરીના પુસ્તકો ભાડે લઈ અભ્યાસ કરતો રમેશ સમજુ હતો. મનમાં ઈચ્છાઓ થવા છતાં બીમાર બાપની સેવામાં ધ્યાન આપવાનું ઉચિત લાગ્યું હતું. અચાનક તેના પિતાજીને રાત્રે છાતીમાં દુ:ખાવો થયો. નજીકની સરકારી હોસ્પિટલમાં ભરતી કરવા પડ્યા. આ કારણે રમેશના એક મિત્રએ પોતાનો જૂનો મોબાઈલ ફોન જરૂરી કામના સમયે વાપરવા આપ્યો. રમેશની મા બિચારી પોતાના બીમાર પતિના પલંગ પાસે બેઠી હતી. ડૉક્ટરે રમેશના પિતાજીની તબિયત ચકાસી અને વધુ આરામની સલાહ આપી.

બીજા દિવસે કૉલેજમાં મિત્રોમાં ચર્ચા થઈ રમેશ કોલેજે નથી આવ્યો? મોબાઈલ ફોન વાપરવા આપેલા મિત્રએ સૌ મિત્રોને તેના પિતાજી બીમાર હોઈ, રમેશ દવાખાને છે તેવું જણાવ્યું.

બપોરે પરિસ્થિતિ બગડતા ડૉક્ટરે રમેશને જરૂરી ઈન્જેક્શન / દવાઓ બહારથી લાવવા કહ્યું. જે લેવા રમેશ પોતાની સાઈકલ લઈ ફટાફટ બજારમાં દોડી ગયો. ઈંજેક્શન મોંઘું હતું. તેની મા ઉદાસ ચહેરે ઈશ્વરને પ્રાર્થના કરતી હતી.

રમેશ ઉતાવળે ઉતાવળે મેડિકલ સ્ટોરમાંથી મોંઘું ઈંજેક્શન લઈ હોસ્પિટલ તરફ પોતાની સાઈકલ દોડાવી રહ્યો હતો.

અચાનક કોઈ મિત્રને ટીખળ - મજાક કરવાનું સુઝ્યું. તેણે રમેશને મોબાઈલ ફોનમાં ત્રણ-ચાર મિસ કોલ માર્યા. રમેશ ગભરાઈ ગયો. ચાલુ સાઈકલે 'મિસ-કોલ' જોવાની ઉતાવળમાં સામેથી પુરપાટ ઝડપે આવતી કાર સાથે રમેશ ટકરાઈ પડ્યો અને હાથમાં રહેલા મોંઘા ઈંજેક્શનની ઉપર કારનું વ્હીલ ફરી વળ્યું! સદ્ભાગ્યે તે બચી ગયો પરંતુ હાથે-પગે છોલાયો હતો. માંડ માંડ સ્વસ્થતા ધારણ કરતા સાઈકલ ઊભી કરી કારવાળા સાથે ચિડાયો. હજુ કાંઈ વિચારે તે પહેલા જ કારચાલકે કાર મારી મૂકી. લોકો ભેગા થઈ ગયા. ઈંજેક્શન તૂટી જવાથી - ફરી તે સાઈકલ બાજુએ રાખી, દવા લેવા ગયો. પરંતુ મેડિકલ સ્ટોરમાં સ્ટોક ખલાસ થઈ ગયેલ હોતાં બીજેથી મેળવી લેવા જણાવ્યું. રમેશ હાંફળો ફાંફળો થઈ ગયો. ધોળે દિવસે તેને આંખે અંધારા આવી ગયા. મુંઝવણમાં મૂકાઈ ગયો. સાઈકલ લઈ દવાખાને પહોંચ્યો. ડૉક્ટરોએ કહ્યું, '**રમેશ તારા પિતાજીને મળવાનો સમય 'મિસ' થઈ ગયો છે. અમોએ પંપ દ્વારા બચાવવાના પ્રયત્નો કર્યા પરંતુ ઇશ્વર ઇચ્છા બળવાન છે.**' રમેશ તેની માં ને વળગી રહ્યો. રડતા રડતા બધી વાત કરી. માં, મને માફ કરી દે, હું સમયસર દવા લઈ પિતાજીને બચાવી નથી શક્યો. આ બધો જ પ્રતાપ આ મોબાઈલ ફોનમાં આવેલા 'મિસ-કોલ'નો છે. કાશ, 'મિસ-કોલ' ન આવ્યો હોત તો પિતાજીને બચાવી શક્યો હોત. તેની માએ રમેશને ભેટી પડતા કહ્યું, 'ઈશ્વરની જેવી મરજી.'

*'ગાયત્રી કૃપા',*
*૧૩૨/૪, વોર્ડ નંબર ૪/એ,*
*આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.*

## નૂતન દિવસ

નૂતન દિવસની આ શરૂઆત છે. ઈશ્વરે આજનો દિવસ મને ગમે તે રીતે વાપરવાની છૂટ આપી છે. હું તેને બગાડી શકું છું અથવા તેના પ્રકાશમાં વિકસિત થઈ બીજાની સેવામાં જોડાઈ શકું છું. પરંતુ આજના દિવસનું મારે શું કરવું તે ખૂબ મહત્ત્વનું છે. કારણકે મારા જીવનના એક દિવસના બદલામાં તેને લીધો છે જ્યારે આવતીકાલ આવશે ત્યારે આજ હંમેશ માટે જતી રહી હશે. હું આશા રાખું છું કે હું તેને એવી સરસ રીતે ગાળું કે તે માટે ચૂકવેલી કિંમત માટે મને અફસોસ ન થાય.

***સૌજન્ય : "પ્રેરણાસ્રોત"***

બાલ જગત

# કલરવ

• દિનેશ માંકડ •

## ટકોર ટાબરિયાને

*આવરે વરસાદ, ઘેબરિયો પરસાદ*
*ઊની ઊની રોટલી ને કારેલાનું શાક.*

*દોસ્તો, બારમાંથી ચાર જાય તો?*

તમે કહેશો, 'આઠ.' પણ વર્ષના બાર માસમાંથી ચોમાસાના ચાર માસ કઠોર જાય તો શું થાય? ગુજરાતના એવા કેટલાય વિસ્તાર છે જ્યાં નહાવા-ધોવાનું તો ઠીક, પીવાના પાણીનાયે પ્રશ્નો છે. તમને થશે કે 'અમે શું કરી શકીએ?' — પણ બાળકો તો ધારે તે કરી શકે. એક તરફ આપણે પાણીનો બગાડ અટકાવી શકીએ. સવારના બ્રશ કરતા હોઈએ ત્યારે ઘણીયેવાર વિનાકારણ બેઝીનનો નળ ખુલ્લો હોય વગેરે... વગેરે... અને બીજી વાત છોડ, વૃક્ષ વાવીએ અને તેનું જતન કરીએ. વૃક્ષ બધું જ આપે છે. કલરવના બાળકો સંકલ્પ કરે કે પોતાના કે પોતાના મિત્ર કે સ્વજનના જન્મ દિવસે એક છોડની ભેટ લેવાની કે આપવાની ને હા, વર્ષ આખું તેનું જતન પણ કરવાનું. વૃક્ષો હશે તો જ વરસાદ વધશે. અને જળ એટલે જ જીવન.

## ગૌરવ ગાથા

છેક પ્રાચીનકાળથી ભારતવર્ષમાં મહિલાઓનું તમામ ક્ષેત્રમાં અગ્રેસરનું પ્રદાન રહેલું છે. તો દેશનું સ્વાતંત્ર્ય મેળવવામાં - સાથ આપવામાં તેઓ કેમ પાછી પડે? પ્રીતિલતા, એ દેશની પ્રથમ શહીદ મહિલા સ્વાતંત્ર્યસેનાની છે. બંગાળના ચટગાંવમાં ખૂબ જ મધ્યમ વર્ગમાં જન્મેલી. પિતા જોગબંધુ નિવૃત્ત થયા એટલે કુટુંબની જવાબદારી પ્રીતિ પર આવી. સંઘર્ષમાં પણ સ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલો પણ સારી નોકરી મેળવવા અંગ્રેજોની ગુલામી સ્વિકારવી ન પડે એટલે નાનકડાં ગામમાં શિક્ષિકા બનીને કુટુંબનું ભરણપોષણ ચાલુ રાખ્યું. એવામાં મોટાભાઈ સમર ક્રાંતિ વિચારક સૂર્યસેન મળી ગયા. હવે તો આઝાદી મેળવવાનો જુસ્સો બેવડાઈ ગયો. પોતાની સ્વદેશ પ્રેમી સખીઓને લઈને સેના બનાવી. તમામ પ્રકારની તાલીમ લીધી. જ્યાં અને જેમ અંગ્રેજો સામે લડી શકાય, તેવા એકેય પ્રયત્ન આ સેના છોડતી નહોતી. એકવાર યુરોપિય ક્લબ પર હુમલો કરવાની જવાબદારી તેમને સોંપાઈ. પરસ્પર શસ્ત્રોનો વરસાદ થયો. પ્રીતિલતા ઘાયલ થયા. અંગ્રેજોએ ચારેબાજુ પહેરો ગોઠવી દીધેલો. તરત જ તેણે પોતાની સૌ સાથીઓને હુકમ કર્યો, 'સેનાપતિના નાતે હુકમ કરું છું કે મારી ચિંતા છોડી જલદીથી ભાગી છૂટો. દેશને તમારી જરૂર છે.' સૈનિકોએ તેમને બંદી બનાવ્યા. ત્યારે અંગ્રેજ સેનામાં જોડાયેલા ભારતીયોને સંબોધીને કહ્યું, 'તમારા જેવા ગદ્દાર દેશવાસીઓના હાથે કદી મરીશ નહીં' — કહીને પોતાની સાડીના છેડે બાંધેલ ઝેરની પડીકી કાઢીને મોંમાં પધરાવી દીધી.

દોસ્તો, આઝાદી કેટલા બલિદાનો પછી મળી છે તે આપણામાંના કેટલાને ખબર છે? ઈતિહાસના પાને આવા કેટલાય મહાન પાત્રોના કદાચ નામ પણ નહીં હોય. આપણે આવા પાત્રોને અને તેમની શહીદીને યાદ કરી આપણા ભારતદેશને પ્રેમ કરીએ, રાષ્ટ્ર ભક્ત બનીએ. સારા નાગરિક બની, સારા કામ - સારા વ્યવસાય - સારી પ્રવૃત્તિ દ્વારા દેશની શાન વધારીએ.

## નાની વાત - મોટો બોધ

હિમાલયની તળેટીમાં હંમેશ ખૂબ જ વરસાદ પડે. એકવાર હાથીઓનું એક ઝુંડ તળેટીમાં ઘૂમી રહ્યું હતું. ત્યાં અચાનક વરસાદ તૂટી પડ્યો. બધા જ પ્રાણીઓ ઝડપથી ભાગવા માંડ્યા ને રક્ષણ શોધવા લાગ્યા. ઝુંડમાંથી એક હાથી છૂટો પડી ગયો અને દોડતો રહ્યો. અચાનક એક નાની ગુફા પાસે આવી પહોંચ્યો. માત્ર તે એકલો

જ બેસી શકે તેટલી ગુફા હતી. તે જલ્દીથી અંદર ભરાઈ ગયો. ત્યાં તો વીજળીનો મોટો કડાકો થયો અને તેના અજવાળામાં તેની નજર ગુફાની તિરાડ પાસે ઠંડીથી થીજી ગયેલા અજગર પર પડી. હાથીએ તેને અંદર બોલાવ્યો. અજગર કહે, 'મારા લીધે તમને તકલીફ પડશે.' હાથી કહે, 'તમારામાં સંકોચાઈ જવાનો ગુણ છે. એટલે ચિંતા ન કરો ને આવી જાવ.' અજગર અંદર આવી ગયો. ઓચિંતી ગુફાની બહાર એક ઊંડી ચિસીયારી સંભળાઈ. હાથીએ તિરાડમાંથી જોયું તો મોટોમસ રીંછ ધ્રૂજતો તો. હાથીએ અંદર બોલાવ્યો. તો કહે, 'હું આવડો મોટો. અંદર કેમ સમાઈશ?' હાથીએ તો તેને સાંભળ્યા વગર જ સુંઢમાં ઊંચક્યો અને પોતાની પીઠ પર ગોઠવી દીધો. રીંછ કહે, 'મારૂં શરીર ભારેખમ છે. ભાર કેમ ઊંચકશો?' હાથી કહે, 'ભાઈ, દુઃખમાં મદદ કરે એ જ સાચો મિત્ર. બીજાની અગવડમાં જ સાચો સાથ અપાય.' સતત બે દિવસ વરસાદનું તોફાન ચાલ્યું. તોફાન શમી ગયું. સૌ છૂટા પડ્યા ને કાયમના દોસ્ત બની ગયા.

## શું તમે જાણો છો?

દુનિયાનું સૌથી લાંબું રાષ્ટ્રગીત ગ્રીસનું છે. જેની ૧૫૮ પંક્તિઓ છે. સુવિધા ખાતર ગ્રીસે તેમાંની પ્રથમ ચાર પંક્તિ જ અપનાવી છે. આપણા પોતાના ભારત દેશનું રાષ્ટ્રગીત પણ કવિવર રવિન્દ્રનાથ ટાગોરના 'જન ગણ મન' ગીતનું પ્રથમ ચરણ જ છે. બાકી આખું ગીત તો સત્તાવન પંક્તિનું છે! ક્યારેક પૂરું ગીત મેળવીને વાંચજો - મજા પડશે.

## તન સારૂં તો મન સારૂં

તમારામાંના ઘણાને ચોકલેટ બહુ જ ભાવે છે. કોઈ વિદેશથી આવે કે કોઈના જન્મદિવસે ચોકલેટ જલ્દી મળી જાય. મોટા શહેરોમાં તો માત્ર ચોકલેટના મોટા સ્ટોર્સ પણ છે. મોટાભાગની ચોકલેટ નુકસાનકારક હોય છે. કંપનીઓ વેચાણ વધારવા લાલચુ જાહેરખબરોમાં બધી વાતો લખે. એક વાત કાયમ યાદ રાખવા જેવી છે કે તમે જે વસ્તુ તમારા પેટમાં નાખો છો તે વાનગી કે વસ્તુ કે નાસ્તો શામાંથી બનાવવામાં આવી તે જરૂર જાણી લેવું જોઈએ. તેના રેપર્સ પરનું લખાણ તમે કદી જુઓ છો ખરા? લાલ ટપકું માંસાહારી, બ્રાઉન (રાખોડી) ટપકું ઈંડાનો ઉપયોગ અને લીલું ટપકું શાકાહારી સૂચવે છે. તમે ક્યારેય ટપકા જોવાનો પ્રયત્ન કર્યો છે ખરો?

## મગજ કસો, નહીં તો ખસો

૧૨૩૪૫૬૭૮૯ x ૬૩ = ૭૭૭૭૭૭૭૭૭ આવે.

હવે તમારે જવાબમાં બધા જ ચોગડા કે પાંચડા કે અન્ય આંકડાનો ઢગલો જોઈતો હોય તો હાજર છે.

જે આંકડાનો ઢગલો જોઈતો હોય તે આંકડાને ૯ વડે ગુણીને જે આવે તેને ૧૨૩૪૫૬૭૮૯થી ગુણો.

દા.ત. પાંચડા લાવવા (૫ x ૯) ૪૫થી ગુણી જુઓ.

## હસ્યા તો ફસ્યા

*એક ડૉક્ટર :* (બીજા ડૉક્ટરને) તમારો દર્દી સાજો થઈ ગયો તો પણ ચિંતામાં કેમ છો?

*બીજો ડૉક્ટર :* મેં તેને અનેક દવા લખી આપેલી. તે કઈ દવાથી સાજો થયો તે વિચારું છું - તેની ચિંતા છે.

---

*ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરઃ*
*ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ*



# મેઘધનુષ

## અષાઢી બીજ - ઉત્સવ ગીત

કચ્છી નયેં વરેંજી વધાઈયું... પાંજો કચ્છ લગે પ્યારો
હાં હાં... ભેણ... પાંજો કચ્છ લગે પ્યારો (૨)

કચ્છ લગે પ્યારો ઉતે અષાઢીજો ધારો
હાં હાં... ભા... પાંજો કચ્છ લગે પ્યારો.

મોર પપૈઈયા કરેતા ચિંગારો (૨)
કરતા ચિંગારોઊતે કુંજલુંતાં ન્યાર્યો...
હાં હાં... ભેણ... પાંજો...

મૈયું મતારીયું ચરેંતી રેં ચારો (૨)
ચરેંતી ચારો ઊતે છાયજોતાં ધારો.
હાં હાં... ભા... પાંજો...

બાજર માનીયું ધીજોતાં પારો
ધીજોતાં પારો ઉતે મેમાણીજો ધારો...
હાં હાં... ભેણ... પાંજો...

મેળા મલાખડી ઢોલ રાંધચારો (૨)
ઢોલ રાંધ ચારો ઊતે રાસુડેંજો ધારો...
હાં હાં... ભા... પાંજો...

કચ્છી કાફીયું વજે એકતારો (૨)
વજે એકતારો ઊતે ભટ્ટી ડે હુંકારો...
હાં હાં... ભેણ... પાંજો...

*લોકગાયક : વાલજી ભટ્ટી (કચ્છશક્તિ એવોર્ડ વિજેતા)*
*મો. ૯૯૨૪૦ ૯૪૩૨૩*

## ગોટાળો

ફરી પાછો ગોટાળો ગાજયો
હેલીકોપ્ટર બારામાં
ઈટાલીની કંપની સાથે
લાંચનાં છે લાગમાં...

ગોટાળાનું ઘર બન્યું
યુ.પી.એ.ના વારામાં
કરવા મોટા કૌભાંડો
એ નેતાઓના નારામાં...

કોમનવેલ્થ ને ટુ જી કાંડ
કોલસા અને ચારામાં
ભ્રષ્ટાચારી નેતાઓનું
કામ નથી કોઈ સારામાં...

કટકી ને કૌભાંડો કરવા
નેતાઓ વિચારોમાં
દેશ સેવાની વાતો ફક્ત
મૂકો કારાગારોમાં...

કમાઈ લેતા કટકીમાં
ને ડારા ને ડફારામાં
પ્રજા ત્રાસી ભ્રષ્ટાચારથી
'પ્રભુ' બોલે શું એ બારામાં...

*પ્રભુલાલ સિદ્ધપુરા 'પ્રભુ' - ગાંધીધામ*
*મો. ૯૮૭૯૭ ૦૦૩૬૯*

## FAITH

■ ***It is faith in something and enthusiasm for something that makes life worth living.***

– *Oliver Wendell Holmes*

■ ***We trust, sir, that God is on our side. It is more important to know that we are on God's side.***

– *Abraham Lincoln*

માહિતી

### આફ્રિકાના માલિંદી બંદરે ભૂલા પડેલા

# વાસ્કો દ ગામાને જળમાર્ગ કચ્છના કાનજી માલમએ બતાવ્યો હતો

ઈતિહાસના પાઠ્ય પુસ્તકમાં ભણાવવામાં આવે છે કે યુરોપ અને ભારત વચ્ચેના જળમાર્ગની શોધ ઈ.સ. ૧૪૯૭ માં વાસ્કો દ ગામા નામના સાહસિક પોર્ટુગિઝ ખલાસીએ કરી હતી. **આ જળમાર્ગ એક એવી ક્રાંતિકારી શોધ હતી જેનાથી હિંદુસ્તાન અને યુરોપ એકબીજાની સાથે કનેક્ટ થયા હતા.** જોકે યુરોપના વાસ્કો દ ગામાને આફ્રિકાથી ભારત સુધીનો રસ્તો **કાનજી માલમ નામના એક કચ્છી ગુજરાતીએ** દેખાડ્યો હતો. આ સાગરખેડુ ગુજરાતી વેપારીએ વાસ્કો દ ગામાને આફ્રિકાના માલિંદીથી કાલીકટ બંદરે પહોંચાડ્યો હતો. એ જમાનામાં માલિંદીથી માંડવી, એ વહાણવટા વેપારનું કેન્દ્ર ગણવામાં આવતું હતું.

- **યુરોપ અને ભારત વચ્ચેનો જળમાર્ગ શોધવામાં ગુજરાતીનો પણ ફાળો :**

૮ જુલાઈ, ૧૪૯૭ના રોજ પોર્ટુગલથી ભારત તરફ આવવા નીકળેલો વાસ્કો દ ગામાનો ૧૭૦ લોકોનો નૌકાકાફલો પવનની દિશામાં આફ્રિકાના દક્ષિણ ભાગ તરફ ફંટાયો હતો. વાસ્કો દ ગામા ત્યાંથી કાંઠે કાંઠે પૂર્વ આફ્રિકામાં મોમ્બાસા અને માલિંદી પાસે આવ્યો ત્યાં ગુજરાતી વેપારી કાનજી માલમ સાથે મુલાકાત થઈ હતી. વાસ્કો દ ગામાના કાફલાને સ્થાનિક ખલાસીઓ દ્વારા રંજાડવામાં આવ્યો હતો. એટલું જ નહીં તેના વ્યવહારથી પણ તેણે દુશ્મનો પણ ઊભા કર્યા હતા. આથી જ ગામા કોઈ એવા માણસની શોધમાં હતો જે તેને જળમાર્ગનું સાચું માર્ગદર્શન આપે. બીજી બાજુ માંડવીથી માલિંદી સુધીના બંદરે કાનજી ગળી અને શેરડીનો વેપાર કરતો હોવાથી તે આ રસ્તાનો ભોમિયો હતો. **આમ યુરોપ અને ભારત વચ્ચેનો જળમાર્ગ વાસ્કો દ ગામાએ જ શોધ્યો તેમાં એક ગુજરાતીનો પણ ફાળો હતો.**

વાસ્કો દ ગામાની ડાયરીમાં પણ માલમનો ઉલ્લેખ થયો હોવાનું માનવામાં આવે છે.

૫ વર્ષ પહેલા કચ્છમાં યોજાયેલી મેરીટાઈમ કોન્ફરન્સમાં પણ ગુજરાત અને તેના દરિયાકાંઠા પરની ચર્ચા વખતે કાનજીનો ઉલ્લેખ હાજર વિદ્વાનો અને ઈતિહાસકારો દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં મરીન રીસર્ચ સાથે સંકળાયેલા ફ્રાંસ, પોર્ટુગલ, ચીન અને સિંગાપોરના નિષ્ણાતોએ પણ ભાગ લીધેલો. જો કે આફ્રિકાના દરિયાકાંઠે હતાશ થયેલા વાસ્કો દ ગામાનો કાફલો દરિયાઈ માર્ગના કોઈ જાણકારની મદદથી જ ભારત પહોંચેલો એમાં ઈતિહાસકારો તથા વિદ્વાનોમાં એકમતી પ્રવર્તે છે **પરંતુ તેને મદદ કરનારામાં કાનજી માલમ ઉપરાંત બીજા ખ્રિસ્તી અને મુસ્લિમ ખલાસીઓના નામ યુરોપના ઈતિહાસમાં ચર્ચાય છે.** એક ઈટાલિયન સંશોધકે પણ લખ્યું છે કે કાનજી માલમ ગુજરાતી હતો. આમ ગુજરાતીઓ સાહસિક અને વેપાર ખેડૂ પ્રજા હતી તેનો પણ આ વધુ એક પુરાવો છે. વાસ્કો દ ગામાની ડાયરીમાં પણ આ વાતનો ઉલ્લેખ થયો હોવાનું માનવામાં આવે છે.

- **વાસ્કો દ ગામા કોણ હતો?**

વાસ્કો દ ગામા યુરોપમાં આવેલા પોર્ટુગલ દેશનો સાહસિક સાગરખેડૂ હતો. જેને પોર્ટુગીઝ સરકારે દુનિયાના પૂર્વ ભાગનો જળમાર્ગ શોધવાના અભિયાનના કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો હતો. ઈ.સ. ૧૪૬૦માં નોબેલ ફેમિલીમાં જન્મેલો વાસ્કો દ ગામા અત્યંત કપરી દરિયાઈ મુસાફરી કરીને ૨૦ મે, ૧૪૯૮ ના રોજ ભારતના કાલીકટ બંદરે ઉતર્યો ત્યારે તેણે રાજાને ખુશ કરવા માટે શેરડી અને કિંમતી ભેટસોગાદો ધરી હતી. તે થોડોક સમય ભારતમાં રહીને ચોમાસાની સીઝન જામે તે પહેલા પોર્ટુગલ રવાના થયો હતો. રસ્તામાં તોફાન અને વાવાઝોડાના કારણે રાશન પાણી ખૂટી જતાં મોઝામ્બિકમાં રોકાઈ ગયો હતો. ભારતથી નીકળ્યા બાદ તે એક વર્ષે પોર્ટુગલમાં પહોંચ્યો ત્યારે તેના કાફલામાં માત્ર ૫૫ લોકો બચ્યા હતા. તેના આ સાહસ બદલ તે પોર્ટુગલમાં હીરો થઈ ગયો હતો. ૧૫૦૨માં તે ફરી ભારતમાં આવ્યો અને કાયમને માટે ભારતમાં જ રોકાઈ ગયો હતો. ૨૪ ડિસેમ્બર, ૧૫૨૪ ના રોજ કોચીન ખાતે કોઈ રહસ્યમયી બીમારી થવાથી મૃત્યુ પામ્યો હતો.

*જીવનની હરકોઈ કટોકટીમાં ઉચિત શું અને અનુચિત શું?*
*એના વિવેકની શક્તિ પ્રભુ! તું મને આપજે.*

ગરવી ગુજરાત

માહિતી

# ગુજરાત રાજ્ય વિશે થોડી માહિતી જાણીએ

● રજૂઆત : દિલીપ વૈષ્ણવ ●

| | | |
|---|---|---|
| પહેલાનું પાટનગર | : | અમદાવાદ |
| હાલનું પાટનગર | : | ગાંધીનગર |
| રાજ્યગીત | : | જય જય ગરવી ગુજરાત |
| રાજ્યભાષા | : | ગુજરાતી |
| રાજ્યપ્રાણી | : | સિંહ |
| રાજ્યપક્ષી | : | સુરખાબ |
| રાજ્યવૃક્ષ | : | આંબો |
| રાજ્યફૂલ | : | ગલગોટો |
| રાજ્યનૃત્ય | : | ગરબા |
| રાજ્ય રમત | : | કબડ્ડી |
| પ્રથમ રાજ્યપાલ | : | મહેંદી નવાઝજંગ |
| પ્રથમ મુખ્યમંત્રી | : | ડૉ. જીવરાજ મહેતા |
| એમ.એલ.એ. સીટ | : | ૧૮૨ |
| એમ.પી. સીટ | : | ૨૬ |
| રાજ્યસભા સીટ | : | ૧૧ |
| જિલ્લા | : | ૩૩ |
| જિલ્લા પંચાયત | : | ૩૩ |
| નગરપાલિકા | : | ૧૬૯ |
| મહાનગરપાલિકા | : | ૮ |
| તાલુકા | : | ૨૪૯ |
| ગામડાં | : | ૧૮,૧૯૨ |
| ગ્રામ પંચાયત | : | ૧૩,૧૮૭ |
| કુલ વસતિ | : | ૬,૦૩,૬૨૮ (૨૦૧૧ મુજબ) |
| પુરુષ | : | ૩,૧૪,૮૨,૨૮૨ |
| સ્ત્રીઓ | : | ૨,૮૯,૦૧,૩૪૬ |
| હાલના મુખ્યમંત્રી | : | આનંદીબેન પટેલ |

## ગુજરાતીઓનો દબદબો આખા ભારત પર

***પ્રધાનમંત્રી :*** ગુજરાતી (મોદીજી)

***બી.જે.પી.ના રાષ્ટ્રીય અધ્યક્ષ :*** ગુજરાતી (અમિત શાહ)

***ભારતમાં સૌથી ધનિક જે પરિવાર છે તે :*** ગુજરાતી (અંબાણી)

***ભારતના ચલણ પર જેને ફોટો છે તે :*** ગુજરાતી (ગાંધીજી)

***જેમની દુનિયામાં સૌથી મોટી પ્રતિમા બનવાની છે તે :*** ગુજરાતી (સરદાર વલ્લભભાઈ પટેલ)

## પ્રાર્થના

હા, પ્રાર્થનાની અદ્‌ભુત અસર હોય છે.

જો તમે નિષ્ઠાવાન હો તો તે કંઈ પણ કરી શકે છે. તેને તરત જ સાંભળવામાં આવે છે અને તેનો પ્રતિસાદ પણ આપવામાં આવે છે.

રોજિંદા સંઘર્ષમય જીવનમાં પ્રાર્થના કરતા રહો અને તેની ઉચ્ચ અસરકારકતાનો અનુભવ કરો.

તમને જેમ યોગ્ય લાગે તે રીતે પ્રાર્થના કરો.

જેટલા બની શકાય તેટલા બાળક જેવા સરળ બનો.

કોઈ પણ જાતની લુચ્ચાઈ કે કુટિલતાનો ત્યાગ કરો તો તમે સર્વ કંઈ મેળવી શકશો.

***– સ્વામી ચિદાનંદ***

## બળ આપ

હે મારા પ્રભુ! મારા હૃદયની તને આ પ્રાર્થના છે.

મારા હૃદયમાં રહેલી દરિદ્રતાના મૂળ પર તું ઘા કર.

મને તું મારા આનંદ અને દિલગીરીના પ્રસંગોને હળવાશથી સહન કરવા માટે બળ આપ.

અન્યની સેવા કરવા માટે મારો પ્રેમ સફળ થાય તે માટે મને બળ આપ.

હું સદા ગરીબોને માન્ય રાખું અને માથાભારે તાકાત સામે કદી ન ઝૂકું એવું બળ આપ.

હું રોજિંદી નાની અમથી વાતોથી પર રહી મારું મન ઉન્નત રાખી શકું તેવું બળ આપ.

અને મારી શક્તિને પ્રેમપૂર્વક તારા સંકલ્પને સમર્પણ કરવાનું બળ આપ.

***– રવીન્દ્રનાથ ટાગોર***

# કચ્છમાં ભુજ અને ગાંધીધામથી ઉપડતી અને ત્યાં પહોંચતી ટ્રેનોની યાદી

| ટ્રેનનું નામ | ટ્રેન નંબર | ઉપડવાનો સમય | પહોંચવાનો સમય | કયા દિવસે |
|---|---|---|---|---|
| કચ્છ એક્સપ્રેસ (ભુજ - બાંદ્રા) | ૧૯૧૩૨ | રાત્રે ૭.૫૦ | સવારે ૧૧.૨૫ | દરરોજ |
| કચ્છ એક્સપ્રેસ (બાંદ્રા - ભુજ) | ૧૯૧૩૧ | સાંજે ૫.૧૦ | સવારે ૯.૨૫ | દરરોજ |
| સયાજીનગરી (ભુજ - બાંદ્રા) | ૧૯૧૧૬ | રાત્રે ૧૦.૧૫ | બપોરે ૨.૦૫ | દરરોજ |
| સયાજીનગરી (બાંદ્રા - ભુજ) | ૧૯૧૧૫ | બપોરે ૨.૫૦ | સવારે ૭.૨૫ | દરરોજ |
| આલા હઝરત એક્સપ્રેસ (ભુજથી બરેલી વાયા અમદાવાદ-દિલ્હી) | ૧૪૩૧૨ | બપોરે ૧૨.૨૫ | રાત્રે ૮.૨૫ | દર મંગળ, ગુરૂ, રવિ |
| આલા હઝરત એક્સપ્રેસ (ભુજથી બરેલી વાયા પાલનપુર-દિલ્હી) | ૧૪૩૧૧ | સવારે ૬.૦૫ | બપોરે ૨.૦૦ | દર ગુરૂ, શુક્ર, રવિ |
| આલા હઝરત એક્સપ્રેસ (ભુજથી બરેલી વાયા પાલનપુર-દિલ્હી) | ૧૪૩૨૨ | બપોરે ૩.૧૫ | રાત્રે ૮.૨૫ | દર સોમ, બુધ, શુક્ર, શનિ |
| આલા હઝરત એક્સપ્રેસ (બરેલીથી ભુજ વાયા દિલ્હી-પાલનપુર) | ૧૪૩૨૧ | બપોરે ૩.૧૫ | રાત્રે ૮.૨૫ | દર સોમ, મંગળ, બુધ, શનિ |
| ભુજ - બાંદ્રા (સુપર ફાસ્ટ એ.સી.) | ૨૨૯૦૪ | બપોરે ૩.૦૫ | પરોઢે ૪.૫૫ | દર સોમ, ગુરૂ, શનિ |
| બાંદ્રા - ભુજ (સુપર ફાસ્ટ એ.સી.) | ૨૨૯૦૩ | રાત્રે ૧૧.૫૫ | બપોરે ૧.૧૫ | દર બુધ, શુક્ર, રવિ |
| ભુજ - દાદર | ૧૨૯૬૦ | સાંજે ૬.૩૦ | બપોરે ૧૨.૦૦ | દર સોમ, ગુરૂ |
| દાદર - ભુજ | ૧૨૯૫૯ | રાત્રે ૧૨.૦૫ | સાંજે ૫.૫૦ | દર બુધ, શનિ |
| ભુજ - પૂના | ૧૧૦૯૧ | સવારે ૮.૩૦ | સાંજે ૪.૨૫ | દર બુધવારે |
| પૂના - ભુજ | ૧૧૦૯૨ | રાત્રે ૭.૪૦ | બપોરે ૧૫.૨૦ | દર સોમવારે |
| ભુજ - શાલીમાર | ૨૨૮૨૯ | બપોરે ૧.૪૦ | સવારે ૧૦.૦૫ | દર મંગળવારે |
| શાલીમાર - ભુજ | ૨૨૮૩૦ | રાત્રે ૮.૨૫ | સાંજે ૪.૪૦ | દર શનિવારે |
| ગાંધીધામ - હાવડા | ૧૨૯૩૭ | સાંજે ૫.૦૦ | બપોરે ૧.૦૫ | દર શનિવારે |
| હાવડા - ગાંધીધામ | ૧૨૯૩૮ | રાત્રે ૧૧.૦૦ | સાંજે ૪.૪૫ | દર સોમવારે |
| ગાંધીધામ - નાગરકોઈલ | ૧૬૩૩૫ | બપોરે ૩.૩૦ | સાંજે ૪.૧૫ | દર શુક્રવારે |
| નાગરકોઈલ - ગાંધીધામ | ૧૬૩૩૬ | બપોરે ૨.૦૦ | બપોરે ૧.૨૦ | દર મંગળવારે |
| ગાંધીધામ - વિશાખાપટ્ટનમ | ૧૮૫૦૨ | રાત્રે ૧૦.૪૫ | બપોરે ૨.૩૫ | દર રવિ, બુધ |
| વિશાખાપટ્ટનમ - ગાંધીધામ | ૧૮૫૦૧ | સાંજે ૫.૩૫ | સવારે ૮.૫૦ | દર મંગળ, ગુરૂ |
| ગાંધીધામ - કામખ્યા | ૧૫૬૬૭ | બપોરે ૧.૧૫ | સાંજે ૬.૦૦ | દર શનિવારે |
| કામખ્યા - ગાંધીધામ | ૧૫૬૬૮ | રાત્રે ૧૧.૦૦ | સાંજે ૪.૦૦ | દર બુધવારે |
| ગાંધીધામ - જગન્નાથપુરી | ૧૨૯૯૩ | રાત્રે ૧૦.૪૫ | સાંજે ૪.૧૫ | દર શુક્રવારે |
| જગન્નાથપુરી - ગાંધીધામ | ૧૨૯૯૪ | રાત્રે ૭.૪૫ | બપોરે ૧.૨૦ | દર સોમવારે |
| ગાંધીધામ - બાંદ્રા | ૧૯૪૫૧ | રાત્રે ૧૧.૫૫ | સાંજે ૫.૨૦ | દર ગુરૂવારે |
| બાંદ્રા - ગાંધીધામ | ૧૯૪૫૨ | સાંજે ૬.૩૦ | રાત્રે ૧૦.૨૫ | દર ગુરૂવારે |
| ગાંધીધામ - પાલનપુર | ૧૯૧૫૨ | રાત્રે ૧૦.૦૦ | સાંજે ૫.૦૦ | દરરોજ |
| પાલનપુર - ગાંધીધામ | ૧૯૧૫૧ | બપોરે ૩.૫૦ | રાત્રે ૯.૫૦ | દરરોજ |
| ગાંધીધામ - બેંગ્લોર | ૧૬૫૦૫ | રાત્રે ૯.૦૦ | પરોઢે ૩.૧૫ | દર મંગળવારે |
| બેંગ્લોર - ગાંધીધામ | ૧૬૫૦૬ | રાત્રે ૯.૫૫ | બપોરે ૧.૨૦ | દર શનિવારે |
| ગાંધીધામ - જોધપુર | ૧૪૮૦૨ | રાત્રે ૮.૩૦ | સવારે ૬.૧૦ | દર સોમ, બુધ, શનિ |
| જોધપુર - ગાંધીધામ | ૧૪૮૦૧ | રાત્રે ૮.૪૫ | સવારે ૬.૩૫ | દર મંગળ, શુક્ર, રવિ |
| પાલનપુર - ભુજ | ૫૯૪૨૫ | રાત્રે ૧૨.૦૫ | પરોઢે ૫.૩૦ | દરરોજ |
| ભુજ - પાલનપુર | ૫૯૪૨૬ | સવારે ૬.૨૫ | બપોરે ૩.૨૫ | દરરોજ |
| ગાંધીધામ - બાંદ્રા | ૯૪૫૨ | સવારે ૬.૩૦ | રાત્રે ૧૦.૩૦ | દર ગુરૂવારે |
| બાંદ્રા - ગાંધીધામ | ૯૪૫૧ | રાત્રે ૧૧.૫૫ | બપોરે ૩.૩૦ | દર ગુરૂવારે |

*નોંધ : ઉપરોક્ત માહિતી રેલવેના નવા સમયપત્રક સાથે સરખાવવી જરૂરી છે.*

# શબ્દ શોધ : ૫૧

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨
● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | | ■ | ૮ | ૯ | | ■ | |
| | ■ | ૧૦ | | ■ | | ■ | ૧૧ | |
| ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | |
| ■ | ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ | ■ | |
| ૧૯ | | | ૨૦ | ■ | ■ | ૨૧ | ૨૨ | ■ |
| | ■ | ૨૩ | | ૨૪ | | ■ | ૨૫ | |
| ૨૬ | ૨૭ | | ■ | | ■ | ૨૮ | | ■ |
| ૨૯ | | ■ | ૩૦ | | ■ | ૩૧ | | |

## આડી ચાવીઓ

૧. કચ્છનું એક જાણીતું તીર્થધામ (૫)
૫. કંઈક ગુસ્સો ધરાવતી જુવાન સ્ત્રી, ભામા (૩)
૭. ભાનુશાલી જ્ઞાતિની એક અટક (૩)
૮. વાંદરાની એક મોટી જાત (૩)
૧૦. મૃત્યુનો દેવ (૨)
૧૧. રસ્તો, પથ (૨)
૧૨. ક્રીડા કરાવનાર આશિક, પતિ (૩)
૧૪. સ્વર્ગની એક અપ્સરા, સુંદર સ્ત્રી (૨)
૧૫. મમ્મીની દેરાણી (૨)
૧૬. સત્ત્વ, સાર, અર્ક (૨)
૧૭. માવજત, સંભાળ (૩)
૧૯. પ્રતિદિન, રોજેરોજ, હરરોજ (૪)
૨૧. સ્વામી, નાથ, પતિ (૨)
૨૩. વળગવાની ક્રિયા, આડો સંબંધ (૪)
૨૫. એક કઠોળ (૨)
૨૬. સપ્તાહનો તે તે દિવસ, વાર (૩)
૨૮. રવિવારે શું હોય? (૨)
૨૯. સાબરમતી, તાપી, નર્મદા વિગેરે શું છે? (૨)
૩૦. “પારકી _______ , સદા નિરાશ.” (૨)
૩૧. દીકરી, પુત્રી (૩)

## ઊભી ચાવીઓ

૧. એક મહિનો (૪)
૨. મુગટ (૨)
૩. કચ્છનું એક જાણીતું તીર્થધામ (૮)
૪. બળદ, ઢાંઢો (૨)
૫. મહારાણા પ્રતાપનું હથિયાર (૨)
૬. અડધો હકીમ, હકીમનું અધકચરું જ્ઞાન ધરાવનાર (૫)
૯. ચાલચલગત, રહેણીકરણી (૪)
૧૧. પડવાના ભાગ વિનાની શુધ્ધ પૂનમની રાત્રિ, સંગીતની બાવીસમાંની એક શ્રુતિ (૨)
૧૩. એક રાશિ (૩)
૧૪. શોક, દિલગીરી, અફસોસ (૨)
૧૮. “ન બોલ્યામાં _______ ગુણ” (૨)
૧૯. દ્વારપાળ, ચોકીદાર (૪)
૨૦. પાણી, નીર (૨)
૨૨. હિજરી વર્ષનો નવમો મહિનો (૪)
૨૪. ગણપતિ, ગજાનન (૩)
૨૭. સો, સૈકો (૨)
૨૮. મગ્ન, લીન (૨)

## શબ્દશોધ : ૫૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વ | ■ | જ | ય | લ | લિ | તા | ■ | બા |
| ત | ન | યા | ■ | લ | ■ | પી | ત | ળ |
| ન | વ | ■ | મી | ના | ર | ■ | લ | ક |
| ■ | રો | ■ | ન | ■ | શ્મિ | ■ | વા | ■ |
| ન | જ | ર | ■ | મે | ■ | કા | ર | જ |
| હો | ■ | મ | હે | રા | મ | ણ | ■ | ખ |
| ર | બ | ■ | રા | ■ | ન | ■ | ખા | મ |
| ■ | ધિ | ■ | ન | ય | ન | ■ | વિં | ■ |
| ■ | ર | ક્ષા | ■ | શ | ■ | વ | દ | ■ |

## શબ્દ શોધ : ૪૯/૫૦નો ઉકેલ મોકલાવનારના નામ

- બિંદી કેતન રાણા - અમદાવાદ
- સરલાબેન ચંદ્રકાંતભાઈ શાહ - અમદાવાદ
- દિલીપ કે. શાહ - ભુજ
- કોકિલાબેન જીવરામ ગોર - ભુજ
- કેતન જી. વોરા - માંડવી
- જીગરભાઈ આર. દોશી - માધાપર
- શ્રીમતી વસંતબેન સુરેશચંદ્ર ભટ્ટ

# જોગાનુજોગ

*'વીતી હો જેને એ જ દયાળુ બની શકે,*
*દુઃખની પરખ કોઈને અનુભવ વગર નથી.'*

*– 'ઓજસ' પાલનપુરી*

## અનુભવ – ૧

વર્ષ હશે ૧૯૫૨-૫૩નું. તે વખતે હું ધનબાદમાં નોકરી કરતો હતો. ત્યારે એક મિત્ર સાથે ૧૫ દિવસ માટે ભાગલપુર (નોર્થ બિહાર) જવાનું થયું. ભાગલપુરમાં અમારા જમવાની વ્યવસ્થા કપીલાબેનની વીશી (ભોજનાલય)માં થયેલી. અમે જમવા ગયા. બપોરે પાપડી (વાલોળ)નું શાક. સાંજે પણ પાપડીનું શાક. બીજે દિવસે - ત્રીજે દિવસે એમ સળંગ પંદર દિવસ બપોરે અને સાંજે પણ માત્ર પાપડીનું જ શાક. આમ સળંગ ત્રીસ ટંક પાપડીનું શાક ખાધા પછી સોળમે દિવસે સવારે ધનબાદ પહોંચ્યો. દુકાને ગયો. જમવાના સમયે બપોરે જમવા ઘરે આવ્યો. બપોરના ભોજનમાં થાળીમાં જોયું તો પાપડીનું શાક!

જો કે આમાં મારા મા કે ભાભીનો કશો જ દોષ ન હતો. નસીબનો જ વાંક. મેં આકાશ સામે જોઈ મનમાં ભગવાનનું નામ લઈ જમી લીધું.

## અનુભવ – ૨

બિહાર બાજુ કોઈ માણસ કશી મૂર્ખાઈભરેલી વાત કરે તો સામો જણ તરત ટકોર કરે કે, 'કા બાબુ, રાંચી જાના હૈ ક્યા?' કારણકે રાંચીમાં તે વિસ્તારની બહુ જ મોટી ગાંડાની હોસ્પિટલ હતી.

બન્યું એવું કે મારા એક મિત્રને ગાંડપણનો ઍટેક આવ્યો. તેના સગાઓએ એને રાંચીની ગાંડાની હોસ્પિટલમાં દાખલ કરી દીધા. હું તે વખતે અમદાવાદમાં આવી ગયો હતો. મને તે સમાચાર મળ્યા. તે સાથે જાણવા મળ્યું કે મિત્રની સાથે એમના એટેન્ડન્ટ તરીકે કોઈ હતું નહીં. આથી હું તે મિત્રની સાથે રહેવા માટે રાંચી ગયો. રાંચી હોસ્પિટલમાં મિત્ર સાથે રહેવાની મને રજા મળી અને જે ઝુંપડી કમ ઓરડીમાં મિત્રને રાખેલા તેમાં જ સાથે રહેવાની રજા મળી.

મારા ખાવાપીવાની વ્યવસ્થા તે હોસ્પિટલના જે વિભાગમાં અમે હતા તે વિભાગની કેન્ટીનમાં કરી લેવાની મને સૂચના મળી. કેન્ટીનમાં ગયો. જાણવા મળ્યું કે તે કેન્ટીનમાં દરરોજ સવારે કે બપોરે કે સાંજે માત્ર બે જ વાનગી બનતી હતી. માત્ર ઇડલી અને સંભાર. આ બે સિવાય બીજી એક પણ વાનગી ત્યાં મળતી ન હતી.

આ હોસ્પિટલમાં મારે કુલ્લે અગિયાર દિવસ રહેવાનું થયેલું. બારમા દિવસે તો મિત્રના એક સગા, મિત્રની સાથે રહેવા આવી ગયા અને તેમણે મને મુક્ત કર્યો.

આ અગિયાર દિવસ દરરોજ સવારે, બપોરે અને સાંજે સળંગ ૩૩ ટંક માત્ર ઇડલી સાંભાર ખાવા મળેલા.

બારમા દિવસે ટાટા નગરથી ટ્રેન પકડી અમદાવાદ આવવા નીકળ્યો. ઘેર પહોંચ્યો. ત્યારે સાંજના આશરે ચાર વાગ્યા હતા. સ્નાન કરી પાછલા દિવસોના છાપાં ઉથલાવ્યા. સમય થતાં ભોજન માટે અવાજ આવ્યો, થાળી પીરસાઈ. તો થાળીમાં ઇડલી - ચટણી ને સંભાર! મેં આકાશ સામે જોઈ ભગવાનનું નામ લઈ જમી લીધું.

## અનુભવ – ૩

વર્ષ હશે ૧૯૮૯. કોઈક પ્રકારની સામાજિક સેવા જો કરી શકાય તો કરવી એવા ઇરાદાથી ચાર-પાંચ સંસ્થાઓમાં ગયો. મન ન માન્યું. બે ધર્મગુરુઓને પણ મળ્યો. ધર્મગુરુઓએ તો મને ભારે નિરાશ કર્યા કારણકે તેમને લોકસેવામાં રજમાત્ર રસ ન હતો. છેવટે ધરમપુર અને ડાંગના જંગલમાં આદિવાસીઓમાં કામ કરતી એક સંસ્થા મને પસંદ પડી અને તેની સાથે જોડાયો.

આથી અવારનવાર મારે ધરમપુર - આહવા - વઘઈ - બીલપુડી - સિદુમ્બુર વગેરે જગ્યાએ જવાનું થતું. એકવાર સિદુમ્બુર ખાતે સંસ્થાનો એક કાર્યક્રમ હતો ત્યાં જવાનું થયું અને ત્યાં છ દિવસ રોકાવાનું થયું. સિદુમ્બુર આશ્રમ પાસે પોતાની થોડી જમીન હતી અને ત્યાં શાકભાજી વગેરે ઉગાડવામાં આવતા. તે વર્ષે આ જમીનમાં રીંગણનો પાક સારો થયો હતો.

પરિણામે બપોરે તેમજ સાંજે બંને ટાઇમ રીંગણનું જ શાક! અહીં પણ સળંગ બાર ટંક રીંગણનું શાક ખાઇને સાતમે દિવસે સવારે સાડા દસની ગાડીમાં અમદાવાદ પહોંચ્યો. ઘેર ગયો. રસોઇ તૈયાર થઈ ગયા બાદ જમવા માટે બૂમ પડી અને થાળીમાં....?

બરાબર... બરાબર.... તમે બિલકુલ બરાબર જ સમજ્યા છો!

અને ફરી એકવાર મેં આકાશ સામે જોઈ મનમાં ભગવાનનું નામ લઈ જમી લીધું.

મને ખાતરી થઈ ગઈ કે ચમત્કારો આજે પણ બને છે!

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

**પ્રેરણા સ્ત્રોત**
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

---

Vaikunth R. Gopani
B.Com. FCA. DISA
M. 9426303628
9909986171

## V. R. GOPANI & CO.
Charaterd Accountants

H.O. :
A-11, Trimurti Complex,
Station Road, Bavla-382220
Ph. (02714) 230087

Branch :
2, Campus Corner 2nd Floor,
Nr. Auda Garden, Prahladnagar
Ahmedabad-15.

Resi. :
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahaladnagar, Ahmedabad-15
Email : vrgopani@yahoo.com

---

## જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

---



## GILL & CO. PVT. LTD.
IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

---

આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે
ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,
ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ

## વિલમોર પ્લાય પ્રા.લિ.
All Products ISI

ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com



સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦

---

## AMBICA TIMBER MART
logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

---

PARBATBHAI PATEL (M) : 98240 62711

## Shivam Packaging
## Shiv Packing Industries

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Nr. Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

● સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ ● વાસંની પટ્ટી ● H.M., L.D., P.P. Bags
કાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ-બોકસ

---

## POSITIVE®
PLY & BOARD

-: Also Available :-
- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

Brijesh Patel
96240 30203

## RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ६६६६१ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
શ્રી વિષ્ણુધારા @ Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસ:
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસ: બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓ:
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ યાદગાર પ્રસંગોએ સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં પુસ્તકો
ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 0
ફોન : 079-22144663, e-mail : goorjar@yahoo.c
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રક
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટ
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લ
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252
ઈમેલ : gurjarprakashan@gma

Patel Tours & Travels®
AN UNDERTAKING OF PATEL INN & TRAVELS PVT. LTD.
24 Hours Service (M) 9974378888
Head Office : 8, Shroff Chambers, Opp. Navchetan School, Paldi, Ahmedabad-380 006.
Circle P, Nr. Prahaladnagar Garden, S. G. Highway, Nr. Honest Restaurant, Ahmedabad. (M) 9925244252
Phone : 079-26576492, 26577811, 26575367, 26587811 Fax : 26576491
(M) 9925244251, 9925244252, 9925244253
Web site : www.pateltoursandtravels.com, Email : patelinn@yahoo.com
RAJKOT: Ph. : 0281-2331754, 2332186, 2451210 (M) 9909022441, 9925244280
JUNAGADH: Ph. : (0285) 2621158 (M) 99252 44289
BHUJ: Ph. : 02832-224477, 221499, 229914 (M) 99252 44260, 99252 44258
BARODA: Ph. : 0265-6541275 (M) 99252 44274, 99252 44275
BRANCH OFFICE
JAMNAGAR: Ph. 0288-2552419, 2660243 (M) 99252 44261, 99090 09844
MUMBAI: Ph. : 022-28950191-92-93 (M) 98330 24764, 93229 42219
BRANCH OFFICE
DAILY SERVICE / RETURN SERVICE
A/C. NON A/C. VOLVO SLEEPER COACH AVAILABLE
Contact for Hiring minibus : 2 X 2, 3 X 2, LUXURY, VOLVO COACH ETC.
JUST CALL AND BOOK TICKET
PATEL TOURS & TRAVELS ALWAYS ONE STEP AHEAD

The Name Says its all
II Radha Vallabh Group
Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-